BEST CORPORATE HOTEL IN RAJKOT
RPJ HOTEL
0281-6167777

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૧૫ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૧૨-૫-૨૦૨૫ - સોમવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૨૧ | RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT | તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ | sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

C.N.G. ગેસ કીટ
Autho. Distributors LOVATO AUTO GAS ITALY SINCE 1958
રાજકોટ જિલ્લાના એકમાત્ર ઓથોરાઈઝ્ડ Distributors
મોમાઈ મોટર્સ
મવડી પ્લોટ : 98240 10699, 98240 10677
રણછોડ નગર : 98242 10677, 98245 10677

# સીઝફાયરનું સ્વાગત! સેન્સેકસમાં ૩૦૦૦ પોઈન્ટનો ઉછાળો

## ઈન્વેસ્ટરોને ૧૬ લાખ કરોડની કમાણી




ઈન્ડિયા ગેટના લલાટે ભારતીય રાષ્ટ્રધ્વજ ત્રિરંગા, ત્રિપૂંડ તથા તેના પર પૂર્ણ ખીલેલા ચંદ્રમાનું અદ્દભુત દ્રશ્ય જોવા મળ્યુ હતું. ભારતે પાકિસ્તાનને ધૂળ ચાટતુ કરીને ઘુંટણીએ પાડી દેતા દેશભરમાં રાષ્ટ્રભાવના છલકી રહી છે.તેવા સમયે પાટનગરનું આ દ્રશ્ય ભારતની શાન સમુ બન્યુ હતું. ત્રિપૂંડ એક એવુ હિન્દુ તિલક છે જેમાં લલાટ પર ત્રણ ક્ષિતિજ રેખા હોય છે.

### યુદ્ધના વાદળો વિખેરાતા શેરબજારમાં તેજીનું વાવાઝોડુ

રાજકોટ તા.૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધના વાદળો વિખેરાતા અને સિઝફાયર જાહેર થતાં શેરબજારમાં તેજીનું વાવાઝોડુ ફુંકાયું હતું અને સેન્સેકસમાં ૩૦૦૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. તે ૮૨૦૦૦ ની સપાટીને વટાવી ગયો હતં.

પહેલગામમાં ત્રાસવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન તથા પીઓકેમાં ત્રાસવાદી અડ્ડાઓનો ખાત્મો બોલાવવા ઓપરેશન સિંદુર પાર પાડયુ હતું. પાકિસ્તાને પછી ભારત પર હુમલા શરૂ કરતાં યુદ્ધનો માહોલ સર્જાયો હતો. ત્રણેક દિવસ સામસામી ધણધણાટી બાદ યુદ્ધ વિરામ ઘોષિત થયુ હતું તેને શેરબજારે

(અનુસંધાન છઠ્ઠા પાને)



### ભારત-પાક તનાવ શાંત થતા હવે તમામ પરિબળો તેજી માટે અનુકુળઃ દરેક ક્ષેત્રોનાં શેરો ઉંચકાયા

### બીએસઈનું માર્કેટ કેપ ૪૩૨.૩૦ લાખ કરોડને આંબી ગયું

## સોનામાં રૂા.૩૩૦૦નો જોરદાર કડાકો

### ભારત-પાક સિઝફાયર, અમેરિકા-ચીન ટ્રેડડીલ સહિતના કારણોથી મંદીઃ ચાંદીમાં રૂા.૨૦૦૦ તૂટયા

રાજકોટ તા.૧૨

સોનામાં રેકોર્ડબ્રેક તેજી બાદ હવે કડાકાધડાકા શરૂ થયા હોય તેમ આજે ૧૦ ગ્રામે ૩૩૦૦ રૂપિયાનુ ગાબડુ પડયુ હતુ. તેજીના કારણે ઘણા અંશે ઉકિલાવા લાગતા માનસ પટકાયુ હતું. ઘરઆંગણે તથા વિશ્વસ્તરે કડાકો સર્જાયો હતો.

રાજકોટમાં આજે ૧૦ ગ્રામ સોનાનો ભાવ ગગડીને ૯૬૪૦૦ થયો હતો. વિશ્વબજારમાં તે ઘટીને ૩૨૨૭ ડોલર થયુ હતું. ચાંદીમાં રૂા.૨૦૦૦નો કડાકો નોંધાવવા સાથે ભાવ ૯૬૮૦૦ થયો હતો. વિશ્વબજારમાં ૩૨.૧૭ ડોલરનો ભાવ હતો.

(અનુસંધાન છઠ્ઠા પાને)

### પાકિસ્તાન સેનાએ આતંકી સામેની લડાઈ પોતાના પર લઈ લીધી! પ્રહાર

## ચીનના હથિયારથી પાક સેના લડી રહી હતીઃ એર માર્શલ ભારતી

### ભારતની મજબૂત એર ડિફેન્સ સીસ્ટમની લેયરમાં પાક સેના ફસાઈઃ નૌકાદળનો તો જવાબ જ ન હતો

### આજે પણ ભારતના તમામ એરબેઝ ઓપરેશન માટે તૈયારઃ પાક જૂઠાણાનો પર્દાફાશ

નવી દિલ્હીઃ ભારત અને પાક વચ્ચેના ૮૬ કલાકના યુદ્ધમાં આજે ભારતના ઓપરેશન સિંદુર મીલીટ્રી ઓપરેશન એ જણાવ્યું હતું કે ત્રણેય સેનાએ સાથે મળીને




મજબૂત એરગ્રીડ સીસ્ટમ બનાવી હતી. જેના કારણે પાકના દરેક હવાઈ હુમલાને તોડી પાડવામાં આવ્યા હતા. ઓપરેશન સિંદુર હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી મુદે આજે ભૂમિદળ, હવાઈદળ અને નૌકાદળના ડિરેકટર જનરલ ઓફ મીલીટ્રી ઓપરેશન એ સંયુકત રીતે પત્રકાર પરિષદમાં વધુ માહિતી આપી હતી. ડિરેકટર જનરલ ઓફ એર ઓપરેશન એર માર્શલ એ.કે.ભારતીએ જણાવ્યું કે જમીન પર આકાશમાં અને સમુદ્રમાં ભારતે મજબૂત એરડિફેન્સ સિસ્ટમથી પાકના એર

(અનુસંધાન છઠ્ઠા પાને)

### 'ભય બિના પ્રિત નાહી'! એરમાર્શલે રામાયણની ચોપાઈ ટાંકી

ભારતીય દળોએ પાકિસ્તાન પર જે ફિવર ફેકટર સર્જ્યું છે તે સૌથી મહત્વનુ જણાવીને ડીજીએ.ઓ એરમાર્શલ એ.કે.ભારતીએ રામાયણની ચોપાઈ ટાંકતા કહ્યું કે ભય બિના પ્રિત નહિ- અને આજે ભારત તે જ કરી રહ્યું છે.

### એક જ સપ્તાહમાં ટીમ ઈન્ડીયાના બે ટોચના ખેલાડીઓએ વ્હાઈટ ડ્રેસ રેડ બોલ ક્રિકેટ છોડવા નિર્ણય લીધો

## વધુ એક દિગ્ગજની ઈનિંગ્સ પુરીઃ ટેસ્ટ ક્રિકેટમાંથી વિરાટ કોહલીની નિવૃત્તિ

### રોહિત શર્મા બાદ વિરાટ પણ હવે ટેસ્ટ ક્રિકેટ રમતો જોવા નહી મળેઃ ટીમ ઈન્ડીયા માટે આગામી માસથી શરૂ થનારી ઈંગ્લેન્ડ સામેની શ્રેણી પડકાર બની રહેશેઃ નવા કેપ્ટન ઉપરાંત ટોપઓર્ડરના સ્થાન ભરવા પડશે

નવી દિલ્હી તા.૧૨

સચીન તેંડુલકર બાદ ટીમ ઈન્ડીયાના સૌથી લોકપ્રિય ખેલાડી તરીકે પોતાનું સ્થાન મેળવનાર વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી દીધી છે. હજુ એક સપ્તાહ પુર્વે જ રોહિત શર્માએ પણ ટેસ્ટ ક્રિકેટ છોડવાની જાહેરાત કરી હતી અને તેના પગલે વિરાટ કોહલી પર સૌનુ ધ્યાન કેન્દ્રીત થયું હતું. કોહલીએ પોતાના આ નિવૃતિના નિર્ણય પુર્વે ક્રિકેટ બોર્ડ સાથે ચર્ચા કરી હતી અને બોર્ડે વિરાટને તેના નિર્ણયમાં પુનઃ વિચારણા કરવા પણ જણાવ્યું પરંતુ આજે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ મારફત કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી તે નિવૃતિ લઈ રહ્યો છે તેવો સંકેત આપી દીધો છે. ટીમ ઈન્ડીયા આગામી માસમાંજ ઈંગ્લેન્ડના પ્રવાસે જઈ રહી છે અને ટીમના નવા કેપ્ટનની પણ તલાશી શરૂ થઈ છે તે સમયે રોહિત શર્મા અને વિરાટ કોહલીની નિવૃતિથી ઓપનીંગ તેમજ ચોથા ક્રમ માટે ભારતે નવા ચહેરાની શોધ કરવી પડશે તે નિશ્ચિત છે. વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાં



(અનુસંધાન છઠ્ઠા પાને)

## ઓસ્ટ્રેલીયા સહિતના વિદેશી ખેલાડીઓનો મિસાઈલ એટેકમાં બાલ-બાલ બચાવ

### નુરખાન એરપોર્ટથી રવાના થયાની થોડી જ વારમાં ભારતની મિસાઈલ ખાબકી હતી.

નવી દિલ્હી તા.૧૨

ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયર લાગુ થયુ છે. પરંતુ તે પૂર્વેની ધણધણાટીમાં ઓસ્ટ્રેલીયાનાં ચાર ક્રિકેટરોનો આબાદ થયો હતો. પાકિસ્તાનમાંથી ખાસ વિમાનમાં ઓસ્ટ્રેલીયન ક્રિકેટરોને જયાંથી રવાના કરાયા હતા તે એરબેઝ પર જ ભારતની મિસાઈલ ત્રાટકી હતી.

ભારત પાક તનાવ વચ્ચે બન્ને દેશોમાં ક્રિકેટ ટુર્નામેન્ટ ચાલુ હતી. બન્ને દેશોમાં ઓસ્ટ્રેલીયન ક્રિકેટરો મૌજુદ હતા તનાવ સર્જાવાને પગલે આઈપીએલ તથા પીએસએલ એમ બન્ને ટુર્નામેન્ટ સ્થગીત કરાઈ હતી. ભારતમાં મૌજુદ પેટ કમીન્સ,

(અનુસંધાન છઠ્ઠા પાને)

## સીમા પર યુદ્ધવિરામ પણ રાજકીય ભૂમિ પર સંગ્રામ શરૂ



### સીઝફાયર પર કોંગ્રેસે ઉઠાવ્યા સવાલોઃ વિપક્ષે સર્વદળીય બેઠક બોલાવવાની માંગ કરીઃ ટ્રમ્પની ભૂમિકા પર કપિલ સિબ્બલે સવાલો ઉઠાવ્યાઃ કોંગ્રેસ પ્રવકતા ખેડાએ લખ્યું- આજે ઈન્દીરા ગાંધીની કમી ખટકે છેઃ ભાજપે કોંગ્રેસ પર નિશાન સાધ્યું- આ ૨૦૨૫ છે ૧૯૭૧ નહી

નવી દિલ્હી તા.૧૨

છેલ્લા કેટલાક દિવસોથી ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી મિસાઈલ વોરમાં ભલે હાલ સીઝફાયર થઈ ગયું પરંતુ ભારતની રાજકીય જમીન પર ફરી શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે રાજકીય સંગ્રામ છેડાઈ ચૂકયો છે. યુદ્ધવિરામ પર કોંગ્રેસે સવાલ કર્યા છે તો ભાજપે પલટવાર કર્યા છે.

શનિવારની સાંજથી બન્ને પક્ષો તરફથી સામસામી નિશાનબાજી શરુ થઈ ગઈ છે. સીમા પર સમજુતીની ખબર આવ્યા બાદ કોંગ્રેસ તરફથી પાર્ટીના મીડીયા પ્રમુખ પવન ખેડાએ સોશ્યલ મીડીયા પર પુર્વ પીએમ ઈન્દીરા ગાંધીની તસ્વીર પોસ્ટ કરીને લખ્યું હતું. આજે ઈન્દીરા ગાંધીની કમી ખટકી રહી છે.

આ સાથે પક્ષ-વિપક્ષે પોતપોતાના નિવેદનોના તીર છોડવા માંડયા છે. મુખ્ય વિપક્ષ કોંગ્રેસ સહિત અનેક દળોએ ભારત-પાક વચ્ચે આ હાલના ટકરાવને લઈને સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માંગ કરી છે. વિપક્ષોએ યુદ્ધવિરામની સમજુતીના નિર્ણય પર સવાલો ઉઠાવ્યા છે. વિપક્ષ તરફથી હાલની સ્થિતિને લઈને સંસદનું એક ખાસ સત્ર બોલાવવાની માંગ કરી છે. આ માંગ કોંગ્રેસ અને આરજેડી જેવા દળો તરફથી ઉઠી છે. જેને લઈને કોંગ્રેસ અધ્યક્ષ ખડગે અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ પીએમ મોદીને

(અનુસંધાન છઠ્ઠા પાને)

## ચીન-અમેરિકા વચ્ચે ટેરિફ વોરમાં 'સીઝફાયર': બન્ને ટેરિફ ઘટાડશે



### અમેરિકા ચીનની વસ્તુઓ પર ટેરિફ ઘટાડીને ૩૦ ટકા કરશે, બીજીંગ ૯૦ દી' સુધી લગાવશે ૧૦ ટકા કર

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૨

અમેરિકા અને ચીન એ બાબત પર સહમત થયા છે કે તેઓ ૯૦ દિવસના પ્રારંભીક સમયગાળા માટે પોતાના અગાઉથી જાહેર પારસ્પરિક ચાર્જ અને જવાબી ચાર્જ પરત ખેંચશે. આ દરમિયાન ચીન અમેરિકી વસ્તુઓ પર ૧૦ ટકા ચાર્જ લગાવશે અને અમેરિકા ચીની વસ્તુઓ પર લગભગ ૩૦ ટકા કર લગાવશે.

સોમવારે એક સંયુક્ત નિવેદન મુજબ વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે તેમના દ્વિપક્ષીય આર્થિક અને વ્યાપાર સંબંધોમાં ઓળખ્યા હતા. (અનુસંધાન છઠ્ઠા પાને)

જોઈએ છે
મીરેકલ એકાઉન્ટના જાણકાર અનુભવી માણસ જોઈએ છે
૯૮૨૫૩ ૯૯૪૭૨

વેચવાની છે
ટ્યુશન બેંચો
આશરે ૧૦૦ જોડીઓ
સ્કુલ કે ટ્યુશનને અનુકૂળ મજબૂત કંડીશનમાં લોખંડની એંગલ પટ્ટીવાળી, વ્યાજબી ભાવમાં
સંપર્કઃ 94272 24847






# ઓપરેશન સિંદૂરમાં ૪૦ પાકિસ્તાની સૈનિકોના મોત, ૧૦૦ આતંકવાદીઓનો ખાત્મો: ૫ ભારતીય સૈનિકો શહિદ થયાઃ રાફેલનો પ્રશ્ન ટાળ્યો, ૧૧ એરબેઝ નષ્ટઃ એરફોર્સના તમામ પાયલોટ સલામત




## જો પાકિસ્તાન યુધ્ધવિરામ તોડશે તો અમે ચૂપ નહીં બેસીએ, મળશે જડબાતોડ જવાબઃ પત્રકાર પરિષદમાં શિવતાંડવ સ્ત્રોત વાગ્યું : આતંકીઓ આકા ઠાર માર્યા

ન્યુ દિલ્હી :

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાતના ૨૫ કલાક પછી, રવિવારે સાંજે ૬:૩૦ વાગ્યે, ત્રણેય સેનાઓએ ૧ કલાક અને ૧૦ મિનિટ સુધી પ્રેસ કોન્ફરન્સ કરી. આમાં ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ, વાઇસ એડમિરલ એએન પ્રમોદ અને એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ 'ઓપરેશન સિંદૂર' વિશે માહિતી આપી હતી.

૧૦ મેના રોજ સાંજે ૫ વાગ્યે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. પાકિસ્તાનમાં રાફેલને તોડી પાડવાના પ્રશ્ન પર સેનાએ કહ્યું, 'આપણે હજુ પણ યુદ્ધની સ્થિતિમાં છીએ. અમે આ અંગે કંઈ કહીશું નહીં, કારણ કે અમે તેમને કોઈ ફાયદો આપવા માંગતા નથી.

**સૌ પ્રથમ, લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ વાત કરી, કહ્યું– ફક્ત આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા.**

'તમે બધા જાણો છો કે પહેલગામ હુમલામાં ૨૬ લોકો કેટલી ક્રૂરતાથી માર્યા ગયા હતા. આ પછી, ભારતીય સેનાએ પાકિસ્તાન અને પીઓકેમાં સ્થિત આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા. આમાં દુશ્મનોને ભારે નુકસાન થયું.

ઓપરેશન સિંદૂર હેઠળ ૭ મેના રોજ હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં, અમે સરહદ પાર ૯ સ્થળોએ ૧૦૦ આતંકવાદીઓને ઠાર માર્યા. આમાં કંદહાર હાઇજેકિંગ અને પુલવામા હુમલામાં સામેલ ૩ મોટા આતંકવાદી ચહેરાઓનો પણ સમાવેશ થાય છે.

૭ મેના રોજ થયેલી કાર્યવાહી પછી, પાકિસ્તાને આપણા સરહદી રાજ્યોમાં સ્થિત લશ્કરી થાણાઓ પર ડ્રોન અને મિસાઇલોથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો. અમે તેમને હવામાં તોડી પાડ્યા. એક પણ લક્ષ્ય સફળ થવા દેવામાં આવ્યું નહીં.

આ પછી, અમે પાકિસ્તાનને જવાબ આપતા કડક કાર્યવાહી કરી, જેમાં પાકિસ્તાની સેનાના ૩૫ થી ૪૦ સૈનિકો અને અધિકારીઓ માર્યા ગયા. સરહદ અને LOC પર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં આપણા પાંચ સૈનિકો શહીદ થયા છે.

મુરીડકેમાં આતંકવાદી છાવણી પછી, બહાવલપુર તાલીમ છાવણીમાં અનેક માળખાગત સુવિધાઓ પસંદ કરવામાં આવી હતી જ્યાં આતંકવાદથી મહત્તમ નુકસાન થઈ શકે. અમે આ બે આતંકવાદી છાવણીઓને નિશાન બનાવી અને તેનો નાશ કર્યો.

એર માર્શલ ભારતીએ જણાવ્યું કે અમે આતંકવાદીઓ અને આતંકવાદી માળખાને નિશાન બનાવ્યા. પાકિસ્તાની સૈન્ય અને અન્ય કોઈપણ માળખાને નિશાન બનાવવામાં આવ્યું ન હતું. મુરિદકેમાં આતંકવાદી છાવણી પર હવાથી સપાટી પર પ્રહાર કરતી ચાર મિસાઇલોથી હુમલો કરવામાં આવ્યો અને તેને તટસ્થ કરવામાં આવ્યો.

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે બહાવલપુર તાલીમ શિબિરમાં અનેક માળખાગત સુવિધાઓ પસંદ કરવામાં આવી હતી જ્યાં આતંકવાદથી મહત્તમ નુકસાન થઈ શકે. અમે આ બે આતંકવાદી છાવણીઓને નિશાન બનાવી અને તેનો નાશ કર્યો. અમે આતંકવાદીઓ અને આતંકવાદી માળખાને નિશાન બનાવ્યા. પાકિસ્તાની સૈન્ય અને અન્ય કોઈપણ માળખાને નિશાન બનાવવામાં આવ્યું ન હતું.

૭ મેની સાંજે, પાકિસ્તાને યુએવી અને ડ્રોનનો ઉપયોગ કરીને હુમલો કર્યો. આ મોજા જેવા હતા. આમાંથી ૩ ઉતરવામાં સફળ રહ્યા, પરંતુ કોઈ મોટું નુકસાન થયું નહીં. અમે તેમના આતંકવાદીઓને નિશાન બનાવ્યા. તેઓએ લશ્કરી માળખા અને નાગરિકોને નિશાન બનાવ્યા.

## ૫૦ મિનિટની પ્રેસ કોન્ફરન્સ પછી, તેમણે ૨૦ મિનિટ સુધી પ્રશ્નોના જવાબ આપ્યાઃ પાક.ના યુદ્ધ વિમાન તોડી પડાયા છે

**પ્રશ્ન : પાકિસ્તાન સાથે પહેલા પણ યુદ્ધવિરામ થયો છે. જો આ વખતે યુદ્ધવિરામનો ભંગ થાય છે અથવા તેમના તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવે છે, તો ભારત શું કાર્યવાહી કરશે?**

એર માર્શલ ભારતી : હા, તમે સાચા છો કે બંને દેશો વચ્ચે પહેલાથી જ એક કરાર થઈ ગયો છે. આ વખતે પણ એવું જ બન્યું, પરંતુ કમનસીબે ૧૦ મેના રોજ સાંજે ૭ વાગ્યે પાકિસ્તાને યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું. અમે તેમને પણ તેના વિશે કહ્યું. ચાલો જોઈએ આજે શું થાય છે. જ્યારે અમારા પ્રતિભાવની વાત આવે છે, ત્યારે તમે જાણી શકો છો કે ભારતીય સેના યોગ્ય જવાબ આપવા સક્ષમ છે.

**પ્રશ્ન : આ કાર્યવાહી દરમિયાન કેટલા પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા? આ ઓપરેશનમાં બ્રહ્મોસ અને S-400 મિસાઇલોની ભૂમિકા શું હતી?**

એર માર્શલ ભારતી : અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, ૩૫ થી ૪૦ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે. ગમે તે હોય, અમારું લક્ષ્ય તેમની સેના નહીં પણ આતંકવાદીઓના ઠેકાણા હતા. હાલમાં, ભારતે કયા શસ્ત્રોનો ઉપયોગ કર્યો તેની માહિતી આપી શકાતી નથી. ગમે તે હોય, આપણું કામ લક્ષ્યને મારવાનું છે, મૃતદેહો ગણવાનું નહીં.

**પ્રશ્ન : શું ઓપરેશન સિંદૂરમાં રાફેલનો ઉપયોગ થયો હતો? શું તે પાકિસ્તાનમાં કોઈ ઓપરેશન દરમિયાન ક્રેશ થયું હતું કે તેને ગોળી મારીને તોડી પાડવામાં આવ્યું હતું?**

એર માર્શલ ભારતી : આ સમયે, હું આ અંગે કોઈ ટિપ્પણી કરવા માંગતો નથી કારણ કે આપણે હજુ પણ યુદ્ધની સ્થિતિમાં છીએ. જો હું આ વિશે કંઈ કહું તો તેની વિપરીત અસર થશે. અમે આ સમયે તેમને (પાકિસ્તાનને) કોઈ ફાયદો આપવા માંગતા નથી. હું ફક્ત એટલું જ કહી શકું છું કે અમે અમારું લક્ષ્ય પ્રાપ્ત કર્યું અને અમારા બધા પાઇલટ્સ સુરક્ષિત રીતે પાછા ફર્યા.

**પ્રશ્ન : આપણે કેટલા પાકિસ્તાની વિમાનોને તોડી પાડ્યા?**

એર માર્શલ ભારતી : 'મેં કહ્યું તેમ, તેમના વિમાનોને આપણા ક્ષેત્રમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા.' તો અમારી પાસે કાટમાળ નથી, પણ ચોક્કસ, અમે કેટલાક પાકિસ્તાની વિમાનોને તોડી પાડ્યા છે. અમે અહીં આંકડાઓ પર અનુમાન લગાવવા માંગતા નથી, મારી પાસે આંકડા છે અને અમે તેમને સ્થાપિત કરવા માટે તકનીકી વિગતો પર કામ કરી રહ્યા છીએ. તેથી, હું આ સમયે કોઈ આંકડા આપવા માંગતો નથી.

**પ્રશ્ન : પાકિસ્તાનમાં ૨૧ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાંથી ૯નો નાશ કરવામાં આવ્યો હતો. તમે કહો છો કે ઓપરેશન સિંદૂર ચાલુ છે, શું બાકીના ઠેકાણાઓનો વધુ નાશ કરવામાં આવશે?**

લેફ્ટનન્ટ જનરલ ઘાઈ : હું ભવિષ્યના ઓપરેશન્સ વિશે વધુ કહી શકતો નથી, પરંતુ એ ચોક્કસ છે કે સીડીએસે આપણા બધા કમાન્ડરોને કોઈપણ સરહદ ઉલ્લંઘનનો જવાબ આપવા માટે સ્વતંત્રતા આપી છે.

અમે ૭ મેની રાત્રે લાહોર અને ગુજરાંવાલામાં સ્થિત તેમની રડાર સિસ્ટમને નિશાન બનાવી. અમે તેમને કહેવા માંગતા હતા કે તેમના લશ્કરી થાણા અમારી પહોંચની બહાર નથી. ૮-૯ મેના રોજ, પાકિસ્તાને ડ્રોન અને વિમાનોથી આપણી સરહદ પર હુમલો કર્યો અને લશ્કરી થાણાઓને નિશાન બનાવવાના તેમના મોટાભાગના પ્રયાસો નિષ્ફળ ગયા.

૮-૯ મેની રાત્રે પાકિસ્તાને શ્રીનગરથી નલિયા સુધી ડ્રોન અને વિમાનનો ઉપયોગ કરીને હુમલો કર્યો

તેમણે પસંદ કરેલા લક્ષ્યોને કોઈ નુકસાન થયું ન હતું. હુમલો મધ્યરાત્રિ સુધી ચાલુ રહ્યો. લશ્કરી કે નાગરિક માળખાને કોઈ નુકસાન થયું નથી. તેઓ લડાઈ ઇચ્છતા હતા અને અમે તૈયાર હતા. અમે તેમના લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કર્યો. લાહોર અને ગુજરાંવાલામાં તેમના સર્વેલન્સ રડાર સ્થાનોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

આ પછી, તેમના ડ્રોન હુમલા સવાર સુધી ચાલુ રહ્યા, જેનો અમે જવાબ આપ્યો. લાહોરની નજીકથી ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા. તેમણે પોતાના અને આંતરરાષ્ટ્રીય પેસેન્જર વિમાનોને હવાઈ ક્ષેત્રમાં ઉડવાની મંજૂરી આપી.

તેઓએ જમ્મુ, ઉધમપુર, પઠાણકોટ, નલ, ડેલહાઉસી, ફલોદી પર હુમલો કર્યો. અમે તૈયાર હતા, અમારા પ્રશિક્ષિત ક્રૂએ હવાઈ સંરક્ષણ પ્રણાલીથી તેનો નાશ કર્યો. આપણી જમીન પર તેમના સતત હુમલાઓથી કોઈ નુકસાન થયું નથી. એરબેઝ અને પોસ્ટ્સ પર તેમના સતત હુમલાઓ પછી અમે તેમને જવાબ આપ્યો. અમે ત્યાં હુમલો કર્યો જ્યાં સૌથી વધુ નુકસાન થયું.

એર માર્શલ ભારતીએ કહ્યું, ૭ મેની રાત્રે પાકિસ્તાનની રડાર સિસ્ટમનો નાશ કરવામાં આવ્યો હતો.

એર માર્શલ ભારતીએ કહ્યું, અમે તે જ રાત્રે લાહોર અને ગુજરાંવાલામાં સ્થિત તેમની રડાર સિસ્ટમને નિશાન બનાવી. અમે તેમને કહેવા માંગતા હતા કે તેમના લશ્કરી થાણાઓ અમારી પહોંચની બહાર નથી.

૮-૯ મેના રોજ, પાકિસ્તાને ડ્રોન અને વિમાનોથી આપણી સરહદ પર હુમલો કર્યો અને લશ્કરી થાણાઓને નિશાન બનાવવાના તેમના મોટાભાગના પ્રયાસો નિષ્ફળ ગયા.

અમે તેમના એરબેઝ કમાન્ડ સિસ્ટમ, લશ્કરી એરબેઝ પર હુમલો કર્યો. ચકલાલા, રફીકી, રહરયાર ખાનમાં હુમલો કર્યો. અમે તેમને કહ્યું કે આક્રમકતા સહન કરવામાં આવશે નહીં.

અમારી પાસે તેમના દરેક આધાર પર દરેક સિસ્ટમને લક્ષ્ય બનાવવાની ક્ષમતા છે. અમે ઇચ્છીએ છીએ કે અમારા દુશ્મનો તણાવ વધુ વધારવાનો પ્રયાસ ન કરે. આપણી લડાઈ પાકિસ્તાની સૈન્ય કે બીજા કોઈ સાથે નથી. અમારી લડાઈ આતંકવાદીઓ સામે છે, જેમને અમે નિશાન બનાવ્યા હતા, પરંતુ તેમણે ડ્રોન અને યુએવીનો ઉપયોગ કરીને હુમલો કર્યો. અમારી પાસે જવાબ આપવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. આપણી પાસે આ કરવાની ક્ષમતા છે.

પહેલગામ હુમલા પછી, અમે અરબી સમુદ્રમાં ઘણી કવાયતો હાથ ધરી અને અમારા શસ્ત્રોની તપાસ કરી. અમે અમારી તૈયારીઓનું પરીક્ષણ કરી રહ્યા હતા. નૌકાદળ સતત પાકિસ્તાની નૌકાદળ પર નજર રાખતું હતું. અમને તેના દરેક સ્થાન અને ગતિવિધિની જાણ હતી.

### મુરીડકેમાં આતંકવાદી છાવણી પર મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો હતો

ડાયરેક્ટર જનરલ ઓફ એર ઓપરેશન્સ એર માર્શલ ભારતીએ જણાવ્યું હતું કે, અમે કોલેટરલ ડેમેજ ઘટાડવા માટે હવા-થી-સરફેસ પદ્ધતિનો ઉપયોગ કરીને તેમને નિશાન બનાવ્યા હતા. મુરિદકેમાં આતંકવાદી છાવણી પર હવાથી સપાટી પર પ્રહાર કરતી ચાર મિસાઇલોથી હુમલો કરવામાં આવ્યો અને તેને તટસ્થ કરવામાં આવ્યો.

### પાકિસ્તાનમાં આ સ્થળો પર હુમલા કરવામાં આવ્યા હતા

એર માર્શલ એકે ભારતીએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર હેઠળ, ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનમાં અનેક સ્થળો પર હુમલો કર્યો હતો. તેમણે ભારતના લશ્કરી કાર્યવાહીની અસરના વિગતવાર વીડિયો પણ બતાવ્યા. હુમલો કરાયેલા લક્ષ્યોના નામ પર એક નજર:

પસરુર એર ડિફેન્સ રડાર, ચુનયાન એર ડિફેન્સ રડાર, આરીફવાલા એર ડિફેન્સ રડાર, સરગોધા એરફિલ્ડ.

રહીમયાર ખાન એરફિલ્ડ, કલાલા એરફિલ્ડ (નૂર ખાન), સુક્કુર એરફિલ્ડ, ભોલારી એરફિલ્ડ, જેકોબાદ એરફિલ્ડ.

**એર માર્શલ ભારતીએ કહ્યું, પાકિસ્તાની ડીજીએમઓએ ફોન કરીને યુદ્ધવિરામની માંગ કરી હતી :**

મને ૧૦ મેના રોજ પાકિસ્તાની ડીજીએમઓ દ્વારા ફોન કરવામાં આવ્યો હતો. બપોરે ૩.૩૦ વાગ્યે પાકિસ્તાનના ડીજીએમઓ સાથે વાતચીત થઈ. જેમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ૭ વાગ્યા પછી કોઈ હુમલો કરવામાં આવશે નહીં. આગામી વાટાઘાટો ૧૨ મેના રોજ યોજાશે. થોડા કલાકો પછી તેઓએ યુદ્ધવિરામ તોડ્યો. ડ્રોનથી હુમલો થયો અને ગોળીબાર થયો.

અમે તેમને સંદેશ આપ્યો કે અમે અમારા પર થયેલા હુમલાનો જવાબ આપી દીધો છે. જો આજે રાત્રે પણ આ કરવામાં આવશે, તો અમે જવાબ આપીશું. આ પછી આપણા આર્મી ચીફે અમને જવાબ આપવાનો સંપૂર્ણ અધિકાર આપ્યો છે. આપણા પાંચ સૈનિકો શહીદ થયા, અમે તેમને શ્રદ્ધાંજલિ આપીએ છીએ. અમે તણાવ વધારવા માટે કોઈપણ રીતે પ્રતિક્રિયા આપી નથી, પરંતુ જો આપણી સાર્વભૌમત્વ અને અખંડિતતા પર હુમલો થશે તો અમે નિર્ણાયક રીતે જવાબ આપીશું.

**સેનાએ કહ્યું, પાકિસ્તાની સેના અને વાયુસેનાએ ભારતીય સરહદમાં ઘુસણખોરી કરી નથી**

સેનાએ કહ્યું કે, પાકિસ્તાની સેના અને વાયુસેનાએ અમારી સરહદમાં ઘૂસણખોરી કરી નથી. અમે પસંદ કરેલા લક્ષ્ય પર જેટલું નુકસાન કરવાની યોજના હતી તેટલું જ નુકસાન પહોંચાડ્યું. આપણું કામ લક્ષ્યને મારવાનું છે, કેટલા માર્યા ગયા તે જોવાનું નહીં.

# ૧૦દી'માં ૪ લાખ યાત્રાળુઓ ચારધામ પહોંચ્યા

## સૌથી વધુ ૧.૮૭ લાખ શ્રદ્ધાળુઓએ કેદારનાથ ધામની યાત્રા કરી



દહેરાદૂન તા.૧૨

ચારધામ યાત્રા શરૂ થયાના ૧૦ દિવસમાં દર્શન કરનાર તીર્થયાત્રીઓનો આંકડો ૪.૪૪ લાખે પહોંચી ગયો છે. કેદારનાથ ધામના કપાટ ખુલ્યાને હજુ એક અઠવાડીયું જ થયું છે ત્યારે સૌથી વધુ ૧.૮૭ લાખ શ્રદ્ધાળુઓએ બાબા કેદારનાથના દર્શન કર્યા છે.

હવામાન ખરાબ થયા બાદ પણ યાત્રીઓના ઉત્સાહમાં ઘટાડો નથી થયો. ચારધામ યાત્રા મેનેજમેન્ટ અને કંટ્રોલ રૂમના રિપોર્ટ મુજબ બદરીનાથમાં ૯૦ હજાર ગંગોત્રીમાં ૭૩ હજાર અને યમુનોત્રીમાં ૯૨ હજાર શ્રદ્ધાળુ દર્શન કરી ચૂકયા છે. ચારધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન ૨૬.૨૧ લાખથી વધુ થઈ ગયુ છે.

કેદારનાથ યાત્રામાં ઘોડા-ખચ્ચર પર રોકઃ કેદારનાથ યાત્રામાં ઘોડા-ખચ્ચરોનું સંચાલન હાલ બંધ કરી દેવામાં આવ્યું છે. સંક્રામક બીમારીથી અત્યાર સુધીમાં ૧૪ ઘોડા-ખચ્ચરના મોત થઈ ચૂકયા છે. ત્યારબાદ ઘોડા ખચ્ચરોના આવન-જાવન પર રોક લગાવી દેવાઈ છે.

કેટલા યાત્રાળુઓ કયાં પહોંચ્યા: ૯૦ હજારથી વધુ યાત્રાળુઓએ બાબ બદરીના દર્શન કર્યા. ૯૨ હજાર જેટલા શ્રદ્ધાળુઓ યમુનોત્રી પહોંચ્યા. ૭૩ હજારથી વધુ શ્રદ્ધાળુઓ ગંગોત્રી પહોંચ્યા.

# 'થેંક ગોડ ફોર ધ સિઝફાયર': સલમાનના ટ્વિટથી સોશ્યલ મીડિયા યુઝર્સ ગુસ્સે : આક્રોશ ઠાલવ્યો

## પહેલગામ હુમલા વખતે મૌન રહેનાર અભિનેતાએ સિઝફાયરને આવકારતા ટીકા; પોસ્ટ ડિલીટ કરી

મુંબઇ:

ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર દરમિયાન નોંધ પાત્ર રીતે મૌન રહેનારા બોલિવૂડ એક્ટર સલમાન ખાનને યુદ્ધવિરામની જાહેરાત પર ટ્વિટ કરવાનું ભારે પડી ગયું છે. ભારતના સરહદીય વિસ્તારો પર ઘણા દિવસોના તણાવ વચ્ચે શનિવારે સાંજે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થઈ હતી. ઘણા ફિલ્મી સ્ટાર્સે યુદ્ધવિરામ પર પ્રતિક્રિયા આપીને તેનું સ્વાગત કર્યું હતું. સલમાને પણ X પર લખ્યું હતું કે, 'થેંક ગોડ ફોર ધી સીઝફાયર.' જો કે, આ ટ્વિટની નેટીઝન્સ તરફથી તીવ્ર ટીકા થઈ હતી, જેના કારણે ખાનને તરત જ પોસ્ટ ડિલીટ કરવાની ફરજ પડી હતી.

સલમાન ખાનના કથિત ટ્વીટનો સ્ક્રીનશોટ હાલમાં ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. યુદ્ધવિરામની જાહેરાત પછી અભિનેતાએ આ પોસ્ટ શેર કરી હોવાનું કહેવાય છે. સલમાન ખાને 'ઓપરેશન સિંદૂર' પર સોશિયલ મીડિયા પર એક પણ ટ્વીટ કે પોસ્ટ શેર ન કરી તે વાત પર નેટીઝન્સ ગુસ્સે છે. સલમાનના ટ્વિટને ઘણા લોકોએ અયોગ્ય અને અસંવેદનશીલ ગણાવ્યું. એક યુઝરે લખ્યું, સલમાન ખાને ઓપરેશન સિંદૂર દરમિયાન મૌન રહીને યુદ્ધવિરામ પર ટ્વિટ કર્યું અને પછી ટ્વિટ ડિલીટ કરી દીધું. 'ભાઈ, તમને શરમ આવવી જોઈએ.'

બીજા એક યુઝરે લખ્યું કે, 'પહલગામ પર કોઈ ટ્વિટ નહીં, પરંતુ યુદ્ધવિરામથી સલમાન ખૂબ ખુશ છે, તે પાકિસ્તાની આતંકવાદીઓને ટેકો આપી રહ્યો છે.



## સુવિચાર

**ધીરજ ધરે એ ધાર્યું કરી શકે**
**સહન કરે એ સર્જન કરી શકે**
**જતુ કરે એ જાળવી શકે અને**
**સ્વીકારી શકે એ જ સમજી શકે**



## આજનું ચિંતન

### ભાગ્ય

- ભોગવો એટલું જ તમારૂ, ભેગુ કરો એટલુ બીજાનું.
- ભાગ્ય એટલે શું ? સારા સમયમાં સાચી જગ્યાએ, સાચા ને સારા માણસોનો સંગ
- ભાગ્ય ફકત મહેનતથી બદલે છે, બેસીને વિચાર કરવાથી નહીં.
- ભાગ્ય બદલાઈ જાય છે, જો ઈરાદો મજબુત હોય તો જીવન વીતી જાય છે, ભાગ્યને દોષ દેવામાં
- ભાગ્ય લઈને આવવાનું અને પાપ-પુણ્ય લઈને જવાના, એક નાની સફર એટલે જિંદગી.
- ભાગ્યશાળી છે એ હાથ, જો કોઈના મુશ્કેલ સમયમાં સહાયક બની જાય છે.

## જ્ઞાનના આધારે ગુણની શક્તિની પ્રાપ્તિ

**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

આત્માની ઉન્નતિ અર્થે, સ્વયંના સ્વભાવ સંસ્કારને કારણે વિઘ્નરૂપ મુખ્ય બે બાબતો બનતી હોય છે. એક તો આકર્ષણમાં આવી જવાય છેઅર્થાત લોભાવે છેઅને બીજુ ભય સતાવે છે. આમ કોઈને કોઈ દેહધારી(મનુષ્ય)ની તરફ કે સંબંધોનું આકર્ષણ થતુ રહે છે. જ્યારે આત્મામાં સંતુષ્ટતા, સ્નેહ, સંપન્નતાના ગુણો નથી હોતા ત્યારે તે આકર્ષિત થઈ ફંસાય છે આજ રીતે આત્મામાં જ્યારે સહન કરવાની શક્તિ, સમાવવાની શક્તિ નથી તો તે ડરનો અનુભવ કરે છે. નિર્ભય નથી રહી શક્તી. આમ જયારે એક તપસ્વી પરમાત્મા સાથેની યાદ(યોગ)માં બેસે છેતો આ બે રૂપે તેમને પોતાની જુની આદતો તંગ કરે છેઅને તેથી તે કર્મેદ્રિયો પર જીત પામવામાં સફળ નથી થઈ શક્તા. તેમાંની નિર્ભયતા અને સ્વમાનની બાબતને અહી જોઈશું.

આત્માનો સ્વ ગુણ નિર્ભયતા છે. નિર્વૈર છે. જેવી રીતે પરમાત્મા. નિર્ભયતાનો ગુણ કેવી રીતે ઈમર્જ થશે. એક, હું આત્મા અવિનાશી છું. બીજુ, હું આત્મા સ્વમાનધારી છું. આત્માના સ્વમાનને કોઈ છીનવી/ લૂંટી ન શકે. તે આત્માની પોતાની છે જ છે. સ્વમાનમાં સ્થિત એ અભિમાનથી પરે રહીએ છીએ. આત્માને બહારની ચીજ જેવી કે સામાજીક દરજ્જો વગેરેથી કોઈ વેલ્યુ નથી મળતી પરંતુ આત્માની પુંજી છેસ્વમાન. સ્વમાનના આધારથી કર્મમાં આવતા આત્મા તેના આધારે દેહાઅભિમાનની લાઠીને છોડી શકાય છે. જયા દેહ અભિમાન હોય છેત્યા અપમાનની ફીલિંગ આવે છે. કારણ કે જ્યારે પોતાની જે સમજ બાંધેલી હોય છેદેહના આધારે હોય છેબહારીરૂપથી કે- હું સારી છું હું ખરાબ છું ઉચ-નીચ, શ્રેષ્ઠ-ભ્રષ્ઠ છું વગેરે. એ બીજાને આધારથી જોવાય છે. અને ત્યારે એવી કોઈ બહારી હલચલ આવે છે, તો તે આંતરિક હલચલ પણ લાવે છે. તો જ્યાં દેહ અભિમાન, જે દેહના આધારે, જે મને માન મળે છે, થયેલી પ્રાપ્તિના આધારથી કે લોકલાજના આધારથી એટલે કે માનશાન આધારે એવું વર્તાય કે હું કાંઈક છું? આમ દેહાભિમાનની પુષ્ટી નથી થતી ત્યારે દેહાભિમાનની ફીલિંગ આવે છે. કોઈ નિંદા, અપમાન કરશે ત્યારે દેહાભિમાનને ચોટ લાગે છે.

જ્યારે કે શિવબાબાએ જ્ઞાન આપ્યુ કે આત્મા અવિનાશી છેઅર્થાત આત્માનું મૃત્યુ નથી થતુ. બીજુ કે કોઈ મારું અપમાન નથી કરી શક્તુ. આત્માનું અપમાન માત્ર તેમના કર્મોથી થાય છે. બીજુ કોઈ તેનું અપમાન નથી કરી શક્તા પરંતુ પોતાના જ કર્મોથી નીચા, હલ્કા(ઉતરતા) કર્મોને આધારે આત્માનું અપમાન થાય છે. શરીર છૂટી જશે તો પણ હું તો હું જ રહીશ. હું આત્મા બીજા શરીરમાં મારી યાત્રા ચાલુ જ રહેશે. આમ જ્ઞાનની ગહેરાઈ આપણને કોઈપણ ગુણ ધારણ કરવાની શક્તિ પ્રદાન થાય છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ વદ-૧, તા.૧૩/૫/૨૫, મંગળવાર

સૂર્યોદય : ૬-૧૦, સૂર્યાસ્ત : ૭-૧૬, જૈન નવકારશી : ૬.૫૮
રાશિ : વૃષભ (બ.વ.ઉ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** નોકરીમાં સ્થાનફેરની શકયતા, લકઝરી ચીજ વસ્તુની ખરીદી થાય, જુના મિત્રોનો સહકાર રહે, આત્મ વિશ્વાસ વધે, કર્જમાં રાહત.

**વૃષભ :** સામાજિક કાર્યમાં અનુકુળતા રહે, નવુ આયોજન થાય, બ્લડ પ્રેસરની તકલીફો હોય તેઓએ જાળવવું, લગ્નની ઈચ્છા ફળવાની.

**મિથુન :** આત્મવિશ્વાસ વધવાનો નોકરીમાં પ્રમોશનના ચાન્સ રાજકીય લાભ મળવાનો, અટકતા કાર્યોને વેગ મળે, પ્રવાસથી લાભ.

**કર્ક :** નાણાકીય તકલીફો દુર થવાની, વીલ વારસાના પ્રશ્નોમાં લાભ, સંતાનોના પ્રશ્નોમાં સફળતા, અધિકારી વર્ગનો સાથ સહકાર રહે.

**સિંહ :** નોકરીમાં સ્થિરતા રાખવી, વિદેશથી લાભ, ગુસ્સાને કાબુમાં રાખજો, શકિતઓને યોગ્ય દિશામાં વાળવી, કર્જ લઈને સાહસ ન કરવું.

**કન્યા :** મહત્વના કાર્યોમાં ઉતાવળ ન કરવી, કાનુની પ્રશ્નોથી દુર રહેજો, નવી જવાબદારીમાં જાળવવું, સગાઈ લગ્નના કાર્યોમાં અનુકુળતા રહે.

**તુલા :** ભાગીદારી ધંધાનું આયોજન સફળ થાય, સામાજિક પ્રતિષ્ઠા વધવાની, નોકરીમાં કાર્યભાર રહે, વિદેશ જવાની તક મળે.

**વૃશ્ચિક :** માનસિક તનાવ હળવો થાય, જમીન મકાનના કાર્યમાં અનુકુળતા જોવા મળે, મનગમતી વ્યકિત સાથે પ્રવાસનું આયોજન થાય.

**ધન :** આર્થિક સ્થિતિમાં સુધારો કરવાના પ્રયત્નો ફળવાના, નોકરીમાં નવી ઓફર આવે, ફેરફારો બાબત કોઈ ઉતાવળ ન કરવી.

**મકર :** દિવસ પ્રગતિવાળો રહેવાનો, સ્વાસ્થ્ય બાબત સુધારો રહેવાનો, શેરસટામાં અનુકુળતા અનુભવોનો લાભ મળવાનો.

**કુંભ :** ભાગ્યોદયની તક માટે ઉતમ દિવસ રહેવાનો, પ્રવાસનું આયોજન થાય, લગ્ન જીવનમાં ગેરસમજોથી દુર રહેજો.

**મીન :** વ્યર્થ દલીલબાજીમાં સમયનો વ્યય ન કરવો, નવી યોજનામાં અનુકુળતા રહે, રાજકારણમાં સફળતા મળવાની.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત






### આડી ચાવી

૧. સલમાન ખાન આ ફિલ્મમાં 'રાજકોટ સ્ટેટ' બને છે (૪)
૫. શરાબ પીવો (૫)
૯. મેડિસન, દવા (૩)
૧૦. ...નું વતેસર (૨)
૧૧. રજવાડા સમયનું હથિયાર (૪)
૧૪. વાનગી : ... બન (૨)
૧૫. ગાડામાં જોડાતુ પશુ (૩)
૧૭. ગોળનો દેશી ઉચ્ચાર (૨)
૧૮. બંદર (૩)
૧૯. મોરબીનો એક વિસ્તાર (૪)
૨૧. ઈલાજ (૪)
૨૨. રસ વગરનું (૪)
૨૭. પ્રભાસની એક ફિલ્મ (૨)
૨૮. મુવેબલ મ્યુઝીક સિસ્ટમ (૪)
૩૧. પબ્લીક-પ્રવચન (૫)
૩૨. અવાવરૂ (૩)
૩૩. ફિલ્મ : ... ગગન કા રાહી (૨)
૩૪. વરરાજા માટેનો હાર (૪)
૮. નમસ્તે (૪)
૧૨. અગર ... (૩)
૧૩. પુરૂષોનું એક વસ્ત્ર (૪)
૧૪. ...પસંદ, ... ભાવન (૨)
૧૬. વોચમેન (૪)
૧૮. પૈતૃક સંપતિ મેળવનાર (૩)
૨૦. પસીનો (૪)
૨૧. એક ઉમદા લાકડુ (૨)
૨૩. વ્હોટ ? (૧)
૨૪. આદર સાથેનો ભાવ (૪)
૨૫. ફોટો શેનાથી પડે (૩)
૨૬. સીટી, મહાનગર (૩)
૨૭. મધર ઇન લો - હિન્દી (૨)
૨૯. કસમયે (૩)
૩૦. એક જ અક્ષર આવશે (૩)
૩૧. મેજિક (૨)

### ઉભી ચાવી

૨. જમીનમાં ઉગતી સબ્જી (૪)
૩. દવાઇ (૨)
૪. શ્રીમંત (૩)
૬. દિવાલ-હિન્દી (૩)
૭. ફિલ્મ : ઇસ ... કી સુબહ નહીં (૨)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | ર | બ | વા | વ | ડી | | અ | ખિ | યો | કે | ઝ | રો | ખો | સે |
| થ | | જા | | ન | | રા | | | | શ | | | ખ | |
| દ | શ | ર | થ | | મ | ધ | મા | ખી | | | | ક | ડ | ક |
| ર્શ | | ભા | ડ | લા | | ન | ગ | ર | પં | ચા | ય | ત | | લ |
| ક | | વ | | ભ | | પુ | | | | ચા | | ર | | બ |
| | મ | | | શં | ક | ર | | રા | ત | | જા | ણ | ત | લ |
| બે | રો | ક | ટો | ક | | | | | | કા | મ | | લા | |
| | ડ | | પ | ર | કા | યા | પ્ર | વે | શ | | ન | ર | ક | |
| મ | દા | ર | | ઠા | કા | | | રા | | રા | ગ | | | મ |
| | ર | ક | ઝ | ક | | સ્વ | જ | ન | | પો | ર | બં | દ | ર |
| ક | | મ | ગ | ર | મ | ચ્છ | | | નં | દી | | | | જી |
| ર | જા | | મ | | ગ | તા | ગ | મ | | | આ | બો | હ | વા |
| મ | મ | | ગ | મા | ર | | દા | મ | ન | | ગ | ર | મ | |
| સ | ફ | ર | | ન | | દા | | મ | જ | લ | | સ | | વા |
| દ | ળ | | ન | વી | ન | વા | ઈ | | ર | | હ | દ | વા | ણી |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# યાજ્ઞિક રોડ પર ફરી રવિવારી બજારનો ત્રાસ : મોડી રાત સુધી ટ્રાફિકજામ

## દુકાનો–શોરૂમમાં જવાની જગ્યા પણ ન રહી : રોડના બંધ ભાગમાં પણ ફેરીયા બેસી ગયા : મનપા અને પોલીસ તંત્રને રસ નથી : વેપારીઓ ફરી રજૂઆત કરશે



ડો.યાજ્ઞિક રોડ પર ગઇકાલે રવિવારે ફરી ભરાયેલી, રવિવારી બજારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જયા હતા. મનપા કે પોલીસ કોઇ તંત્ર ન દેખાયાની વેપારીઓએ ફરિયાદ કરી છે.

રાજકોટ, તા.૧૨

શહેરના ડો.યાજ્ઞિક રોડ પર દર રવિવારે ભરાતી જુદી જુદી ચીજ વસ્તુઓની સસ્તી રવિવારી ભરાય છે પરંતુ વિવેકાનંદજીના સ્ટેચ્યુથી હોટલ ઇમ્પિરિયલ પેલેસ સુધીના યાજ્ઞિક રોડ પરની આ બજાર ટ્રાફિક જામ અને ત્રાસદાયક સ્થિતિ સર્જતી હોવાની અનેક ફરિયાદોનો કોઇ ઉકેલ આવતો ન હોય, ગઇકાલે ફરી અંધાધૂંધી થઇ હતી. વોંકળાના કામના કારણે યાજ્ઞિક રોડનો એક ભાગ બંધ છે ત્યારે આ ભાગમાં પણ ફેરીયા બેસી ગયા હતા.

શહેરના લાખાજીરાજ રોડ અને ડો.યાજ્ઞિક રોડ પર દર રવિવારે ભરાતી અને ફૂટપાથો રોકી દેતી ફેરીયા બજારથી મોટો ત્રાસ થાય છે. વાહન વ્યવહારને તકલીફ પડે એ રીતે જામ થઇ જાય છે. આ અંગે મનપા અને પોલીસ તંત્રમાં અનેક વખત રજુઆતો કરવામાં આવી છે. પરંતુ બેમાંથી એકેય રોડના પ્રશ્નનો ઉકેલ આવતો નથી. હવે ગઇકાલે યાજ્ઞિક રોડના વેપારીઓએ આ મામલે ફરી રજુઆત કરી છે. ગેરકાયદે રવિવારી બજારના કારણે રાત્રી સુધી ટ્રાફિકને અસર પડી હતી.

વેપારીઓએ આજે રજુઆતમાં જણાવ્યું હતું કે ગઇકાલે રાત્રે ૧૨ વાગ્યા સુધી હીરા પન્ના કોમ્પલેકસથી હોટલ ઇમ્પિરિયલ પેલેસ સુધી રોડની બન્ને બાજુ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. હાલ વોંકળાનું કામ ચાલુ હોય, આ બંધ ભાગમાં પણ ફેરીયા બેસી જતા લોકો અવરજવર કરતા હતા. છેક રામકૃષ્ણ આશ્રમ સુધી આ ફેરીયા બેઠા હોય છે. જેથી શોરૂમ સંચાલકો સહિતના વેપારીઓમાં નારાજગી ફેલાઇ છે. ગ્રાહકો તેમની દુકાનમાં પ્રવેશી શકે તેટલી જગ્યા પણ ફેરિયા ખુલ્લી છોડતા ન હોય રોષની લાગણી જોવા મળી છે.

વધુમાં દુકાનદાર, વેપારીઓ ફરિયાદ કરવા છતાં દબાણ હટાવ શાખા કામગીરી માટે આવી નહી હોવાની રાવ ફરી ઉઠી છે. અગાઉ ટ્રાફિક પોલીસે મોટી ડ્રાઇવ કરી હતી. પરંતુ આ બંને રોડ પર માત્ર પ્રાસંગીક કામગીરી થાય છે અને સમસ્યાનો કાયમી ઉકેલ આવતો નથી. હીરા પન્ના કોમ્પ્લેક્સ બહાર પોલીસ કમિશ્નરના જાહેરનામાંથી રસ્તો બંધ કરાયો હોવા છતાં ત્યાં પણ ફેરીયા બેસી ગયા હતા. સાથે જ ફેરિયાઓ દ્વારા લાઉડ સ્પીકરમાં કરાતા દેકારાથી યાજ્ઞિક રોડના રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે.

આ મામલે ટૂંક સમયમાં વેપારીઓની મિટિંગ મળનાર છે. તે બાદ મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવા વિચારણા થઇ રહી છે.

યાજ્ઞિક રોડ હાલ ગત મહિનાથી બંધ છે. પરંતુ તે સિવાયના રવિવારોએ આ યાજ્ઞિક રોડ જાણે ફેરિયાઓ માટે જ હોય તેવું લાગે છે. સસ્તી વસ્તુઓ લેવા માટે દુર દુરથી લોકો આવે છે. આથી રસ્તા પર પાર્કિંગનો પણ પ્રશ્ન ઉભો થાય છે. વેપારીઓના ધંધા પર અસર પડતી હોય આ મામલે મનપા અને પોલીસ બંને વિભાગ સાથે મળીને પ્રશ્નો ઉકેલે તેવી રજૂઆત કરવામાં આવી છે.

# ૨૪૦માં આટલું જ યુધ્ધ જોવા મળે! ભાજપના કોર્પોરેટરની ચર્ચાસ્પદ પોસ્ટ, પાર્ટી પ્રમુખનો માવઠા જેવો ઠંડો પ્રતિસાદ

## ફોરવર્ડ મેસેજ શેર કરવા બદલ ચેતન સુરેજાએ ખેદ વ્યકત કર્યો : પ્રમુખ માધવ દવેએ તો એવું કહી દીધુ 'વિવાદ જેવી વાત જ નથી'






રાજકોટ, તા. ૧૨

પાકિસ્તાન સામે ભારતે મેળવેલા જબરા વિજયના પગલે એક તરફ સૈન્યની સિધ્ધિઓને ભાજપ આગામી સમયમાં રાજકીય લાભ માટે ઉપયોગ કરશે તેવા સંકેત આપવાનું શરૂ કરી દીધુ છે. એક તરફ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતની પૂરી સરકાર દેશના સૈન્યને યશ આપી રહી છે ત્યારે ભાજપના એક કોર્પોરેટરે ભાજપના સોશ્યલ મીડિયા ગ્રુપમાં એવી પોસ્ટ લખતા ભારે ટીકાનો સામનો કરી રહ્યું છે. જોકે કોર્પોરેટરે બાદમાં ખેદ વ્યકત કર્યો, પરંતુ ભાજપ પ્રમુખે પણ વિવાદની કોઇ વાત નહીં હોવાનો ઠંડો પ્રતિસાદ આપતા આશ્ચર્ય સર્જાયુ છે.

ભાજપના કોર્પોરેટરે ગઇકાલે સોશ્યલ મીડિયામાં એવી પોસ્ટ મુકી હતી કે ૨૪૦ બેઠકોમાં આટલું જ યુધ્ધ જોવા મળી શકે, આખુ જોવુ હોય તો ૪૦૦ આપવું પડે. કોર્પોરેટરની આ પોસ્ટ સામે શાસક પક્ષના જ ઘણા સભ્યોમાં સવાલ ઉઠવા લાગ્યા હતા. બાદમાં આ મામલો ગંભીર બન્યો હતો. આથી ચેતન સુરેજાએ પોતાને ફોરવર્ડ આવેલા મેસેજને જ આગળ શેર કર્યાનો ખુલાસો કર્યો હતો. તેમનો અન્ય કોઇ ઇરાદો નહીં હોવાનું જણાવ્યું હતું.

દરમ્યાન આજે ભાજપ પ્રમુખે આ મામલે આપેલા ઠંડા નિવેદને ફરી મામલો ગરમ કર્યો હતો. પ્રમુખ માધવ દવેએ એવું કહ્યું હતું કે તેમને માધ્યમો દ્વારા આ વાત જાણવા મળતા તુરંત કોર્પોરેટર સાથે વાત કરી હતી. તેમાં વિવાદ જેવી કોઇ વાત કે ઘટના નથી. ફોરવર્ડ પોસ્ટ તેમનાથી આગળ હ્યુમર ઇમોજી સાથે પોસ્ટ થઇ ગઇ હતી. છતાં વિષય તેમને સમજાવતા કોર્પોરેટરે ભુલ સ્વીકારી પોસ્ટ દુર કરી દીધી હતી. તેઓએ ખેદ પણ વ્યકત કર્યો છે. આ રીતે હાલના સંજોગોમાં કોઇ પ્રશ્નો ઉભા થાય તેવી પોસ્ટ ન મુકવા પાર્ટીના તમામ લોકોને કહેવામાં આવ્યું છે અને ઘટના અંગે પ્રદેશને પણ જાણ કરી દેવામાં આવી છે.

### શહેર ભાજપના એક જુથે પોતાનો કાર્યક્રમ પણ યોજી લીધો

રાજકોટ, તા.૧૨

રાજકોટમાં જાગનાથ મંદિર પાસે રાષ્ટ્રીય એકતાના સંકલ્પને આગળ ધરીને ભાજપે સિંદુર શકિત વંદનાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો જેમાં સેનાની સિધ્ધિ આગળ સમર્થ નેતૃત્વને સ્થાન આપ્યું છે અને ભાજપના તમામ અગ્રણીઓ પહોંચી ગયા હતા. કેટલાક થાળી વગાડતા નજરે ચડયા હતા. તો કેટલાકે શંખ પણ વગાડયો હતો.

### ભાજપના કોર્પોરેટર સામે પક્ષ પગલા ભરે : કોંગ્રેસની માંગણી

#### નગરસેવકને આવી પોસ્ટ મૂકવા બદલ શરમ આવવી જોઇએ : રાજાણી

રાજકોટ, તા.૧૨

ભારત–પાકિસ્તાન યુધ્ધની સ્થિતિ વચ્ચે ભાજપના કોર્પોરેટરે મુકેલી ચર્ચાસ્પદ પોસ્ટથી રાજકારણ ગરમાયું છે અને કોંગ્રેસે પણ વિવાદમાં ઝંપલાવ્યું છે.

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, ભાજપના કોર્પોરેટરને આવી પોસ્ટ મૂકવા બદલ શરમ આવી જોઇએ. દેશના હિતમાં કોઇ રાજકારણ હોવું ન જોઇએ. ભાજપના આ કોર્પોરેટર સામે પાર્ટીએ પગલા લેવા જોઇએ તેવી માંગણી વિપક્ષે કરી છે.

## વડોદરાના આર. આર. મિસ્ત્રી, પી. એમ. શાહ, બી.વી. વસાવા, જે. એ. પટેલ રાજકોટમાં મુકાયા

# રાજકોટ જિલ્લા સહિત તાલુકાની કોર્ટોમાં ન્યાયાધીશોની બદલી

### શનિવારે રાજ્યભરના ૪૬૬ ન્યાયધીશોની બદલીનો ઓર્ડર થયો, રાજકોટ ડિસ્ટ્રીક્ટ લીગલ ઓથોરિટીના સેક્રેટરી તરીકે એચ. વી. જોટાણીયાને ફરી જવાબદારી

### ૬૩ ડિસ્ટ્રીક્ટ જજ, ૨૦૦ સિનિયર સિવિલ, ૨૦૩ સિવિલ જજનો યાદીમાં સમાવેશ




રાજકોટ, તા.૧૨

રાજકોટ જિલ્લા અને તાલુકાની કોર્ટોના જજોની બદલી થઈ છે. શનિવારે રાજ્યભરના ૪૬૬ ન્યાયધીશોની બદલીનો ઓર્ડર થયો હતો. ૬૩ ડિસ્ટ્રીક્ટ જજ કક્ષાના, ૨૦૦ સિનિયર સિવિલ કક્ષાના, ૨૦૩ સિવિલ જજ કક્ષાના ન્યાયાધીશોનો યાદીમાં સમાવેશ છે. રાજકોટ ડિસ્ટ્રીક્ટ લીગલ ઓથોરિટીના સેક્રેટરી તરીકે એચ. વી. જોટાણીયાને ફરી એક વાર જવાબદારી સોંપાઈ છે.

રાજકોટ જિલ્લા અને તાલુકા કોર્ટના સિવિલ જજની બદલીઓમાં કોટડાસાંગાણીના પ્રિન્સિપાલ સિવિલ જજ જે. જે. જાદવની નડિયાદ એડી. સિવિલ જજ, રાજકોટના જેએમએફસી નેહા ટી. કારીયાની સાબરકાંઠાનાં તલોદનાં પ્રિન્સિપાલ સિવિલ જજ, ઉપલેટા પ્રિન્સિપાલ સિવિલ જજ, એ. એ. દવેની અરવલ્લી ભિલોડા એડી. સિવિલ જજ, જસદણ એડી. સિવિલ જજ વી. એ. ઠક્કરની નડિયાદ એડી. સિવિલ જજ, રાજકોટનાં એડી. સિવિલ જજ વિનતી હીરાલાલની એડી. સિવિલ જજ ગાંધીનગર, રાજકોટનાં જેએમએફસી જે. જે. દવેની જેએમએફસી અમદાવાદ રૂરલ રેલવે કોર્ટ, ધોરાજી એડી. સિવિલ જજ પ્રિયંકાબેન બી. ગામીતની વડોદરા સાવલી એડી. સિવિલ જજ, પડધરી પ્રિન્સિપાલ સિવિલ જજ આર. આર. બારીયાની નવસારી બાંસદા પ્રિન્સિપાલ સિવિલ જજ, લોધીકા પ્રિન્સિપાલ સિવિલ જજ આર. કે. જાનીની થરાદ એડી. સિવિલ જજ, રાજકોટનાં એડી. સિવિલ જજ અનુશ્રી પી. દવેની સાણંદ એડી. સિવિલ જજ, વિંછીયા પ્રિન્સિપાલ સિવિલ જજ કે. એન. જોશીની વડનગર પ્રિન્સિપાલ સિવિલ જજ, રાજકોટ એડી. સિવિલ જજ દામિની દીક્ષિતની માણસા પ્રિન્સિપાલ સિવિલ જજ, રાજકોટ એડી. સિવિલ જજ નેહા ડી. જોશીપુરાની એડી. સિવિલ જજ અમદાવાદ રૂરલ માંડલ, રાજકોટ એડી. સિવિલ જજ ચાંદની સી. ગોંડલીયાની એડી. સિવિલ જજ અમદાવાદ રૂરલ, રાજકોટ એડી. સિવિલ જજ ઓ. એન. ચુડાસમાની એડી. સિવિલ જજ અમદાવાદ રૂરલ, ગોંડલ એડી. સિવિલ જજ એમ. ડી. પરમારની પ્રિન્સિપાલ સિવિલ જજ તાપી સોનગઢ ખાતે બદલી થઈ છે. સિનિયર સિવિલ જજોમાં ગોંડલના એમ. એસ. દવેની અરવલ્લી મોડાસા, એ. આર. કુમારની મહેસાણા કડી, રાજકોટના એન. એચ. નંદાણીયાની અમદાવાદ રૂરલ, ડી. આર. જગુવાલાની ગાંધીનગર, જ્યોત્સનાબેન વી. પરમારની હિંમતનગર, જે. એમ. સોલંકીની વડોદરા, એ. એચ. હીરાણીની કલોલ ગાંધીનગર, એમ. એમ. શેખની અમદાવાદ સિટી, શિતલ વી. મુદલીયારની સુરત, એમ. એ. પીપરાણીની અમદાવાદ સિટી, પીએસ. સિંધીની સુરત, એ. પી. ડેરની અમદાવાદ સિટી, એસ. ડી. ત્રિવેદીની ખેડા નડિયાદ, એમ. જી. શાહની પ્રિન્સિપાલ સિનિયર જજ ગાંધીનગર બદલી થઇ છે.

રાજકોટ સ્મોલ કોઝ કોર્ટના સી. પી. ચરણની જામનગર ડિસ્ટ્રીક્ટ લીગલ ઓથોરિટીના ફુલ ટાઈમ સેક્રેટરી તરીકે, એન. એન. દવેની સિદ્ધપુર પાટણઅને રાજકોટ ડિસ્ટ્રીક્ટ લીગલ ઓથોરિટીના ફુલ ટાઈમ સેક્રેટરી, કે. એમ. ગોહેલની જી.એસ.એલ.એસ.એ. પ્રોજેક્ટ ઓફિસર તરીકે, વાય. બી. ગામીતની તાપી વ્યારા લીગલ ઓથોરિટીના ફુલ ટાઈમ સેક્રેટરી તરીકે બદલી થઈ છે. અને સુરતના એચ. વી. જોટાણીયાની રાજકોટ ડિસ્ટ્રીક્ટ લીગલ ઓથોરિટીના ફુલ ટાઈમ સેક્રેટરી તરીકે બદલી થઈ છે. રાજકોટ તાલુકાઓની કોર્ટમાં બદલી પામી આવેલા સિનિયર સિવિલ કક્ષાના ન્યાયધીશોમાં કલોલના ઉર્મિલા બી. દેવડાને ગોંડલ, બાયડના પી. ડી. મોદીને જેતપુર, રાજકોટમાં બદલી પામી આવેલ સિનિયર સિવિલ કક્ષાના ન્યાયધીશોમાં બાયડના જે. ડી. પદ્યા, અમદાવાદ સીટીના જી.પી. ભોઈ, વડોદરાનાં આર. આર. મિસ્ત્રી, પી. એમ. શાહ, બી.વી. વસાવા, જે. એ. પટેલ, વલસાડના વી. ડી. મોઢ, સુરતના જિજ્ઞાશાબેન એમ. ગજ્જર, વડોદરાના આર. કે. ત્રિવેદીને રાજકોટ સ્મોલ કોઝ કોર્ટમાં મુકાયા રાજકોટમાંથી બદલી પામેલ એડી સેશન્સ જજોમાં એસ. વી. શર્માની ગાંધીનગર, એમ. જે. બ્રહ્મભટ્ટની ખેડા – નડિયાદ, એમ. એચ. પઠાણની અમદવાદ સિટી સિવિલ કોર્ટ, એસ. સી. મકવાણાની વડોદરા કોર્ટ ખાતે બદલી થઈ છે. રાજકોટ ઇન્ડસ્ટ્રીયલ કોર્ટનાં મેમ્બર જજ એમ. એ. ટેઈલરની વડોદરા એડી. સેશન્સ જજ તરીકે બદલી થઈ છે.




# શહેર પોલીસે પકડેલ રૂા.૨.૧૪ કરોડના દારૂ-બિયર પર બુલડોઝર ફરી વળ્યું

## પ્યાસીઓ પાસે પહોંચે તે પહેલાં શહેર પોલીસે પકડેલ દારૂ–બિયરની ૧.૦૯ લાખ બોટલનો સોખડા પાસે નાશ કરવામાં આવ્યો

રાજકોટ. તા.૧૨

શહેર પોલીસે પકડેલ રૂ.૨.૧૪ કરોડના દારૂ–બિયર પર બુલડોઝર ફરી વળતાં જાણે પ્યાસીઓના જીવ પર બુલડોઝર ફરી વળ્યું હોય તેવું ચિત્ર સામે આવ્યું હતું. જેમાં zone-1 ની ૮૦૩૪ , zone -2 ની ૧૦૨૪૮ અને ક્રાઇમ બ્રાન્ચની દારૂ અને સીરપની ૯૧૦૩૨ બોટલનો સમાવેશ થાય છે.

શહેરમાં વર્ષ ૨૦૨૪/૨૫ માં ગેરકાયદેસર રીતે ઘુસાડાતો વિદેશી દારૂ પોલીસે જે પકડેલ હોય જે કોર્ટમાંથી મુદ્દામાલનો નાશ–નિકાલ સબંધી હુકમ કરેલ તેવા વિદેશીદારૂના જથ્થાનો નિકાલ કરવા માટે શહેર વિસ્તાર માટેની સમિતિની રચના કરવામાં આવેલ છે. જે સમિતિ હાજરીમાં શહેરના અલગ અલગ પોલીસ મથકમાં પકડાયેલ દારૂનો જથ્થો સાત હનુમાનથી આગળ સોખડા અને નાકરાવાડી ગામ વચ્ચે આવેલ સરકારી ખરાબો વાળી જગ્યાએ મુદ્દામાલના નાશ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

જેમાં ઝોન–૧ માં આવેલ ભક્તિનગર પોલીસ મથકમાં ૧૧ કેસની દારૂની ૭૫૯ બોટલ, થોરાળા પોલીસ મથકમાં ૧૭ ગુનાની ૪૨૨ બોટલ, આજીડેમ પોલીસ મથકમાં ૩૬ ગુનામાં ૧૪૯૫ બોટલ, બી. ડિવિઝન પોલીસ મથકમાં ૨૨ ગુનામાં ૩૨૦૨ બોટલ, કુવાડવા રોડ પોલીસ મથકમાં ૦૮ ગુનામાં ૧૫૪૯ બોટલ અને એરપોર્ટ પોલીસ મથકના ૦૧ ગુનામાં ૬૦૭ દારૂનો બોટલ મળી કુલ ૮૦૩૪ દારૂ–બિયરની બોટલ મળી રૂ.૨૧ લાખ મુદ્દામાલનો સમાવેશ થાય છે.

તેમજ ઝોન–૨ માં પ્ર. નગર પોલીસ મથકમાં ૧૩ ગુનામાં ૧૦૫ બોટલ, ગાંધીગ્રામ પોલીસ મથકના ૦૭ ગુનામાં ૭૮૩૦ બોટલ, યુની. પોલીસ મથકના ૧૮ ગુનામાં ૧૦૧૦ બોટલ, માલવીયાનગર પોલીસ મથકના ૧૩ ગુનામાં ૪૬૩ બોટલ, તાલુકા પોલીસ મથકના ૧૧ ગુનામાં ૪૪૬ બોટલ અને એ.ડિવિઝન પોલીસ મથકના ૦૮ ગુનામાં ૩૯૪ બોટલ મળી કુલ રૂ.૧૦૨૪૮ દારૂ– બિયરની બોટલ મળી રૂ.૫૬ લાખનો મુદ્દામાલનો સમાવેશ થાય છે.

તેમજ ક્રાઈમ બ્રાન્ચના ૧૯ ગુનામાં ૧૭૭૬૯ બોટલ દારૂ રૂ.૬૪.૩૫ લાખ અને આયુર્વેદિક સીરપ બોટલ ૭૩૨૬૩ રૂ.૭૩.૨૬ લાખ મળી કુલ રૂ.૧.૩૭ કરોડનો મુદ્દામાલનો સમાવેશ થાય છે. જેમાં કુલ ૧૮૫ કેસમાં દારૂ–બિયર અને આયુર્વેદિક સીરપની કુલ ૧.૦૯ લાખ બોટલ મળી કુલ રૂ.૨.૧૪ લાખના મુદ્દામાલ પર બુલડોઝર ફેરવી દઈ નાશ કરવામાં આવ્યો હતો.

**zone-1 ની ૮૦૩૪ , zone -2 ની ૧૦૨૪૮ અને ક્રાઇમ બ્રાન્ચની દારૂ અને સીરપની ૯૧૦૩૨ બોટલનો સમાવેશ**

# બિશ્નોઈ ગેંગના નવ અને ગુજરાતના ચાર બુટલેગરો વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો નોંધાયો

## રાજકોટ સહિત ગુજરાતભરમાં ટોળકી રચી અવારનવાર દારૂ સપ્લાય કરતાં હતાં, સ્ટેટ મોનીટરીંગ સેલની કાર્યવાહી, બે આરોપીની ધરપકડ



રાજકોટ. તા.૧૨

રાજકોટ સહિત ગુજરાતભરમાં ટોળકી રચી અવારનવાર દારૂ સપ્લાય કરતાં બિશ્નોઈ ગેંગના નવ અને ગુજરાતના ચાર બુટલેગરો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ગુનો નોંધી , બે આરોપીની ધરપકડ કરી હતી.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એસએમસી ડીઆઇજી નિર્લિપ્ત રાયના સુપરવિઝન હેઠળ ડીવાયએસપી કે.ટી.કામરીયાના માર્ગદર્શન હેઠળ રાજસ્થાન, ગોવા, પંજાબ રાજ્યોમાંથી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ગુજરાત રાજ્યમાં મોકલનાર રાજસ્થાન રાજ્યના બિશ્નોઈ ગેંગના નવ બુટલેગરો તેમજ રાજ્યના વડોદરા શહેર, અમદાવાદ ગ્રામ્ય, મોરબી, રાજકોટ જિલ્લાઓમાં મોટો જથ્થો મંગાવનાર ગુજરાત રાજ્યના કુલ–૦૪ બુટલેગરો મળી કુલ ૧૩ સાગરીતોની સંગઠીત ગુના આચરતી ટોળકી વિરૂધ્ધ આંતકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (ગુજસીટોક) એકટની હેઠળ ગુનો દાખલ કરવા વડોદરા પોલીસ કમિશ્નર પાસેથી મળેલ મંજુરીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઇ આર.જી.ખાંટની ફરીયાદ આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

જે બાદ ગુનાની તપાસ સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાયના સીધા સુપરવિઝન હેઠળ ડીવાયએસપી આર.આઈ.દેસાઈને સોંપવામાં આવેલ જે તપાસ દરમ્યાન સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમો દ્વારા આરોપી છબીનાથસિંહ ઉર્ફે છબીલનાથસિંહ ઉર્ફે પ્રદિપ રાજા કૌશલસિંહ રાધેશ્યામસિંહ રાજપુત (રહે.૩૫, સ્નેહ કુંજ સોસાયટી, નુતન નાગરીક બેંકની બાજુમાં, ઇસનપુર, અમદાવાદ), રવિ ઉર્ફે જીગો ચામડો ઠાકોર મગન માછી (નાવીક) (રહે.ઘર નં.૧૧૬, સ્લમ ક્વાટર્સ, નાલંદા પાણીની ટાંકી સામે, વાઘોડીયા રોડ, વડોદરા) પકડી પાડવામાં આવ્યા હતાં અને તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવેલ છે.

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા છેલ્લા ત્રણ માસમાં ગુજરાત રાજ્યમાં સંગઠીત ગુના આચારતી ટોળકીના કુલ–૨૯ સભ્યો વિરૂધ્ધ ગુજસીટોક એક્ટ હેઠળના કુલ–૦૩ ગુનાઓ દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## નવી ખરીફ સીઝન પુર્વે જ દેશ પાસે એક વર્ષથી વધારે ચાલે તેટલુ અનાજ સંગ્રહાયેલુ છે

# અનાજ ગોડાઉનો છલોછલ: કેન્દ્રએ રાજયોને એકી સાથે ત્રણ મહિનાનો કવોટા ઉપાડવા જણાવ્યું

### ઘઉં અને ચોખાનો ત્રણ માસનો જથ્થો એક સાથે વિતરણ કરવા પણ તૈયારી: ફુડ કોર્પોરેશન અને રાજયોના મોટાભાગના ગોડાઉન હાલ ભરચકક



નવી દિલ્હી તા.૧૨

દેશમાં આગામી સમયમાં શરૂ થનારા નૈઋત્યના ચોમાસા પુર્વે અને દિવાળી બાદ આવનારી ખરીફ પાકની સીઝનને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે હવે રાજયોને એકી સાથે ત્રણ મહિનાનો રેશનીંગ કવોટા ઉપાડવા જણાવ્યું છે. દેશમાં હાલ અનાજના ભંડાર ભરપુર છે. ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા પાસે ઘઉં અને ચોખા બંનેના ગોડાઉનો ભરેલા છે અને નવી સીઝન શરુ થઈ તેમાં પણ ઘઉંની આવક માતબર થઈ છે અને તેના કારણે ગોડાઉનોમાં અનાજનો બગાડ ન થાય તે માટે કેન્દ્ર સરકારે રાજયોને અનાજનું વિતરણ વ્યવસ્થામાં ઝડપ લાવવા અને જરૂર પડે ત્રણ મહિનાનો સ્ટોક એકીસાથે લઈ લેવા જણાવ્યું છે અને રાજયોને પણ તે એકીસાથે ડીસ્ટીબ્યુટ કરવા કહેશે. સતાવાર માહિતી મુજબ ભારત રેશનીંગ વ્યવસ્થા માટે દર મહીને ૩.૩ થી ૩.૪ મીલીયન ટન ચોખા અને ૧.૫ થી ૧.૬ મીલીયન ટન ઘઉં વિતરણ કરે છે અને દેશભરમાં ૮૦ કરોડ લાભાર્થીઓને ફ્રી અનાજ આપવામાં આવે છે. જેની સામે હાલ કેન્દ્ર પાસે ઘઉં અને ચોખાનો ૬૬.૧૭ મીલીયન ટનનો સ્ટોક છે અને તે પુરા વર્ષમાં જાહેર વિતરણ વ્યવસ્થા મારફત આપવામાં આવે તો પણ તેનાથી વધુ છે. આમ દેશમાં અનાજના ભંડાર ભરાયેલા છે જેની સામે કુલ ૮૫.૯૦ મીલીયન ટનની કેપેસીટી સામે ૮૦.૨૧ મીલીયન ટન અનાજ ગોડાઉનમાં છે અને સરકાર માટે તે ખાલી કરવા જરૂરી છે.

# આરબીઆઈએ ગ્રાહકોનાં હિતનું રક્ષણ કરવા એસ.બી.આઈ.બેંકને ૧.૭૨ કરોડનો દંડ ફટકાર્યો




## બેંક ગમે તેટલી નાની કે મોટી હોય માર્ગદર્શિકાનું પાલન કરવુ ફરજીયાત

નવીદિલ્હી,તા.૧૨

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પર ભારતીય રિઝર્વ બેંકે ૧.૭૨ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. RBI દ્વારા SBI પર લાદવામાં આવેલ આ દંડ નિયમનકારી પાલનમાં ખામીઓ માટે લાદવામાં આવ્યો છે. RBI એ SBI ને કારણ દર્શાવો નોટિસ ફટકાર્યા બાદ તેના જવાબથી સંતુષ્ટ ન થતાં, મોટો દંડ ફટકાર્યો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, SBI એ લોન અને એડવાન્સિસ પરના કાયદાકીય નિયંત્રણો, ગ્રાહક સુરક્ષા, અનધિકૃત ઇલેક્ટ્રોનિક બેંકિંગ વ્યવહારોમાં ગ્રાહક જવાબદારી મર્યાદિત કરવા અને બેંકો દ્વારા ચાલુ ખાતા ખોલવામાં શિસ્ત જેવી સૂચનાઓનું સંપૂર્ણપણે પાલન કર્યું નથી. આ પછી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ SBI ને કારણ બતાવો નોટિસ ફટકારી અને જવાબથી સંતુષ્ટ ન થતાં, SBI પર ૧.૭૨ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો. જોકે, RBI એ સ્પષ્ટતા કરી હતી કે આ દંડ ગ્રાહકો સાથે સંકળાયેલા વ્યવહારોની માન્યતા અથવા બેંકો સાથેના તેમના કરારોની માન્યતાને અસર કરતો નથી.

ભારતીય રિઝર્વ બેંકે આ પગલાની પ્રશંસા કરી અને કહ્યું કે બેંકો પર કડકાઈ લાદીને ગ્રાહકોના હિતનું રક્ષણ કરવાનું છે. જે બેંકોને વધુ સતર્ક અને જવાબદાર બનાવશે. ઉપરાંત, આ સુનિશ્ચિત કરશે કે ગ્રાહકને પૂરી પાડવામાં આવતી સેવામાં કોઈ બેદરકારી ન રહે; આ માટે RBI સમયાંતરે નિરીક્ષણ અને દેખરેખ રાખે છે. આ સાથે, આ કાર્યવાહી એ સંદેશ આપે છે કે બેંક ગમે તેટલી મોટી કે નાની હોય, નિયમનકારી માર્ગદર્શિકાનું પાલન કરવું ફરજિયાત છે, અને કોઈપણ બેદરકારીના કિસ્સામાં કેન્દ્રીય બેંક કડક પગલાં લેવામાં અચકાશે નહીં.

આ ઉપરાંત જાન સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ પર ૧ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડ બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ ની કેટલીક જોગવાઈઓના ઉલ્લંઘન બદલ લાદવામાં આવ્યો છે.આરબી આઈએ એક નિવેદનમાં જણાવ્યું છે.

# અકસ્માત પછી આવક વધે તો પણ અરજદાર વળતર મેળવવા હકકદાર

## રાજકોટની કલેઈમ ટ્રીબ્યુનલનો મહત્વનો ચુકાદો: રૂા.૪.૩૩ લાખ ૯ ટકા વ્યાજ સાથે ચુકવવા હુકમ

રાજકોટ તા.૧૨

કોટડાસાંગાણીમાં હેર ડ્રેસર તરીકે કામ કરતા મુળજીભાઈ મનસુખભાઈ હીરાણીને તા.૨૮/૧૨/૨૦૧૭ના રોજ કોઠારીયા મેઈન રોડ, નંદા હોલ, રાજકોટ પાસે ઉભા હતા ત્યારે સ્કોર્પીયો કાર નં. જીજે ૦૩ જેસી ૮૮૪૫ના ચાલકે હડફેટે લેતા અરજદારને જમણા પગમાં ઈજાઓ થયેલી, અને અંગુઠાનું ફ્રેકચર થયેલું. અરજદારે મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ, રાજકોટ સમક્ષ વળતરની રકમ રૂા.૫ લાખ મેળવવા અરજી કરી રજુઆત કરેલ કે ઉપરોકત અકસ્માતને કારણે અરજદારને હેર ડ્રેસર તરીકે કામ કરવામાં તકલીફ પડે છે અને કાયમી ખોટ રહી ગયેલ છે, તથા દવા અને સારવારનો ખર્ચ થયેલ છે. અરજદાર પોતે ઈન્કમટેક્ષ પેયર છે.

વિમા કંપનીએ નામ. ડીબ્યુનલ સમક્ષ તકરાર લીધેલ કે, અરજદારે હાલના કામમાં ૨૦૧૩થી ૨૦૧૭ સુધીના ઈન્કમ ટેક્ષ રીટર્નો રજુ કરેલ છે, પરંતુ ત્યાર બાદના રીટર્નો રજૂ કરેલ નથી, અને અરજદાર હાલના કામમાં ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, અકસ્માત બાદ પણ તેઓનું સાંઈ હેર પાર્લર કોટડાસાંગાણીમાં ચાલુ છે, અને અરજદારે ૨૦૧૯માં પણ ઈન્કમટેક્ષ રીટર્ન ભરેલ છે અને અકસ્માત પછી અરજદારની આવક કરેલ છે, આથી અરજદાર કાયમી ખોટની રકમ મેળવવા હકકદાર નતી. અરજદાર તરફથી એડવોકેટ પી.આર. દેસાઈએ સુપ્રીમ કોર્ટે મોહમદ શબીર વિ. રીજીયોનલ મેનેજર, યુ.પી. સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના કેઈસ અને અન્ય ચુકાદાઓ ટાંકી અરજદારને ફંકશનલ ડીઝેબીલીટી કન્સીડર કરવા દલીલ કરેલ હતી. અને અકસ્માત પછી પણ આવક વધે તો પણ અરજદાર વળતર મેળવવા હકકદાર હોવાની રજૂઆત કરેલી. જે ધ્યાને લઈ કોર્ટે અરજદારની અરજી મંજુર કરી સામાવાળા વિમા કંપની એચ.ડી.એફ.સી. ઈરગોને વળતરની રકમ કુલ રૂા.૪,૩૩,૦૦૦ તે ૯ ટકાના વ્યાજ સાથે અરજદારને ચુકવી આપવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં અરજદાર વતી સીની. એડવોકેટ પી.આર. દેસાઈ અને તેમની મદદમાં કિરીટભાઈ વોરા, સુનીલ વાઢેર, સંજય નાયક, એડવોકેટસ મદદમાં રોકાયેલ હતા.

# પડધરીમાં ધંધા ખારમાં બકાલાના ધંધાર્થી બાખડયા : જગદીશ સોલંકીને ઈજા

## ઈજાગ્રસ્ત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

રાજકોટ, તા.૧૨

પડધરીમાં ધંધા ખારમાં બકાલાના ધંધાર્થી બાખડયા હતા. જેમાં જગદીશ સોલંકીને ઈજા થતા ઈજાગ્રસ્તને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવેલ હતો.



આ અંગે મળતી વિગત મુજબ, જગદીશ મેશનભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૨૭, રહે. ગીતાનગર, ૧૦૦ વારીયા, પડધરી) ગઈકાલે સાંજે ૭:૩૦ વાગ્યે પડધરી શાક માર્કેટમાં હતો ત્યારે સામેવાળા દેવરાજ અને કાનાએ ધોકા વડે મારતા પ્રથમ પડધરી સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ. જગદીશએ જણાવ્યું કે, તેનો પરિવાર ૨૫ વર્ષથી શાકભાજીનો ધંધો કરે છે. પડધરી શાકમાર્કેટમાં શાકભાજી વેચવા બેસે છે. જોકે તાજેતરમાં સામેવાળા આરોપીઓએ માર્કેટમાં દુકાન ભાડે રાખી હોય, ત્યાં આગળ જગદીશ અને તેનો પરિવાર શાકભાજી વેચવા બેસતો હોય, અહીં શાકભાજી વેચવા બેસવું નહીં. તેમ કહીને ઝઘડો કર્યો હતો અને પછી માર માર્યો હતો આ અંગે પડધરી પોલીસે નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## એડવોકેટ વિરેન્દ્ર રાણીંગાની પુત્રી જાનવીએ ધો.૧૦માં ૯૩.૦૭ ટકા મેળવી પરિવારનું ગૌરવ વધાર્યુ



રાજકોટના જાણીતા એડવોકેટ વિરેન્દ્ર રાણીંગાની પુત્રી જાનવી રાણીંગાએ તાજેતરમાં લેવાયલ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યુ છે. તેણે ૯૩.૦૭ ટકા મેળવી શ્રી ગિરનારા પરજીયા સોની સમાજ તેમજ મોદી સ્કૂલનું ગૌરવ વધારેલ છે. જાનવીને ચોતરફથી ખૂબ ખૂબ અભિનંદન શુભકામનાઓ મળી રહી છે.

# ચિલઝડપ, બાઈક ચોરી, ગેરકાયદેસર મંડળી રચી હુમલા કરવાં સહિતના ગુનામાં ફરાર ત્રિપુટી ઝડપાઈ

## જામનગરમાંથી ચિલઝડપ, મવડીમાંથી સ્પોટ બાઈક, રેસકોર્સથી એક્સેસની ચોરી કરી 'તી, કુવાડવા પોલીસ મથકના રાયોટિંગ, અપહરણ સહિતના ગુનામાં ફરાર

## નામચીન અજય પરસોંડા, સંજય સોલંકી અને જયપાલ જોગડીયાની ચોરાઉ વાહનો સાથે ધરપકડ: ડીસીપી જગદીશ બંગરવાની રાહબરીમાં એલસીબી ઝોન-૨ ની કામગીરી



રાજકોટ. તા.૧૨

ચિલઝડપ, બાઈક ચોરી, ગેરકાયદેસર મંડળી રચી હુમલા કરવાં સહિતના ગુનામાં ફરાર ત્રિપુટીને એલસીબી ઝોન-૨ ની ટીમે પકડી પાડી હતી. જામનગરમાંથી ચિલઝડપ, મવડીમાંથી સ્પોટ બાઈક, રેસકોર્સમથી એક્સેસની ચોરી કરી તેમજ કુવાડવા પોલીસ મથકના રાયોટિંગ, અપહરણ સહિતના ગુનામાં ફરાર હતાં. નામચીન અજય પરસોંડા, સંજય સોલંકી અને જયપાલ જોગડીયાની ચોરાઉ વાહનો સાથે ધરપકડ કરી હતી.

શહેરમાં ઘરફોડ ચોરી તથા બાઈક ચોરીના બનાવો બનેલ હોય જે ચોરીઓનો ભેદ ઉકેલવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા દ્વારા મિલ્કત સંબંધી ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની આપેલ સુચનાથી નાસતા ફરતા સ્કોડ ઝોન-૨ અને એલસીબી ઝોન-૨ ના પીએસઆઈ આર. આર. કોઠીયા અને જે.વી.ગોહિલ ટીમ સાથે ચોરીના બનાવ સ્થળ વિસ્તારના સીસીટીવી ફુટેઝ તથા ખાનગી બાતમીદારો અને ટેકનિકલ સોર્સના માધ્યમથી ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરવા તપાસનો ધમધમાટ આદર્યો હતો.

દરમિયાન સ્ટાફ તપાસમાં હતો ત્યારે રેલનગર મેઈન રોડ વચ્છરાજ ગૌશાળા પાસે અગાઉ ચોરીઓના ગુન્હામાં પકડાયેલ અજય પરસોંડા, સંજય સોલંકી તથા જયપાલ જોગડીયા બાઈક સાથે ઉભા હોવાની ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે અજય માનસીંગભાઇ પરસોંડા (ઉ.વ.૨૪, રહે. ચોટીલા ગોગા મહારજની જગ્યાની સામે, મુળ - રેલનગર પોપટપરા શેરી નં.૧૪), સંજય ચતુર સોલંકી (ઉ.વ.૨૩, રહે. પીપળીયા ગામ ચોરાની બાજુમાં) અને જયપાલ રમેશ જોગડીયા (ઉ.વ.૨૦ રહે. નાગલપર ગામ ખોરાણા વાળા રોડ ઉપર) ની ધરપકડ કરી પૂછતાછ આદરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી અજય અને જયપાલે જામનગરમાંથી સોનાના ચેઇનની ચિલઝડપ તેમજ સંજયે તાલુકા પોલીસ મથક વિસ્તારમાંથી સ્પોટ બાઇક અને આરોપી જયપાલ અને સંજયે રેસકોર્સમાંથી એક્સેસ બાઈક ચોર્યાની કબુલાત આપી હતી.

તેમજ આરોપી હરેશ પરસોંડા અગાઉ નાગલપરમાં આવેલ કલરવ પાર્કમાં સફાઈ કામ કરતાં કર્મીનું અપહરણ કરી મારમાર્યો હતો, તેમજ પોપટપરા શેરી નં.૧૪ પાસે યુવાન પર છરીથી કરેલ હુમલાના બનાવમાં ફરાર છે. ઉપરાંત આરોપી સંજય સોલંકી નાકરાવાડીમાં ઘરમાં સુતેલ યુવાન પર ઘરમાં ઘુસી ગેરકાયદેસર મંડળી રચી ધારીયા અને પાઈપથી કરેલ હુમલામાં ફરાર હતો. જ્યારે આરોપી જયપાલ જોગડીયા નાકરાવાડીમાં યુવાનને દોડાવી દોડાવી લાકડીથી માર મારવાના ગુનામાં ફરાર હતો.

ઉલ્લેખનીય છે કે આરોપી અજય વિરુદ્ધ ૧૧ જેટલા ગુના નોંધાયેલ છે.

### નામચીન શખ્સોને પકડનાર ટીમ

રાજકોટ,તા.૧૨

ચોરી, ચીલઝડપ અને મારામારી અપહરણ જેવા ગુનામાં ફરાર ત્રીપુટીને પકડવામાં એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર.આર .કોઠીયા જે.વિ.ગોહીલ, એએસઆઈ આર.એન. મીયાત્રા, હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ઝાલા, અનીલ જીલરીયા,રાહુલ ગોહેલ, હેમેન્દ્ર વાઘીયા, શકિતસિંહ ગોહીલ, કોન્સ્ટેબલ પ્રશાંત ગજેરા, અને અંકિત નીમાવતે કામગીરી કરી હતી.

### નાકરાવાડીમાં ઘરમાં ઘુસી હુમલો કરવાના ગુનામાં ફરાર સુરેશ ઉકેડીયા ઝડપાયો

રાજકોટ,તા.૧૨

નાકરાવાડીમાં ઘરમાં ઘુસી યુવાન પર હુમલો કરવાના ગુનામાં ફરાર આરોપીને નાસતા ફરતાં ઝોન-૨ની ટીમે પકડી પાડયો હતો. નાકરાવાડીમાં જુની અદાવતમાં ખાર રાખી ગેરકાયદેસર મંડળી રચી ધારીયા પાઈપ સહીતના હથીયારો સાથે થયેલ હુમલામાં કુવાડવા રોડ પોલીસ મથકમાં રાયોટીંગ સહીતની કલમ દિઠ ગુનો નોંધાયો હતો.જે બનાવમાં ફરાર આરોપી સુરેશ કેશુ ઉકડીયા (ઉ.વ.૨૫) (રહે.કટાટીયા ચોકડી, લક્ષ્મીનો ઢેકો મફતીયાપરાને પકડી પાડયો હતો.

# કરૂણ બનાવ : જુડવા દિકરા-દિકરીને જન્મ આપી માતા કિરણબેન વામજાએ અંતિમ શ્વાસ લીધા

## કોઠારીયાનાં રોલેક્સ રોડ પર રહેતો પરિવારમાં જુડવા દિકરા-દિકરીનાં જન્મથી ખુશી છવાઈ હતી, પણ એક દિવસમાં જ ખુશી માતમમાં ફેરવાઈ

રાજકોટ, તા.૧૨

જુડવા દીકરા દીકરીને જન્મ આપી માતા અંતિમ શ્વાસ લીધા હોવાનું કરૂણ બનાવ સામે આવ્યો છે. જેમાં કોઠારીયા રોડ પર રોલેક્સ રોડ પર રહેતા કિરણબેન ધર્મેશભાઈ વામજા(ઉં. વ. ૩૨)એ બે સંતાનોને જન્મ આપી સારવારમાં દમ તોડી દીધો હતો.

આ અંગે મળતી વિગત મુજબ, કિરણબેન ધર્મેશભાઈ વામજા(ઉં. વ. ૩૨, રહે. રોલેક્સ રોડ, કોઠારીયા)ને પ્રસુતિની પીડા ઉપડતા બાલાજી હોલ પાસે આવેલ મિરેકલ ડોક્ટર હાઉસમાં આવેલી હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં પરમ દિવસે એટલે કે ગુરુવારે કિરણબેને જુડવા દીકરા દીકરીને જન્મ આપ્યો હતો. દીકરા દીકરીના જન્મથી વામજા પરિવારમાં ખુશીનો માહોલ



છવાયો હતો. જોકે આ ખુશી ક્ષણભરની જ હોય તેમ દીકરા દીકરીને જન્મ આપ્યા બાદ કિરણબેન ની તબિયત લથડી હતી તેને મીરેકલ મેડિક ડોક્ટર હાઉસમાં જ આવેલ અન્ય હોસ્પિટલમાં ખસેડાયા હતા. કિરણબેન ને ખૂબ જ શ્વાસ ચડી ગયો હતો અને તબિયત સુધારામાં ન આવતા ગઈકાલે સારવારમાં જ દમ તોડી દીધો હતો. બનાવતી પરિવારમાં ભારે શોખ છવાયો હતો પરિવારજનોએ જણાવ્યું કે કિરણબેન ના પતિ ધર્મેશભાઈ ને ફાર્મસીનો ધંધો છે. અઢી વર્ષ પહેલા બંનેના લગ્ન થયા હતા. કોઠારીયાનાં રોલેક્સ રોડ પર રહેતો પરિવારમાં જુડવા દીકરા દીકરીનાં જન્મથી ખુશી છવાઈ હતી, પણ એક દિવસમાં જ ખુશી માતમમાં ફેરવાઈ હતી.

## પ્રેમલગ્ન મામલે યુવતીના પરિવારના આતંકથી યુવકની માતાએ આપઘાત કર્યો 'તો

# જાની બંધુને વધું એક ધમકી, મુકેશ સોહલાએ બેફામ ગાળો આપી

## નવા ૧૫૦ ફૂટ રીંગરોડ પર રહેતાં યુવાને ફરીયાદ નોંધાવતા તાલુકા પોલીસની કાર્યવાહી

રાજકોટ. તા.૧૨

નવા ૧૫૦ ફૂટ રીંગરોડ પર રહેતાં જાની બંધુને વધું એક ધમકી મળી હતી. જેમાં મુકેશ સોહલાએ બેફામ ગાળો આપી મારી નાંખવાની ધમકી આપતાં તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. અગાઉ પ્રેમ લગ્ન મામલે યુવતીના પરિવારના આતંકથી યુવકની માતાએ આપઘાત કર્યો હતો.

બનાવ અંગે નવા ૧૫૦ ફૂટ રીંગરોડ પર આદિત્ય બિલ્ડીંગમાં રહેતાં ગૌતમભાઈ કિશોરભાઈ જાની (ઉ.વ.૨૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મુકેશ સોહલાનું નામ આપી જણાવ્યું હતું કે, તે ધર્મેંદ્રસિંહજી કોલેજ ખાતે બીએ આર્ટસમા બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તેમના પરીવારમાં પિતા કિશોરભાઈ વિષ્ણુપ્રસાદ જાની, મોટાભાઈ મીલનભાઈ તેની પત્ની પાયલબેન છે, કજે બધાં સાથે રહે છે. તેના મોટાભાઈ મીલનભાઈ વર્ષ ૨૦૧૮ મા સ્કુલ તથા ટયુશનમા અભ્યાસ કરતા હોય તે દરમિયાન ગોપાલ ચોક ખાતે રહેતી આ પાયલબેન સભાડ સાથે મીત્રતા તથા પ્રેમ સંબંધ બંધાતા બન્ને વ્યકતીઓએ રાજીખુશીથી લગ્નગ્રંથીમા જોડાવવાનુ નક્કિ કરતા બન્નેએ જુનાગઢ કોર્ટમા ગઈ તા.૦૬/૧૨/૨૦૨૨ ના લગ્ન કરી પોત પોતાના ઘરે પરત ફરેલ હતાં.

જે બાદ ગઈ તા.૧૧/૦૧/૨૦૨૫ ના બન્ને પોત પોતાના ઘરેથી નીકળી બન્ને ભાગી ગયેલ અને કોઈ અજ્ઞાત જગ્યાએ જતા રહેલ હતાં. ગઈ તા. ૧૨/૦૧/૨૦૨૫ ના યુવતીના સગા મુકેશ સોહલા અગાઉ આ પાયલના કુટુંબીજનોએ વાત ચીત કરવા અર્થે તેઓને સાધુવાસવાણી રોડ ઉપર આવેલ માધવ મેડીકલ સ્ટોર ખાતે બપોરના મામા કમલેશભાઈ ભટ્ટ, કાકા પ્રવિણભાઈ જાની સાથે તેમણે મળવા ગયેલ હતાં. તે દરમ્યાન મુકેશ સોહલાએ ત્યા તેને અને તેના માતાને પાયલ વિશે બીન જરૂરી પુછપરછ કરી જો પાયલ ઘરે નહી આવે તો ફરીયાદી અને તેના માતાને તેમજ ભાઈ મીલનને શોધી જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો આપી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપી મુકેશ સોહલાને પકડવા તજવીજ આદરી હતી.

# રાજકોટમાં પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ

## છૂટાછેડા થઈ ગયા હોવા છતાં અશ્વિન પરમાર દીપિકાને સાથે રહેવાનું કહેતો હતો, પત્ની ન માનતા શાસ્ત્રીનગર સામે જે. એસ. પાર્ટી પ્લોટમાં છરીના ૪ ઘા મારી હત્યા નીપજાવી હતી

રાજકોટ, તા.૧૨

શહેરમાં તા. ૧૧/૦૩/૨૦૧૮ના રોજ શાસ્ત્રીનગર સામે જે. એસ. પાર્ટી પ્લોટમાં પોતાની પત્નીનું ખુન કરનાર આરોપી અશ્વિનભાઈ ડાયાલાલ પરમારને સેશન્સ જજ એમ. એચ. પઠાણએ આજીવન કેદની સજા અને રૂા. ૧૦,૦૦૦ નો દંડ ફટકારેલ છે.

આ કેસની હકિકત એવા પ્રકારની છે કે, આરોપી અશ્વિનભાઈ ડાયાલાલ પરમાર(ઉ.વ. ૩૦)એ બનાવના ૬-માસ પહેલા મરણજનાર દિપીકાબેન રમેશભાઈ સોલંકી (ઉ.વ.૨૯) સાથે લગ્ન કરેલા હતા. પરંતુ તેઓ બંનેએ છુટાછેડા લેતા મરણજનાર દિપીકાબેન પોતાના માતા-પિતા સાથે રહી કેટરર્સમાં કામગીરી કરી ગુજરાન ચલાવતા હતા. આરોપી અશ્વિનભાઈ પરમારે છુટાછેડા થયેલ હોવા છતા પોતાની પત્ની દિપીકાની સાથે રહેવા માટે વારંવાર ફોન કરતા અને તેણીને વારંવાર હેરાન પરેશાન કરતા હતા. બનાવના દિવસે મરણજનાર દિપીકાબેન કેટરર્સના કામે જે. એસ. પાર્ટી પ્લોટ ખાતે વ્યસ્ત હતા ત્યારે આરોપીએ તેણીને ફોન કરીને પાર્ટી પ્લોટની બહાર આવવા માટે જણાવેલ. આ સમયે દિપીકાબેન પોતાની નાની બહેન સાથે પાર્ટી પ્લોટની બહાર આવેલ ત્યારે આરોપી અશ્વિનભાઈએ દિપીકાબેન સાથે



સરકારી વકીલ એસ. કે. વોરા, વિવેક સાતા

ઝઘડો કરીને છરીના ૪-ઘા મારેલ અને ત્યાંથી ભાગી ગયેલ. આ બનાવ મરણજનારની નાની બહેને નજરે જોયેલો હતો અને બનાવ બનતા પાર્ટી પ્લોટની બહાર દેકારો થયેલ જેથી બધા દોડીને ત્યાં આવી ગયેલ અને દિપીકાબેનને એક રીક્ષામાં હોસ્પિટલે ખસેડવાની કાર્યવાહી કરેલ. રીક્ષામાં દિપીકાબેન ઈજાગ્રસ્ત અવસ્થામાં હતા અને રકતસ્ત્રાવ થતો હોય ત્યારે રીક્ષા ડ્રાઈવરે બનાવ અંગે પુછતા તેણીએ રીક્ષાના ડ્રાઈવરને બનાવ અંગેની વાત કરેલ. મરણજનારની માતાએ બનાવ અંગેની ફરીયાદ આપતા પોલીસ તપાસ બાદ આરોપી અશ્વિન ડાયાભાઈ પરમાર વિરૂધ્ધ ચાર્જશીટ રજુ થયેલ હતું.

આ કેસ ચાલવા ઉપર આવતા બચાવપક્ષે બચાવ લેવામાં આવેલ હતો કે, આરોપી અશ્વિને બનાવ સમયે ફોન કરીને દિપીકાને પાર્ટી પ્લોટની બહાર

### ૯-વર્ષના કાર્યકાળમાં ૧૨૫ માં કેસમાં અને છેલ્લા સવા વર્ષમાં ૨૫ સજાની ઉપલબ્ધી મેળવતા જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરા

બોલાવેલ તે ફોન-કોલ્સ સાબિત થતા નથી તથા નજરે જોનાર નાની બહેન હિત ધરાવતા સાક્ષી હોવાથી તેણીની જુબાની માની શકાય નહી.

સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે, આ કેસમાં પ્રોસીક્યુશન કઈ વસ્તુ રેકર્ડ પર લાવેલ નથી તે ઉપર ધ્યાન દેવાના બદલે આરોપી પક્ષે ઉલટ તપાસમાં કેટલી કેટલી મહત્વની બાબતો અંગે કબુલાત આપેલ છે તે વધારે મહત્વનું છે. હાલના કેસમાં રીક્ષા ડ્રાઈવર સમક્ષ મરણજનાર દિપીકાબેન એ જે વિગતો દર્શાવેલ છે તે ડાઈંગ ડેકલેરેશન એટલે કે મરણોન્મુખ નિવેદન બને છે. આ સાક્ષીની ઉલટ તપાસ દરમ્યાન સાક્ષી ખોટુ બોલતા હોય તેવુ કોઈપણ પ્રકારે સાબિત થતુ નથી. આ ઉપરાંત મરણજનારની નાની બહેન નજરે જોનાર સાક્ષી છે જેમની પણ ઉલટ તપાસ દરમ્યાન કોઈ હકિકત શંકાસ્પદ જણાતી નથી. કોઈ એક પ્રસંગે કોઈ એક જ કુટુંબના બે વ્યકિતઓ હાજર હોય ત્યારે તેને હિત ધરાવનાર સાક્ષી માની શકાય નહી. આવા સાક્ષીને હિત ધરાવનાર સાક્ષી ત્યારે જ કહી શકાય જયારે તેમની જુબાનીમાં વિરોધાભાષ અથવા વિસંગતતા જણાઈ. હાલના કેસમાં આ આરોપી સામે ૩- નકકર પુરાવા છે જેમાં નજરે જોનાર સાક્ષી, ડાઈંગ ડેકલેરેશન અને ઉલટ તપાસ દરમ્યાનની કબુલાતોનો સમાવેશ થાય છે. આ ત્રણમાંથી એક પણ પુરાવાનુ બચાવપક્ષ ઉલટ તપાસ દરમ્યાન ખંડન કરી શકેલ નથી. આ ઉપરાંત આરોપી સામે તેમના જ સાસુએ કરેલ ફરીયાદ કયાં કારણસર ખોટી છે તે અંગે પણ કોઈ રજુઆતો કરેલ નથીત્યારે આરોપીને તકસીરવાન ઠરાવવા જોઈએ. સરકાર તરફેની આ તમામ રજુઆતોના અંતે અધિક સેશન્સ જજ એમ. એચ. પઠાણએ આરોપી અશ્વિન ડાયાભાઈ પરમારને હત્યાના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા અને રૂા. ૧૦,૦૦૦ નો દંડ ફરમાવેલ છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલા હતા અને પ્રોસીક્યુશનની મદદગારીમાં એડવોકેટ વિવેક એન. સાતા રોકાયેલા હતા.

## અવસાન નોંધ

**રાજકોટ:** હિનેષભાઈ રમેશભાઈ આડેસરા (ઉ.૩૭) તે સ્વ. રમેશભાઈ અમૃતલાલ આડેસરા તથા પારૂલબેન રમેશભાઈ આડેસરાના પુત્ર તથા મયુરીબેન આડેસરાના પતિ, હેતાંશી અને આરવના પિતાશ્રી, અલ્પેશભાઈ, મિતેશભાઈ (શ્રી કૃષ્ણ સિલ્વર આર્ટ વાળા), જીજ્ઞાબેન પ્રશાંતકુમાર ફીચડીયા, જલ્પાબેન મયુરકુમાર ફીચડીયાના નાના ભાઈ તથા રાજેન્દ્રભા, શશીકાંતભાઈ માંડલીયા (ખીલોસ વાળા)ના જમાઈ તા.૧૧ના રોજ શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષનું બેસણું તા.૧૨ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ નૂતનનગર કોમ્યુનિટી હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. મો.૯૮૨૪૨ ૪૩૪૪૨.

**મોરબી:** વીરપરડા નિવાસી સંજયભાઈ જયંતીલાલ ઓરિયા (ઉ.૪૫) તે વિજયભાઈ અને ગૌતમભાઈના નાના ભાઈનું તા.૧૦ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૨ને સોમવારના સાંજે ૪થી ૬ તેમના નિવાસસ્થાને મુ. વીરપરડા તા.મોરબી રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ.વ્રજલાલ માધવજી રાઠોડના પુત્ર સ્વ. કિશોરભાઈ રાઠોડ (પેન વાળા) (ઉ.૭૩) તે બટુકભાઈ નાનુભાઈ સ્વ. પ્રદીપભાઈ ગુલાબબેનના ભાઈ, શીતલબેન, ડીમ્પલબેન નિશાબેનના પિતાશ્રી તથા ધર્મેન્દ્રભાઈ, મેહુલભાઈ, વિજયભાઈના સસરા તા.૧૧ના રોજ અક્ષરવાસ થયેલ છે તેમનું બેસણું તા.૧૨ના સાંજે ૪થી ૬ કલાકે શ્રી સોમનાથ મહાદેવ મંદિર, ન્યુ રામેશ્વર શેરી નં.૬, વિરાટનગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. સદગતનું ચક્ષુદાન કરેલ છે.

**વેરાવળ:** હરજીવનદાસ મોહનલાલ તન્ના (ઉ.૮૭) તે સ્વ. હરીદાસ મોહનલાલ તન્નાના નાના ભાઈ, સ્વ. ઉમેદલાલ મોહનલાલ તન્નાના મોટાભાઈ તથા લલીતભાઈ, ભરતભાઈ, હર્ષાબેન દેવાણી તાલાળાના પિતાશ્રી, તેમજ પિયુષ, રાહુલ, આકાશ, રિયા તથા જીગરના દાદા તથા જાદવજી પરસોતમદાસ ઠકરાર ગોરખમઢી વાળાના જમાઈનું તા.૧૧ના અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૧૨ને સોમવારે સાંજે ૪-૩૦થી ૫-૩૦ કલાકે શાંતિનાથ જૈન દેરાસર બિલેશ્વર મંદિરની સામે વેરાવળ ખાતે રાખેલ છે.

**જામનગર:** હસમુખભાઈ જાદવજીભાઈ તન્નાના નાનાભાઈ સ્વ. પરસોતમભાઈના પત્ની ઉષાબેન (ઉ.૭૨) તે મીનાબેન, હર્ષાબેન, જયોતિબેનના માતુશ્રી, ભરતભાઈ, જગદીશભાઈ, રસીકભાઈ (શ્રીનાથજી પ્રોવીઝન) ચંદ્રકિશોરભાઈ (રૂપરાજ ગારમેન્ટ) રજનીભાઈના ભાભી તથા સ્વ. અમૃતલાલ લખમશીભાઈ રાયચુરાના પુત્રીનું તા.૧૦ના અવસાન થયેલ છે. ટેલીફોનીક ઉઠમણું-સાદડી (બન્ને પક્ષ)નું તા.૧૨ને સોમવાર સાંજે ૪થી ૫ કલાકે રાખેલ છે. મીનાબેન મો.૯૧૦૬૪ ૮૪૮૫૩, હર્ષાબેન ૭૫૭૨૯ મો.૭૫૭૨૯ ૧૧૧૯૯.

**સાવરકુંડલા:** ઈન્દુબેન જેઠાભાઈ નાગ્રેચા (ઉ.૮૨)નું તા.૧૧ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૨ને સોમવારના રોજ સાંજે ૪-૩૦ કલાકે લોહાણા વિદ્યાર્થી ભવન મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે સાથે પીયર પક્ષની સાદડી રાખેલ છે.

**સાવરકુંડલા:** બાધાભાઈ કાનજીભાઈ પીપળીયા (ઉ.૭૧) તે બાલાભાઈ બાધાભાઈ પીપળીયાના પિતાશ્રીનું તા.૯ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૨ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને દેવળાગેઈટ બાર શેરી ખાંટનું નાકુ શેરી નં.૬ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. નાનાલાલ ત્રિભુવનદાસ પારેખના પુત્ર સંજયભાઈ તે સ્વ. રાજેશભાઈ, હરેશભાઈ તથા અલ્કાબેન વિપુલભાઈ ચીતલીયાના ભાઈ, મોના તથા ઋષભભાઈના કાકા અને સાગરભાઈ તથા કિંજલબેનના મામા તા.૧૧ને રવિવારના રોજ અરીહંત શરણ પામેલ છે લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઉના:** વાજા નિર્મલાબેન રૂખડભાઈ (ઉ.૭૨) તે સ્વ. રૂખડભાઈના પત્ની તેમજ કૌશિકભાઈ, કિરીટભાઈ (મહામંત્રી ઉના શહેર ભાજપ) તથા કાર્તીકભાઈ (પત્રકાર)ના માતુશ્રી તા.૯ના અવસાન પામેલ છે. તેમનું બેસણું તા.૧૨ને સોમવારે સાંજે ૪થી ૬ રૂદ્રાક્ષ પાર્ટી પ્લોટ ઉના મુકામે રાખેલ છે.

**ટંકારા:** સ્વ. લલીતાબેન વસંતભાઈ કુંડાલીયા (ઉ.૭૪) તે વસંતભાઈ ટપુભાઈ કુંડાલીયાના ધર્મપત્ની તથા નિલેશભાઈ તથા જયેશભાઈના માતુશ્રી તા.૯ને શુક્રવારના રામચરણ પામેલ છે. તેમનું બેસણું તા.૧૨ને સોમવારના સાંજે ૪થી ૬ તેમના નિવાસસ્થાને પટેલનગર સોસાયટી રાખેલ છે. પીયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટ:** ગુર્જર ક્ષત્રીય કડીયા સ્વ.ચંચળબેન હસમુખભાઈ અજાગીયા (ઉ.વ.૯૫) તે સ્વ.જનકભાઈ/કપીલભાઈનાં માતૃશ્રી તથા કુનાલ/ચીરાગ તેમજ રવી અજાગીયાના દાદીનું તા.૧૦ના રોજ અવસાન થયેલ છે. બેસણું કુવાવાળી ખોડીયાર મંદિર લક્ષ્મીવાડી ખાતે તા.૧૨ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.

# જૂનાગઢમાં જનસંઘના કાર્યકર, માજીમંત્રી હેમાબેન આચાર્યનું ૯૩ વર્ષની વયે નિધન

## લગ્નના ફેરામાં ખાદી પહેરી અને અંતિમ વિદાયમાં પણ ખાદીની સાડી અપાઈ : વડાપ્રધાન મોદીએ સદ્ગતના પુત્ર સાથે ટેલીફોનિક વાત કરી શ્રદ્ધાંજલી પાઠવી



જુનાગઢ, તા.૧૨

જુના જનસંઘી પાયાના પથ્થર હેમાબેન આચાર્યનું ૯૩ વર્ષની ઉંમરે ગઇકાલે મધર્સ ડેના ટુંકી બીમારી બાદ નિધન થયું હતું.

તેમના નિવાસસ્થાન આસ્થા એપાર્ટમેન્ટ, જલારામ સોસાયટી ખાતેથી ગઇકાલે તેમની અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં તમામ સમાજના આગેવાનો જોડાયા હતા. હેમાબેનનો જન્મ તા.૧૯-૮-૧૯૩૩માં સુરેન્દ્રનગરના હળવદ ગામે થયો હતો તેમના પિતા જયદેવભાઇ દવે શાળાના અધિકારી હોય ૧૯૫૧-૫૨માં વિરમગામથી બદલી

### આજે ભુતનાથ સત્સંગ હોલમાં પ્રાર્થનાસભા

થઇ જુનાગઢ થયેલ હેમાબેનના લગ્ન ૧૯૫૭માં જુનાગઢના એડવોકેટ સુર્યકાન્ત આચાર્ય સાથે થયા હતા. ૧૯૫૮માં જુનાગઢ નગરપાલિકાની ચૂંટણી જનસંઘના પ્રતિક ઉપર ૬ સભ્યો ચૂંટાઇ આવ્યા હતા.

તેઓ ૧૯૫૮થી ૧૯૭૨ સુધી ગુજરાત જનસંઘની વર્કિંગ કમીટીના સભ્ય રહ્યા હતા. ફરીથી ૧૯૬૭માં ૧૭ સભ્યો સાથે ચૂંટાઇ આવ્યા હતા. ૧૯૬૯ સુધી પ્રમુખ તરીકે રહ્યા હતા. સૌરાષ્ટ્રમાં જુનાગઢ સિવાય માણાવદર, બોટાદમાં પણ જનસંઘની સ્વતંત્ર નગરપાલિકા બની હતી.

હેમાબેનના નિધનના સમાચાર સાંભળી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ હેમાબેન આચાર્યને શ્રધ્ધાસુમન અર્પીત કર્યા હતા. સદગતના પુત્ર ધ્રુવભાઇ સાથે ગઇકાલે બપોરના ૧.૩૬ મીનીટે ટેલીફોનિક વાત કરી દુ:ખની લાગણી વ્યકત કરી હતી.

આજે સ્વ. હેમાબેન આચાર્ય તે સ્વ. સુર્યકાન્ત આચાર્ય (પૂર્વ સાંસદ-રાજયપાલ)ના પત્ની ધ્રુવકુમારના માતુશ્રી, ભાવનાબેનના સાસુ, મેહુલકુમાર, નાલંદાબેન, શીવરાજભાઇના દાદીનું બેસણું સાંજે ૪ થી ૬ ભુતનાથ મહાદેવ મંદિર સત્સંગ હોલ ખાતે રાખવામાં આવેલ છે.

હેમાબેન આરોગ્ય મંત્રી ૧૯૭૫માં મંત્રી બન્યા હતા. તેમણે વિક્રમ કિશોર બુચને હરાવ્યા હતા તેઓએ જામનગરમાં રાત્રીના વેશપલ્ટો કરી સરપ્રાઇઝ ચેકીંગ હાથ ધરી જાત માહિતી મેળવી હતી. મોરબી હોનારતમાં એક સમય ત્યાં રહીને સેવા આપી હતી.

### મહંત શ્રી જનકગિરિબાપુની પુણ્યતિથિ નિમિતે

# નાસિકમાં સાધ્વીજી ભગવંત શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ. કાળધર્મ પામ્યા

રાજકોટ, તા.૧૨



પરમ પૂજ્ય બાપજી મહારાજના સમુદાયના સંવાહક પરમ પૂજ્ય આચાર્ય શ્રી નરરત્નસુરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુવર્તિ પ્રવર્તિની પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મહારાજ સાહેબ (ઉંમર વર્ષ ૮૬, દીક્ષા પર્યાય ૬૮ વર્ષ)નો અત્રે કાળધર્મ થયેલ છે. તેમની પાલખી અંગેના ચઢાવા સોમવાર તારીખ ૧૨ મેના રોજ સવારે ૮ કલાકે શરૂ થયા હતા. ત્યારબાદ કલાપૂર્ણામ તીર્થ દેવલાલી, નાસિક (મહારાષ્ટ્ર)થી પાલખીયાત્રાન નીકળી હતી અને અંતિમવિધિ કરાઇ હતી.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાન: સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોન: ન્યુઝ રૂમ: ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબર: ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશન: ૨૪૭૩૯૧૮, ફેક્સ: ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com




પ્રવેશ આમંત્રણ **GEETANJALI GROUP OF COLLEGES** પ્રવેશ આમંત્રણ

BCA | BBA | B.Com. (GUJ. / ENG. MEDIUM) | B.Sc.IT | B.A. | B.Ed.
PGDCA | MBA | M.Com. | M.Sc.IT | M.A. | LL.B.

ઈન્ડીયન રેડક્રોસ બિલ્ડીંગ, સુચક રોડ, શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૪૬૪૪૩૫ મો. ૭૨૨૮૮ ૦૦૧૧૯
ગીતાંજલી ભવન, અજંતા પાર્ક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૫૮૭૫૫૦
માહિતી માટે રૂબરૂ સંપર્ક કરો સવારે ૮ થી સાંજે ૬
SUNDAY OPEN


# સરહદો પર શાંતિની સવાર; જનજીવન ધબકવા લાગ્યું

## જમ્મુ-કાશ્મીરથી કચ્છ સુધી મોટાભાગના ક્ષેત્રોમાં બ્લેક આઉટ- રાત્રી કર્ફ્યુનો અંતઃ બજારો ખુલ્લીઃ છતા હવે દરેક હુમલાનો વળતો આકરો જવાબ આપવા સ્પષ્ટ આદેશ, સરહદ સહિતના ક્ષેત્રોમાં ભારતીય દળો એલર્ટઃ પાક સાથે વાટાઘાટ ફકત પી.ઓ.કે. પાછુ લેવા પર જ થશેઃ સરકાર



નવી દિલ્હીઃ ભારત-પાકિસ્તાન વચ્ચે શનિવારથી મોડીરાત્રી સુધીની લશ્કરી ટકકર બાદ આખરે વાસ્તવિક રીતે અમલી બનેલા યુદ્ધ વિરામમાં પ્રથમ વખત જમ્મુ-કાશ્મીરથી કચ્છ સુધી પ્રથમ વખત રાત્રીના કોઈ પ્રકારે લશ્કરી હુમલા થયા ન હતા અને ગઈકાલ સવારથી જ સરહદી ક્ષેત્રમાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. લગભગ ૮૬ કલાક સુધી બન્ને દેશો વચ્ચે થયેલી લશ્કરી અથડામણમાં ગઈકાલે ભારતીય સૈન્યની ત્રણેય પાંખના ડીજીએમઓએ સંયુક્ત પત્રકાર પરિષદમાં પાક પર જે કહેર વર્તાવ્યામાં તેનું ચિત્ર રજુ કરીને દેશને એ પણ ખાતરી મળી કે યુદ્ધ વિરામ છતાં સરહદ સહિતના ક્ષેત્રે ભારતીય દળો પુરી રીતે એલર્ટ છે અને કોઈપણ પરીસ્થિતિનો જવાબ મીનીટોમાં આપી દેવાશે. ભારતે આ સાથે ડિપ્લોમેટીક મોરચે પણ એ સંદેશો આપી દીધો કે હવે ત્રાસવાદનો એક પણ હુમલો સ્વીકાર્ય બનશે નહી અને જો આ પ્રકારે હુમલો થશે તો તેને 'મેકર ઓફ વોર' એટલે કે યુદ્ધ જ ગણી લેવાશે.

હાલ યુદ્ધ વિરામની રાહતનો શ્વાસ લઈ રહેલા પાક માટે જો કે આગળનો માર્ગ આસાન નહી હોય. આજથીજ બન્ને દેશોના ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી વચ્ચે બેઠકો શરૂ થશે. બીજી તરફ યુદ્ધ વિરામ માટે અમેરિકાની ભૂમિકા અને કાશ્મીર પ્રશ્ન ઉકેલવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરેલ મદદની ખોફ ભારતે ફગાવી દીધી છે અને સ્પષ્ટ જાહેર કયુ છે કે પાકિસ્તાન સાથે ચર્ચા ફકત 'પી.ઓ.કે.' પાક કબ્જાના કાશ્મીર ખાલી કરવા માટે જ થશે અને તેમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા સ્વીકાર્ય બનશે નહી. અમેરિકાએ કોઈ તટસ્થ સ્થળે ભારત-પાક વચ્ચે વાટાઘાટ માટે પણ ઓફર કરી હતી પણ ભારતે તે પણ નકારી છે. પાકિસ્તાનમાં જે ત્રાસવાદીઓ શરણ લઈ રહ્યા છે તેઓને ભારતને સુપ્રત કરવામાં આવે. પાક સાથે અન્ય કોઈ મુદા પર વાતચીતનો પ્રશ્ન જ નથી. ભારતે સ્પષ્ટ કર્યુ છે કે તેના વલણમાં કોઈ ફેરફાર થયો નથી અને કોઈ દેશની મધ્યસ્થી સ્વીકારી નથી. આ ઉપરાંત પાકિસ્તાન સાથે કોઈ 'શટલ ડિપ્લોમસી' થશે નહી. ભારતે સ્પષ્ટ કર્યુ છે કે જો હવે ત્રાસવાદી હુમલો થશે તો ભારત હીટ કરશે અને ઓપરેશન સિંદુરે સ્પષ્ટ કર્યુ છે કે પાકમાં ત્રાસવાદ કે ત્રાસવાદી કોઈ સલામત નથી કે ભારતની પહોંચની બહાર પણ નથી. આજે ડીજીએઓ વચ્ચેની વાતચીત ફકત યુદ્ધ વિરામ લંબાવવા અને તેના અમલના નિયમો નિશ્ચિત થશે. તેનાથી એક પણ વધુ વાત થશે નહી તથા સરકારી દળો હાલ યથાવત રહેશે.

# પીએમ મોદીનો બદલો 'દુશ્મનોની કલ્પનાથી પર હતો', આ નવું ભારત છેઃ સાંસદ પાત્રા

ન્યુ દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટીના સાંસદ સંબિત પાત્રાએ સોમવારે ઓપરેશન સિંદૂર માટે ભારતીય સશસ્ત્ર દળો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી અને જણાવ્યું કે વડા પ્રધાને પહેલગામ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોતનો ''બદલો'' લેવાનું વચન આપ્યું હતું, અને આ ઓપરેશન ''દુશ્મનની કલ્પના બહાર'' રીતે હાથ ધરવામાં આવ્યું હતું.



સંબિત પાત્રાએ નવી દિલ્હીમાં ભાજપ મુખ્યાલયમાં મીડિયાને માહિતી આપી હતી. ''પહલગામ આતંકવાદી હુમલા પછી, પીએમએ વચન આપ્યું છે કે અમે ૨૬ લોકોના મોતનો બદલો લઈશું. પીએમએ કહ્યું હતું કે બદલો દુશ્મનની કલ્પના બહારનો હશે, અને એવું જ થયું. તેમણે ''મિટ્ટી મેં મિલાયેંગે'' અને ''ઘૂસ કે મારેંગે'' પણ કહ્યું હતું; તે જ કર્યું. પીએમ મોદીના નિર્ણય અને આપણા સશસ્ત્ર દળોની બહાદુરીએ ખાતરી આપી કે આતંકવાદી સ્થળોને કાટમાળમાં ફેરવી દેવામાં આવ્યા... ૨૨ એપ્રિલથી ૭ મે સુધી, દેશમાં તણાવનું વાતાવરણ હતું; તાત્કાલિક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. ભૂતકાળમાં સર્જિકલ સ્ટ્રાઈક છતાં, પાકિસ્તાન ક્યારે હુમલો કરશે તેનો અંદાજ લગાવી શક્યું નહીં'', સંબિત પાત્રાએ જણાવ્યું. પાત્રાએ ''અદમ્ય હિંમત'' દર્શાવવા અને ઓપરેશન સિંદૂરને સફળ બનાવવા બદલ ભારતીય દળોની પ્રશંસા કરી.

### વિપક્ષના નેતાઓની મોદી સરકારની પ્રશંસા-આલોચના

# પીએમ મોદીની યુદ્ધનીતિ સરાહનીયઃ ચિદમ્બરમ

# શું ત્રીજા પક્ષના હસ્તક્ષેપના દ્વાર ખોલ્યા છેઃજયરામ

## જયાં સુધી સરકાર આશ્વસ્ત ન કરે કે વડાપ્રધાન સર્વપક્ષીય બેઠકમાં હાજર રહેશે ત્યાં સુધી વિપક્ષો મિટીંગમાં સામેલ ન થાયઃ સિબ્બલ

નવી દિલ્હી તા.૧૨

વિપક્ષી નેતાઓ તરફથી પાકિસ્તાન સામે ઓપરેશન સિંદુર બાદ યુદ્ધ વિરામ મુદ્દે સરાહના-આલોચના વિપક્ષ નેતાઓ દ્વારા થઈ છે.

યુદ્ધ નીતિ સરાહનીયઃ કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમે મોદી સરકારની આતંક વિરોધી નીતિની સરાહના કરી છે. તેમણે લખ્યુ છે છેલ્લા ૧૧ વર્ષમાં તેમના કાર્યકાળમાં ત્રણ મોટા આતંકી હુમલા થયા છે.પઠાનકોટ, પુલવામાં અને પહેલગામ અને દરેક વખતે સરકારે તેને ગંભીરતાથી ડીલ કર્યા છે. શું ત્રીજા પક્ષનો હસ્તક્ષેપનો દરવાજો ખોલ્યો છે?

શું દિલ્હીએ ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રીજા પક્ષનો દરવાજો નવી દિલ્હીએ ખોલાવ્યો છે? કોંગ્રેસનું માનવુ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંવાદ માટે 'તટસ્થ મંચ'નો ઉલ્લેખ અમેરિકાનાં વિદેશ મંચનો



ઉલ્લેખ અમેરિકાનાં વિદેશમંત્રી માર્કો રૂબિયો દ્વારા કરવામાં આવે તે અનેક સવાલો ઉભા કરે છે તેમ કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું છે.

મનમોહનસિંહ આજે હોત તો બેઠક બોલાવતા અમે ઈચ્છીએ છીએ કે સંસદનું વિશેષ સત્ર હોય અને સર્વદલીય બેઠક બોલાવવામાં આવે.

રાજનીતિક દળોને અપીલ છે કે જયાં સુધી સરકાર તેમને ન કર તે વડાપ્રધાન પણ બેઠકમાં હાજર રહેશે. ત્યાં સુધી તેઓ બેઠકમાં સામેલ ન થાય.જો આજે વડાપ્રધાન મનમોહનસિંહ હોત તો તેઓ સર્વદળીય બેઠકમાં હાજર રહ્યા હોત તેમ કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલે જણાવ્યું હતું.

### નકલમાં અકલ નહિં!

# પાક.નો વધુ એક ફજેતોઃ સેનાના ગુણગાન ગાવા ગેમનો વિડીયો શેર કરી નાખ્યો

## સોશ્યલ મિડિયામાં પાકિસ્તાનની ઉડી મજાક

ઈસ્લામાબાદ (પાકિસ્તાન) તા.૧૨

અણુ બોમ્બની ધમકી આપનાર પાકિસ્તાન ભારતની એર સ્ટ્રાઈકમાં જ ધૂળ ચાટતુ થઈ ગયુ હતું. તેમ છતાં પાકિસ્તાને પોતાની ટંગડી ઊંચી રાખી છે. વાત એમ છે કે પાકિસ્તાને પોતાની સેનાના ગુણગાન ગાવામાં એક વિડીયો પોસ્ટ કર્યો હતો પણ આ પોસ્ટની પોલ ખુલી જતા પાકિસ્તાનનો દુનિયામાં ફજેતો થઈ રહ્યો છે.



આ વિડીયો એક વિડીયો ગેમનો હોવાનું જાહેર થયૂ છે.

ખરેખર તો પાકિસ્તાને ભારત સાથેની લડાઈ દરમ્યાન તેના સૈનિકોની બહાદુરીનો એક વિડીયો પોસ્ટ કર્યો હતો.જેમાં સેનાની બહાદુરીની વાહવાહી કરાઈ હતી. પરંતુ કહેવામાં આવે છે કે નકલમાં અકલ નથી હોતી. પાકિસ્તાને વીડીયો ગેમ્સના ફૂટેજનો ઉપયોગ કર્યો હતો. આ વાતનો પર્દાફાશ થયો ત્યારે લોકોએ પાકિસ્તાનની મજાક કરવી શરૂ કરી દીધી છે. પાકિસ્તાને જે વિડીયો પોસ્ટ કરેલો તે વીડીયો ગેમ આમાં-૩ ના ફૂટેજનો ઉપયોગ કરાયેલા આ વિડીયો પાકિસ્તાનનાં આંતરિક બાબતોનાં મંત્રી અતાઉલ્લા તરારે શેર કર્યો હતો અને પાક.સૈનિકોનાં ગુણગાન ગાયા હતા.

### અમે જ કાશ્મીરમાં મોકલ્યા હતા મુજાહિદ.....

# આતંકીઓના જનાજામાં નમાઝ પઢાવનાર રઉફે ખોલી પાકિસ્તાની સેનાની પોલ

## પાક. સતત એ વાતનું ઈન્કાર કરી રહ્યું છે કે તેની જમીન પરથી આતંકી ગતિવિધી થઈ રહી છે



ઈસ્લામાબાદ (પાકિસ્તાન) તા.૧૨

અમે જ કાશ્મીરમાં મુજાહીદ મોકલ્યા હતા....આતંકીઓનાં જનાજાની નમાજ પઢવતા આતંકી રઉફના વિડીયોએ પાકિસ્તાની સેનાની પોલ ખોલી નાખી છે. ભારતના હુમલામાં મુરીદકમાં માર્યા ગયેલા આતંકીઓની નમાઝ આતંકી હાફીઝ રઉફે પઢાવી હતી તેની તસ્વીરો જાહેર થયા બાદ પાકિસ્તાની ફોજના ઓફિસરોએ એમ કહીને હાથ ખંખેરી નાખ્યા હતા કે તે સ્થાનિક મૌલવી છે. પણ વિડીયોમાં તે પાક.સેનાના જુઠની પોલ ખોલે છે.

આ વિડીયો પત્રકાર તલ્હા સિદ્દિકીએ શેર કર્યો છે. જેમાં તેણે લખ્યું છે-હાફીઝ અબ્દુલ કાશ્મીરમાં આતંકનું મહિલા મંડન કરી રહયો છે.

અબ્દુલ રઉફ વિડીયોમાં મુસલમાનોને એક થવાની વાત કરી રહ્યો છે તે કહે છે અમે અમારા બે મુજાહિદોને કાશ્મીરમાં ૨૦૦૦ થી લડતા જોયા છે. અમારા લડાયકોએ શ્રીનગરનાં સેનાના હેડ કવાટર્સમાં હુમલો કર્યો છે. બીજી બાજુ એ હકીકત છે કે પાકિસ્તાન સતત એ વાત નકારે છે કે તેની જમીન પરથી કોઈ આતંકી ગતિવિધી થઈ રહી છે.

# પાકિસ્તાને કબૂલ્યુ, કોઈ ભારતીય પાયલોટ કબ્જામાં નથીઃ અમારૂ એક વિમાન તૂટી ગયુ

ઈસ્લામાબાદ તા.૧૨

ભારત-પાકિસ્તાન વચ્ચે સિઝફાયરના પગલે એકાદ પખવાડીયા બાદ સરહદે શાંતિ થઈ છે.ભારતીય સૈન્યનો મોટો પ્રહાર સહન કરનાર પાકિસ્તાનના અત્યાર સુધીનાં વિવિધ દાવાની પોલ પણ ખુલવા લાગી છે. હવે પાકિસ્તાને કબુલ્યુ છે કે કોઈ ભારતીય પાયલોટ તેમના કબ્જામાં નથી.



ભારતના એરમાર્શલ એ.કે.ભારતીએ સતાવાર રીતે સ્પષ્ટ કર્યું જ હતું કે તમામ ભારતીય પાયલોટ સુરક્ષિત છે. ત્યારે હવે પાકિસ્તાને પણ કબુલ્યુ છે કે ભારતના કોઈ પાયલોટ તેમનાં કબ્જામાં નથી. અત્યાર સુધી એક પાયલોટને પકડી લેવાયાનો દાવો થતો હતો પરંતુ હવે પાક સેનાએ તેનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે.

પાક સેના દ્વારા પણ ગઈકાલે પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી હતી. તેમાં ડાયરેકટર જનરલ અહમદ શરીફ ચૌધરીએ કહ્યું હતું કે ભારતના કોઈ પાયલોટ પાકિસ્તાનનાં કબ્જામાં નથી. માત્ર સોશ્યલ મિડીયામાં અફવા ફેલાઈ હતી તે મોટી વાત હતી અને બોગસ પ્રોપેગેન્ડા જ હતો.વાસ્તવમાં ભારતનો કોઈ પાયલોટ પાકની કસ્ટડીમાં નથી પાકના એક વિમાનને નુકશાન થયાનું પણ કબુલ્યુ હતું. ભારત તરફથી અગાઉ જ સ્પષ્ટ કરી દેવાયુ હતું કે ભારતના તમામ પાયલોટ સુરક્ષિત છે ભારતે જે ટારગેટ નકકી કર્યો હતો તે હાંસલ કરી લીધો છે. અને તમામ પાયલોટ સુરક્ષિત પાછા આવી ગયા છે.

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે જ્યાં અધિક સીવીલ જજ સાહેબ શ્રી એ. એસ. ખંડેલવાલ સાહેબની કોર્ટમાં દિ.પ. અ. નં.૧૧૧૮/૨૦૨૫ થી શ્રી કુમુદબેન અશોકભાઈ નકુમએ ગુજ. અશોકસીંહ નટવરસીંહ નકુમની મિલકત જે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના શહેર રાજકોટમાં વિરાણી હાઈસ્કુલ પાછળ આવેલ રાજકોટ મહાનગરપાલીકાવાળી જમીનના પ્લોટ નંબર-૩ ની જમીન ચો.મી.આ.૧૫૮-૪૨ ઉપર બાંધવામાં આવેલ "લક્ષ્મી" ના નામથી ઓળખાતી ઈમારત માંહેથી ચોથા માળે આવેલ ફલેટ નંબર-૧૧ જેનો સુપર બિલ્ટઅપ એરીયા ચો.મી. આ.૨૨-૦૦ છે. સદર મિલ્કતનો રાજકોટના સીટી સર્વે વોડ નંબર-૧૫ માં સમાવેશ કરવામાં આવેલ છે આ મિલકતનું વારસા સર્ટીફીકેટ મેળવવા માટેની આ કોર્ટમાં અરજી તેમના **એડવોકેટ શ્રી રાહુલ કે. શાહ તથા રૂષીત ડી. પટેલ, હાર્દિક જી. ડોડીયા તથા જયદેવ જે. શીશાંગીયા** મારફતે કરેલ છે તે બાબતે જે કોઈને હકક, હીત, હિસ્સો હોઈ, વાંધો તકરાર હોય તેમને **મુદત તા.૨૪/૦૬/૨૦૨૫** ના રોજ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઈ વાંધા આવશે નહી તો આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૯મી માહે મે સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (એચ.એમ.રામાણી) આસીસ્ટન્ટ — કોર્ટનો સિકકો — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, રાજકોટ.

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.તેરમાં સીનીયર સીવીલ જજશ્રી એમ.ડી.જાદવ સાહેબની કોર્ટમાં, દિવાની પરચુરણ અરજી નં.૧૦૭૩/૨૦૨૫થી અરજદારશ્રી વિરેન્દ્ર મંગળદાસ પટવારીએ ગુજરનાર ઉર્મીલા મંગલદાસ પટવારીએ કરેલ વીલ અનુસાર સ્થાવર મીલ્કત કે જે રાજકોટ શહેરમાં કાલાવડ રોડ ઉપર રામધામ સોસાયટી પાછળ કે જે નાનામવાના રેવન્યુ સરવે નં.૬૫માં આવેલ શ્રી અનંતા કો-ઓપ હાઉસીંગ સોસાયટી લી.માં આવેલ પ્લોટ નં.૧૮ની જમીન ચો.વા.આ.૩૧૨-૪ (ચો.મી.આ.૨૬૧.૧૯)ના ઉભા ઈમલાવાળું મકાન પરત્વે પ્રોબેટ (વીથ ધ કોપી ઓફ વીલ એનેક્ષ્ડ) સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલશ્રી કે.સી.ભોજાણી** મારફતે ઉપરોક્ત અરજી કરેલ છે. જે અનુસંધાને જે કોઈ વાંધા-જવાબ રજુ કરવા માંગતા હોય, તેઓએ મુદત તારીખ ૧૬/૦૬/૨૦૨૫ના રોજ લેખીત અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહે યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ, ૦૯/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (એચ.કે.ચાવડા) સીની.કલાર્ક/આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ, રાજકોટ

## નામ બદલાવેલ છે

હું નીચે સહી કરનાર હીનાબેન અતુલકુમાર વેડીયા, મારૂ નામ દિના અતુલ વેડીયામાંથી હીનાબેન અતુલકુમાર વેડીયા કરેલ છે હવે હું હીનાબેન અતુલકુમાર વેડીયા તરીકે ઓળખાઈશ

**હીનાબેન અતુલકુમાર વેડીયા**

### ઉત્તરોતર અસલ વેચાણ દસ્તાવેજ મળી આવતા ન હોવા અંગેની

## જાહેર નોટીસ

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ જામકંડોરણા, જામકંડોરણા તાલુકાના ગામ દુધીવદરના રેવન્યુ સર્વે નં.૧૪ પૈકીની જમીન એકર ૩-૦૦ ગુંઠા લઘુ ઉધોગના હેતુ માટે બીનખેડવાણ થયેલ જમીનના પ્લોટસ કે જે 'યુનીટ નં.૧'ના પ્લોટસ પૈકીના પ્લોટ નં.૧થી ૫ તથા લોડીંગ-અનલોડીંગ તથા રસ્તાની જગ્યા મળી કુલ જમીન ચો.મી.આ. ૪૦૫૪-૬૩ની ખુલ્લા પ્લોટ વાળી મિલ્કત શ્રી ધર્મેશભાઈ અરજણભાઈ પરસાડીયા જોગ શ્રી સંદિપ છગનભાઈ ઉધરેજા, પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૪૨૨, તા.૧૮/૦૪/૨૦૨૪થી ખરીદ કરેલ છે. જે મિલ્કત સંબંધે ઉતરોતર ટાઈટલમાં નીચે જણાવ્યા મુજબનો વેચાણ દસ્તાવેજ થયેલા છે. જે મિલ્કતના ઉત્તરોતર દસ્તાવેજો પૈકી (૧) શ્રી સંદિપભાઈ છગનભાઈ ઉધરેજા જોગ શ્રી સંજયકુમાર સિન્હા તે બેંક ઓફ બરોડા વતી તેમના અધીકૃત અધીકારીએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ (સેલ સર્ટીફીકેટ) અનું. નં.૭૧૨, તા.૦૫/૦૭/૨૦૨૨ તે અસલ તથા રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ અસલ. તથા (૨) મે. રોમીકા ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લી. ઓથોરાઈઝ ડાયરેકટર શ્રી અજયભાઈ શંભુભાઈ ગજેરા જોગ શ્રી પરસોતમભાઈ અરજણભાઈ રામોલીયાએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૯૨, તા.૦૭/૦૩/૨૦૧૩ તે અસલ. તથા રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ અસલ. સદરહું મિલ્કતની અસલ ફાઈલમાં મળી આવેલ નથી જે ઉત્તરોતર દસ્તાવેજ છે. જેથી સદરહું મિલ્કતની ફાઈલમાં હાલ અસલ ન હોય જે ખોવાય ગયેલ હોય જેથી સદરહું હાલ અમારી પાસે ખરીનકલ હોય જેથી અમો આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ. ત્યારબાદ સદરહું મિલ્કત શ્રી ધર્મેશભાઈ અરજણભાઈ પરસાડીયાની માલીકી, હકક, કબ્જા, ભોગવટાની છે અને સદરહું મિલ્કત અમારા અસીલ કરીદ કરવા માંગતા હોય જેથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે.

ઉપરોકત જણાવેલ અસલ વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન પહોંચ જે અસલ ફાઈલમાં મળી આવતી નથી અથવા ગુમ થઈ ગયેલ છે તેમજ શોધ-ખોળ કરવા છતાં મળી આવતો નથી અથવા કયાંક ખોવાઈ ગયેલ છે. તો સદરહું અસલ વેચાણ દસ્તાવેજ તથા પહોંચ બાબતે તેમજ ઉપરોકત જણાવેલ મિલ્કતની માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ વારસાઈ હકક, દર દાવો, લેણુ, કરજ, બોજો કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૮માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી મુદત વિત્યે કોઈના વાંધા તકરાર નહી આવે તો સદરહું જમીન પરત્વે કોઈ વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતો કરેલ છે તેમ માનવામાં આવશે. ત્યારબાદના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ, તા.૧૨-૦૫-૨૦૨૫

**હર્ષ એચ. પીઠવા, એડવોકેટ**

૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ચોકડી પાસે, વોડાફોન મીની સ્ટ્રોરની બાજુમાં, રાજકોટ મો.નં. ૯૭૨૪૨ ૩૨૩૦૯


**મકાન વેચવાનું છે**

83 વાર ફુલ બાંધકામ

''ગેલમાં''
જુનુ સુભાષનગર મેઈન રોડ, નંદા હોલની પાછળ, સુખનાથ મહાદેવ મંદિરની સામે, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ

M:88661 11000

**પ્લોટ જોઈએ છે**

જીયાણા સર્વે નં-૨૯૫માં રીચ રેસીડેન્સ રાજકોટ.

મો. ૭૮૭૮૫ ૪૯૨૬૧


## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન ૧૫માં એ.ડી.સીનીયર સીવીલ જજ શ્રી એમ.એમ.શેખ સાહેબની કોર્ટમાં દિ.પ.અરજી નં.૧૦૪૦/૨૦૨૫ અરજદારો શ્રી વિમલેશ મનહરલાલ પારેખ તથા શ્રી નિલેશ મનહરલાલ પારેખ એ ગુજ. શ્રી મનહરલાલ હેમચંદ પારેખની સ્થાવર મીલ્કત કે જે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ શહેરના પ્રહલાદ પ્લોટ તરીકે ઓળખાતા વિસ્તારમાં પ્રહલાદ પ્લોટ શેરી નં.૮માં આવેલ કે જેનાં સીટી સર્વે વોર્ડ નં.૫, સીટી સર્વે નં.૧૯૪૩ની જમીન ચો.મી.આ.૧૦૦-૨૮ એટલે કે જમીન ચો.વા.આ.૧૨૦-૦ ઉપરનું મકાન તેનુ વારસા સર્ટીફિકેટ મેળવવા તેમના **વકીલશ્રી વિરેન્દ્ર વી.રાણીંગા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તો તે સંબંધે જે કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તા.૨૭/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહીયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૦૮ માહે ૦૫ સને. ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.પાલીયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના મોજે સાજડીયાળીના ખાતા નં.૨૧૮ માહેના રેવન્યુ સર્વે નં.૬૬/૨ પૈકી ૨, જેના હે.આરે.૧-૨૮-૪૯ ચો.મી.વાળી જમીનના ખાતેદાર શ્રી રમેશચંદ્ર પોપટભાઈ દલસાણીયાની જમીન જે નામે અને ખાતે હાલ નમુના નં.-૮/અ થી આવેલ છે સદરહુ ખેડવાણ જમીન તેઓ પાસેથી મારા અસીલ ખરીદ કરવા ઈચ્છા ધરાવે છે જેથી ઉપરોકત જમીનના માલીકી બાબતે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો લેણું કરજ બોજો કે કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ દસ (૧૦)માં લેખીત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી મુદ્દત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી તેમજ હોય તો પણ જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું જમીન પરત્વેના વેંચાણ વ્યવહારો પુર્ણ કરી જમીનનો પ્રત્યેક્ષ કબ્જો સંભાળી લેશે ત્યારબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

જામકંડોરણા
તા.૧૨/૦૫/૨૦૨૫

એન.સી.બાલધા
એડવોકેટ & નોટરી
તે મારા અસીલની સુચનાથી

**એન.સી.બાલધા એડવોકેટ & નોટરી**

ઠે.: બસ સ્ટેશન પાસે, લક્ષ્મી શોપીંગ સેન્ટરમાં, જામકંડોરણા,૩૬૦૪૦૫ મો.નં.૯૯૨૫૧ ૮૪૪૨૨

## :: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના ધોરાજી-૫ ગામની સીમ જમીન રેવન્યુ ખાતા નાં.૩, સર્વે નાં. ૬૩૬/૩ પૈકી ૧, હે.આરે.ચો.મી. ૦-૭૯-૯૩ વાળી સીમ જમીનનાં માલીક ૧. મનજીભાઈ ઓઘાભાઈ બાલધા, ૨. ભાવેશ જેન્તીભાઈ બાલધા, ૩. ચંદુભાઈ અરજણભાઈ બાલધા, ૪. રમેશભાઈ અરજણભાઈ બાલધા, ૫. સુનિલભાઈ નાથાભાઈ બાલધા, ૬. અશ્વિનભાઈ નરશીભાઈ બાલધા તથા ૭. દિપકભાઈ પ્રેમજીભાઈ બાલધા રહે.ધોરાજીવાળાની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે અને તેઓની પાસેથી મારા અસીલ ધીરજલાલ નાથાલાલ બાલધા (પટેલ) રહે.ધોરાજી હાલઃ મુંબઈવાળાએ ખરીદ કરવાનું નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની સીમ જમીન પરત્વે કે તેના ટાઈટલ, રાઈટસ કે માલિકી કબ્જા સંબંધે કે તેના વેચાણ સબંધે કોઈ વ્યકિત, પેઢી, બેન્ક, સોસાયટી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો કે સરકારી-અર્ધ સરકારી કચેરીઓ વિગેરે કોઈનો કાંઈપણ પ્રકારનો વાંધો,તકરાર હોઈ કે લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો-દર-દાવો, લેણુ, ગીરો, બોજો, અગ્રહકક, કબ્જો વિગેરે હોઈ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ) માં સંપૂર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલ સરનામે અમોને લેખીત જાણ કરશો જેમાં કસુર થયે કોઈનો કોઈપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, કબ્જો, બોજો, અગ્રહકક કે કોઈપણ પ્રકારે વાંધો તકરાર નથી અને હોઈ તો તે જતો (WAIVE) કરેલ હોવાનું માની મારા અસીલ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે કોઈ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહિં. આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળઃ ધોરાજી,
તારીખઃ ૧૨/૦૫/૨૦૨૫
અમારા મારફતઃ

રાજેશ આર.બાલધા
એડવોકેટ એન્ડ નોટરી
અમારા અસીલની સુચનાથી

**રાજેશ આર.બાલધા એડવોકેટ એન્ડ નોટરી**

દરબારગઢ પાસે, ધોરાજી, તા.ધોરાજી જી.રાજકોટ
મો.૯૪૨૬૯ ૬૯૮૦૧, મો.૯૨૬૫૭ ૯૭૨૭૭

## :: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના ધોરાજી-૪ ગામની સીમ જમીન રેવન્યુ ખાતા નાં.૪૬૮, સર્વે નાં.૫૨૬/૪/ પૈકી ૨, હે.આરે.ચો.મી. ૧-૦૮-૨૬ વાળી સીમ જમીન તેમજ ધોરાજી શહેરમાં નગરપાલિકાની હદમાં ઉપલેટા રોડ તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ રહેણાંક હેતુના બીનખેતી સર્વે નં.૫૨૬/૪ ના પ્લોટ નં.૧ તથા પ્લોટ ૨ તથા કોમન પ્લોટ તથા આંત્રિક રસ્તા મળી કુલ જમીન ક્ષેત્રફળ ચો.મી.૧૬૧૮-૦૦ વાળી ખુલ્લી જમીનનાં માલીક ૧. જયશ્રીબેન રામજીભાઈ વૈષ્ણવ, ૨. રેખાબેન રામજીભાઈ વૈષ્ણવ, ૩. નિતીનભાઈ રામજીભાઈ વૈષ્ણવ, તે ૧ થી ૩ ના કુલ-મુખત્યાર દરજજે તથા જાતેથી ભરતભાઈ રામજીભાઈ વૈષ્ણવ રહે. ધોરાજીવાળાની સંયુકત માલીકી અને કબ્જા ભોગવટાની આવેલ છે. અને તેઓની પાસેથી મારા અસીલ જીજ્ઞેશ રમણીકલાલ બાબરીયા તથા કાજલ જીજ્ઞેશ બાબરીયા રહે. ધોરાજીવાળાએ ખરીદ કરવાનું નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની સીમ જમીન પરત્વે કે તેના ટાઈટલ, રાઈટસ કે માલિકી કબ્જા સંબંધે કે તેના વેચાણ સબંધે કોઈ વ્યકિત, પેઢી, બેન્ક, સોસાયટી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો કે સરકારી-અર્ધ સરકારી કચેરીઓ વિગેરે કોઈનો કાંઈપણ પ્રકારનો વાંધો,તકરાર હોઈ કે લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો-દર-દાવો, લેણુ, ગીરો, બોજો, અગ્રહકક, કબ્જો વિગેરે હોઈ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ) માં સંપૂર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલ સરનામે અમોને લેખીત જાણ કરશો જેમાં કસુર થયે કોઈનો કોઈપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, કબ્જો, બોજો, અગ્રહકક કે કોઈપણ પ્રકારે વાંધો તકરાર નથી અને હોઈ તો તે જતો (WAIVE) કરેલ હોવાનું માની મારા અસીલ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે કોઈ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહિં. આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળઃ ધોરાજી,
તારીખઃ ૧૨/૦૫/૨૦૨૫
અમારા મારફતઃ

રાજેશ આર.બાલધા
એડવોકેટ એન્ડ નોટરી
અમારા અસીલની સુચનાથી

**રાજેશ આર.બાલધા એડવોકેટ એન્ડ નોટરી**

દરબારગઢ પાસે, ધોરાજી, તા.ધોરાજી જી.રાજકોટ
મો.૯૪૨૬૯ ૬૯૮૦૧, મો.૯૨૬૫૭ ૯૭૨૭૭


''જ્યારે આત્મવિશ્વાસ બુલંદ હોય ત્યારે નભને'ય ઝુકવું પડે છે...''

જૂનાગઢમાં

**ભરાડ વિદ્યામંદિરના છાત્રો એ બોર્ડ પરિણામમાં ડંકો વગાડયો**

શાળા પ્રથમ



ચૌહાણ અમિત ડી.
98.31 PR Maths 100 ગુણ

**S.S.C. શાળાનું 100% ઝળહળતુ પરિણામ**

- ૯૦% થી વધુ ગુણ મેળવનાર ત્રણ છાત્રો
- ૮૫% થી વધુ ગુણ મેળવનાર નવ છાત્રો
- ગણિત વિષયમાં ૧૦૦/૧૦૦ ગુણ મેળવનાર તથા સફળ થનાર તમામને શાળા પરિવાર પરિવાર અભિનંદન પાઠવે છે.

**H.S.C. સામાન્ય પ્રવાહનું 100% ઝળહળતુ પરિણામ**

છૈયા દીપ પી. 96.94 PR — ધો. 11-12 આર્ટસ / કોમર્સમાં પ્રારંભથી સ્પર્ધાત્મક તૈયારી

**H.S.C. વિજ્ઞાન પ્રવાહનું 86%**

રાઠોડ ઋતુજા એસ. 87.70 PR — સાયન્સમાં JEE / NEET થીયરી સાથેનું પ્રાયોગિક કાર્ય સાથેનું સંપૂર્ણ શિક્ષણ

- શિક્ષણ સર્વનો અધિકાર; અહીં જ્ઞાતિવાદ નહી, શિક્ષણવાદ છે.
- ખુબ વ્યાજબી ફી અને તે પણ સરળ હપ્તામાં ભરવાની સુવિધા.
- શાળા સંકુલમાં જ અધતન ગર્લ્સ/બોયઝ હોસ્ટેલ સુવિધા.
- ધો. ૯ થી ૧૨ માં ભણતા તમામ છાત્રોને સ્કોલરશીપ.
- SC / ST / નમો લક્ષ્મી / નમો સરસ્વતી શિષ્યવૃતિ મળવાપાત્ર.

જ્ઞાનસેતુ - જ્ઞાન સાધનામાં ઉતિર્ણ થનાર છાત્રો માટેની શ્રી ડી. કે. ભરાડ વિદ્યામંદિર માન્ય શાળા હોય વિનામૂલ્યે પ્રવેશ મળશે.

- આર્ટસ / કોમર્સ / સાયન્સનું સંપૂર્ણ શિક્ષણ - શ્રેષ્ઠ પરિણામો

આપના પુત્ર / પુત્રીની તેજસ્વી કારકિર્દી ઘડતરમાં એકવખત શાળાની રૂબરૂ મુલાકાત લેવા નિમંત્રણ છે.

-:: પ્રવેશ માટે સરનામું ::-
**ભરાડ વિદ્યામંદિર**
પ્રમુખવિહાર સોસા. વંથલી રોડ, મધુરમ, જૂનાગઢ.
મો. 90999 65151 / 90999 65153

# સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરની બેદરકારીથી મૃતદેહ કલાકો સુધી રઝળ્યો

**મૃતદેહ ખાટલા ઉપર જ પડ્યો રહ્યો અને ડોક્ટરે પેશન્ટને 'ડામા' ડિકલેર કરી દીધું હતું**

**મોટી ટાંકી ચોક નજીક આવેલ જૈન ઉપાશ્રય ખાતે લિફ્ટ રીપેર કરતી વખતે વીજ કરંટ લાગતા સુરેશ ઉર્ફે સૂર્યા નિષાદ બીજા માળેથી પટકાયો હતો, સિવિલ હોસ્પિટલે ખસેડતા મૃત જાહેર કરાયો હતો**





રાજકોટ, તા.૧૨

વિવાદોથી ઘેરાયેલી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરની બેદરકારીથી મૃતદેહ કલાકો સુધી રઝડયો હતો. મોટી ટાંકી ચોક નજીક આવેલ જૈન ઉપાશ્રય ખાતે લિફ્ટ રીપેર કરતી વખતે વીજ કરંટ લાગતા સુરેશ ઉર્ફે સૂર્યા રામકિશોર નિષાદ (ઉં. વ.૪૧, રહે. જંગલેશ્વર શેરી નં.૧૧, મૂળ ઉત્તરપ્રદેશ) બીજા માળેથી પટકાયો હતો, સિવિલ હોસ્પિટલે ખસેડતા મૃત જાહેર કરાયો હતો.

બનાવ અંગે સિવિલ હોસ્પિટલના સુત્રોએ જણાવ્યું કે, સુરેશ ઉર્ફે સુર્યા રામ કિશોર નિષાદ લિફ્ટ રીપેરીંગની મજૂરીનું કામ કરતો હતો. તે ગઈકાલે સાંજે ૬:૩૦ વાગ્યે લીમડા ચોક થી મોટી ટાંકી ચોક વચ્ચે આવેલ રિલાયન્સ પેટ્રોલ પંપ સામેની શેરીમાં જૈન ઉપાશ્રય ખાતે લિફ્ટ રીપેરીંગનું કામ કરી રહ્યો હતો જે દરમિયાન તેના આત્મા રહેલ કોઈ સાધન બહારથી પસાર થતી વીજ લાઈનમાં અડી જતા સુરેશને વીજ કરંટ લાગ્યો હતો અને તે બીજા માળેથી ફંટાઈને જમીન પર પડ્યો હતો તેને માથે પગે અને શરીરને ઈજા થઈ હતી. તેની સાથેના શ્રમિકોએ સુરેશને તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ડોક્ટરે એમએલસી જાહેર કરતા રાજકોટ સિવિલ પોલીસ ચોકીમાં નોંધ થઈ હતી. આ પછી સાંજે ૭:૩૦ વાગ્યે ડોક્ટરે દર્દીને ડામા ડિક્લેર કરેલ એટલે કે દર્દી પોતાની રીતે હોસ્પિટલમાંથી જતા રહ્યા હોવાનું જાહેર કરેલ. જોકે સુરેશ ખાટલા ઉપર જ પડ્યો રહ્યો હતો તેને સાથે બેભાન હાલતમાં હતો. આ તરફ ડોક્ટરે ડામા ડિકલેર ની નોંધ પણ કરાવી દીધી હતી. જેથી અચાનક સુરેશ ને બીજી કોઈ પ્રાઈવેટ હોસ્પિટલમાં નથી લઈ જવાયો પરંતુ તે ઈમર્જન્સી વિભાગમાં જ દાખલ છે અને મૃત્યુ પામ્યો છે. તેવી જાણ થતા ડોક્ટરોમાં દોડધામ મચી ગઈ હતી. સુરેશના સાથી શ્રમિકોનું કહેવું છે કે તેઓ સુરેશને અન્ય કોઈ હોસ્પિટલમાં લઈ ગયા નહોતા અથવા લઈ જવા માટે ડોક્ટરને કહ્યું પણ નહોતું સૂત્રો જણાવી રહ્યા છે કે ડોક્ટરે પોતાની રીતે જ ડામા કરી દીધું હતું. જોકે એક એવી ચર્ચા પણ આવે છે કે સુરેશના કોઈ સાથી સમિકે બીજી હોસ્પિટલમાં લઈ જવા વાત કરી હતી. મૃત્યુ જાહેર થતાં પોલીસ ચોપડે નોંધ કરવાનો સમય આવતા પોલીસે દર્દી ડામા ડિકલેર થઈ ગયું હોવાથી નિયમ મુજબ મૃત્યુનોંધ કરવા ઈન્કાર કર્યો હતો. આ તરફ ચેક મૂડી રાત્રે ૧૨:૩૦ વાગ્યે સત્તાવાર રીતે મોત જાહેર થયું હતું. સમીક્ષા થી ઓનું કહેવું છે કે સુરેશે સારવાર દરમિયાન રાત્રે ૮:૦૦ વાગ્યા આસપાસ જ દમ તોડી દીધો હતો. પરંતુ મૃત્યુ ડિકલેર રાત્રે ૧૨:૩૦ વાગ્યે કરવામાં આવ્યું હતું.સુરેશ ચાર ભાઇ બે બહેનમાં મોટો હતો તેને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે અચાનક બનેલા આ બનાવથી સુરેશના પરિવારમાં શોક છવાયો હતો.

# કોર્પોરેશનમાં કહીને ચાની હોટલ ઉપડાવી લીધાની શંકા રાખી યુવાન પર બે શખ્સોનો હુમલો

**કાલાવડ રોડ લક્ષ્મીના ઢોરા પાસે બનાવ : યુની. પોલીસે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો**

રાજકોટ.તા.૧૨

કાલાવડ રોડ પર લક્ષ્મીના ઢોરા પાસે કોર્પોરેશનમાં કહીને ચા અને પાનની કેબીનનો થડો ઉપડાવી લીધાની શંકાએ યુવાન પર બે શખ્સોએ હુમલો કરતાં યુની. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે કટારીયા ચોકડી પાસે લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા અને ડ્રાઈવીંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતાં નિલેશ શાંતિભાઈ પરમારએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જયદીપ રાજુ રાતડિયા અને રાધે ભરતનું નામ આપતાં તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ અને તેમના સગા મોટાભાઈ રવિભાઈ લક્ષ્મીના ઢોરા પાસે અલખધણી નામની ચા તથા ફાકીની દુકાન ચલાવે છે. તેણી દુકાનની સામે જયદીપ રાતડિયા પણ ચા અને પાન ફાકીની દુકાન ચલાવતો હતો. પરંતુ થોડા સમય પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓએ જયદીપને પોતાનો ગેરકાયદેસર પાન-ફાકીની કેબીન ત્યાંથી ઉપાડી લેવાનું કહેતા આ બાબતે જયદીપની તેવી શંકા હતી કે કોર્પોરેશનમાં પોતે જાણ કરી ચા-પાનનો થડો ઉપડાવી લેવાની ફરિયાદ કરી છે.જેથી જેનો ખાર રાખી ગઈકાલે સાંજના સમયે જયદીપના સ્થળે ફાકી ખાવા ગયો ત્યારે ત્યાં ઉભેલા જયદીપ અને તેના મિત્ર રાધેએ ત્યાં આવી ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો અને નીચે પડેલી ઈંટ લઈ માથામાં ઘા ઝીંકી દીધો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ બાદ યુવાનને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ યુનિવર્સિટી પોલીસે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# શહેરમાં દારૂના નશામાં ડમડમ હાલતમાં નીકળેલ પાંચ વેપારી સહિત ૧૩ શખ્સો ઝડપાયા

**પોલીસની ડ્રાઈવ યથાવત, નવા થોરાળાના અરબાઝ સ્કોર્પિયો લઈ નીકળ્યો અને પોલીસે દબોચ્યો, દારૂની ૯૬ બોટલ મળી આવી**

રાજકોટ.તા.૧૨

શહેરમાં પોલોસે લુખ્ખાઓ અને નશાખોર વિરૂદ્ધ ડ્રાઈવ ચલાવી હોય તેમ દરરોજ નશાખોર શખ્સોને પકડી પકડી નશો ઉતારી રહી છે. શહેર પોલીસ દ્વારા રાત્રિના સમયે વાહન ચેકીંગ અને ડ્રીન્ક એન્ડ ડ્રાઈવના કેસો કરવામાં આવી રહ્યાં છે ત્યારે ગઈકાલે રાત્રીના સમયે પોલીસ દ્વારા ચેકીંગ કરવામાં આવતાં પાંચ વેપારી, ગેરેજ સંચાલક સહિત કુલ ૧૩ શખ્સો પીધેલી હાલતમાં ઝડપાયા હતાં જ્યારે અલગ અલગ પોલીસ સ્ટેશન દ્વારા અડધો ડઝન સ્થળે દેશી દારૂના અડ્ડાઓ પર દરોડા પાડી દેશી દારૂના કેસ કર્યા હતાં.

શહેર પોલીસની અલગ અલગ ટીમો દ્વારા ચેકીંગ દરમિયાન દારૂ પી નીકળેલા શખ્સોમાં મિલપરા નિલગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતા ચિરાગ કિરીટભાઈ કામદાર, બેડીનાકા મેઈન રોડ પર રહેતા ચિરાગ અમીતભાઈ દંગી, સાઉન્ડના ધંધા સાથે સંકળાયેલા હરિધવા મેઈન રોડ પર શ્રધ્ધા પાર્કમાં રહેતા નિકુંજ દિલીપભાઈ ભેડેરી, બેડીનાકા પાસે નકલંક ચોકમાં રહેતા ભંગારના વેપારી નંદનભાઈ મુકેશભાઈ ડેલાવાળા,શાકભાજીનો ધંધો કરતાં અને કુવાડવા રોડ પર મારૂતિનગર સોસાયટીમાં રહેતા રવિ મુકેશભાઈ કાપડીયા, કાલાવડ રોડ પર આલાપ સેન્ચુરીમાં રહેતા શિવજી પરસોત્તમ સંઘાણી, સામાકાંઠે રણછોડનગર શેરી નં.૪માં રહેતા અને ગેરેજ ચલાવતાં હિતેપ નારણભાઈ સોલંકી, જંગલેશ્વર મેઈન રોડ પર રહેતા સુખદેવ કાળુ ચાવડા, જંગલેશ્વર રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતા દિલીપ ઉર્ફે ધમભા જીલુભાઈ હેરભા, કરણપરામાં આવેલા મધુવન એપાર્ટમેન્ટમાં રહેતા ગણેશ ભુમિભાઈ થાપા, રામનાથપરા શેરી નં.૧માં રહેતા સૌરભ સુષાંત પ્રધાન, સંતુ શંભુનાથ ગૌસ્વામી અને અજય દિનેશ રાખસીયા (રહે.કાલાવડ)ને પીધેલી હાલતમાં ઝડપી લેવામાં આવ્યા હતાં. જ્યારે અન્ય સ્થળો પર દરોડા પાડી અડધો ડઝન જેટલા શખ્સોને દેશી દારૂના કેસમાં પકડી લેવામાં આવ્યા હતાં.

૮૦ ફુટ રોડ ભારતનગર ત્રિશુલ કારખાના પાસે જાહેરમાં સ્કોર્પીયો ગાડીમાં દારૂ લઈને નીકળેલા નવા થોરાળા પાસે આરાધના સોસાયટીમાં રહેતા અરબાઝ રફીક રાઉમાને ૯૬ જેટલી દારૂની બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો અને તેમની પાસે ૪.૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે પીએસઆઈ ડોબરીયા તપાસ ચલાવી રહ્યાં છે.

# સંત કબીર રોડ પર આવેલ મહારાણા પ્રતાપ હોલમાં ગળાફાંસો ખાઈ સંજય વજકાણીનો આપઘાત

**મનપા સંચાલિત હોલમાં છતના હુંક સાથે ચૂંદડી બાંધી પગલું ભરી લીધું, ત્રણ સંતાને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો**



મૃતક સંજયનાં પિતા પાંચાભાઈ પૂર્વ કોર્પોરેટર હતા. બનાવનાર પગલે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, અગ્રણી મનસુખભાઈ જાદવ પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

રાજકોટ, તા.૧૨

સંત કબીર રોડ પર આવેલ મહારાણા પ્રતાપ હોલમાં ગળાફાંસો ખાઈ ગંજીવાડાના સંજય વજકાણીએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ હતી. મનપા સંચાલિત હોલમાં છતના હુંક સાથે ચૂંદડી બાંધી પગલું ભરી લીધું હતું. ત્રણ સંતાને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ સંજયભાઈ પાંચાભાઇ વજકાણી (ઉંમર વર્ષ ૩૨, રહે. ગંજીવાડા મહાકાળી ચોક રાજકોટ) આજે બપોરે ૧ વાગ્યા આસપાસ પોતે મહારાણા પ્રતાપ હોલ, કનકનગર, સંત કબીર રોડ ખાતે હતા ત્યારે મહારાણા પ્રતાપ હોલમાં કોઈ કારણોસર ચુંદડી છતના હુકમાં બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. કોઈની નજર પડી જતા તુરંત સંજયભાઈને ઉતારીને રાજકોટ સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી રૂમમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ઇમર્જન્સી વિભાગના ફરજ પરના ડોક્ટર આર આર શર્માએ જોઈ તપાસીને સંજયભાઈને મૃત જાહેર કર્યા હતા. રાજકોટ સિવિલ પોલીસ ચોકીના એ.એસ.આઈ. સી. જે. ઝાલા અને રાઇટર ધર્મેન્દ્રભાઈ હુદળએ થોરાળા પોલીસને જાણ કરી હતી.

પરિવારની પૂછપરછમાં જાણવા મળેલ કે સંજયભાઈ બે ભાઈ ત્રણ બહેનમાં નાના હતા. તેને સંતાનમાં એક દીકરો અને બે દીકરી છે. પોતે મંડપ સર્વિસનું કામ કરતા હતા અને પોતે મહારાણા પ્રતાપ હોલમાં જ મંડપ સર્વિસનો સામાન રાખતા હતા અને ત્યાં લગ્ન પ્રસંગોએ મંડપ સર્વિસની સેવા આપતા હતા. પરિવારજનો આપઘાતના કારણથી અજાણ હોય પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સત્યમ એવન્યુના મનોજ ભંડેરીનો ઝેરી દવા પી આપઘાત

**ગુરુવારે પોતાના ઘરે પગલું ભરી લીધા બાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ગત મોડી રાત્રે દમ તોડ્યો**

રાજકોટ, તા.૧૨

શહેરના ૮૦ ફૂટ રોડ પર સર્વોદય સ્કૂલ પાસે, સત્યમ એવન્યુમાં રહેતા મનોજ જમનભાઈ ભંડેરી (ઉં. વ. ૩૮)એ ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ હતી. આપઘાતનું કારણ સ્પષ્ટ ન થતા રાજકોટ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર બનાવ અંગે મળતી વિગત મુજબ, ગઈ તા. ૮/૫/૨૦૨૫ના રોજ બપોરે ૧૨ વાગ્યા આસપાસ મનોજ પોતાના ઘરે હતો ત્યારે કોઈ કારણોસર તેણે ઝેરી દવા પી લીધી હતી. પરિવારના સભ્યોને જાણ થતા તત્કાલ જ મનોજને સૌપ્રથમ વાત્સલ્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતો. અહીંથી વધુ સારવાર માટે મેડિક કેર હોસ્પિટલમાં રીફર કરાયો હતો, અને ત્યાં આઇસીયુ વોર્ડમાં તેની સારવાર ચાલુ હતી. જે દરમિયાન ગઈકાલે રાત્રે ૧૨:૩૦ વાગ્યા આસપાસ મનોજે સારવારમાં દમ તોડી દીધો હતો. મેડિકેર હોસ્પિટલના ડોક્ટરે તેને મૃત જાહેર કરી રાજકોટ તાલુકા પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ સહિતનો સ્ટાફ હોસ્પિટલ દોડી આવ્યો હતો અને મનોજના મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલમાં ખસેડ્યો હતો. પરિવારની પૂછપરછમાં જાણવા મળેલ કે, મનોજ બે ભાઈમાં નાનો હતો અને તે પ્રાઇવેટ નોકરી કરતો હતો. પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. બનાવથી ભંડેરી પરિવારમાં ભારે શોક છવાયો છે.

# પ્રતિબંધીત પ્લાસ્ટિકનાં વપરાશ બદલ ૬૦ વેપારીઓ દંડાયા

**જાહેરમાં ગંદકી કરનારા પાસેથી રૂા.૧૬૪૫૦નો વહીવટ ચાર્જ વસુલ**



રાજકોટ,તા.૧૨

રાજકોટ મહાનગરપાલિકા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૦૯/૦૫/૨૦૨૫ થી ૧૦/૦૫/૨૦૨૫ એમ કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૫.૨૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૬૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૩.૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૭૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૦.૭૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૭૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૦.૮૩ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# મોટો મલ્ટીપેકનાં ભાગીદાર વીરલ સંઘવીને એક વર્ષની સજા વળતર ચુકવવાનો હુકમ

રાજકોટ,તા.૧૨

રાજકોટમાં સ્ટ્રેચ ફીલ્મ બનાવાનુ અને વેચવાનું કામ કરતી મોટો મલ્ટીપેક નામની ભાગીદારી પેઢી એડ્રેસ :-પ્લોટ નં. જી-૧૦૫૯/૬૦, લોધીકા જી.આઈ.ડી.સી., કીશન ગેટ રોડ, મુ.મેટોડા, જી.રાજકોટ. એ મુંબઈના આરોપી વીરલ એન્ટરપ્રાઈસ અને તેના પ્રોપારાઈટર વીરલ પ્રફુલભાઈ સંઘવી વચ્ચે નકકી થયા મુજબ આરોપી ફરીયાદી પેઢી પાસેથી અલગ અલગ ઈન્વોઈસથી ઉધારમા સ્ટ્રેચ ફીલ્મ ખરીદતા અને અમુક રકમ ચુકવી આપતા. ફરીયાદી પેઢીએ આરોપીને મોકલેલા તમામ ઈન્વોઈસ અંગેનું એકાઉન્ટ રાખેલ હતુ. સદરહું એકાઉન્ટ નો ચેક આપેલ સદરહું ચેક વીરલ પ્રફુલભાઈ સંઘવીએ ફરીયાદીને આપ્યો ત્યારે એવુ પાકુ, વચન અને ખાત્રી આપેલ કે કંપની તેમના ખાતાવાળી બેંકમાં સદરહું ચેક જમા કરાવશે એટલે તેમને ચેકમાં જણાવેલ રકમ મળી જશે. ફરીયાદી એ આરોપીના જણાવ્યા મુજબ ચેક પોતાની બેંકમાં રજુ કરતા ચેક વગર વસુલાતે પરત ફરેલ. આથી ફરીયાદી કંપનીએ તેમના એડવોકેટ મારફતે આરોપીને લીગલ નોટીસ આપેલ. સદરહુ નોટીસ ધોરણસર રીતે બજી ગયેલ હોવા છતા આરોપીએ મુજબ ફરીયાદી પેઢીની બાકી લેણી રકમ પૈકીની રકમ ચુકવવા માટે આરોપીએ રૂા. ૩,૦૦,૦૦૦/- લાખ કાયદાની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં ચેકની રકમ ફરીયાદીને ન ચુકવતા ફરીયાદી પેઢી મોટો મલ્ટીપેક એ તેમના એડવોકેટ કિશન એમ. પટેલ મારફતે રાજકોટની કોર્ટમા ફરીયાદ દાખલ કરેલી. સદરહુ ફરીયાદમા રાજકોટના એડીશનલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ એ.પી.ડેરે ફરીયાદીનો કેસ પુરવાર માની આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા.૩,૦૦,૦૦૦/- નું વળતર ચુકવવાનો હુકમ કરેલ અને જો વળતરની રકમ દિન ૬૦ માં ન ચુકવે તો વધુ છ માસની સાદી કેદની સજા કરવાનો હુકમ ચુકવવાનો હુકમ ફરમાવેલ.



એડવોકેટ કિશન પટેલ

આ કામમાં ફરીયાદી વતી રાજકોટના જાણીતા એડવોકેટ કિશન એમ. પટેલ, જયદીપસિંહ બી. રાઠોડ, જયેશ પી. નાગદેવ, પાર્થરાજસિંહ એમ. જાડેજા, હર્ષવર્ધનસિંહ વી. જાડેજા તથા આદમશા જી. શાહમદાર રોકાયેલ હતા.

# અટલ સરોવર પાસે મોડી રાત્રે બુલેટ બાઈક ડિવાઈડર સાથે અથડાતા ૩૩ વર્ષીય રાજ સિંધવનું મોત

**મૃતક આસ્થા રેસીડેન્સી ઘંટેશ્વર વિસ્તારમાં રહેતો હતો, રાત્રે પોતાના ઘરે જતો હતો ત્યારે બનાવ બન્યો**

રાજકોટ, તા.૧૨

અટલ સરોવર પાસે મોડી રાત્રે બુલેટ બાઈક ડિવાઇડર સાથે અથડાતા ૩૩ વર્ષીય રાજ સિંધવનું મોત થયું હતું. મૃતક આસ્થા રેસીડેન્સી ઘંટેશ્વર વિસ્તારમાં રહેતો હતો રાત્રે પોતાના ઘરે જતો હતો ત્યારે બનાવ બન્યો હતો.

આ અંગે સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ, ગઈકાલે મોડી રાત્રે અટલ સરોવર પાસે સ્માર્ટ સિટીમાં નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર અકસ્માત સર્જાયો હતો. યુવાન બુલેટ પર જતો હતો ત્યારે અચાનક કાબુ ગુમાવતા બુલેટ બાઈક ડિવાઇડર સાથે અથડાયું હતું. બનાવની જાણ થતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતકની ઓળખ કરવા તજવીજ કરતા મૃતક યુવાન ઘંટેશ્વર વિસ્તારની આસથા રેસીડેન્સીમાં રહેતો હોવાનું અને તેનું નામ રાજ રમેશભાઈ સિંધવ હોવાનુ જાણવા મળ્યું. પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. છવાયો છે.

## આગમન નહી

(છેલ્લા પાનાનું ચાલું)

આવ્યું હતું. દરમિયાન ભારત-પાક વચ્ચે ઓપરેશન સિંદુર શરૂ થતા ફરી રાજકોટ એરપોર્ટ તા.૧૪મી સુધી નોટમ બંધ રાખવાનો નિર્ણય લેવાના એરપોર્ટ સિવિલ ફલાઈટ માટે તા.૧૫મીને ૫.૩૦ કલાક સુધી બંધ રાખવાનો આદેશ થયો હતો. દરમિયાન ભારત પાક વચ્ચેનું યુદ્ધ સમી જતા આજે સવારે ૧૦.૩૦ કલાકથી તાત્કાલીક અસરથી સિવિલ ફલાઈટ માટે એરપોર્ટ ખુલ્લુ મુકાયુ હતું. જો કે આજે અચાનક જ એરપોર્ટ ખુલી ગયા બાદ દિવસભર એક પણ વિમાનનું આવાગમન થયુ નથી આવતી કાલ મંગળવારથી હવાઈ સેવા રાબેતા મુજબ શરૂ થવાની સંભાવના છે.

## ઓસ્ટ્રેલીયા

(પહેલા પાનાનું ચાલું)

મીચેલ સ્ટાર્ક, જોશ હેઝલવુડ, ટ્રેવીસ હેડ, મૌજુદ હતા. ભારતીય ક્રિકેટ બોર્ડે ખાસ વ્યવસ્થા કરીને તેઓને ઓસ્ટ્રેલીયા મોકલી દેવાયા હતા.

પાક ક્રિકેટ લીગમાં સીન એબોટ, બેન દ્વારસુઈ, એસ્ટોન ટર્નર તથા મીચ ઓવેન મૌજુદ હતા. પાક ક્રિકેટ બોર્ડે ઓસ્ટ્રેલીયા તથા આંતર રાષ્ટ્રીય ક્રિકેટરોને દુબઈ મોકલવા ખાસ વિમાનની વ્યવસ્થા કરી હતી. દુબઈથી તેઓને પોતપોતાના દેશમાં મોકલવાની વ્યવસ્થા હતી. શનિવારે વિદેશી ખેલાડીઓને પરત મોકલાયાનાં ગણતરીના સમયમાં જ ભારતની મિસાઈલ નુરખાન એરબેઝ પર ત્રાટકી હતી. જયાંથી વૈશ્વિક ક્રિકેટરોને રવાના કરવામાં આવ્યા હતા.

પાક મીલિટ્રી વડામથકની નજીક અને ઈસ્લામાબાદથી ૧૦ કીમી દુર આવેલ નુરખાન એરપોર્ટમાં અનેક વિસ્ફોટ થયા હતા અને આગ જોવા મળી હતી.

ઓસ્ટ્રેલીયન ખેલાડી ડેવીડ વોર્નર આ ફલાઈટમાં ન હતો પરંતુ અન્યોનો આબાદ બચાવ થયો હતો. દુબઈ પહોંચ્યા બાદ તેઓએ રાહતનો શ્વાસ લીધો હતો. તેઓએ કહ્યું કે શારીરીક તથા માનસીક રીતે ૨૪ કલાક પડકારજનક રહ્યા હતા.ટોમ કરન, જેમ્સ વિમ્સ, સેમ બીલીંગ, જોર્ડન જેવા ઈંગ્લીશ ખેલાડીઓ ૫ પીએસએલમાં હતા પરંતુ ફલાઈટમાં હતા કે કેમ તે સ્પષ્ટ નથી.

## સોના

(પહેલા પાનાનું ચાલું)

જાણકારોના કહેવા પ્રમાણે અત્યાર સુધી જેના જોરે તેજી થઈ હતી તે કારણો ઉકેલ ભણી છે. ભારત-પાકિસ્તાન વચ્ચેનો તણાવ દુર થવા સાથે સિઝફાયર થયુ છે. આ સિવાય અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડડીલ થઈ જતા ટેરીફ વોરનુ જોખમ પણ દુર થવાનુ માનવામાં આવી રહ્યું છે.

રશિયા-યુક્રેન વચ્ચે પણ યુદ્ધવિરામના પ્રયાસો થવા લાગ્યા છે તે વાસ્તવિક બને તો માર્કેટમાં વધુ અસર શકય છે. ટુંકાગાળા માટે માર્કેટમાં હવે નેગેટીવ સ્થિતિ રહેવાનું માનવામાં આવે છે. વેપારીઓના કહેવા પ્રમાણે ભાવ માર્કેટનો ટ્રેન્ડ સ્પષ્ટ થયા બાદ ખરીદી વધવાનુ મનાય છે. લગ્નગાળાની ખરીદીની ચમક આવી શકે છે.

## સીઝફાયર

(પહેલા પાનાનું ચાલું)

વધાવ્યુ હોય તેમ આજે જોરદાર ઉછાળો નોંધાયો હતો. યુદ્ધના વાદળો હટી જતાં હવે ફરી ભારત અર્થતંત્ર પર ફોકસ થશે. ભારત અમેરીકા વચ્ચે ટ્રેડ ડીલ થશે જેવા કારણોથી તેજીનો ફુંફાડો હતો. અમેરિકા-ચીન વચ્ચે પણ ઐતિહાસીક ટ્રેડ ડીલ થઈ જતા તેજીને ટેકો મળી ગયો હતો અને વિદેશી નાણા સંસ્થાઓની લેવાલી, ચોમાસાનું આગમન વ્હેલુ થવાની આગાહી જેવા કારણોથી તેજીને વેગ મળ્યો હતો. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે ભારત-પાક વચ્ચે હવે નવા અણધાર્યા ઘટનાક્રમો ન સર્જાય અને સિઝફાયર આગળ ધપવાના સંજોગોમાં માર્કેટ નવેસરથી તેજીના ઝોનમાં આવી શકે છે. કારણ કે હાલ માર્કેટ માટે તમામ પરિબળો અનુકુળ છે.

શેરબજારમાં આજે બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મહિન્દ્ર, મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેન્ક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટીસીએસ, ટાઈટન, અદાણી પોર્ટ, એકસીસ બેંક, અદાણી એન્ટરપ્રાઈઝ, જીયો ફાઈનાન્સીયલ, ટ્રેન્ટ, વગેરેમાં ઉછાળો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૨૯૧૦ પોઈન્ટના ઉછાળાથી ૮૨૩૬૪ સાંપડયો હતો તે ઉંચામાં ૮૨૪૧૫ તથા નીચામાં ૮૦૬૫૧ થયો હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૯૦૬ પોઈન્ટના ઉછાળાથી ૨૪૯૧૪હતો તે ઉંચામાં ૨૪૯૩૦ તથા નીચામાં ૨૪૩૭૮ થયો હતો.

બીએસઈમાં આજે ૪૨૨૪ શેરોમાં ટ્રેડીંગ થયુ હતું. તેમાંથી ૩૫૧૪ માં ઉછાળો હતો ૧૦૬ શેરો બાવન સપ્તાહની ઉંચાઈએ પહોંચ્યા હતા. ૨૭ માં વર્ષની નીચી સપાટી હતી ૪૫૬ શેરોમાં તેજીની તથા ૧૮૨ માં મંદીની સર્કીટ હતી. માર્કેટ કેપ ૪૩૨.૩૦ લાખ કરોડે પહોંચ્યુ હતું. એક જ દિવસમાં ઈન્વેસ્ટરોની સંપતિમાં ૧૬ લાખ કરોડનો વધારો થયો હતો.

## યુદ્ધવિરામ

(પહેલા પાનાનું ચાલું)

પત્ર લખ્યો છે.

**કોંગ્રેસની સર્વ પક્ષીય બેઠક બોલાવવાની માંગ**

કોંગ્રેસે સર્વદળીય બેઠક બોલાવવાની માંગ કરી છે. આ માંગ કોંગ્રેસના મીડિયા પ્રભારી જયરામ રમેશે કરી છે. આરજેડીના મનોજ ઝા અને રાજયસભા સંસદ, જાણીતા વકીલ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા કપીલ સીબ્બલે પણ કરી છે.

**ટ્રમ્પની ભૂમિકા પર પણ સવાલ**

સીબ્બલનું કહેવું હતું કે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની પોસ્ટ બતાવે છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થતા રજૂ કરી હતી. આ પોસ્ટ પર પણ અનેક સવાલ ઉઠશે, ભારત પાકિસ્તાન સમજતીના બારામાં શું, કેવી રીતે અને શા માટે થયું તેના બારામાં અમને કોઈ જાણકારી નહોતી આપવામાં આવેલી એટલે આ બારામાં અમે આજે કોઈ આલોચના નહીં કરીએ, આ બધા સવાલોના જવાબો મળવા જોઈએ.

**પાયલોટે કહ્યું-આવું પહેલા કયારેય નથી થયુ**

સચિન પાયલોટે આ મામલાને અભૂતપૂર્વ કહીને કહ્યું હતું કે આવું અગાઉ કયારેય નથી થયું. આપણા દ્વિપક્ષીય મામલામાં કોઈ ત્રીજા પક્ષને સામેલ કરવો આપણી વિદેશ નીતિથી અલગ છે. કાશ્મીર મુદ્દાને આંતરરાષ્ટ્રીય મુદ્દા પર લઈ આવવો, આ મુદ્દા પર સરકારે સ્પષ્ટીકરણ કરવું પડશે. કારણ કે આપણે ક્યારેય આ સ્વીકાર્યુ નથી.

**ઈન્દિરા ગાંધીના બહાને પણ વિપક્ષે સવાલ ઉઠાવ્યા**

અપક્ષ સાંસદ પપ્પુ યાદવ ઈન્દિરા ગાંધીને યાદ કરતા જણાવ્યું હતું કે આજે દેશની જનતાને ઈન્દિરા ગાંધી જેવા નેતાની જરૂર છે. આજે આતંકવાદીઓના પૈસે નભનાર શાહબાજ અને મુનીર જેવા લોકો આપણને આંખ દેખાડે છે. શું આતંકવાદનું સમર્થન કરનાર સરકાર સામે આપણે ઝુકી ગયા.

ભાજપે કોંગ્રેસ પર નિશાન સાધ્યું: ભારતના આઈટી વિભાગના પ્રમુખ અમીત માલવીયે કોંગ્રેસ પર નિશાન સાધતા લખ્યું હતું- આ ૨૦૨૫ છે, ૧૯૭૧ નહીં. ૧૯૭૧માં સ્થાનિક વસ્તી જે હવે બાંગ્લાદેશ છે, સક્રીય રીતે પાકિસ્તાનનો વિરોધ કરતી હતી અને ભારતને જમીની સ્તર પર મજબૂત સમર્થન હતું. ૨૦૨૫માં આવી સ્થિતિ નથી. હાલના સમયમાં કઠિન પરીસ્થિતિ છતાં ભારતે સફળતાપૂર્વક આતંકી શિબિરોને નિશાન બનાવી છે.

# વિરાટ કોહલીએ લખ્યું સાઈનીંગ ઓફ!

આજે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરતા સમયે વિરાટ કોહલીએ લખ્યું કે ટેસ્ટ ક્રિકેટમાં પહેલીવાર મે બૈગી બ્લુ જર્સી ૧૪ વર્ષ પહેલા પહેરી હતી અને હું ઈમાનદારીથી કહું તો ક્રિકેટનું આ ફોર્મેટ મને આ સફર પર લઈ જશે જેમાં મારી પરીક્ષા પણ થઈ અને મારી ઓળખ પણ બની અને મને એવા પાઠ પણ ભણવા મળ્યા જે જીવન ભર સાથે રાખીશ. સફેદ જર્સીમાં રમવું મારા માટે ખૂબ ખાસ અને વ્યક્તિગત અનુભવ છે. પરિશ્રમ, લાંબા દિવસો, નાની નાની પળો તેને કોઈ નથી જોતા. પરંતુ હું હંમેશા આપની સાથે રહીશ. જયારે હું આ ફોર્મેટથી દુર જઈ રહ્યો છું તે મારા માટે પણ સરળ નહી હોય પણ હાલ યોગ્ય લાગી રહ્યું છે. મે તેમાં મારુ સર્વસ્વ અર્પણ કર્યુ છે અને મને આ ફોર્મેટે મારી ઉમ્મીદથી પણ વધુ આપ્યુ છે. હું ક્રિકેટ અને મેદાન પર રમવાવાળા તમામ અને એ દરેકનો આભારી છું જેણે મને આ સફરમાં આગળ વધાર્યો. હું હંમેશા મારી ટેસ્ટ કેરીયરને સ્મિત સાથે જોઈશ. તેણે આગળ પોતાની જર્સીનો નંબર ૨૬૯ લખ્યો અને લખ્યું સાઈનીંગ ઓફ.

## વિરાટ કોહલી

(પહેલા પાનાનું ચાલું)

પણ પોતાની ધાક જમાવી હતી અને હવે તે રોહિત શર્માની માફક વનડે તેમજ આઈપીએલ રમતા જોવા મળશે. વિરાટે પોતાના ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર ૨૬૯ લખી અને લખ્યું અને ઉમેર્યુ 'સાઈનીંગ ઓફ' એટલે કે તે નિવૃતિ લઈ રહ્યો છે. ભારતે આગામી સમયમાં જ ઈંગ્લેન્ડમાં પાંચ ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે અને ઈંગ્લેન્ડને ઘરઆંગણે પડકારવામાં હવે તમામ સીનીયર ખેલાડીઓની નિવૃતિ એ ટીમ માટે એક નવી શરુઆત સમાન ગણાશે.

# ત્રણેય સેનાએ સંયુક્ત એરડિફેન્સ સીસ્ટમ તૈયાર કરી: D.G.N.O. પ્રમોદ

## ચીન

(પહેલા પાનાનું ચાલું)

એટેકને મલ્ટી લેયર સીસ્ટમમાંથી પસાર થવુ પડયુ હતું અને તેમાં કોઈને કોઈ ડિફેન્સ સીસ્ટમના કારણે તે વિંધાઈ ગઈ હતી. એર માર્શલ ભારતીએ ભારતીય એરબેઝને નુકસાન પહોંચાડવાના દાવને ફગાવતા કહ્યું કે આજે પણ ભારતના તમામ હવાઈ બેઝ ઓપરેશન છે અને આગામી કોઈપણ હુમલાને પહોંચી વળશે. એરમાર્શલ ભારતીએ કહ્યું કે પાકે તેના હુમલા માટે ચાઈનીઝ બનાવટના રોકેટ-ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. ચાઈનીઝ એર ડિફેન્સ સીસ્ટમનો ઉપયોગ કર્યો પણ તેને પણ તોડી પાડવામાં આવ્યા હતા. એડમીરલ એમ.એન.પ્રમોદ- ડિરેકટર જનરલ ઓફ નેવલ ઓપરેશન એ જણાવ્યું કે હવાઈ દળ, ભૂમિદળની સાથે અરબી સમુદ્રમાં ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજોએ એન્ટી મિસાઈલ એન્ટી ડ્રોન સીસ્ટમથી પાકના હવાઈ હુમલાને તોડી પડાયો હતો અને સાથે પાકના અનેક એરબેઝને નુકસાન કર્યુ હતુ.

હવાઈદળના શ્રી એ.કે.ભારતીએ કહ્યું કે ભારતની લડાઈ ત્રાસવાદી સામે હતી. ટાર્ગેટ પણ પાક સ્થિત કેમ્પો હતા અને તે સફળતાપૂર્વક પાર પાડયા હતા. અમોએ પાક સેનાના કોઈ મથકો નિશાન બનાવ્યા ન હતા પણ પાકે ત્રાસવાદ વતી લડાઈ લડી રહ્યું છે તે નિશ્ચિત કર્યુ હતું.

## પરીક્ષા

(છેલ્લા પાનાનું ચાલું)

શકે છે અને કેટલાક પેપર પછીની તારીખે યોજવામાં આવી શકે છે.

**JEE એડવાન્સ માટે એડમિટ કાર્ડ આજથી ઉપલબ્ધ થશે**

JEE એડવાન્સ માટે એડમિટ કાર્ડ સોમવારથી અટલે કે આજથી ઉપલબ્ધ થશે. આ વખતે, IIT કાનપુર, જે JEE એડવાન્સનું પેપર ચલાવી રહી છે, તેણે જાહેર નોટિસ જારી કરીને કહ્યું છે કે જે વિદ્યાર્થીઓએ અરજી કરી છે તેઓ ૧૨ મેના રોજ સવારે ૧૦ વાગ્યાથી તેમના એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકે છે. ૨૦૨૪ની સરખામણીમાં JEE એડવાન્સ્ડ માટેના કટઓફમાં બહુ ફેરફાર થયો નથી.

**ICAI નું નવું પરીક્ષા શેડયુલ**

ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) એ અગાઉ ૯ થી ૧૪ મે દરમિયાન યોજાનારી તેની પરીક્ષાઓ મુલતવી રાખી હતી. હવે પરીક્ષાઓ ૧૬ થી ૨૪ મે દરમિયાન લેવામાં આવશે. CA ફાઇનલ, ઇન્ટરમીડિયેટ અને INTT-AT (POQC) પરીક્ષાઓ જે અગાઉ ૯ થી ૧૪ મે દરમિયાન યોજાવાની હતી, તે હવે ૧૬ થી ૨૪ મે દરમિયાન લેવામાં આવશે. પરીક્ષાઓ અગાઉ ફાળવેલ કેન્દ્ર પર અને તે જ સમયે લેવામાં આવશે. એડમિટ કાર્ડ જે અગાઉ જારી કરવામાં આવ્યા છે. ફક્ત તે જ માન્ય ગણવામાં આવશે.

# પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજગુરૂને નિલ્સ ગ્રીનવુડ્સ પ્રોજેક્ટમાં નિયમોના ભંગ બદલ રેરાએ ફટકાર્યો રૂા. ૧.૧૦ લાખનો દંડ

## રેરાના અનેક નિયમો ઘોળીને પી ગયા: સુનાવણીમાં બચાવની દલીલો ફગાવાઈ

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા એક આકરી કાર્યવાહી કરીને કોંગ્રેસના નેતા અને પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજગુરૂને પોતાની નલ્સ ગ્રીનવુડ્સ યોજનામાં રેરાના નિયમોના સરેઆમ ભંગ બદલ કુલ રૂ. ૧.૧૦ લાખની પેનલ્ટી તા. ૭ એપ્રિલના રોજના હુકમથી કરીને ૩૦ દિવસમાં જમા કરાવવાનો આદેશ કર્યો હતો. રેરાના આદેશ મુજબ રેરાની કલમ ૧૩(૧) અને કલમ ૬૧ ના ભંગ બદલ રૂ.૫૦ હજારનો દંડ જ્યારે રેરા દ્વારા કરાયેલા હુકમ અને કલમ ૬૧ તેમજ ૬૩ના ભંગ બદલ રૂ. ૬૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે. આ રકમ પ્રમોટરના રેરા એક્ટ મુજબ પ્રોજેક્ટના અલાયદા ખાતામાંથી ઉપાડી શકાશે નહિ અને પ્રમોટરે વ્યક્તિગત રીતે ભરવાની રહેશે.

કેસની વિગતો મુજબ ગુજરાત રેરાના સેક્રેટરી દ્વારા સુઓમોટો કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેની વિગતો મુજબ નિલ્સ ગ્રીનવુડ્સની અંદાજીત કોસ્ટ રૂ. ૩૩.૨૦ કરોડ છે અને પૂર્ણ કરવીની તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ હતી. પ્રમોટર દ્વારા પ્રોજેક્ટની વીગતો પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવી હતી. તેની વિગતો ચકાસતા તેઓએ વેચાણ કરેલા કુલ યુનિટો પૈકી ૮૬ યુનિટ ધારકો પાસેથી બુકીંગ વખતે વેચાણ અવેજની રકમના ૧૦ ટકા કરતા વધુ અવેજ લીધુ હતુ. આથી રેરાના વર્ષ ૨૦૨૧ના હુકમ નંબર ૪૫ અને ૨૦૨૨ના હુકમ નંબર ૭૧નો ભંગ કર્યો હતો. કાયદા મુજબ જો પ્રોજેક્ટનું એક્સટેન્શન મેળવવું હોય તો પ્રોજેક્ટ પૂર્ણ થવાની તારીખથી એક મહિના પહેલા અરજી કરવાની રહે છે. પરંતુ પ્રમોટર દ્વારા વર્ષ ૨૦૨૪માં અરજી કરી હતી.



વધુમાં રેરા એક્ટની કલમ ૧૩(૧) મુજબ રજીસ્ટર્ડ એગ્રીમેન્ટ ફોર સેલ કરી આપ્યુ નહોતું. આથી સુઓમોટો કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જેમાં રાજ્યગુરૂના પ્રતિનિધી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, ૮૬ યુનિટો પૈકી ૪૨ યુનિટોનું બાનાખત નિયત સમયમાં કરવામાં આવ્યું હતું પરંતુ તેમના સીએ દ્વારા રજૂ થયેલા ફોર્મ -૩માં શરતચૂકથી વિગતો દર્શાવી નથી. આ ૪૨ યુનિટોના સીધી વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવ્યા છે અને બે યુનિટના બાકી છે. શરતચુકથી એક્સટેન્શનની અરજી વિલબથી કરી છે.

તેમની રજૂઆતના અંતે રેરા દ્વારા નોંધ લેવામાં આવી હતી કે, પ્રમોટર દ્વારા કરવામાં આવેલો બચાવ ધ્યાને લેવાનું કોઇ કારણ નથી. પ્રમોટર દ્વારા ૪૧ યુનિટોના ટુકડે ટુકડે અવેજની રકમના ૧૦ ટકા કરતા વધારે રકમ અવેજ પેટે સ્વિકારી બનાખત કર્યા વગર સીધા જ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. તેમજ બે યુનિટના વેચાણ દસ્તાવેજ કે બાનાખત કર્યા નથી. આમ રેરા એક્ટની કલમ ૧૩(૧) મુજબ પ્રમોટર દ્વારા એલોટી પાસેથી રજીસ્ટર્ડ બાનાખત કર્યા વગર ૧૦ ટકાથી વધારે રકમ અવેજ પેટે લઇ શકાતી નથી. તેથી પ્રમોટર દ્વારા આ કલમના આધારીત જારી કરવામાં આવેલા બે હુકમોનો ભંગ કરવામાં આવ્યો છે. વધુમાં પ્રોજેક્ટમાં એક્સટેન્શન મેળવવા માટે પુર્ણ થવાની અવધિના એક મહિના પહેલા અરજી કરવની હોય છે પરંતુ બે વર્ષ ૧ દિવસ બાદ અરજી કરી છે. આમ રેરાના ઉપરોક્ત કાયદાઓ તેમજ હુકમોનો ભંગ કરવા બદલ કુલ રૂ. ૧.૧૦ લાખનો દંડ કર્યો હતો.

# અમદાવાદમાં ટેકનો મ્યુઝિક પાર્ટીમાં રેડ: રાત્રે ૧૨ વાગ્યાની મંજુરી હતી પણ ત્યારે તો પાર્ટી શરૂ થઈ!

## ઈવેન્ટ આયોજક સહિત ૯ દારૂના નશામાં ઝડપાયા: લકઝરીયસ કાર સહિતનો મુદામાલ કબ્જે

અમદાવાદ :

શેલા વિસ્તારની ક્લબ ૦૭માં ટેકનો મ્યુઝિક પાર્ટી યોજાઇ હતી. આ મ્યુઝિક પાર્ટીની સાથે કેટલાક લોકો દારૂની મહેફિલ માણી રહ્યા હોવાની પોલીસને બાતમી મળતા જ પોલીસે રેડ કરી હતી. રેડ દરમિયાન પોલીસે યુવતી સહિત ૯ લોકોને દારૂ પીધેલી હાલતમાં અને દારૂના જથ્થા સાથે ઝડપી લીધા હતા. સાથે જ બોપલ પોલીસે બીએમડબલ્યુ સહિતની પોશ ગાડીઓ સહિત કુલ રૂ. ૮ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ક્લબના ધ ફોરમ હોલમાં યોજાયેલી પાર્ટી માટે આયોજકે પોલીસની મંજૂરી લીધી હતી. જેમાં ૧૨ વાગ્યા સુધીની પરમિશન અપાઈ હતી. પાર્ટીના આશરે એકાદ હજાર પાસ વેચાઈ ગયા હતા અને રેડ પડી ત્યારે ૨૦૦થી વધુ લોકો હાજર હતા. પરંતુ ૧૨ વાગ્યે તો પાર્ટી શરૂ થઈ હતી અને આયોજકો વહેલી સવાર સુધી ચલાવવાના મૂડમાં હતા તે પહેલા જ પોલીસે રેડ કરતા રંગમાં ભંગ પડયો હતો.

શેલામાં આવેલી ક્લબ ૦૭માં શનિવારની રાત્રે એટીસી મેનેજમેન્ટ દ્વારા ટેકનો પાર્ટીનું આયોજન કરાયું હતું. આ પાર્ટીનું હેમલ દવેએ આયોજન કર્યું હતુ અને બોપલ પોલીસ પાસે પરમિશન પણ લેવાઈ હતી. જેમાં પોલીસે ૧૨ વાગ્યા સુધીની પરમિશન આપી હતી. પરંતુ પાર્ટી આયોજકોએ ૧૨ વાગ્યા બાદ પાર્ટી ચાલુ કરી હતી. પેટ્રોલિંગમાં રહેલી પોલીસને મોડી રાત્રે પાર્ટી ચાલુ હોવાની અને દારૂની



બાતમી મળતા ત્યાં પહોંચી હતી. પોલીસે ક્લબ (૦૭ના ધ ફોરમ હોલમાં, બેઝમેન્ટ પાર્કિંગમાં અને હોલના ગેટ પર ટીમો ગોઠવી દીધી હતી. પોલીસ પહોંચી ત્યારે આશરે ૨૦૦ લોકો હાજર હતા ત્યારે જ પોલીસે બ્રેષ એનલાઇઝર વડે શંકાસ્પદ ૬૦થી ૭૦ લોકોને તપાસ્યા હતા. જેમાં ૬ લોકો દારૂ પીધેલા મળી આવ્યા હતા જ્યારે ત્રણ લોકો પાસેની બીએમડબલ્યુ, હોન્ડા સિટી સહિતની પોશ કારમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે યુવતી સહિત ૯ લોકોની ધરપકડ કરી તેમની સામે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી દારૂની ત્રણ બોટલ, એક બિયરનું ટીન, પાંચ ફોન, ૨ બીએમડબલ્યુ, એક હોન્ડા સીટી કાર સહિત કુલ રૂ. ૮.૫૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

### ટેકનો મ્યુઝિક પાર્ટીનો ટ્રેન્ડ વદયો

બોલીવુડ કે પંજાબી ગીતની માફક ડીજે દ્વારા માત્ર ટયૂન વગાડવામાં આવે તેને ટેકનો પાર્ટી કહેવાય છે. આ પાર્ટીમાં ૨૦૦માંથી સથી ૧૦ લોડો /શંકાસ્પદ લાગતા પોલીસે તેમની તપાસ કરી હતી. જેમાંથી ક લોકો સામે દારૂ પીધેલાનો જ્યારે ૩ સામે ઘરૂ પઝેશનનો કેસ કરાયો છે. પોલીસે કાર્યવાહી કરતા જ જાણીતા મોટા માથાઓએ ભલામણ નો દોર શરૂ કર્યો હોવાની પણ ચર્ચા છે.

# શ્રીલંકાને તેના હોમ ગ્રાઉન્ડમાં હરાવી ચેમ્પિયન બની ભારતીય મહિલા ક્રિકેટ ટીમ

## સેન્ચુરી ફટકારી પ્લેયર ઓફ ધ મેચ બની સ્મૃતિ માન્ધના: પ્લેયર ઓફ ધ સિરીઝની એવોર્ડ સ્પિનર સ્નેહ રાણાના નામે




૪ વિમેન્સ વન-ડેમાં ૩૦૦ પ્લસ રનનો સ્કોર કરવાના ઓસ્ટ્રેલિયા (૨૦૧૮)ના હાઈએસ્ટ રેકોર્ડની બરાબરી કરી ભારતે

નવી દિલ્હી, તા.૧૨

ગઈકાલે શ્રીલંકા સામે વિમેન્સ ત્રિકોણીય વન-ડે સિરીઝની ફાઇનલમાં ૯૭ રને જીત મેળવી હરમનપ્રીત કૌર એન્ડ કંપની કોમની વાત માડ ચેમ્પિયન બની છે. ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ કરતા વાઈસ કેપ્ટન સ્મૃતિ માન્ધનાએ સેન્ચુરીના આધારે સાત વિકેટે ૩૪૨ રન ફટકારી દીધા હતા. સ્પિનર સ્નેહ રાણા અને ફાસ્ટ બોલર અમનાજોત કૌરની શાનદાર બોલિંગના કારણે ૪૮.૨ ઓવરમાં યજમાન ટીમ શ્રીલંકા ૨૪૫ રને, ડેર થઈ ગઈ હતી.૧૫ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૦૧ બોલમાં ૧૧૬ રન ફટકારનાર સ્મૃતિ માન્યનાએ પોતાની ઓપનિંગ પાર્ટનર પ્રતીકા રાવલ (૪૯ બોલમાં ૩૦ રન) સાથે પહેલી વિકેટ માટે ૭૦ રન અને હરલીન દેઓલ (૫૬ બોલમાં ૪૭ રન) સાથે બીજી વિકેટ માટે ૧૨૦ રનની ભાગીદારી કરી હતી. કેપ્ટન હરમનપ્રીત કૌર (૩૦ બોલમાં ૪૧ રન) અને જેમિમા રોડ્રિગ્સે (૨૯ બોલમાં ૪૪ રન)ની ઈનિંગ્સના કારણે પણ ભારતને મોટો સ્કોર ઊભો કરવામાં મદદ મળી હતી.

શ્રીલંકા તરફથી તેમની કેપ્ટન ચમરી અટ્ટાપટ્ટુ (૬૬ બોલમાં ૫૧ રન) મોટી ઈનિંગ્સ રમી શકી હતી. સ્પિનર સ્નેહ રાણા (૩૮ રનમાં ચાર વિકેટ) અને ફાસ્ટ બોલર અમનજોત કૌર (૫૪ રનમાં ૩ વિકેટ)ની કડક બોલિંગને કારણે યજમાન ટીમ પોતાના હોમ ગ્રાઉન્ડ પર ટાર્ગેટ સેટ કરવામાં નિષ્ફળ રહી હતી. પાંચ મેચમાં સૌથી વધુ ૧૫ વિકેટ લેનાર સ્નેહ રાણા પ્લેયર ઓફ ધ સિરીઝ અવોર્ડ જીતી હતી.

### ૫૮૭ આટલા હાઈએસ્ટ રનવાળી મેચ બની, આ બન્ને ટીમની વન-ડે ઈતિહાસ

### મિતાલી રાજનો ૧૯ વર્ષ જૂનો રેકાર્ડ સ્મૃતિ માન્ધનાએ તોડ્યો

સ્મૃતિ માન્યનાએ ગઈકાલે ભારત તરફથી વિમેન્સ વન-ડેમાં હાઈએસ્ટ અગિયારમી સેન્ચુરી ફટકારીને મોટો રેકોર્ડ પોતાને નામે કર્યો છે. ૧૦૧ બોલમાં ૧૧૬ રનનો સ્કોર એ વિમેન્સ વન-ડે ટુર્નામેન્ટમાં ભારત તરફથી સૌથી મોટો વ્યક્તિગત સ્કોર બન્યો છે. તેણે મિતાલી રાજનો ૧૯ વર્ષ જૂનો રેકોર્ડ ધ્વસ્ત કર્યો હતો. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મિતાલી રાજે ૨૦૦૬માં કરાચીમાં એશિયા કપની ફાઈનલમાં શ્રીલંકા સામે જ ૧૨૧ બોલમાં અણનમ ૧૦૮ રનની ઇનિંગ્સ રમી હતી. સ્મૃતિએ વિમેન્સ વન-ડેમાં હાઈએસ્ટ ૫૪ સિક્સર ફટકારવાનો રેકોર્ડ પણ હવે પોતાના નામે કર્યો છે.

### શ્રીલંકાની ધરતી પર સૌથી મોટો વન-ડે સ્કોર કર્યો ભારતીય મહિલાઓએ

ભારતીય વિમેન્સ ટીમે ગઈકાલે કોલંબોમાં જે ૩૪૨ રનનો સ્કોર કર્યો એ શ્રીલંકાની ધરતી પર સૌથી મોટો વિમેન્સ વન-ડે મેચની સ્કોર હતો. વિદેશી ધરતી પર ભારતીય ટીમનો આ હાઈએસ્ટ વિમેન્સ વન-ડે સ્કોર પણ રહ્યો છે.

### 'ઓપરેશન સિંદૂર'માં....

# સૈનિકોની શહાદત પર પ્રિયંકા ગાંધીએ કહ્યુ અમે બધા તમારા ઋણી રહીશું

નવીદિલ્હી,તા.૧૨



આતંકવાદીઓ સામેની કાર્યવાહીમાં શહીદ થયેલા સૈનિકો પર કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીનું નિવેદન સામે આવ્યું છે. પ્રિયંકા ગાંધીએ પોતાના X હેન્ડલ પર લખ્યું, 'ભારતીય સેનાની આતંકવાદીઓ સામેની કાર્યવાહી અને પાકિસ્તાન સાથે લશ્કરી મુકાબલા દરમિયાન આપણા ઘણા સૈનિકોની શહાદત અત્યંત દુઃખદ છે. આપણી સેનાના બહાદુર સુબેદાર પવન કુમાર જી, સિપાહી એમ મુરલી નાયક જી, લાન્સ નાયક દિનેશ કુમાર જી, બીએસએફ સબ-ઇન્સ્પેક્ટર મોહમ્મદ ઇમ્તિયાઝ જી, સાર્જન્ટ સુરેન્દ્ર કુમાર મોગા, રાઇફલમેન સુનીલ કુમાર અને રાજૌરી પોલીસ અધિકારી રાજ કુમાર થાપા જી એ દેશની સુરક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. આ ઉપરાંત, ઘણા નાગરિકોએ પણ જીવ ગુમાવ્યા છે.

પ્રિયંકાએ કહ્યું, 'હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું.' આ મુશ્કેલ સમયમાં આખો દેશ શોકગ્રસ્ત પરિવારની સાથે ઉભો છે. આપણે બધા હંમેશા આપણા શહીદો અને તેમના પરિવારોના ઋણી રહીશું.

# આજે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ: સરકારી દવાખાનાઓમાં ફરજ બજાવતા ૧૩ હજારથી વધુ નર્સ કર્મચારીઓ

## રાજ્યમાં મોરબી, ગોધરા, પોરબંદર, રાજપીપળા અને નવસારીમાં નર્સિંગની નવી કોલેજો ધમધમશે

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં સરકારી દવાખાનાઓમાં દર્દીઓની સેવામાં હાલ ૧૩,૫૦૭ નર્સ ફરજ બજાવી રહી છે. રાજ્યમાં હાલ કુલ-૬૧ સંસ્થા ૧૯૨૦ બેઠકો અને ખાનગી ૯૯૭ સંસ્થાઓ ખાતે કુલ ૪૭, ૧૭૦ સીટ સાથે નર્સિંગના જુદા જુદા કોર્ષ ચાલી રહ્યા છે.

જેમાં દર વર્ષે વધારો કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં નર્સિંગની સેવાઓ સુદઢ બનાવવા માટે બી.એસ. સી.(ન.)ની ૫૦૦ બેઠકો અને ૫ નવી કોલેજોને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ આ નવી કોલેજ ગુજરાતના મોરબી, ગોધરા, પોરબંદર, રાજપીપળા અને નવસારીમાં બનાવવાની કામગીરી હાલ ચાલી રહી છે.

ડોક્ટર અને દર્દીને સાંકળતી એક મહત્વની કડી નર્સ છે. કોઈપણ પ્રકારની સંબંધી સેવા પૂરી પાડવામાં આરોગ્ય નર્સનો



ફાળો ખૂબ અગત્યનો છે. દર્દીની સારવારમાં નર્સિંગ કેરનો મહત્વનો ફાળો છે. નર્સિંગ કેર એટલે ફક્ત દર્દીને દવા અને ઇન્જેકશન આપવા એટલું જ નહીં પરંતુ નર્સિંગ કેર થકી દર્દીની સારવાર કરતી વખતે હોસ્પિટલમાં ઘર જેવું વાતાવરણ બનાવી આરોગ્ય સંબંધિત શિક્ષણની યોગ્ય સમજણ આપી સારવાર કરવાનો છે. આરોગ્ય સેવાઓમાં નર્સના યોગદાનને ધ્યાનમાં લઈને સમગ્ર વિશ્વમાં દર વર્ષે આજે ૧૨મી, મેને 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ૧૨મી-મેનો દિવસ પસંદ કરવાનું ખાસ કારણ એ છે કે, આ દિવસે જગવિખ્યાત નર્સ અને નર્સિંગ વ્યાવસાયિક પ્રવૃત્તિઓના પાયાના પથ્થર તરીકે ઓળખાતી ફ્લોરેન્સ નાઈટિંગેલનો જન્મદિવસ છે.

**અવર નર્સ, અવર ફ્યુચર, ધ ઈકોનોમિક પાવર ઓફ કેર**

વર્ષ ૨૦૨૫ માટે ઈગ દ્વારા અવર નર્સ, અવર ફ્યુચર, ધ ઇકોનોમિક પાવર ઓફ કેરની થીમ નક્કી કરવામાં આવી છે. આ થીમના માધ્યમથી એ દર્શાવવામાં આવ્યું છે કે, નર્સો માત્ર આરોગ્ય જાળવવાની જવાબદારી ભજવતા નથી, પણ તેઓ સમગ્ર આરોગ્ય વ્યવસ્થા અન અર્થતંત્ર માટે પણ આધારરૂપ છે. જયારે આરોગ્ય સેવાઓમાં યોગ્ય નર્સિંગ સ્ટાફ હોય, ત્યારે સારવારની ગુણવત્તા સુધરે છે. દર્દીઓ ઝડપથી સાજા થાય છે જેથી અર્થતંત્ર પરનો ભાર ઓછો થાય છે.

# તિબેટમાં ૫.૬ ની તીવ્રતાનો ભૂકંપ:ભારત સુધી ધ્રુજારી

નવી દિલ્હી તા.૧૨

ચીનના કબ્જા હેઠળના તિબેટમાં રાત્રે ૨.૪૧ વાગ્યે જોરદાર ભૂકંપ આવ્યો હતો. જેની તીવ્રતા ૫.૬ મપાઈ હતી.ભૂકંપનુ કેન્દ્ર જમીનથી માત્ર ૯ કીમીની ઉંડાઈએ હતું. જેના કારણે ભારે આંચકા અનુભવાયા હતા. ભારતના રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ આ ભૂકંપની તીવ્રતા નોંધીને પુષ્ટી કરી હતી.

ભૂકંપના જોરદાર આંચકા અનુભવાતા લોકો પોતાના ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપની તીવ્રતા અને વ્યાપ એટલો વધારે હતો કે પાડોશી દેશ નેપાળ અને ભુતાનમાં પણ આંચકા અનુભવાયા હતા. જયારે ભારતમાં ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય વગેરે જેવા ઉત્તર-પૂર્વીય રાજયોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ પાડોશી દેશ બાંગ્લાદેશમાં પણ અનુભવાયો હતો. જોકે અત્યાર સુધી ભૂકંપને કારણે કોઈ જાનમાલનાં નુકશાનના અહેવાલ નથી.

### નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશમાં પણ જમીન ધ્રુજી

# મહારાષ્ટ્રનાં ભિવંડીમાં વિકરાળ આગ:૨૨ વેરહાઉસ બળીને ખાખ: મોટુ નુકશાન

થાણે તા.૧૨

મહારાષ્ટ્રનાં થાણે જીલ્લાનાં ભિવંડીમાં આજે સવારે વિકરાળ આગ લાગતા અફડાતફડીનો માહોલ હતો ભિવંડીના રિસ્કલેન્ડ કમ્પાઉન્ડમાં લાગેલી આગની જવાળા તથા ધુમાડા દુરદુર સુધી જોવા મળ્યા હતા. ૨૨ વેરહાઉસ ખાખ થયા હતા. આગને કાબુમાં લેવા ફાયરબ્રિગેડની ટીમો દ્વારા ભરચકક પ્રયત્નો કરવામાં આવ્યા હતા અને રાહત-બચાવ કામગીરી પણ શરૂ કરવામાં આવી હતી.



આ આગની ઘટનાનો વિડીયો પણ એક્સ પર શેર કરવામાં આવ્યો છે. જેમાં પ્રચંડ અગ્નિ જવાળાઓ જોવા મળે છે. દૂર દૂર સુધી આગનો ધુમાડો જોવા મળી રહ્યો છે. અત્યારે આ આગને કાબુમાં લેવાના સઘન પ્રયાસ ચાલી રહ્યા છે. જેની માટે હાલમાં ચાર ફાયર ટેન્ડર આવી પહોંચ્યા છે. ભિવંડી અને કલ્યાણથી ફાયરની ગાડીઓ બોલાવવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આ આગ પહેલા પાંચ કંપનીઓમાં ફાટી નીકળી હતી અને ત્યાર બાદમાં મંડપ ડેકોરેશનવાળા એક સ્ટોરેજમાં પણ ફેલાઈ હતી. હવે વાત કરીએ કે આ આગમાં કેટલું માલનું નુકસાન થયું છે. તો આ આગમાં લગભગ ૨૨ વેરહાઉસ બળીને ખાખ થઈ ગયા છે. જેમાં કેમિકલ વેરહાઉસ, પ્રિન્ટિંગ મશીન, ઇલેક્ટ્રોનિક આઇટમ્સ, આરોગ્ય સંબંધિત પ્રોટીન ફૂડ પાઉડર, કોસ્મેટિક સામગ્રી, કપડાં, પગરખાં, તેમ જ મંડપ ડેકોરેશનની આઇટમ્સ સહિત તમામ ફર્નિચર બળીને રાખ થઈ ગયા હતા.

### ભારત-પાક.નાં તનાવ વચ્ચે ઈસરોના ચેરમેનનું નિવેદન

# ઈસરો ૧૦ ઉપગ્રહોથી ૨૪ કલાક વોચ રાખી રહ્યું છે: વી.નારાયણન

## અગરતલ્લામાં સેન્ટ્રલ એગ્રી કલ્ચરલ યુનિવર્સીટીના પાંચમા દિક્ષાંત સમારોહમાં સંબોધન

અગરતલા,તા.૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ISRO ના ચેરમેનનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. ISROના ચેરમેન વી નારાયણને એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું કે દેશના નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વ્યૂહાત્મક હેતુ માટે ૧૦ ઉપગ્રહો ચોવીસ કલાક કાર્યરત છે.અગરતલામાં સેન્ટ્રલ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (CAU) ના પાંચમા દીક્ષાંત સમારોહમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું, જો આપણે આપણા દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા માંગતા હોઈએ, તો આપણે આપણા ઉપગ્રહો દ્વારા સેવા આપવી પડશે. આપણે આપણા ૭,૦૦૦ કિલોમીટરના દરિયાઈ વિસ્તાર પર નજર રાખવી પડશે. ઉપગ્રહ અને ડ્રોન ટેકનોલોજી વિના, આપણે ઘણું બધું પ્રાપ્ત કરી શકતા નથી.

સુધીમાં ISRO એ કુલ ૧૨૭ ભારતીય ઉપગ્રહો લોન્ચ કર્યા છે. આમાં ખાનગી સંચાલકો અને શૈક્ષણિક સંસ્થાઓના ઉપગ્રહોનો પણ સમાવેશ થાય છે. આમાંથી ૨૨ લો અર્થ ઓર્બિટ (LEO) માં અને ૨૯ જીઓ-સિંક્રોનસ અર્થ ઓર્બિટમાં છે, જે કેન્દ્ર સરકારની માલિકીના છે. ભારત પાસે લગભગ એક ડઝન જાસૂસી અથવા સર્વેલન્સ ઉપગ્રહો છે. આમાં કાર્ટોસેટ અને RISAT શ્રેણી તેમજ EMISAT અને માઇક્રોસેટ શ્રેણીનો સમાવેશ થાય છે, જે ચોક્કસ દેખરેખ કાર્યો માટે રચાયેલ છે.

હકીકતમાં, થોડા દિવસો પહેલા, ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન સેન્ટર (IN-SPACE) ના ચેરમેન પવન કુમાર ગોયન્કાએ ગ્લોબલ સ્પેસ એક્સપ્લોરેશન કોન્ફરન્સ ૨૦૨૫ માં કહ્યું હતું કે ભારત અવકાશ-આધારિત દેખરેખ ક્ષમતાઓને વધારવા માટે આગામી પાંચ વર્ષમાં ૫૨ ઉપગ્રહોના સમૂહને ભ્રમણકક્ષામાં મૂકશે.

# અયોધ્યામાં રામ મંદિર પરિસરમાં ૧૪ દેવાલયોમાં ગંગા દશેરાએ પ્રાણ પ્રતિષ્ઠા

### ૧૦૧ આચાર્યો અનુષ્ઠાન કરાવશે

અયોધ્યા તા.૧૨

રામ મંદિર પરિસરમાં ૧૪ દેવાલયોમાં પાંચમી જૂને પ્રાણ પ્રતિષ્ઠા થશે.

પાંચમી જૂને ગંગા દશેરા આવે છે. આ દિવસે ફરી એક વખત રામનગરી આસ્થા, ભકિત અને સાંસ્કૃતિક ચેતનાની સાક્ષી બનશે.

શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ તરફથી ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની રૂપરેખા બની રહી છે. ૩થી ૫ જૂન આ ઉત્સવ યોજાશે. પૂજનનો ક્રમ ૩ જૂનથી આરંભ થશે. કાશી અયોધ્યાના ૧૦૧ આચાર્ય પ્રાણ પ્રતિષ્ઠા કરાવશે. ૩૦મીએ જ કમ્પાઉન્ડ વોલના શિવ મંદિરમાં શિવલીંગની પ્રાણ પ્રતિષ્ઠા થશે. ત્યારબાદ ગંગા દશેરાએ ૧૩



મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા થશે.

૭ દિવસીય અનુષ્ઠાન ક્રમમાં પંચાંગ પૂજન, વેદી પૂજન, યજ્ઞ મંડપ પૂજન, અગ્નિ સ્થાપન, જલયાત્રા યોજાશે. કમ્પાઉન્ડ વોલના ૬ મંદિરોમાં પ્રાણ પ્રતિષ્ઠા થશે.

# છતીસગઢમાં ભયાનક અકસ્માત: ૧૩ લોકોના મોત; ૧૨ ઘાયલ

## ટ્રક અને ટ્રેકટરની ટકકરથી દુર્ઘટના

રાયપુર તા.૧૨



છતીસગઢની રાજધાની રાયપુરમાં એક ભીષણ અકસ્માત સર્જાયો હતો. રાયપુર-બાલોદાબાજાર માર્ગ પર આવેલા સરાગાંવ નજીક રવિવારે મોડી રાત્રે એક ટ્રક અને ટ્રેલર વચ્ચે ભીષણ ટકકર થઈ ગઈ હતી જેમાં ૧૩ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૨ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

જેમને તાત્કાલીક ધોરણે સારવાર અર્થે નજીકની હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતકોમાં ૭ મહિલા, ૨ બાળકી અને એક કિશોર તથા એક ૬ મહિનાનો નવજાતનો સમાવેશ થાય છે. ટ્રેલરમાં જતા લોકો નવજાત શિશૂના છઠ્ઠીના કાર્યક્રમમાં હાજરી આપીને પાછા ફરી રહ્યા હતા. તમામ મૃતકો છતીસગઢનાં ચટૌદ ગામના વતની પુનિત સાહુના સબંધીઓ હતા.

# દાહોદમાં બે યુવક પર દિપડો ત્રાટક્યો

## બાઈકમાં જતી વખતે ઘટના: બંને ઘાયલ: ગ્રામજનોમાં ભય

દાહોદ, તા.૧૨

દાહોદમાં ગઇ સાંજે બે યુવકો બાઇક લઇને જઇ રહ્યા હતા ત્યારે સિંગવડ તાલુકાના મેડેર ચોકડી પાસે દિપડાએ હુમલો કરતા યુવકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

તો બે યુવાનો બાઈક લઈને જઈ રહ્યાં હતા તે દરમિયાન હાઈવે વિસ્તાર નજીક અચાનક દીપડાએ હુમલો કરતા એક યુવાનને મોઢાના ભાગે ગંભીર ઈજા થઇ છે બન્ને યુવાનો બાઈક પરથી નીચે પટકાયા હતા, જે યુવાનોને સારવારે માટે હોસ્પિટલ ખસેડવામાં આવે છે, દીપડાએ હુમલો કરતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે અને દીપડાને પકડીને પાંજરે પૂરવામાં આવે તેવી સ્થાનિકો માગ કરી રહ્યાં છે.

ઘટનાની જાણ થતાની સાથે જ વન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને જે જગ્યા પર દીપડાએ હુમલો કર્યો છે તેની નજીક જંગલ વિસ્તારમાં વન વિભાગે પાંજરૂ ગોઠવ્યું છે. ગ્રામજનોનું કહેવું છે કે દીપડો વારંવાર આ વિસ્તારમાં આવે છે અને માણસોને નુકસાન કરી હુમલો પણ કરે છે, તો



વન વિભાગ આ બાબતને લઈ થોડું વધુ સતર્ક બને તેવી માગ ઉચ્ચારી છે.

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના પાણીવેલા ગામે એક દીપડો નાળામાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. સ્થાનિક ગ્રામજનોએ રણધીપુર રેન્જ ફોરેસ્ટ ઓફિસને જાણ કરી હતી. ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ તરત જ ઘટના સ્થળે પહોંચ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, દીપડો બે દિવસથી ખાલી પડેલા નાળામાં હતો. અધિકારીઓના મતે, દીપડો કદાચ પાણીની શોધમાં નાળામાં આવ્યો હશે અથવા ઈજાગ્રસ્ત હોવાને કારણે નાળામાં ફસાઈ ગયો હશે.

# ટ્રાઈની સિફારીસ : સ્પેક્ટ્રમ ચાર્જ ૪ ટકા લાગે !

નવી દિલ્હી : ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઇએ શુક્રવારે ભલામણ કરી છે કે સ્ટારલિંક જેવી સેટેલાઇટ ટેલિકોમ કંપનીઓએ તેમની એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (એજીઆર)ના ૪ ટકા સ્પેક્ટ્રમ ચાર્જ સરકારને ચૂકવવો પડશે. આ દર કંપનીઓની અપેક્ષા કરતા ઘણો વધારે છે. ટ્રાઇએ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (ડીઓટી)ને કરેલી ભલામણોમાં એમ પણ જણાવ્યું હતું કે શહેરી વિસ્તારોમાં સેટેલાઇટ બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સેવાઓ પૂરી પાડતી કંપનીઓએ વાર્ષિક ૫૦૦ રૂપિયા પ્રતિ ગ્રાહક વધારાનો ચાર્જ ચૂકવવો પડશે.

જો કે, ગ્રામીણ વિસ્તારોમાં આપવામાં આવતી સેવાઓ પર કોઈ વધારાનો ચાર્જ લેવામાં આવશે નહીં. ટ્રાઇ દ્વારા ભલામણ કરવામાં આવેલી ફી સેટકોમ કંપનીઓની અપેક્ષા કરતા ઘણી વધારે છે. એલોન મસ્કની સ્ટારલિંક અને એમેઝોન ઇન્કની સબ્સિડિયરી કુઇપર સિસ્ટમ્સે ટ્રાઇ સાથેની વાતચીતમાં સ્પષ્ટ કહ્યું હતું કે સ્પેક્ટ્રમ ફી એજીઆરના ૧ ટકાથી નીચે રાખવી જોઇએ અને અન્ય કોઇ ચાર્જિસ વસૂલવી જોઇએ નહીં. ટ્રાઇએ સેટેલાઇટ બ્રોડબેન્ડ સ્પેક્ટ્રમને પાંચ વર્ષ માટે ફાળવવાની ભલામણ પણ કરી હતી, જેને વધુ બે વર્ષ માટે લંબાવી શકાય છે. ટ્રાઇએ જણાવ્યું હતું કે એજીઆરનો ૪ ટકા સ્પેક્ટ્રમ ચાર્જ ઓછામાં ઓછા ૩,૫૦૦ રૂપિયા પ્રતિ મેગાહર્ટ્ઝના વાર્ષિક સ્પેક્ટ્રમ ચાર્જને આધિન રહેશે. સેટેલાઇટ સ્પેક્ટ્રમની કિંમત નોન-જિયોસ્ટેશનરી સેટેલાઇટ ઓર્બિટ (એનજીએસઓ) અને જિયોસ્ટેશનરી સેટેલાઇટ ઓર્બિટ (જીએસઓ) આધારિત ફિક્સ્ડ-સેટેલાઇટ સર્વિસ (એફએસએસ) અને મોબાઇલ સેટેલાઇટ સર્વિસ (એમએસએસ) એમ બંને માટે એજીઆરની ટકાવારી તરીકે છે. એનજીએસઓનો અર્થ એ છે કે ઉપગ્રહો લો-અર્થ ઓર્બિટ (LEO) અથવા મીડલ અર્થ ઓરબીટ (એમઇઓ)માં છે. જિયોસ્ટેશનરી જીએસઓ (GSO) ઉપગ્રહોથી વિપરીત, LEO અને એમઇઓ (MEO) ઉપગ્રહો એક જ સ્થળે રહેતા નથી, પરંતુ પૃથ્વીની સાપેક્ષે પરિભ્રમણ કરે છે.




### સ્ટારલિંક જેવી કંપનીઓએ સરકારને ૪ ટકા સ્પેક્ટ્રમ ફી આપવી પડશે : ભલામણ

### નૈઋત્ય ચોમાસું આવતીકાલે દક્ષિણ આંદામાન-નિકોબારમાં પ્રવેશશે

# માવઠાનો રાઉન્ડ પૂરોઃ કાલથી વાતાવરણ ચોખ્ખુ થશેઃ તાપમાન વધશે

## જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની તા.૧૯ મે સુધીની આગાહીઃ ગુરૂ-શુક્રમાં તાપમાન નોર્મલ સ્તરે પહોંચશે

રાજકોટ તા.૧૨

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં છેલ્લા એકાદ સપ્તાહથી હવામાન પલ્ટા વચ્ચે કમોસમી વરસાદના કહેર બાદ હવે માવઠાનો આ રાઉન્ડ પુરો થયો છે.આવતીકાલથી વાતાવરણ ચોખ્ખુ થવા સાથે તાપમાન પણ વધીને નોર્મલ સ્તરે પહોંચી જવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે એક આગાહીમાં સુચવ્યા મુજબ સમગ્ર ગુજરાતમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. ૨૦૧ તાલુકામાં સામાન્યથી માંડીને ૨૦૮ મીલીમીટર સુધીનો વરસાદ થયો હતો.રાજકોટમાં આ ગાળામાં કુલ ૨૮ મીમી વરસાદ નોંધાયો હતો.આજ રીતે તાપમાન પણ સરેરાશ કરતાં ત્રણથી દસ ડીગ્રી ઘટવાનું કહ્યું હતું. અમુક સેન્ટરમાં તે ૧૨ થી ૧૩ ડીગ્રી સુધી નીચુ આવી ગયુ હતું.ગઈકાલે રાજકોટમાં મહતમ તાપમાન ૩૬.૪ ડીગ્રી હતું. તે નોર્મલ કરતાં ૪.૫ ડીગ્રી નીચુ હતું. ડીસામાં ૩૮ ડીગ્રી નોંધાયુ હતું તે નોર્મલ કરતા અઢી ડીગ્રી ઓછુ હતું.અમદાવાદમાં ૩૬.૬ ડીગ્રી તાપમાન હતું. તે નોર્મલ કરતાં ૫ ડીગ્રી નીચુ હતું.ગાંધીનગરમાં ૩૭ ડીગ્રી મહ્ત્તમ તાપમાન નોંધાયુ હતું જે નોર્મલ કરતાં ૪.૫ ડીગ્રી નીચુ હતું. રાજયનાં મોટાભાગનાં સેન્ટરોમાં તાપમાન ૨ થી ૫ ડીગ્રી નીચુ સાંપડયુ હતું.એક માત્ર ભૂજનું ૪૦.૨ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું તે સરેરાશ કરતાં ૧ ડીગ્રી વધુ હતું.



તેઓએ જણાવ્યું કે અરબી સમુદ્રમાં હાલ ૩.૧ કિલોમીટરની ઉંચાઈએ અપરએર સાયકલોનીક સરકયુલેશન છે અને તેનો ટ્રફ સૌરાષ્ટ્ર સુધી લંબાઈ છે.આવતા ૨૪ કલાકમાં નૈઋત્ય ચોમાસું દક્ષિણ આંદામાનના દરીયામાં તથા નિકોબાર દ્વીપમાં દાખલ થઈ જાય તેવી સંભાવના છે. ત્યારપછીનાં ચાર-પાંચ દિવસમાં તે સમગ્ર આંદામાન નિકોબાર દ્વિપ આંદામાનના દરીયા, બંગાળની ખાડીના અમુક ભાગો, દક્ષિણ અરબી સમુદ્રો તથા મધ્ય પશ્ચિમ બંગાળની ખાડીમાં દાખલ થાય તેવી સંભાવના છે.

સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાત માટે તા.૧૩ થી ૧૯ મે સુધીની આગાહી કરતાં તેઓએ જણાવ્યું હતું કે રાજયમાં નોર્મલ તાપમાન ૪૧ થી ૪૧.૫ ડીગ્રી છે ડીસામાં તે ૪૦.૫ ડીગ્રી, તથા ભુજમાં ૩૯ ડીગ્રી છે.આવતીકાલથી વાતાવરણ ચોખ્ખુ થવા લાગશે અને ૧૫ થી ૧૬ મે સુધીમાં તાપમાન નોર્મલની આસપાસ આવી જવાની શકયતા છે.આજે અમુક સેન્ટરોમાં છુટાછવાયા ઝાપટા વરસી શકે છે પરંતુ કાલથી વાતાવરણ ચોખ્ખુ થશે આગાહીનાં સમયગાળામાં પવનની દિશા પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમની રહેશે. કયારેક દક્ષિણના પવન ફુંકાશે.પવનની ઝડપ ૧૫ થી ૨૦ કિલોમીટરની રહેશે.જયારે ઝાટકાનાં પવનની ગતિ ૨૦ થી ૩૦ કિલોમીટરની રહેશે.૧૩-૧૪ મે વાતાવરણ ચોખ્ખુ રહેશે.૧૫ થી ૧૯ દરમ્યાન કયારેક વાદળો જોવા મળી શકે છે.

# નવા થોરાળામાં સિકયુરાઈઝેશન એકટ હેઠળ મકાનનો કબ્જો લેતા મામલતદાર

### રૂા.૮.૩૮ લાખની વસૂલાત માટે કાર્યવાહી

રાજકોટ,તા.૧૨

શહેરના ભાવનગર રોડ પર કસ્તુરબા શેરી નં.૬માં સિકયુરાઈઝેશન એકટ હેઠળ પૂર્વ તાલુકા મામલતદાર ચાવડા તેમજ સર્કલ ઓફીસર સત્યમ શેરસીયા સહિતના કર્મચારીઓ દ્વારા મકાનનો કબ્જો લેવામાં આવે છે.



કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર -૧ શ્રી ચાંદની પરમાર મેડમની સૂચના મુજબ મામલતદાર એસ. જે. ચાવડા, મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) અને સત્યમ શેરસીયા, સર્કલ ઓફિસર દ્વારા ધી સિક્યુરાઈઝેશન એક્ટ હેઠળ મિલકત નો કબ્જો લઈ ને રાજકોટ નાગરીક બેંક ના અધિકૃત અધિકારી ને કબજો સોંપવામાં આવ્યો હતો.

રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા સંજયકુમાર દેવજીભાઈ પરમાર ને રાજકોટ શહેરના આવેલ ભાવનગર રોડ ઉપર આવેલ કસ્તુરબા શેરી નં.૬(નવા થોરાળા) સીટી સર્વે વોર્ડનં.૧૨, સીટી સર્વે નં.૩૦૯૭, શીટ નં ૩૧૯ પૈકીની જમીન ચો.મી.૧૨૩-૭૬ ઉપરના આવેલ મકાન રજીસ્ટ્રર્ડ વેચાણ દસ્તાવેજ નં.૯૯૮૭ તા,૨૩-૦૫-૧૯૯૭ ની મિલ્કત ઉપર કલેકટર, રાજકોટ ના ઘી સિક્યુરાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટસ એન્ડ એરફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઇન્ટરેસ્ટ એક-૨૦૦૨ તળે સિક્યોર્ડ એસેટ નો કબ્જો લેવા બાબત નો હુકમ નં. જે-એક્સ-સિક્યુ. એક્ટ-કેસ નં. ૫૦/૨૦૦૮ તારીખઃ-૨૫/૦૩/૨૦૦૯ ના રોજ હુકમ કરવામાં આવેલ હતો. તે મિલ્કત ઉપર રહેણાંક મકાન નો કબજો તારીખઃ-૧૨/૦૫/૨૦૨૫ ના રોજ મામલતદારશ્રી એસ. જે. ચાવડા, મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) અને સત્યમ શેરસીયા, સર્કલ ઓફિસર દ્વારા ઘી સિક્યુરાઈઝેન એક્ટ હેઠળ મિલકત નો કબ્જો લીધો લેવાયેલ હતો.

મિલકત ઉપર તા. ૩૧/૧૨/૨૦૦૫ સુધીની બાકી પડતી લહેણી રકમ રૂ. ૮,૩૮,૨૫૬-૦૪ અને ત્યારબાદના ચડત વ્યાજની રકમની વસુલાત માટે કબજો લેવામાં આવ્યો.

# વરસાદી માહોલમાં સિઝનલ રોગચાળો વકર્યો : નવા ૧૪૫૪ કેસ

### ખોરાક-પાણીજન્ય સાથે મેલેરીયા પણ દેખાયો : શરદી-ઉધરસ, તાવના દર્દીમાં ઉછાળો : પાણીનો વધુ એક નમુનો કલોરીન ટેસ્ટમાં ફેઈલ

રાજકોટ, તા.૧૨

રાજકોટમાં અઠવાડિયાથી માવઠા અને વાદળછાયુ વાતાવરણ છે. પાણી અને ખોરાકજન્ય રોગચાળો આ વર્ષે વધુ છે ત્યારે અઠવાડિયામાં સિઝનલ રોગચાળાના કેસમાં પણ વધારો નોંધાયો છે. ગત સપ્તાહે રોગચાળાના કુલ ૧૧૭૩ કેસ હતા જે આ અઠવાડિયે વધીને ૧૪૫૪ પર પહોંચ્યા છે. સાથે જ પાણીના ચાલી રહેલા કલોરીન ટેસ્ટમાં વધુ એક નમુનો ફેઈલ થયો છે.

આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલી વિગત મુજબ તા.૫-પથી ૧૧-૫ સુધી જુદા જુદા વિસ્તારમાં કુલ ૪૫૧ ઘરે પાણીના કલોરીન ટેસ્ટ કરવામાં આવ્યા હતા તેમાં એક રીપોર્ટ નેગેટીવ આવ્યો છે. લોકોને પીવાનું પાણી ૨૦ મીનીટ ઉકાળવા, ૨૦ લીટર પાણીમાં કલોરીનની ગોળીનો ભૂકકો મૂકવા, ટાંકા સાફ કરવા, આજુબાજુમાં ગંદકીનો નાશ કરવા, ખાણીપીણીમાં ધ્યાન રાખવા અને આ રસ્તે ખોરાક પાણીજન્ય રોગચાળાથી બચવા સલાહ આપવામાં આવી છે.

આ અઠવાડિયામાં ઘણા દિવસો બાદ ફરી મેલેરીયાનો એક કેસ આવતા ચોમાસુ માહોલમાં મચ્છરનો ઉપદ્રવ વધ્યાનું લાગે છે. સાથે જ શરદી-ઉધરસના ૫૯૪, સામાન્ય તાવના ૬૫૦, ઝાડા-ઉલ્ટીના ૨૦૪ કેસ નોંધાયા છે. ટાઇફોઇડનો એક અને કમળાના પણ ચાર દર્દીની નોંધ થઇ છે. આ રીતે વરસાદી માહોલમાં દર્દીઓની સંખ્યા વધી છે. અમુક ખાનગી દવાખાનામાં પણ નવા કેસમાં વધારો નોંધાયાનું જાણવા મળ્યું છે.





રસ્તા પરના ગંદા પાણીમાં દવા છંટકાવ અને ઘરોમાં પાણીના નમુનાનું પરીક્ષણ મનપા દ્વારા ચાલી રહ્યું છે.

આરોગ્ય શાખાએ જણાવ્યું હતું કે, મચ્છરનું જીવનચક્ર ટૂંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. આથી લોકોએ તકેદારી રાખવી જરૂરી છે. આરોગ્યતંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. અઠવાડિયામાં પોરાનાશક કામગીરી હેઠળ ૨૪,૧૯૮ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૨૦૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. ઉપરાંત સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવ સમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારોમાં સઘન ફોગીંગ ચાલી રહ્યું છે.

મચ્છરોના ઉપદ્રવ બદલ પણ સઘન ચેકીંગ થઇ રહ્યું છે. મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી ચાલુ છે. જે હેઠળ રહેણાક સિવાય અન્ય ૬૧૬ પ્રીમાઇસીસમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવતા રહેણાંકમાં ૯૬ અને કોર્મશીયલ ૩૮ આસામીને નોટીસ આપવામાં આવ્યાનું મેલેરીયા શાખાએ જણાવ્યું છે.

### રોગચાળાના સપ્તાહના આંકડા

| રોગ | સાપ્તાહિક કેસ |
|---|---|
| મેલેરીયા | ૧ |
| શરદી-ઉધરસ | ૫૯૪ |
| સામાન્ય તાવ | ૬૫૦ |
| ઝાડા-ઉલ્ટી | ૨૦૪ |
| ટાઇફોઇડ | ૧ |
| કમળો | ૪ |

### માતાના જનાજામાં પહોંચે તે પહેલા પુત્રનું અકસ્માતમાં મોત

# જુના માર્કેટિંગયાર્ડ પાસે હિટ એન્ડ રન : એકનું મૃત્યુ, ૪ ઘવાયા



(૧)મૃતક યુસુફભાઇનો નિષ્પ્રાણ દેહ, ૨) તેનો ફાઈલ ફોટો, ૩)ઈજાગ્રસ્ત વિવેક શુક્લા, ૪) ઈજાગ્રસ્ત ગોપાલભાઈ ૫) ઈજાગ્રસ્ત જેઠાભાઈ ૬) ઘટના સ્થળે પડેલ રીક્ષા નજરે પડે છે.

### પુરપાટ ગતિમાં આવેલી કારે રીક્ષાને હડફેટે લેતા પોરબંદરના યુસુફ મુકાદમે ઘટનાસ્થળે જ દમ તોડ્યો, મોડીરાત્રે માતાના મૃત્યુની જાણ થતા અમદાવાદથી સીધા પોરબંદર આવવા નીકળી ગયા હતા, ગ્રીનલેન્ડ ચોકડીથી રીક્ષામાં ગોંડલ ચોકડી જવા નીકળ્યા અને કાળ ભેટી ગયો

### વહેલી સવારે ૫.૩૦ વાગ્યાં આસપાસ બનેલો બનાવ, ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા

રાજકોટ, તા.૧૨

રાજકોટમાં વહેલી સવારે ૫.૩૦ વાગ્યે હીટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં એક વ્યકિતનું મોત નિપજયું હતું. જયારે ૪ લોકોને ઇજા થઇ હતી. મૃતક યુસુફભાઇ અનવરભાઇ મુકાદમ (ઉ.વ.૪૦) પોતાના માતાના મૃત્યુની ખબર જાણી અમદાવાદથી પોરબંદર જઇ રહ્યા હતા રાજકોટની ગ્રીનલેન્ડ ચોકડીએ બસમાંથી ઉતરી રીક્ષામાં બેસી ગોંડલ ચોકડી જઇ રહ્યા હતા ત્યારે પુરપાટ ઝડપે આવેલી કારે રીક્ષાને હડફેટે લીધી હતી.

આ બનાવ અંગે મળેલી વિગત મુજબ આજે વહેલી સવારે ૫.૩૦ વાગ્યા આસપાસ રાજકોટના જુના માર્કેટીંગ યાર્ડ પાસે અમદાવાદ-પોરબંદર નેશનલ હાઇવે પર માર્કેટીંગ યાર્ડ પાસેનો પુલ ઉતરતા પુરપાટ ઝડપે આવેલી કાર રીક્ષાને પાછળથી ઠોકરે લીધી હતી. અકસ્માત સર્જી કાર ચાલક ત્યાંથી નાશી છુટયો હતો.

રીક્ષા પલ્ટી મારી જતા તેમાં સવાર રીક્ષા ચાલક સહિત ચાર પેસેન્જરો ઘવાયા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા પોરબંદરના રહેવાસી યુસુફભાઇ અનવરભાઇ મુકાદમ (ઉ.વ.૪૦)નું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ હોત નિપજયું હતું. જયારે રીક્ષા ચાલક સહિત ચાર લોકો ઘવાયા હતા.

ઇજાગ્રસ્ત પેસેન્જર (૧) વિવેક ત્રિમોહન શુકલા (ઉ.વ.૨૪, રહે. હાલ ગોંડલ, મુળ ઉત્તરપ્રદેશ) (૨) ગોપાલભાઇ કરશનભાઇ પઢારીયા (ઉ.વ.૪૧, રહે. કુવાડવા રોડ, રામ પાર્ક, રાજકોટ) (૩) જેઠાભાઇ મંગળભાઇ ચૌહાણ (ઉ.વ.૬૩, રહે. સરખેજ, ગાયત્રીનગર, અમદાવાદ)ને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. હીટ એન્ડ રનની ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના એએસઆઇ રામશીભાઇ વરૂ અને રાઇટર તોફીકભાઇ, ભગીરથસિંહ રાણાએ આજી ડેમ પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ હરપાલભાઇ સોલંકી સહિતનો સ્ટાફ દોડી ગયો હતો.

૧૦૮ના ઇએમટી દ્વારા યુસુફભાઇને ઘટના સ્થળે મૃત જાહેર કરાયા હતા. પોલીસે કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડયો હતો. મૃતકના સ્વજનોને જાણ થતા રાજકોટ સિવિલ હોસ્પિટલ દોડી આવેલા. મૃતકોના પરિજનો તરફથી મળેલ વિગત અનુસાર મૃતક યુસુફભાઇ અનવરભાઇ મુકાદમ (લોઢી) (ઉ.વ.૪૦) અમદાવાદ ખાતે ફીશરીસ કંપનીમાં મચ્છી ટ્રાન્સપોર્ટેશન કંપનીમાં નોકરી કરતા હતા. તેને સંતાનમાં ૨ દીકરા અને ૨ દીકરી છે. યુસુફભાઇ ૨ ભાઇ અને ૧ બહેનમાં મોટા હતા. તેમનો પરિવાર પોરબંદર ખાતે તુર્કી એપાર્ટમેન્ટ, શીતળા ચોક ખાતે રહે છે. ગઇકાલે રાત્રે યુસુફભાઇના માતા બાનુબેનનું ગઇકાલે બીમારી સબબ મૃત્યુ થયું હતું. આશરે ૧૧.૩૦ વાગ્યા આસપાસ યુસુફભાઇને ટેલિફોનિક જાણ કરાઇ હતી. યુસુફભાઇ અમદાવાદથી કોઇ વાહનમાં રાજકોટ આવ્યા હતા.

અહીં ગ્રીન લેન્ડ ચોકડી ખાતે ઉતરી પોરબંદરનું વાહન ગોંડલ ચોકડીથી મળશે તેમ જણાતા રીક્ષામાં ગ્રીનલેન્ડ ચોકડીથી ગોંડલ ચોકડી જતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. માતાના મૃત્યુ બાદ પુત્રનું પણ મોત નિપજતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

### ગોપાલભાઈ પોતાના ગામડે જતા'તા

શહેરના કુવાડવા રોડ પર રામ પાર્કમાં રહેતા ગોપાલભાઈ કરશનભાઈ પઢારીયા (ઉં. વ. ૪૧) પોતાના મૂળ વતન માણાવદરનાં શેરડી ગામે જતા હતા તેઓ પણ ગ્રીન લેન્ડ ચોકડીથી રિક્ષામાં બેસી ગોંડલ ચોકડી જતા હતા. અકસ્માતમાં તેઓને પગમાં અને ચહેરા પર ઈજા પહોંચી છે.

### વિવેક હજુ યુપીથી રાજકોટ પહોંચ્યો'તો

અકસ્માતમાં ઘવાયેલ વિવેક ત્રીમોહન શુક્લા(ઉં.વ.૨૪)મૂળ ઉત્તરપ્રદેશનો વતની છે. ગોંડલ રહે છે અને બંગળીનાં કારખાનામાં મજૂરી કરે છે. તેણે જણાવ્યું કે, તે વતન યુપી ગયો હતો. ત્યાંથી પરત આવી ગ્રીનલેન્ડ ચોકડી ઉતર્યો હતો. ગોંડલ જવું હોવાથી રિક્ષામાં બેસી ગોંડલ ચોકડી જતો હતો.

### જેઠાભાઇ વાસ્તુ પ્રસંગ હોવાથી રાજકોટ આવ્યા'તા

અકસ્માતમાં ઘવાયેલ જેઠાભાઇ મંગળભાઇ ચૌહાણ (ઉ.વ.૬૩, રહે. સરખેજ, ગાયત્રીનગર, અમદાવાદ)એ જણાવ્યું કે, તે છુટક મજૂરી કરે છે. રાજકોટના કાલાવડ રોડ પર ઇસ્કોન મંદિર પાછળ તેમના ભત્રીજા મુકેશભાઈનાં ઘરે વાસ્તુ પૂજન હતું. જેથી તેઓ રાજકોટ આવ્યા હતા. રિક્ષામાં બેસી ગોંડલ ચોકડી જતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો.

### ઈન્કમટેકસના ભ્રષ્ટાચારી અધિકારી સંતોષ કરનાનીનુ જ મોટુ રોકાણ હોવાના પુરાવા મળ્યાની ચર્ચા

# અમદાવાદમાં ઈન્ફિનિયમ ટોયોટા પર ઈન્કમટેકસ રેડઃ અધિકારીઓના રોકાણનો ઘડાકો

### અજીત મહેતાના શોરૂમ, મકાન સહિતના સ્થળે સર્ચઃ અનેક ભ્રષ્ટ અધિકારીઓએ રોકાણ કર્યાનો નિર્દેશઃ મોટાપાયે તવાઈ ઉતરશે

અમદાવાદ : અમદાવાદમાં સેન્ટ્રલ એજન્સીઓની તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયો છે ત્યારે જ રૂ. ૩૦ લાખની લાંચ કેસમાં અમદાવાદના ઇનકમ ટેક્સ અધિકારી સંતોષ કરનાનીના ઘરે સીબીઆઇએ સર્ચ કર્યું હતું. કરનાનીના કરોડો રૂપિયાનું રોકાણ જેને ત્યાં હતા તેવા ઇન્ફિનિયમ ટોયોટાના અજિત મહેતાના ઘરે પણ આયકર વિભાગે સર્ચ કરીને કરોડો રૂપિયાની છૂપાવેલી આવકના પુરાવા મેળવી લીધા છે. કરનાની ઉપરાંત ઘણા અધિકારીઓના રૂપિયા મહેતા ફેરવતા હતા. તેમણે ગુજરાતમાં ઘણી એજન્સીઓ પણ લીધી છે. હવે કોના રૂપિયા મહેતા પાસે હતા તેની તપાસ ચાલી રહી છે.

અમદાવાદના જાણીતા બિલ્ડર પાસેથી રૂ. ૩૦ લાખની લાંચ માગવાના કેસમાં એસીબીએ ઇનકમ ટેક્સ ઓફિસર સંતોષ કરનાની વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. વગદાર કરનાની ભાગવામાં સફળ રહ્યા હતા. આ પ્રકરણની તપાસ સીબીઆઈ કરી રહી છે. સીબીઆઈએ

કરનાનીના ઘર સહિત ઘણી જગ્યાએ દરોડા પાડીને તપાસ શરૂ કરી હતી. જેમાં ઘણા પુરાવા મળ્યા છે. સીબીઆઈની તપાસના બીજા જ દિવસે ઇનકમ ટેક્સની ટીમે શહેરની જાણીતી ઓટોમોબાઇલ એજન્સી ઇન્જિનિયમ ટોયોટાના અજિત મહેતાના ઘરે તથા શો રૂમ પર દરોડા પાડીને તપાસ કરી હતી. પ્રાથમિક તપાસમાં જ અધિકારીઓએ શોધી કાઢ્યું હતું કે, જેમના પર લાંચનો આરોપ છે તે કરનાનીનું ખૂબ જ મોટું રોકાણ ઇન્ફિનિયમ ટોયોટામાં કરાયું છે. આ ઉપરાંત શેર દલાલો અને જમીન દલાલીનું કામ કરતા લોકો પાસે પણ કરનાનીએ ઘણું રોકાણ કર્યું હોવાની વિગતો મળતા તેમને ત્યાં પણ તપાસ શરૂ થઇ ગઇ છે.

કરનાનીએ અમદાવાદના ઘણા વેપારીઓ અને ઉદ્યોગપતિઓ પાસે રોકાણ કર્યું છે તેની તપાસ ચાલી રહી છે. ઇન્ફિનિયમ ટોયોટાના અજિત મહેતાના ઘર, ઓફિસ, શો રૂમ અને ગોડાઉન પર તપાસ ચાલી રહી છે. અજિત મહેતા પાસે કરનાની જેવા કેટલા લોકોએ રોકાણ કર્યું હતું તેની પણ તપાસ ચાલી રહી છે.

# કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજને ફરીવાર લખણ ઝળકાવ્યા : પત્નીને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી

### કરણપરામાં પીયરે રહેતી પત્નીને મારવાના ઈરાદે નીકળેલા હર્ષદ મહારાજ અને તેના પુત્રએ કારનો પીછો કરી દોડાવ્યા : મહિલા જીવ બચાવવા ક્રાઈમ બ્રાંચે પહોંચી : પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ હાથ ઘરી

રાજકોટ, તા. ૧૨

કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજન લખણ ઝળકાવ્યા હતા અને પોતાની પત્નીને છરી બતાવી કાર પાછળ પીછો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઇ હતી.

બનાવ અંગે કરણપરા શેરી નં.૧૩માં રહેતા મેઘાબેન હર્ષદભાઇ માંડલીયા (ઉ.વ.૪૨)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે હર્ષદ માણેકલાલ માંડલીયા, કમલેશ હર્ષદ માંડલીયા અને નિલેશ ઉર્ફે બાબુ નામના શખ્સનું નામ આપતા પ્ર.નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણીના પતિ હર્ષદભાઇ છે. તેઓને સંતાનમાં ત્રણ પુત્રો જેમાં સૌથી મોટો કમલેશ બાદમાં આશિષ જે તેમના પતિના પ્રથમ પત્નીના સંતાનો છે. જે બાદ નાનો જેનીશ જે તેણીનો પુત્ર છે. તેણી છેલ્લા ૧૪ વર્ષથી પીયરમાં રહે છે. તેણીએ ૧૫ વર્ષ અગાઉ હર્ષદ સાથે કોર્ટ મેરેજ કરેલ હતા. દસેક દિવસ પહેલા તેણીના પતિ, તેણીના પુત્ર જેનીશના સાસરીયે આનંદનગર જઇ માથાકૂટ કરી આવેલ જેથી તેણીના પુત્રની સગાઇ તૂટી ગયેલ હતી. તે બાબતે તેણીએ પતિ સાથે વાત કરેલ કે ચાલો આપણે જેનીશને સમજાવી કે સગાઇ ભલે તુટી ગઇ હોય પણ તું કંઇ આડુ અવળુ પગલુ ભરતો નહીં એમ કહેતા પતિએ તેણી સાથે આવવાની ના પાડેલ અને ગાળો બોલી તેણીને ઘરમાં કાઢી મુકેલ હતી. જે બાદ તે પીયર આવતી રહી હતી. ત્યારબાદ ગત તા. ૯ના રાત્રીના સમયે તેણીને પતિનો ફોન આવેલ કે તારે જેને બોલાવવા હોય તેને બોલાવી લેજે હું તારા ઘરે આવું છું. તેણીનો પતિ માથાભારે હોય તેથી પરિવાર સાથે ઘરેથી નીકળીને તેણીના બહેન-બનેવી સરકારી હોસ્પિટલ ખાતે હોય તેમને તેડવા માટે ત્યાં ગયેલ હતા. તેઓને તેડીને જામટાવર પાસે પહોંચતા જ તેણીનો પતિ હર્ષદ અને તેનો મિત્ર નિલેશ ત્યાં બાઇક સાથે ધસી આવી હર્ષદે છરી કાઢી ગાડીના બોનેટ પર ધુંબો મારેલ અને છરીનો એક ઘા ગાડી પર મારેલ હતો. તેમજ છરી બતાવીને કહેલ કે ગાડીનો કાચ ફોડ નહીં તો બધાને જાનથી મારી નાખીશ તેમ બેફામ ગાળો બોલવા લાગેલ હતો. દરમ્યાન તેમનો મોટો પુત્ર કમલેશ પણ આવી ગયેલ અને તે પણ ગાળો બોલવા લાગેલ હતો. જે બાદ ફરીયાદીએ પોતાની ગાડી ભગાડી મુકેલ તો તેણીનો પતિ સહિતના આરોપીઓ તેમનો પીછો કરેલ અને તેણીના પતિના બાઇક પાછળ બેસેલ મિત્ર નિલેશે બાઇક આડી નાંખો તેમ કહી બોલતા હતા જેથી તેઓ ક્રાઇમ બ્રાંચે દોડી ગયા હતા તે બાદ તેઓ પ્ર.નગર પોલીસ મથકે આવી ગુનો નોંધાવ્યો હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી પોલીસે ત્રણે શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ફાયર એનઓસીની ઝુંબેશનું શું થયું? જનરલ બોર્ડમાં ફરી સરકારી પ્રશ્નોનો ઢગલો

## ગ્રાન્ટના આંકડાથી શરૂ થશે સભા : ભાજપ-કોંગ્રેસના ૨૨ પ્રશ્નો રજૂ થયા : વિપક્ષે ભરતી, સીટી બસ, ડ્રાઈવરો, નવા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની વ્યવસ્થા પૂછી..

રાજકોટ, તા.૧૨

મ્યુનિ. કોર્પોરેશનના આગામી તા.૨૦ના રોજ મળનારા જનરલ બોર્ડનો એજન્ડા પ્રસિધ્ધ થયો છે. આજે સવારે પ્રશ્નોત્તરી મુકવા કોર્પોરેટરો પહોંચ્યા હતા અને ડ્રોથી ક્રમ નકકી કરવામાં આવતા ૧ થી ૩ ક્રમે ભાજપના સભ્યોના પાંચ પ્રશ્નો રજૂ થયા છે. જયારે કોંગ્રેસના કોર્પોરેટરના પ્રશ્ન ચોથા ક્રમે હોય વધુ એક વખત ભાજપના કોર્પોરેટરોના પ્રશ્નોની સરકારી ચર્ચામાં જ બોર્ડ પુરૂ થઇ જાય તેવું લાગે છે. છતાં એક પ્રશ્નમાં ફાયર એનઓસી અને નોટીસની વિગતો પૂછવામાં આવી છે.

આજે બપોર સુધીમાં ભાજપના ૧૨ અને કોંગ્રેસના એક એમ કુલ ૧૩ કોર્પોરેટરે કુલ ૨૨ પ્રશ્ન રજૂ કર્યા હતા. પ્રથમ પ્રશ્ન વોર્ડ નં.૫ના ભાજપના મહિલા કોર્પોરેટર રસિલાબેન સાકરીયાનો છે. તેમણે મૂકેલા બે પ્રશ્નમાં એક વર્ષમાં કેન્દ્ર અને રાજય સરકારે ફાળવેલી ગ્રાન્ટ અને કામની વિગતો તથા બીજા પ્રશ્નોમાં ૨૦૨૪-૨૫માં મિલ્કત અને વ્યવસાય વેરાની નવી આકારણી, નોંધણી, રીવાઇઝ આકારણીના આંકડા જેવી સરકારી માહિતી માંગી છે. મોટા ભાગે આ પ્રથમ પ્રશ્નની ચર્ચામાં જ બોર્ડ પુરૂ થઇ જાય તેવું લાગે છે. બીજા ક્રમે ભાજપના કંચનબેન સિધ્ધપુરાએ પણ બે પ્રશ્ન મૂકયા છે. ગાર્ડન શાખાએ બે વર્ષમાં વોર્ડવાઇઝ કરેલા વૃક્ષારોપણ અને હવેના આયોજન, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, નિયમિત સફાઇ, ઘનકચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલની વ્યવસ્થા પૂછી છે.

ત્રીજા ક્રમે જયશ્રીબેન ચાવડાએ ટાઉન પ્લાનીંગ વિભાગને છેલ્લા બે વર્ષમાં અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા ઇમ્પેકટ ફી કાયદા હેઠળ વોર્ડવાઇઝ મળેલી અરજીઓ, તેના નિકાલની વિગતો પૂછી છે. મોટા ભાગે આ પ્રશ્નો અલગ અલગ સ્વરૂપમાં છેલ્લા ત્રણ-ચાર બોર્ડમાં પૂછાયેલા અને રીપીટ જેવા જ લાગ્યા છે.

ચોથા ક્રમે કોંગ્રેસના કોર્પોરેટર કોમલબેન ભારાઇના ત્રણ પ્રશ્નો છે. તેમણે છેલ્લા ૧૫ વર્ષમાં મનપાની વસ્તી અને વિસ્તાર વધવા સાથે વોર્ડવાઇઝ કરાયેલી ભરતી, શાખાઓ સ્ટાફની ઘટની વિગત પૂછી છે. સીટી બસમાં તા.૧૧/૧/૨૪ થી ૧/૫/૨૪ સુધીમાં ડ્રાઇવરની સંખ્યા, બસની સંખ્યા, ડ્રાઇવરની ઉંમરના નિયમ, લાયસન્સ, પેનલ્ટી, બસ અને હેવી ટ્રકમાં ડ્રાઇવરોની ભરતીની વિગતો પૂછી છે. આ ઉપરાંત ગાર્બેજ કલેકશનના નવા કોન્ટ્રાકટમાં વોર્ડવાઇઝ ફાળવાયેલી ટીપર વાન તેના પ્રકાર, જવાબદારી અંગેનો ત્રીજો પ્રશ્ન તેમણે મૂકયો છે.

આ સિવાય ભાજપના કોર્પોરેટરોએ મોટા ભાગે સરકારી માહિતી જેવા જ પ્રશ્ન પૂછયા છે. બે વર્ષમાં કેટલા ખર્ચે કેટલા ડામર કામ થયા, વોર્ડવાઇઝ ફૂડ લાયસન્સ, ટીપીના અનામત પ્લોટ, તેમાં વિકાસની કામગીરી, વોર્ડવાઇઝ હોર્ડિંગ બોર્ડ અને તેની આવક, ૨૦૨૪-૨૫માં વેરાની આવક, વ્યવસાય વેરા, હોર્ડિંગ કોન્ટ્રાકટની આવક, પ્રિ-મોન્સુન કામગીરી, હોકર્સ ઝોન, ઓટોમેટીક ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ, ટ્રાફિક અને પાર્કિંગ મેનેજમેન્ટ વિભાગની માહિતી પૂછી છે.

**ફાયર તંત્ર**

ફાયર વિભાગ દ્વારા એક વર્ષમાં ફાયર એનઓસી રજુ કરવા વોર્ડવાઇઝ કેટલા બિલ્ડીંગનો નોટીસ અપાઇ, આ નોટીસો પૈકી કેટલા મિલ્કત ધારકોને એનઓસી આપવામાં આવ્યા તેની માહિતી ભાજપના કોર્પોરેટર અલ્પનાબેન દવેએ માંગી છે.

**નગરસેવકોના પ્રશ્નો**

| | | |
|---|---|---|
| ૧ | રસિલાબેન સાકરીયા | ૨ |
| ૨ | કંચનબેન સિધ્ધપુરા | ૨ |
| ૩ | જયશ્રીબેન ચાવડા | ૧ |
| ૪ | કોમલબેન ભારાઇ | ૩ |
| ૫ | દિલીપભાઇ લુણાગરીયા | ૨ |
| ૬ | નિતીનભાઇ રામાણી | ૨ |
| ૭ | ડો. દર્શનાબેન પંડયા | ૧ |
| ૮ | ચેતનભાઇ સુરેજા | ૨ |
| ૯ | અલ્પાબેન દવે | ૧ |
| ૧૦ | કંકુબેન ઉધરેજા | ૧ |
| ૧૧ | મીનાબા જાડેજા | ૧ |
| ૧૨ | સંજયસિંહ રાણા | ૨ |
| ૧૩ | ડો.અલ્પેશભાઇ મોરઝરીયા | ૨ |

| | ભાજપ | કોંગ્રેસ | કુલ |
|---|---|---|---|
| કોર્પોરેટર | ૧૨ | ૧ | ૧૩ |
| પ્રશ્નો | ૧૯ | ૩ | ૨૨ |

### યુદ્ધ વિરામ છતા જરાપણ ઢીલ નહી મુકાય

# અમેરિકા કે કોઈની મધ્યસ્થી નહીઃ ત્રાસવાદ 'કવર' કરવા પાક. અણુ ધમકી આપી શકે નહીઃ ભારત

## પાકને 'હેન્ડલ' કરવા મોદી સરકારે હવે નિશ્ચિત લાઈન ખેંચીઃ ગોળીનો જવાબ ગોળી અને ગોળાથી અપાશેઃ વડાપ્રધાન



નવી દિલ્હીઃ

ભારત-પાક વચ્ચેના લશ્કરી તનાવ-અથડામણ બાદ થયેલા યુદ્ધવિરામમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભૂમિકા બાદ જે રીતે તેઓ કાશ્મીર પ્રશ્ન ઉકેલવા માટે ઓફર કરી છે તે ભારતે ફગાવી છે તથા પાકની અણુધમકીને સામે પણ જવાબ આપ્યો છે. ભારતે સ્પષ્ટ કર્યુ છે કે કાશ્મીર મુદ્દે જો કોઈ પ્રશ્ન હોય તો તે પાકિસ્તાનને જે રીતે અડધુ કાશ્મીર તેના કબ્જા હેઠળ રાખ્યુ છે તે પરત આપવા મુદ્દે જ વાટાઘાટ થશે. પાકે બન્ને દેશો વચ્ચેની લશ્કરી અથડામણમાં જે રીતે વારંવાર પાકની અણુશસ્ત્રોની ક્ષમતાને આગળ ધરી છે તેનો જવાબ આપતા ભારતે સ્પષ્ટ કર્યુ છે કે અમો આ ધમકીને ગંભીરતાથી લઈએ છીએ પણ તે ભારતને આ ધમકી આપીને ત્રાસવાદી હરકતોનો શિકાર બનાવે તે સ્વીકાર્ય નથી.

પાક અણુશસ્ત્રોની આડમાં ત્રાસવાદને 'કવર' કરી શકે નહી. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી.વેન્સ સહિતના અનેક દેશોના રાષ્ટ્રવડાઓ સાથેની વાતચીતમાં કહ્યુ છે કે ગોળીનો જવાબ ગોળી અને ગોળા બન્નેથી અપાશે. ત્રાસવાદીઓ સામે ભારતનો જંગ ચાલુ જ છે. તેઓ જયાં છુપાયા હશે ત્યાં પ્રહાર કરાશે. અમારે તેના માટે કોઈની મંજુરી જરૂરી નથી. ભારતે એ સ્પષ્ટ સ્પષ્ટ કર્યુ છે કે ઓપરેશન સિંદુર એ વ્યાપક છે અને પુરુ થયુ નથી. ભારતે એ સંકેત મોકલી આપ્યા છે કે પાકિસ્તાને ત્રાસવાદી સાથેની તેમના જોડાણની કિંમત ચૂકવવી પડશે. આમ ભારતે હવે પાક સાથેના સંબંધોમાં નવા નિયમો બનાવ્યા છે. પાકે છેલ્લા ૪૦ વર્ષમાં ત્રાસવાદીઓને અને તેના સંગઠનોને આર્થિક લશ્કરી મદદ કરી છે તેનો હવે અંત આવશે. વડાપ્રધાન શ્રી મોદીએ એ પણ સ્પષ્ટ કર્યુ કે પાકના કોઈ દુસાહસનો કે ત્રાસવાદી હરકતોનો હવે વધુ ઘાતક જવાબ અપાશે.

### હદ થઈઃ યુદ્ધ વિરામથી નારાજ 'ભકતો'નું કૃત્ય!

# વિદેશ સચિવ વિક્રમ મિસરીના સોશ્યલ મિડીયા એકાઉન્ટ પર 'બિભત્સ મેસેજ': પુત્રી ટાર્ગેટ

## દેશના સંકટ સમયે ફરજ બજાવનાર અધિકારીની પડખે IAS-IPS સહિતના એસો. આવ્યા



નવી દિલ્હીઃ

ભારત-પાક વચ્ચેના લાંબા સમયના ડિપ્લોમેટીક તનાવ અને હાલના 'યુદ્ધ'ની સ્થિતિ વચ્ચે કુશળતાથી વિદેશ વિભાગનું નેતૃત્વ કરી રહેલા વિદેશ સચીવ શ્રી વિક્રમ મિસરીના સોશ્યલ મીડીયા હેન્ડલ પર યુદ્ધ વિરામની જાહેરાત બાદ જે રીતે તેઓને ટાર્ગેટ કરાયા તે બાદ તેઓએ પોતાનું સોશ્યલ મીડીયા હેન્ડલ પ્રાઈવેટ કરી નાખ્યુ છે. મોદી સરકારે જે રીતે યુદ્ધ વિરામનો નિર્ણય થયો તેની સામે દેશના એક વિશાળ વર્ગમાં નારાજગી છે અને તે નારાજગી વ્યકત કરતા વિદેશ સચીવ વિક્રમ મિસરીના સોશ્યલ મીડીયા હેન્ડલ પર તેઓ અને તેમના પુત્રીને ટાર્ગેટ કરતા જ દેશમાં તેની સામે આકરી નારાજગી વ્યકત થઈ હતી. પોતાના ચોકકસ એજન્ડા અને 'ભકતો'ની ભૂમિકા ધરાવતા લોકોએ મિસરીને ટાર્ગેટ કર્યા હોવાનું માનવામાં આવે છે. તેઓ એ જે રીતે ગઈકાલે આ ઝુંબેશ છેડી તેની સામે આઈએએસ-આઈપીએસ-આઈએફએલ તથા કેન્દ્રીય સેવાના અધિકારીઓએ પણ વિરોધ દર્શાવ્યો.

આ પ્રકારનું ટ્રોલિંગ કરનાર સામે આકરી કાર્યવાહીની માંગ થઈ છે. આઈએએસ અધિકારી એસો.એ સોશ્યલ મીડીયા હેન્ડલ પર પોષ્ટ મુકી શ્રી મિસરી અને તેના કુટુંબની સાથે હોવાની ખાતરી આપી છે. જે સનદી અધિકારી તેની રાષ્ટ્રીય ફરજ પર પ્રતિબદ્ધ છે તેને સરકારના નિર્ણયો બદલ ટાર્ગેટ કરી શકાય નહી. શ્રી મિસરીના પર્સનલ સોશ્યલ મીડીયા એકાઉન્ટને પણ વલ્ગર કોમેન્ટથી ભરી દેવાયા. બાદ તેઓએ પોતાનું આ એકાઉન્ટ પ્રાઈવેટ કરવાની ફરજ પડી છે.

કોંગ્રેસ પક્ષના યુવા નેતા સચીન પાઈલોટે પણ આ પ્રકારની પ્રવૃતિને વખોડી કાઢી એકશનની માંગ થઈ છે.

### આઈ.ટી.આર.ફોર્મ એકથી છ જાહેર કરાયા

# કેપિટલ ગેઈન અને ડિવિડન્ડના રિપોટીંગ માટેના નિયમોમાં ફેરફાર




નવી દિલ્હી,તા.૧૨

આવકવેરા વિભાગે આઇટીઆર ફોર્મ ૧થી ૬ જાહેર કર્યા છે. કરદાતાઓ હવે આ ફોર્મનો ઉપયોગ કરીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે તેમના આવકવેરા રીટર્ન (આઇટીઆર) ફાઇલ કરી શકે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી)એ આ ફોર્મમાં કેટલાક કિસ્સાઓમાં યોગ્યતા અને જરૂરિયાતો સંબંધિત જરૂરિયાતોમાં મોટો તફાવત પાડ્યો છે. કરદાતાની સુવિધા અને પારદર્શિતાની દ્રષ્ટિએ આ વખતે કરવામાં આવેલા ફેરફારો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**આઇટીઆર ફોર્મમાં ફેરફારો આ પ્રમાણે છે :-**

**ફોર્મ-૧ (સહજ) :-**

હવે, મર્યાદિત લાંબા ગાળાના મૂડીનફાવાળા લોકો પણ સહજ ફોર્મ દ્વારા આવકવેરા રિટર્ન ફાઇલ કરી શકશે. પહેલા આવા લોકોને ITR ફોર્મ ૨ ફાઇલ કરવું પડતું હતું. અત્યાર સુધી ફોર્મ-૧માં મૂડીનફો દર્શાવવાની સુવિધા ન હતી, પરંતુ હવે જો કોઇ વ્યક્તિએ સ્ટોક કે ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાંથી મહત્તમ રૂ.૧.૨૫ લાખ સુધીનો લોંગ ટર્મ કેપિટલ ગેઇન કર્યો હોય તો તે સહજ ફોર્મનો ઉપયોગ કરી શકે છે.

**ફોર્મ-૨ :-**

માત્ર ટીડીએસ કપાતકર્તા જ નહીં, પરંતુ કઈ કલમ હેઠળ ટીડીએસ કાપવામાં આવ્યો છે તેની માહિતી પણ આપવાની રહેશે. આનાથી આવક અને કપાતને સચોટ રીતે મેચ કરવાનું સરળ બનશે. કરદાતાએ જણાવવું પડશે કે સ્ટોક વેચાણ કે રોકાણ ૨૩ જુલાઈ ૨૦૨૪ પહેલા કે પછી થયું હતું. વેચાણની તારીખ અનુસાર વેરાનો દર નક્કી કરવામાં આવશે. વિદેશી સંપત્તિ અને વિદેશી સ્ત્રોતોથી થતી આવકનો વિગતવાર ખુલાસો કરવો પડશે. આ ઉપરાંત શિડ્યુલ વીડીએફમાં ક્રિપ્ટોકરન્સીના દરેક ટ્રાન્ઝેક્શન પણ દર્શાવવું પડશે.

**ફોર્મ-૩ :-**

અગાઉ કરદાતાની વાર્ષિક આવક ૧.૫૦ લાખથી વધુ હોય તો તેણે મિલકતો અને લેણદાણની અંગેની માહિતી આઇટીઆરમાં રાખવી પડતી હતી. હવે આ મર્યાદા વધારીને ૧ કરોડ રૂપિયા કરી દેવામાં આવી છે. જે લોકોએ ૨૩ જુલાઈ ૨૦૨૪ પહેલા ઘર ખરીદ્યું છે, તેઓ ઇન્ડેક્સેશન વિના ૧૨.૫% ટેક્સ વિકલ્પ પસંદ કરી શકે છે. ઇકોસેશન સાથે ૨૦%નો વિકલ્પ પણ છે.

**ફોર્મ-૪ (સુગમ) :-**

આ ફોર્મ વ્યક્તિઓ, એચયુએફ અને ફર્મ (એલએલપી સિવાય) માટે છે, જેમની આવક ૫૦ લાખ રૂપિયાથી ઓછી છે. આ ફોર્મ નાના વ્યવસાયિક વ્યાવસાયિકો માટે ફાયદાકારક છે જેઓ અંદાજિત આવકના આધારે કર ચૂકવે છે. પગારદાર અથવા નાના ધંધાના માલિકો કે જેમને એક વર્ષમાં ૧.૨૫ લાખ રૂપિયા સુધીનો લોંગ ટર્મ કેપિટલ ગેઇન (એલટીસીજી) મળ્યો છે. તેઓ હવે આઈટીઆર-૧ અથવા આઈટીઆર-૪ દાખલ કરી શકે છે. જો ત્યાં કોઈ કેપિટલ લોસ અથવા ગેઇન ફોરવર્ડ ન હોય તો.

**ફોર્મ-૫ :-**

આ આઇટીઆર ફોર્મ એલએલપી કંપનીઓ (AOPS) અને બોડી ઓફ ઇન્ડિવિડ્યુઅલ્સ (BOI) માટે છે. આવકવેરા કાયદાની કલમ ૪૪ બીસીબીનો હવે ખાસ કરીને ફોર્મ-૫માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમજ હવે શેડ્યુલ ટીડીએસમાં ટીડીએસ વિભાગ કોડનો ઉલ્લેખ કરવો ફરજીયાત બનાવાયો છે. ૨૩ જુલાઈ ૨૦૨૪ પહેલા અને પછીની મૂડીગત આવકની અલગથી જાણ કરવી પડશે. જો ૧ ઓક્ટોબર ૨૦૨૪ પછી સીઇએનવેન થયું હોય તો સ્ટોક બાયબેંકમાં મૂડી નુકસાનની જાણ કરવી શક્ય છે.

**ફોર્મ-૬ :-**

આ ફોર્મમાં મૂડીનફાને પણ અલગ તારવવામાં આવ્યાં છે. શેર બાયબેન્કને થયેલા મૂડી નુકસાનની જાણ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે.

નવા ફોર્મમાં કંપનીઓને અનેક ખુલાસા કરવાનું કહેવામાં આવ્યું છે. જેમાં પાન, સીઆઇએન અને કોર્પોરેશનની તારીખ જેવી માહિતી આપવાની રહેશે.

રિટર્ન ફાઇલ કરતી વખતે કંપનીઓએ કંપનીની પ્રકૃતિ સ્પષ્ટ કરવી પડશે કે તે દેશી છે કે વિદેશી. વળી, કંપનીએ પહેલા પોતાનું નામ બદલ્યું છે કે નહીં.

કંપનીઓએ તેમના વ્યવસાયની શરૂઆતની તારીખ આપવી પડશે. આ સાથે રજિસ્ટર્ડ ઓફિસનું એડ્રેસ, કોન્ટેક્ટ ડિટેલ્સ અને ઈ-મેઈલ આઈડી પણ આપવાનું રહેશે. ૧૦ ટી.આઈ.એ.માં ફેરફાર કરવામાં આવ્યો છે જે રફ ડાયમંડના વેચાણથી ગ્રોસ રિપેમેન્ટના ૪ ટકા કે તેથી વધુ નફો થાય તો તેની જાણ કરવી પડશે.

આ ઉપરાંત હોમ લોન પર કલમ ૨૪(બી) હેઠળ દાવો કરવામાં આવેલી કપાતનો સમાવેશ કરવા માટે ફેરફાર કરવામાં આવ્યાં છે.

**યોગ્ય આઈ.ટી.આર.ફોર્મ પસંદ કરીને તેમની ટેકસ ફાઈલિંગને સરળ બનાવી શકે છે એટલું જ નહી.પરંતુ કોઈ ભૂલ કે નોટીસની શકયતાને પણ ટાળી શકે છે**



## યુદ્ધ વિરામ બાદ ભારતે ચિનાબ નદીના ડેમનો એક ગેટ ખોલતા પાક.માં જલપ્રવાહ પહોંચ્યો

પહેલગામ હુમલા બાદ પાક.ને સજારૂપે ભારતે નદીના ડેમના દરવાજા બંધ કરી દીધા હતા. યુદ્ધવિરામ બાદ ભારતે રવિવારે રામબનમાં ચિનાબ નદી પર બનેલ બગલિહાર જલવિદ્યા પરિયોજના ડેમનો એક દરવાજો ખોલી નંખાયો હતો, જેથી પાકિસ્તાન તરફ જલપ્રવાહ થવા લાગ્યો હતો.

# પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાનું ફેક ફેસબુક આઈડી બનાવનારની શોધખોળ

## સાયબર ગઠિયાએ ફેક એકાઉન્ટ મારફત ચેટિંગ કરી નંબર માંગવા પ્રયાસ કર્યો' તો : સાયબર ક્રાઈમ ટીમે તપાસ શરૂ કરી




રાજકોટ. તા.૧૨

સાઇબર ગઠીયાઆઓ એનકેન પ્રકારે સામાન્ય લોકોના ખિસ્સા ખાલી કરી રહ્યાં છે જે સાયબર ક્રાઈમ હાલના સમયમાં પોલીસ માટે સૌથી મોટો પડકાર છે. ત્યારે શહેર પોલીસ કમિશનર ખુદ પણ સાયબર ક્રાઇમનો ભોગ બન્યાં છે. પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાના બે ફેક ફેસબુક એકાઉન્ટ કોઈએ બનાવી નાંખતા પોલીસે તપાસ શરૂ કરી છે.

વિવિધ ક્ષેત્રના નામાંકિત લોકોના નકલી ફેસબુક એકાઉન્ટ બનાવી ગઠિયાઓ પ્રતિષ્ઠિત વ્યક્તિઓના પરિચિતો પાસેથી નાણાં પડાવતા હોય છે. ત્યારે ખુદ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના બે ફેક ફેસબુક એકાઉન્ટ બનાવ્યા હતા અને તેમાં પોલીસ કમિશનર ઝાની વિવિધ તસવીરો પણ અપલોડ કરવામાં આવી હતી.

આ બાબત ધ્યાને આવતા સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. એક ફેસબુક એકાઉન્ટમાંથી સામેની વ્યક્તિ સાથે ચેટીંગ કરી તેની પાસેથી તેના મોબાઈલ નંબર મેળવવાનો પ્રયાસ થયો હતો. જો કે કમિશનર બ્રજેશ કુમાર ઝા પાસે તે વ્યક્તિના મોબાઈલ નંબર અગાઉથી જ હોય તે વ્યક્તિ આ વાતથી વાકેફ હોય ફેક એકાઉન્ટ હોવાનું સ્પષ્ટ થઈ ગયું હતું અને તેણે ગઠિયાઓ સાથે ચેટિંગ અટકાવી દીધું હતું. આ અંગે સાઇબર ક્રાઇમ પોલીસે તપાસ હાથ ધરી પોલીસ કમિશનરના નામના ફેક ફેસબુક આઈડી બનાવનાર આ ભેજાબાજને શોધી કાઢવા કાર્યવાહી હાથ ધરી છે.

ફેસબુક ફેક આઈડીમાં પોલીસ કમિશ્નર ખંઢેરી સ્ટેડિયમમાં ઊભાં હોય તેવો ફોટો પણ અપલોડ કરવામાં આવ્યો છે.

# વિક્રમ મિશ્રી : કાશ્મીરમાં જન્મ, વિદેશ સચિવ જેમણે ત્રણ PM સાથે કામ કર્યું

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે મીડિયાને સંબોધવા માટે મોરચે રહેલા ભારતીય વિદેશ સેવાના અધિકારી વિક્રમ મિશ્રીને પાકિસ્તાન સાથે ભારતના તણાવ ઓછો કરવાના કરારની જાહેરાત કર્યા પછી ઓનલાઈન ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો. શનિવારે તેમણે નિર્ણયની જાહેરાત કર્યા પછી તરત જ ટ્રોલ્સે મિશ્રી અને તેમના પરિવારના સભ્યો, જેમાં તેમની પુત્રીનો પણ સમાવેશ થાય છે, સાથે દુર્વ્યવહાર કર્યો.

ટ્રોલ્સે મિસરીની દેશભક્તિ પર સવાલ ઉઠાવ્યા અને તેમની અંગત માહિતી પણ જાહેર કરી, જેના પગલે વિદેશ સચિવે તેમનું સોશિયલ મીડિયા એકાઉન્ટ લોક કરવું પડ્યું.

કોંગ્રેસ સાંસદ શાહી થરૂર, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ અને AIMIMના અસદુદ્દીન ઓવૈસી સહિતના રાજકીય નેતાઓ મિસરીના સમર્થનમાં આવ્યા હતા. આ ઉપરાંત IAS તથા IFS એસોસિએશને પણ ટ્રોલિંગની નિંદા કરી.

**વિક્રમ મિશ્રી કોણ છે?**

૧૯૮૯ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારીએ ૧૫ જુલાઈ ૨૦૨૪ ના રોજ વિદેશ સચિવ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેમણે વિદેશ મંત્રાલય, નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી કાર્યાલય અને યુરોપ, આફ્રિકા, એશિયા અને ઉત્તર અમેરિકામાં વિદેશમાં વિવિધ ભારતીય મિશનમાં વિવિધ હોદ્દાઓ પર સેવા આપી છે.

તેમણે વિદેશ મંત્રાલયના પાકિસ્તાન ડેસ્ક અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાનો આઈ.કે. ગુજરાલ અને પ્રણવ મુખર્જીના સ્ટાફમાં કામ કર્યું છે.

પ્રધાનમંત્રી કાર્યાલયમાં સંયુક્ત સચિવ તરીકે સેવા આપવા ઉપરાંત, તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રીઓ આઈ.કે. ગુજરાલ અને ડો. મનમોહન સિંહના ખાનગી સચિવ તરીકે પણ સેવા આપી છે.

રાજદૂત મિસ્રીએ બ્રસેલ્સ, ટ્યુનિશ, ઇસ્લામાબાદ અને વોશિંગ્ટન ડીસીમાં સેવા આપી છે. તેઓ શ્રીલંકામાં ભારતના ડેપ્યુટી હાઈ કમિશનર અને મ્યુનિકમાં ભારતના કોન્સ્યુલ જનરલ હતા.

મિશ્રીને ૨૦૧૪ માં સ્પેનમાં ભારતના રાજદૂત, ૨૦૧૬ માં મ્યાનમારમાં રાજદૂત અને પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇનામાં રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે જાન્યુઆરી ૨૦૧૯ થી ડિસેમ્બર ૨૦૨૧ સુધી સેવા આપી હતી. તેઓ તાજેતરમાં ભારતના નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (વ્યૂહાત્મક બાબતો) હતા, આ પદ તેમણે ૦૧ જાન્યુઆરી ૨૦૨૨ થી ૩૦ જૂન ૨૦૨૪ સુધી સંભાળ્યું હતું.

**પ્રારંભિક જીવન અને શિક્ષણ**

મિસ્રીનો જન્મ શ્રીનગરમાં થયો હતો અને તેમનું પ્રારંભિક શિક્ષણ બર્ન હોલ સ્કૂલ અને ડીએવી સ્કૂલ તેમજ ઉધમપુર, જમ્મુ અને કાશ્મીરમાં થયું હતું. તેમણે ગ્વાલિયરની સિંધિયા સ્કૂલમાંથી શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું અને દિલ્હી યુનિવર્સિટીની હિન્દુ કોલેજમાંથી ઇતિહાસમાં ઓનર્સ સાથે સ્નાતકની ડિગ્રી અને જમશેદપુરની XLRIમાંથી MBA કર્યું.

વિદેશ મંત્રાલય મુજબ, સરકારમાં જોડાતા પહેલા મિશ્રીએ ખાનગી ક્ષેત્રમાં જાહેરાત (લિન્ટાસ ઇન્ડિયા - બોમ્બે અને કોન્ટ્રાક્ટ એડવર્ટાઇઝિંગ - દિલ્હી) અને જાહેરાત ફિલ્મ નિર્માણના ક્ષેત્રોમાં ત્રણ વર્ષ કામ કર્યું. મિશ્રી એસ્પેન ઇન્સ્ટિટ્યૂટ યુએસએના ઇન્ડિયા લીડરશીપ ઇનિશિયેટિવ (હવે કમલનયન બજાજ ફેલોશિપ) ના ફેલો છે. રાજદૂત મિસ્ત્રીના લગ્ન ડોલી મિસ્ત્રી સાથે થયા છે, અને તેમને બે બાળકો છે.

# યુદ્ધના વિરામ અંગે સરકાર સંસદનું ખાસ સત્ર બોલાવેઃ રાહુલ



નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધ વિરામમાં હવે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદનું ખાસ સત્ર બોલાવવા માંગણી કરી છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે સરકારે દેશ અને સંસદને વિશ્વાસમાં લેવાવા જોઈએ. શ્રી ગાંધીએ અગાઉ સરકારના તમામ વલણને સમર્થન આપ્યુ હતું અને ઉમેર્યુ કે જે શાંતિ-સમજુતી કે યુદ્ધ વિરામ હતું તેમાં દેશના લોકોને જાણવાનો અધિકાર છે અને સંસદના ખાસ સત્રમાં તે અંગે ચર્ચા થવી જોઈએ.

# શાનદાર શરૂઆત... ૧૯ દિવસ પછી દુનિયાને મળશે મિસ વર્લ્ડ

## રાજસ્થાનની નંદિની ભારતનું પ્રતિનિધિત્વ કરશે : સ્પર્ધકોએ દેશની સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતા પોશાક પહેર્યા હતા : ભારતે પ્રથમ વખત ૧૯૯૬માં આ સ્પર્ધાનું આયોજન કર્યું હતું



હૈદરાબાદ, તા.૧૨

મિસ વર્લ્ડ ૨૦૨૫નો ખિતાબ જીતવા માટે ૧૧૦ દેશોના સ્પર્ધકો હૈદરાબાદમાં છે. ભારતીયો માટે ગર્વની વાત છે કે ભારત સતત બીજી વખત મિસ વર્લ્ડ સ્પર્ધાનું આયોજન કરી રહ્યું છે. ૧૯૫૧માં તેની સ્થાપના પછી સતત વર્ષોમાં વૈશ્વિક ઈવેન્ટનું આયોજન કરનાર યુકે પછી ભારત બીજો દેશ બન્યો છે. આ ઈવેન્ટ ૪ મેથી શરૂ થઈ હતી અને ૩૧ મે, ૨૦૨૫ સુધી ચાલશે.જેમાં ૧૨૦ મહિલાઓ ભાગ લીધો છે. અગાઉ, ૭૧મું મિલ વર્લ્ડ દિલ્હી અને મુંબઈ, ભારતમાં યોજાયું હતું. ચેક રિપબ્લિકની વર્તમાન મિસ વર્લ્ડ ક્રિસ્ટીના પિઝકોવા ૩૧ મેના રોજ ગ્રાન્ડ ફિનાલેમાં આગામી મિસ વર્લ્ડનો તાજ પહેરાવશે. દરમિયાન, ફેમિના મિસ ઈન્ડિયા બનેલી નંદિની ગુપ્તા આ વર્ષે મિસ વર્લ્ડ ટાઇટલ માટે ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

## ૩૧મીએ ફિનાલે, સતત બીજી વખત હોસ્ટિંગ

૧૯ દિવસ પછી ૩૧ મેના રોજ ગ્રાન્ડ ફિનાલેમાં વિજેતાની જાહેરાત કરવામાં આવશે. હૈદરાબાદના ગચીબોવલી ઇન્ડોર સ્ટેડિયમમાં સહભાગીઓની હાજરીમાં તે એક ભવ્ય શરૂઆત હતી. તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ મિસ વર્લ્ડ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ અને સીઈઓ જુલિયા મોલેન અને મિસ વર્લ્ડ ૨૦૨૪ ક્રિસ્ટીના પિઝકોવાની હાજરીમાં ઈવેન્ટની શરૂઆત કરી. ૨૦૨૪માં મુંબઈમાં મિસ વર્લ્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતે સૌપ્રથમવાર ૧૯૯૬માં બેંગલુરુમાં મિસ વર્લ્ડ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આમ બીજી વાર ભારત હોસ્ટિંગ કરી રહ્યું છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૨૦-૨૩૭૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૭૦-૨૩૨૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૨૪૦-૨૨૯૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૯૦-૨૨૪૦ |
| પામોલીયન તેલ | ૨૦૪૦-૨૦૪૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૨૦-૨૦૪૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૧૦-૨૧૪૦ |
| મકાઇ તેલ | ૧૯૪૦-૨૦૦૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૩૦-૨૨૫૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૩૦-૨૧૪૦ |



**સોનુ-ચાંદી**

સોનુ (૧૦ ગ્રામ)
૯૬૪૦૦(-૩૩૦૦)

ચાંદી
૯૬૮૦૦(-૨૦૦૦)

# પંચનાથ ટ્રસ્ટ સંચાલિત પેરા મેડિકલ કોલેજનું સફળ પ્રથમ વર્ષ પૂર્ણ'': ૩૩% રાહત દરે પેરા મેડિકલ કોર્ષનું સંપૂર્ણ શિક્ષણ

### અદ્યતન લેબોરેટરી, ઈમરજન્સી, ICU, OT માં ૧૦૦% પ્રેક્ટીકલ જ્ઞાન : સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની માન્યતા પ્રાપ્ત DMLT ડિપ્લોમાં ઈન મેડિકલ લેબોરેટરી ટેકનોલોજી કોર્સ કરાવવામાં આવશે



રાજકોટ, તા.૧૨

શ્રી પંચનાથ દાદાના આશીર્વાદથી તેમના પ્રાંગણ માં જ એટલે કે પંચનાથ મંદિરના કેમ્પસ માં જ શરૂ થયેલ પેરામેડિકલ શિક્ષણ સંસ્થાએ પ્રથમ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે! જેમાં ધોરણ ૧૨ પાસ કર્યા પછી ના તેમ જ ગ્રેજ્યુએશન પછી થતા પેરામેડીકલ કોર્ષ આવરી લેવાયા છે. જેથી કરીને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓનું પણ મેડીકલ ક્ષેત્રે કારકિર્દી આગળ વધારવાનું સ્વપન પૂરું થઇ શકે.

આ એક વર્ષ દરમિયાન, કોલેજે ઉચ્ચ ગુણવત્તાવાળી શૈક્ષણિક તાલીમ, મેડિકલ ક્ષેત્રમાં શ્રેષ્ઠ તબીબી અભ્યાસ, અને વિદ્યાર્થીઓને વ્યવસાયિક દષ્ટિએ તૈયાર કરવા માટે અનેક મંચો પર અવિરત પ્રયત્નો કર્યા છે.આ એક વર્ષમાં, કોલેજના વિદ્યાર્થીઓએ પોતાની પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે અને વિવિધ હોસ્પિટલો અને મેડિકલ સંસ્થાઓમાં તેમની નોકરીઓ અને ઇન્ટર્નશિપ માટે તાત્કાલિક સ્થાન પ્રાપ્ત કર્યાં છે.

આજ ના સ્પર્ધાત્મક યુગમાં ધોરણ ૧૨ અથવા ગ્રેજ્યુએશન બાદ રોજગાર લક્ષી પેરા મેડીકલ કોર્સ માં જોડાઈને કારકિર્દી ને નવી ઉંચાઈ અને સમાજ માં ઓળખ મળી શકે તે પ્રકારના અહી શ્રેષ્ઠ અભ્યાસક્રમો છે.

શ્રી પંચનાથ ટ્રસ્ટની પોતાની જ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ છે તો જે વિદ્યાર્થીઓએ અહી એડમીસન મેળવેલ હશે તે વિદ્યાર્થીઓને મેડીકલ શિક્ષણનો પ્રેક્ટીકલી અનુભવ મળી રહેશે અને લાઇવ સમજુતી નિહાળી તેઓ આસાનીથી અભ્યાસક્રમ ને સમજી શકશે.તમામ કોર્સ અનુભવી ડોક્ટરની ટીમ દ્વારા થીયરી તેમ જ અતિ આધુનિક, મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં આધુનિક સાધનો અને ઉપકરણોથી સજ્જ એવી અદ્યતન લેબોરેટરી, ઈમરજન્સી, ICU, OT માં ૧૦૦% પ્રેક્ટીકલ કરાવામાં આવશે.

રાજકોટની એક માત્ર સંસ્થા પંચનાથ ટ્રસ્ટ કે જ્યાં લગભગ ૩૩% જેટલા રાહત દરે પેરા મેડીકલ કોર્ષ નું સંપૂર્ણ શિક્ષણ આપવામાં આવશે.જેથી ઉલ્લેખનીય બાબત છે કે કોર્ષની જે ફી નક્કી કરેલ છે તે રકમ શિક્ષણ મેળવ્યા બાદ વિદ્યાર્થી લગભગ ૬ જ મહિનામાં મેડિકલ ક્ષેત્રે અન્ય કોઇ પણ જગ્યાએ નોકરી કરીને મેળવી શકશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ની માન્યતા પ્રાપ્ત DMLT ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી કોર્સ(BSC પાસ કર્યા પછી)કરાવવામાં આવશે .તેમજ ફક્ત ધોરણ ૧૨ પાસ કર્યા પછી થતા પેરામેડીકલ કોર્ષ જેમ કે, DMLT - BSC પાસ કર્યા પછી ૧ વર્ષ નો કોર્ષ- ફી : Rs.૪૦,૦૦૦ /-,PHLEBOTOMIST-ધોરણ ૧૨ પાસ કર્યા પછી ૧ વર્ષ નો કોર્ષ - ફી : Rs.૨૦,૦૦૦ /-, GDA - જનરલ ડ્યુટી આસીસ્ટન્ટ (નર્સિંગ કોર્ષ -ધોરણ ૧૨ પાસ કર્યા પછી૧ વર્ષ)ફી : છત.૨૦,૦૦૦/-, EMT - ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન -ધોરણ ૧૨ પાસ કર્યા પછી ૧વર્ષ નો કોર્ષ- ફી : છત.૨૦,૦૦૦/- રાખેલ છે.

જે તમામ કોર્ષ NSDC - નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, GRAMIN SHIKSHA - ભારત સરકાર માન્યતા પ્રાપ્ત કરેલ કોર્ષ સર્ટીફિકેટ તેમ જ UGC approved યુનિવર્સીટી દ્વારા તમામ કોર્ષ કરાવવામાં આવશે.

પંચનાથ પેરામેડિકલ ઇનસ્ટીટ્યુટમાં અનુભવી અને નિષ્ણાંત એવા B.H.M.S ડોક્ટરને પ્રિન્સિપલ તરીકે નીમવામાં આવેલ છે. તમામ વિદ્યાર્થીઓના વાલીઓ સંસ્થામાં જોડાવા માટે પંચનાથ મંદિરની ઓફીસ ખાતે રૂબરૂ મળે તથા મો.૯૭૨૬૮૪૯૭૭૮ પર સંપર્ક કરવો.

### તા.૧૩ના મંગળવારે મોરબી નજીક આવેલ ચંપાપુરી જૈન તીર્થના આંગણે

# આ.શ્રી તીર્થભદ્રસૂરીજી મ. આદિઠાણાની નિશ્રામાં શક્રસ્તવ અભિષેક પૂજન, યુવા શિબિરનું આયોજન





રાજકોટ તા.૧૨

પૂ.આ.ભ.શ્રી કલાપૂર્ણસૂરિશ્વરજી મહારાજાના પરમ શિષ્ય, પ્રશાંતમૂર્તિ પૂ. આચાર્ય દવેશ શ્રીમદ્ વિજય તીર્થભદ્રસૂરિજી મ. આદિ ઠાણા ૧૫ તથા સાધ્વી ભગવંત શ્રી જયરેખાશ્રીજી મ. આદિઠાણા-૧૨ની શુભ નિશ્રામાં આગામી તા.૧૩મીના મંગળવારે મોરબી નજીક આવેલ ચંપાપુરી તીર્થના આંગણે શ્રી જિનભકિત મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૧૩મીના સવારે ૭ વાગે સોનમ કલોકથી ચંપાપુરી તીર્થ સુધી પૂ. ગુરૂદેવના ભવ્ય સામૈયા, સવારે ૭-૪૫ કલાકે માંગલિક પ્રવચન, સવારે ૮ વાગે નવકારશી, સવારે નવ વાગે શક્રસ્તવ અભિષેક પૂજન ભણાવાશે. વિધિકાર તરીકે હિમાંશુભાઈ શાહ પધારશે. બપોરના ૧૨ વાગે સાધર્મિક ભકિત તથા બપોરના ૩-૩૦ કલાકે (ઉ.૧૫થી ૩૫ વર્ષ) યુવા શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

ચંપાપુરી તીર્થ જવા માટે મોરબીથી બસની ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમ સોનમ કલોકના જયેશભાઈ શાહે જણાવેલ છે. તા.૧૩ના મંગળવારે દરબાર ગઢ (મોરબી)થી સવારે ૬-૩૦, દેરાસરથી ૬-૪૫ કલાકે તથા હાઉસીંગ બોર્ડથી ૬-૫૫ કલાકે તેમજ સવારે ૧૦-૩૦, ૧૦-૪૫ તથા ૧૦-૫૫ કલાકથી ક્રમશઃ બીજીવાર બસની વ્યવસ્થા કરાઈ છે. યુવા શિબિર માટે પણ બસની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉપરોકત પ્રસંગનો લાભ અનસુયાબેન છબીલદાસભાઈ શાહ (હસ્તે જયેશભાઈ-સોનમ કલોક) પરિવારે લીધો છે.

# બધિર મંડળનાં છ ખેલાડીઓએ ખેલ મહાકુંભમાં ગોલ્ડ-સિલ્વર મેડલ મેળવ્યા

### વિજેતા ખેલાડીઓનું મંત્રી-પ્રમુખનાં હસ્તે સન્માન કરાયું








રાજકોટ તા.૧૨

સ્પોર્ટસ ઓથો. ઓફ ગુજરાત દ્વારા યોજાયેલ ગત ખેલ મહાકુંભમાં બધીર મંડળ રાજકોટના છ સભ્યોએ ઉજજવળ દેખાવ કરી એક ગોલ્ડ, બે સુવર્ણ અને ત્રણ રજતચંદ્રક મેળવી સંસ્થાની યશકલગીમાં વધુ એક પીછું ઉમેર્યુ છે. નોંધનીય છે કે મંડળના સભ્યો છેલ્લા અગીયાર વર્ષથી સતત આવો જ ભવ્ય દેખાવ કરી વિજેતા બની રહ્યા છે.

ગુજરાતભરના મૂકબધીરોના ઉત્કર્ષના હેતુ સાથે સ્થપાયેલી બધીર મંડળ રાજકોટ સંસ્થા શારીરિક પડકારોનો સામનો કરી રહેલ યુવાનોને પ્રોત્સાહિત કરી સહાય કરવાનું કામ કરે છે.

બધીર મંડળ દર વર્ષે અનેકવિધ સામાજીક, શૈક્ષણિક તેમજ વ્યવસાયલક્ષી માર્ગદર્શનની પ્રવૃતિઓનું આયોજન કરી શ્રવણ શકિતથી વંચીત રહેલ યુવાનો માટે નોર્મલ યુવાનોની સમાંતર ઉભા રહી શકાય તેવું પ્લેટફોર્મ પુરૂ પાડે છે જે અન્યવે દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાના છ સભ્યોએ ખેલ મહાકુંભમાં ઝળહળતો દેખાવ કર્યો છે. જેમાં આશાબેન હકાણી (ચેસ પ્રથમ), રાહુલ માણેક (ગોળા ફેંક બીજા) કમલેશ રોકડ (બરછી ફેંક બીજા) આશારામ કાપરી (ગોળાફેંક ત્રીજા) તેજલ સારિયા (બરછી બેંક ત્રીજા) પ્રત્યુષ શુકલ (ચેસ ત્રીજા) સર્વેને સન્માનપત્રો પણ એનાયત કરાયા હતા.

રાજકોટ વીર એકેડમીના હોલમાં યોજાયેલ સમારોહમાં વિજેતાઓને બીરદાવતા સંસ્થામાં આદ્યસ્થાપક તેમજ પ્રમુખ (રમતગમત) રાહુલ માણેક, અને મંત્રી (રમતગમત) મહિપાલસિંહ ચુડાસમા કહ્યું હતું કે મૂકબધીર યુવાનોએ આવી પ્રવૃતિઓમાં ઉત્સાહભેર ભાગ લઈ અન્ય બોલી, સાંભળી, જોઈ શકતા યુવાનો માટે આદર્શ સ્થાપી બહુમાન કરવામાં આવ્યું હતું.

### તા.૨૧મીના મણિયાર દેરાસરના આંગણે

# પ્રાચીન તીર્થ માંડવી ચોક જિનાલયની ૧૯૯મી ધ્વજારોહણના વધામણાઃ ૨૦૦મી ધજાની ઉછામણી

### ૧૯૯માં ધ્વજારોહણ મહોત્સવની પૂર્વ સંધ્યાએ સુવિખ્યાત ભકિતકાર અંકુર શાહનું ભકિત સંગીત યોજાશેઃ લાભાર્થી પરિવારોના સન્માન

રાજકોટ તા.૧૨

પ્રાચીન તીર્થધામ શ્રી સુપાર્શ્વનાથ દાદાના જિનાલયની આગામી તા.૨૨મીના ૧૯૯મી સાલગીરી મહોત્સવ ઉજવવામાં આવનાર છે.



આગામી તા.૨૧મીના બુધવારે રાત્રે ૮-૩૦ કલાકે મણિયાર દેરાસરમાં પરમપૂજય પંન્યાસ પ્રવર શ્રી તારકચંદ્રસાગરજી મહારાજ આદિની નિશ્રામાં દાદાવાડીની ૧૯૯મી ધ્વજારોહણ મહોત્સવની પૂર્વ સંધ્યાએ સુવિખ્યાત ભકિતકાર અંકુર શાહનું ભકિત સંગીત યોજવામાં આવેલ છે. તેમને ભકિતકાર ધર્મેશભાઈ દોશી સાથ પુરાવશે.

ભકિત સંગીતના કાર્યક્રમમાં આગામી ૨૦૦મી વર્ષ ગાંઠની ધ્વજારોહણની ઉછામણી કરાશે તથા ૧૯૯મી ધ્વજારોહણના લાભાર્થી પરિવારનું સન્માન કરવામાં આવશે. જેમાં સુપાર્શ્વનાથ દાદાની ૧૯૯મી ધજાના લાભાર્થી સુશીલાબેન વિનોદચંદ્ર શેઠ પરિવાર તથા શ્રી માણિભદ્ર દાદાની ધજાના લાભાર્થી અશ્વિનભાઈ રસિકભાઈ મીઠાણી પરિવારનદું બહુમાન કરવામાં આવશે. તેમજ દરેક ધજાના લાભાર્થીઓનું સન્માન કરાશે.

રાજકોટ જૈન તપગચ્છ સંઘના પ્રમુખ જીતુભાઈ ચા વાળા, ઉપપ્રમુખ પંકજભાઈ કોઠારી, સેક્રેટરી કિરીટભાઈ સંઘવી, કન્વીનર અરૂણભાઈ દોશી, સહ કન્વીનર જીતુભાઈ ગાંધી (મારવાડી) વગેરેના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

### ગોં.સંપ્ર.ના ગુરૂ ભગવંત પૂ.રાજેશમુનિ મ.ની નિશ્રામાં

# નવદીક્ષિત પૂ.કૃતજ્ઞાજી મ.ની વડીદીક્ષા, છેદોપ સ્થાપનીય ચારિત્ર ગ્રહણ વિધિ સંપન્ન

રાજકોટ તા.૧૨

ગોંડલ સંપ્રદાયના આગમે અર્કદેશેક ધ ચારિત્રનિષ્ઠ પરમ પૂજ્ય ગુરુભગવંત બા.બ્ર. શ્રી રાજેશમુનિજી મહારાજસાહેબ તથા પૂજયશ્રીના સુશિષ્ય-સુશિષ્યાઓ આદિ સંત-સતીજી ભગવંતોની નિશ્રામાં આજે તા.૧૦ના શનિવારે મંગલ ભૂમિ શ્રી ઋષભદેવ સ્થા. જૈન સંઘ, રાજકોટના આંગણે પરમ પૂજય બા.બ્ર. શ્રી કૃતજ્ઞાજી મહાસતીજીની વડી દીક્ષા યોજાઈ.

વડી દીક્ષા અર્થાત છેદોપસ્થાપનીય ચારિત્ર ભરત અને ઇરવત ક્ષેત્રમાં પહેલા અને ૨૪માં તીર્થંકરના શાસનમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને અંગીકાર કરાવવામાં આવે છે, જે દીક્ષા પછી જઘન્ય ૭ દિવસ અને ઉત્કૃષ્ટ ૬ મહિનામાં આપવામાં આવે છે. શ્રી દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનથી આ ચારિત્ર નવદીક્ષિતને અંગીકાર કરવામાં આવે છે.

સવારે ૮.૦ વાગ્યાથી પૂજ્ય ગુરુભગવંતે અનંતી કૃપા કરી શ્રી દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનનું વિસ્તૃત વર્ણન ખૂબ જ સરળ ભાષામાં સર્વેને સમજાય તેવી અદ્ભુત અને અનુપમ શૈલીમાં ફરમાવેલ તથા જિનાજ્ઞા, સંયમી તથા અપ્રમાદી જીવનનું મૂલ્ય જણાવી સમસ્ત ચતુર્વિધ સંઘને પ્રેરણા કરેલ.

કોઇપણ પ્રકારના આડંબર કે આરંભ--સમારંભ વગર, ખૂબ જ સાદગી તથા જૈન શાસનના અનમોલ મૂલ્યોની ગરિમા તેમજ ગૌરવ જાળવી માઈક, લાઉડ સ્પીકર, લાઇટ, પંખા, મોબાઇલ, કેમેરા, વિડિયોગ્રાફી વગર ગામોગામથી પધારેલ સંઘોના અનેક આગેવાનો, શ્રેષ્ઠીઓ, શાસન સેવકો તથા સેંકડો શ્રાવક-શ્રાવિકાજીઓની ઉપસ્થિતિમાં વિશિષ્ટ વૈરાગ્યપૂર્ણ વાતાવરણમાં આ વડીદીક્ષા સંપન્ન થયેલ. તેમ ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિધ્ધાંત સંરક્ષક સમિતિ રાજકોટના ઉપપ્રમુખ પરેશભાઇ પટેલે જણાવેલ છે.

## શ્રી સૌરાષ્ટ્ર હાઈસ્કૂલનું ધો. ૧૦ અને ૧૨માં ઝળહળતું પરિણામ

માર્ચ- ૨૦૨૫ માં બોર્ડની પરીક્ષામાં શાળાએ સુંદર પ્રદર્શન કરી SSC બોર્ડમાં ૯૭.૮૩% અને HSC (કોમર્સ) માં ૮૨.૫૨% પરિણામ મેળવી તેમજ ૯૦ થી ૯૯ PR વચ્ચે SSC બોર્ડમાં ચાર વિદ્યાર્થી અને HSC (કોમર્સ) માં છ વિદ્યાર્થી આવેલ છે.શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે.




# પી.બી.સ્કૂલની ધો.૧૦ ની મહેક ઠાકુર ૯૯.૨૨ પીઆર સાથે શાળામાં ફર્સ્ટઃ GPSC પરીક્ષા પાસ કરવાનું સ્વપ્ન

### ટ્યુશન વગર સખત મહેનત કરી મહેક ઠાકુર સમગ્ર શાળામાં ચમકીઃ શાળા અને ઠાકુર પરિવારનું ગૌરવ વધાર્યું

રાજકોટ, તા.૧૨

તાજેતરમાં ધો.૧૦ નું પરિણામ જાહેર થયેલ છે. ત્યારે પી.બી.સ્કૂલની વિદ્યાર્થીની મહેક ઠાકુર બોર્ડમાં ઝળહળતા પરિણામ સાથે ચમકેલ છે. મહેક ઠાકુર ધો.૧૦ માં ૯૯.૨૨ પીઆર મેળવી ઉતીર્ણ થયેલ છે. તેણીએ આ ઝળહળતી સફળતા સાથે શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું છે.

'સાંજ સમાચાર'ની મુલાકાતે મહેક ઠાકુર આવેલ. વાતચીત દરમ્યાન જાણવા મળ્યું હતું કે, મહેક ઠાકુર શહેરના રેલનગર વિસ્તારમાં રહે છે. તેના પપ્પા સુનિલભાઈ ઠાકુર પાલસ્ટિકની બંગળી બનાવવાનું કામ કરે છે. મહેક ટ્યુશન વગર સખત મહેનત કરી શાળામાં પ્રથમ આવેલ છે. તેણીએ ધો.૧૦ માં ૯૯.૨૨ પીઆર મેળવી શાળામાં મોખરે આવી છે. મહેક આગળ ધો.૧૧ કોમર્સમાં એડમિશન લેશે. આ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી GPSC પરીક્ષા પાસ કરી સરકારી નોકરી કરવાનું તેણીનું સ્વપન છે. 'સાંજ સમાચાર'ની મુલાકાતે શ્રી પી.બી.સ્કૂલના સંચાલક પ્રવીણભાઈ ભોજાણી દેવેન્દ્રસિંહ ચુડાસમા, સુનિલભાઈ ઠાકુર અને તેની પુત્રી મહેક ઠાકુર આવ્યા હતા.

## વોર્ડ નં. ૧૪ ના મહિલા મોરચાના મહામંત્રી

દિપાલી વોરાનો આજે જન્મદિવસ



જૈન મહિલા અગ્રણી બીજેપી વોર્ડ નં.૧૪ ના મહિલા મોરચાના મહામંત્રી દિપાલીબેન વોરાનો આજે જન્મદિવસ છે. બજરંગ સેનાના સૌરાષ્ટ્ર મહિલા મોરચાના પ્રદેશ પ્રભારી છે. જૈન વિઝન કમિટીમાં તેઓ મેમ્બર તરીકે પણ કાર્યરત છે અને નવનાત વણિક સમાજના રાજકોટ જિલ્લા મહિલા સંગઠનમાં પણ તેઓ મંત્રી તરીકે ફરજ બચાવી રહ્યા છે. આજના જન્મદિવસે તેમના મો.નં.૯૯૨૫૫ ૨૯૩૯૮ ઉપર સમાજના અગ્રણીઓ દ્વારા શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# એસ્ટ્રલની ડુપ્લીકેટ પાઈપ વેચનાર પકડાયા

એસ્ટ્રલના ઉત્પાદનો તરીકે ભ્રામક રીતે લેબલ કરાયેલા નકલી ઈડ્ટઈ પાઈપો અને ફિટિંગના ઉત્પાદન, વેચાણ અને વિતરણ અંગે કાયદા અમલીકરણ અધિકારીઓ સમક્ષ ફરિયાદ નોંધાવી છે.



ફરિયાદમાં માહી પટેલ, જેમને સાગરકુમાર એમ ભોજાણી તરીકે પણ ઓળખવામાં આવે છે, અને તેમના સહયોગીઓનો ઉલ્લેખ છે, જેઓ આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ છે. જેઓ વ્યાપક નેટવર્ક ચલાવતા હોવાનો આરોપ છે. એસ્ટ્રલ લિમિટેડને લગભગ જાન્યુઆરી ૨૦૨૫ માં એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ નકલી ઉત્પાદનોની જાણ થઈ હતી, જ્યાં માહી પટેલે ખુલ્લેઆમ એસ્ટ્રલ બ્રાન્ડ નામ ધરાવતા પાઈપોની પ્રતિકૃતિ વેચાણ માટે ઓફર કરી હતી.આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માત્ર જાહેર સુખાકારીને જોખમમાં મૂકે છે જ નહીં પરંતુ એસ્ટ્રલ લિમિટેડને નોંધપાત્ર નાણાકીય નુકસાન અને ભરપાઈ ન થઈ શકે તેવી પ્રતિષ્ઠાને પણ નુકસાન પહોંચાડે છે. જેના કારણે અમારા ગ્રાહકો વિશ્વાસ ગુમાવી શકે છે અને કંપનીની મહેનતથી મેળવેલી સિદ્ધિને નુકસાન થઈ શકે છે.આ ગુનાઓની ગંભીરતા અને જાહેર જનતા માટે નોંધપાત્ર જોખમને ધ્યાનમાં રાખીને, એસ્ટ્રલ લિમિટેડે ૦૪-૦૪-૨૦૨૫ ના રોજ બોડકદેવ-પોલીસ સ્ટેશન, અમદાવાદમાં ૨૦૨૫ ના નોંધણી નંબર ૧૧૧૯૧૦૦૬૨૫૦૦૯૫ સાથે એક FIR નોંધાવી હતી. પોલીસ અધિકારીઓએ નકલી માલ જપ્ત કર્યો હતો, જેની કિંમત રૂ.૩,૨૬,૫૪૦/- હતી. સંપૂર્ણ તપાસ બાદ પોલીસ અધિકારીઓએ ૦૬.૦૫.૨૦૨૫ ના રોજ રાજકોટના ગોંડલથી આરોપી માહી પટેલની ધરપકડ કરી હતી.

# ગુરૂવારે સમસ્ત કોળી સમાજનો શાહી રજવાડી સમુહલગ્નઃ૧૫ દિકરીઓ પ્રભુતામાં પગલા પાડશે

રાજકોટ, તા.૧૨

સમસ્ત કોળી એકતા ટ્રસ્ટના પ્રમુખ કલ્પેશભાઈ બાવરીયા ઉપપ્રમુખ ધીરૂભાઈ ધોળકીયાના માર્ગદર્શન હેઠળ હેઠળ રાજકોટ શહેરના આંગણે સમસ્ત કોળી સમાજની ૧૫ દિકરીઓનો શાહી રજવાડી સમુહલગ્ન ૧૫/૦૫/૨૦૨૫ ગુરૂવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે લકકીરાજ પાર્ટી પ્લોટ, આજીડેમ ચોકડી, મહિકાના પાટીયા પાસે, રાજકોટ ખાતે રાખેલ છે. દિકરીઓને કરીયાવરમાં ૧૦૧ થી વધારે ઘરવપરાશની વસ્તુઓ આવશે. તેમજ મહેમાનો અને જાનૈયાઓ માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે.




તસ્વીરઃ પંકજ શિશાંગીયા

### કરીયાવરમાં ૧૦૧થી વધારે ઘરવપરાશની વસ્તુઓ અપાશે

સમસ્ત કોળી સમાજના સંતો-મહંતો, આગેવાનો, વડિલો, મહિલા મંડળો, ગ્રુપો અને સર્વ જ્ઞાતિના દાતાઓ અને આગેવાનો તથા મહેમાનો સમુહલગ્નમાં સહભાગી બનશે. આયોજક ટીમ દ્વારા સમુહલગ્નમાં વર-કન્યા માટે બ્યુટીપાર્લરની વ્યવસ્થા, વર-કન્યાની રજવાડી એન્ટ્રી સાથે કેક શેરમની અને વર-કન્યાને રથમાં બેસાડીને ફુલેકુ કાઢવામાં આવશે. ડિ.જે. સાથે વાજતે-ગાજતે લગ્નમંડપમાં લઇ જવામાં આવશે.

આ સમુહલગ્નના મુખ્ય આયોજક કલ્પેશભાઇ બાવરીયા, ધીરૂભાઈ ધોળકીયા, સુરેશભાઈ જાંબુકીયા, અરૂણાબેન મગવાનીયા, ભરતભાઈ ચણિયારા, મનસુખભાઈ ધામેચા, પ્રવિણા બેન રાઠોડ, પ્રવીણભાઈ અબાસણીયા, મયુરભાઈ બાવરીયા, અમીતભાઈ ધોળકિયા, રૂપેશ ધોળકિયા, ભૂપતભાઈ જારેશ, રવિનાબેન ઠાકોરએ 'સાંજ સમાચાર'ની મુલાકત લીધી હતી.

# આચાર્યની પુત્રી ગ્રાન્ટેડ શાળામાં ભણી, ફીના કોઈ ખર્ચ વગર ધો.૧૦માં ટોપ રીઝલ્ટ મળ્યું

### કન્યા કેળવણી પ્રોત્સાહક યોજનાના લાભ સાથે જિનલ પંડયાની સિધ્ધિ



રાજકોટ, તા. ૧૨

ધો.૧૦ની ૨૦૨૫ની પરીક્ષામાં ગ્રાન્ટેડ સ્કુલના આચાર્યની પુત્રીએ ગ્રાન્ટેડ શાળામાં જ એક પણ રૂપિયાની ફી ભર્યા વગર, સરકારની યોજનાથી ભણીને ઉજજવળ પરિણામ મેળવ્યું છે.

કડવીબાઇ વિરાણી કન્યા વિદ્યાલયમાં ભણતી જિનલ પંડયાને એસએસસીમાં ૯૬.૮૩ ટકા અને ૯૯.૮૪ પીઆર મળ્યા છે. તેમના પિતા પી એન્ડ ટી.વી. શેઠ હાઇસ્કુલ ગ્રાન્ટેડ શાળાના આચાર્ય છે. સરકારી કે ગ્રાન્ટેડ શાળામાં પણ ભણીને ઉજળુ પરિણામ મેળવી શકાય તે સાબિત કરનાર જિનલ પંડયાએ અભ્યાસ પાછળ કોઇ ખર્ચ કરવો પડયો નથી. પરિવારના આશિર્વાદ સાથે કન્યાઓની ફી અને પરીક્ષા ફી પણ સરકાર આપે છે કન્યા કેળવણી પ્રોત્સાહક યોજનાના માધ્યમથી એક પણ રૂપિયાનો ખર્ચ તેમને થયો નથી. વર્તમાન સમયમાં હરીફાઇ વચ્ચે દરેક વિદ્યાર્થી પોતાની ક્ષમતા મુજબ જાતે મહેનત કરે તો સારૂ પરિણામ ચોકકસ લાવી શકે છે. ભવિષ્યમાં તે ધો.૧૨ સાયન્સ નીટમાં ઉજજવળ પરિણામ મેળવી ડોકટર બનવા માંગે છે. સફળતા માટે સરકારી, ગ્રાન્ટેડ કે ખાનગી કોઇપણ શાળામાં ભણીને ઉજળુ પરિણામ મેળવી શકાય તેમ જિનલ માને છે.

## એ.જી. ઓફિસ દ્વારા ઓપન રાજકોટ કેરમ ટુર્નામેન્ટનું આયોજન

દર વર્ષની જેમ આ વર્ષે પણ એ.જી. ઓફિસ રીક્રીએશન કલબ દ્વારા સ્વ. ડેનિયલ વર્ગીસની યાદમાં ઓપન રાજકોટ કેરમ ટુર્નામેન્ટ તા.૧૪થી તા.૧૯મી સુધી આયોજન કરાયું છે.

આ ટુર્નામેન્ટ ઓડીટ ભવન એ.જી. ઓફીસ રીક્રીએશન કલબ ખાતે યોજાશે. ટુર્નામેન્ટમાં દરેક ઉમરના ખેલપ્રેમીઓ ભાગ લઈ શકશે. વિજેતાઓને પુરસ્કાર- પ્રમાણપત્ર આપવામાં આવશે. રજીસ્ટ્રેશન ફી સીંગલ એન્ટ્રી રૂા.૨૦૦ અને ડબલ એન્ટ્રી રૂા.૩૦૦ રહેશે રજીસ્ટ્રેશનની છેલ્લી તા.૧૨મી રહેશે વધુ વિગત માટે એન.વી. મકવાણા ૮૭૫૮૫ ૮૯૪૯૫ અને રણજીત સિસોદિયા ૯૮૨૪૨ ૦૨૧૧૭નો સંપર્ક સાધવો.

# રઘુવંશી શૌર્ય સંગઠન સંસ્થા દ્વારા GPSC અને વર્ગ ૩ સરકારી પરીક્ષાઓ માટે નિઃશુલ્ક કલાસનો કરાશે પ્રારંભ

### ધો.૧૨ અને ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવા માટે સેમિનારનું આયોજન

રાજકોટ, તા.૧૨

સમગ્ર ગુજરાત રાજ્યના લોહાણા સમાજના સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે રઘુવંશી શૌર્ય સંગઠન સંસ્થા દ્વારા GPSC અને વર્ગ ૩ સરકારી પરીક્ષાઓ માટે નિઃશુલ્ક (ગવર્મેન્ટ સ્કોલરશીપ અંતર્ગત) કલાસની શરૂઆત કરવા જઈ રહ્યા છીએ. જેમાં ધો.૧૨ પાસ અને ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવા માટેનો સોનેરી અવસર પ્રાપ્ત થઈ શકે છે. જે અંતર્ગત ટૂંક સમયમાં સેમિનારનું આયોજન થવા જઈ રહ્યું છે.

સ્વખર્ચે.રઘુવંશી લોહાણા સમાજ દ્વારા સમાજના સામાજીક સમરસતા, ઉત્થાન, રોજગારી અને શૈક્ષણિક વિકાસ, વૈવાહિક સુગમતા અને રાજકીય નેતૃત્વ અને વિકાસના ધ્યેય સાથે રઘુવંશી શૌર્ય સંગઠન નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. જે અંતર્ગત સ્થાયી વરણી સમિતિની રચના કરવામાં આવી. જેમાં હિતેન્દ્રભાઇ વડેરા હિરેનભાઈ મશરૂ, નિરવભાઈ રાયચુરા, ગોપાલભાઈ ઉનડકટ, પરેશભાઈ શીંગાળા, હિતેશભાઈ પંચમતીયા, સોનલબેન સોમૈયા, હેમાબેન રૂપારેલિયા આ સ્થાયી વરણી સમિતિ દ્વારા સંસ્થાનું નામકરણ કરવામાં આવ્યું અને સંસ્થાના પ્રદેશ પ્રમુખ મયુરભાઈ નથવાણી અને વરિષ્ઠ ઉપપ્રમુખ મહેશભાઈ નગદીયાની વરણી કરવામાં આવી છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સભ્યો જયદીપભાઈ તન્ના, અગ્રણી સંજયભાઈ પોપટ, અશોકભાઈ હિંડોચા, કપિલભાઈ નથવાણી, વિશાલભાઈ કેશરીયા, પુનમભાઈ ગણાત્રા, રૂષિભાઈ ગણાત્રા, નવિનભાઈ પુજારા, કલ્પેશભાઈ પોપટ, કલ્પેશભાઈ બગડાઈ અને રજનીકાંતભાઈ સંઘાણીએ જહેમત ઉઠાવી છે. વધુ માહિતી માટે અશોકભાઈ હિંડોચા મો.નં.૯૪૨૬૨ ૫૪૯૯૯ પર સંપર્ક કરવાનો રહેશે.

### આર્ટ ઓફ લિવિંગ રાજકોટ ચેપ્ટર દ્વારા

# કાલે ગુરૂદેવ શ્રી રવિશંકરજીના જન્મદિવસ નિમિતે રકતદાન શિબિરનું આયોજન

રાજકોટ, તા.૧૨

આર્ટ ઓફ લિવિંગ રાજકોટ ચેપ્ટર દ્વારા ગુરૂદેવ શ્રી રવિશંકરજીના જન્મદિવસના શુભ દિવસે એટલે કે આવતીકાલ તા.૧૩ મે ને મંગળવારના રોજ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.



આ રકતદાન શિબિર સવારે ૮ થી ૧૨ અને બપોરે ૩ થી સાંજે ૬ વાગ્યા સુધી બ્લડ બેન્ક, સિવિલ હોસ્પિટલ, રાજકોટ ખાતે યોજાશે. વધુ માહિતી માટે મો.નં.૯૮૭૯૧૨૪૭૭૪ પર સંપર્ક કરવાનો રહેશે. ગુરૂદેવ શ્રી રવિશંકરજી સંભવતઃ રકતદાનની નિઃસ્વાર્થ ક્રિયા અને અન્ય લોકો પર તેની સકારાત્મક અસર પર ભાર મૂકીને રકતદાન માટે અપીલ કરે છે.

# માર્કેટયાર્ડમાં હજુ કામકાજ બંધઃ સાંજે નિર્ણાયક બેઠક

## કમીશન એજન્ટો-યાર્ડના હોદેદારો વચ્ચે મીટીંગ થશેઃ ફસાયેલા નાણાંની રિકવરી, ખેડુત હિત જેવા મુદ્દા ચર્ચાશે

રાજકોટ તા.૧૨

રાજકોટ માર્કેટ યાર્ડમાં વેપારીનાં ૧૭.૧૯ કરોડના ફુલેકા પ્રકરણમાં આજે સતત પાંચમા દિવસે પણ યાર્ડનું કામકાજ ઠપ્પ રહ્યું હતું. કમીશન એજન્ટો કામકાજ કરવા માટે તૈયાર થયા ન હતા. આજે એસોસીએશનના પ્રતિનિધિઓ તથા યાર્ડનાં ચેરમેન વચ્ચે બેઠક થશે અને તેમાં યાર્ડ ખોલવા વિશે ફેંસલો થવાનું મનાય છે.

રાજકોટ યાર્ડની વેપારી પેઢી જે.કે.ટ્રેડીંગનાં બીપીન ઢોલરીયા તથા નિતેષ ઢોલરીયાએ ૧૭.૧૯ કરોડના જીરૂની ખરીદી કરી હતી અને કમીશન એજન્ટોને નાણાં ચુકવ્યા વિના ફરાર થઈ ગયા હતા. આ મામલો પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે બન્ને સંચાલક બંધુઓની રાજસ્થાનથી ધરપકડ કરી હતી.વિધીવત ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ફુલેકા પ્રકરણથી યાર્ડમાં ખળભળાટ હતો.૧૪૬ કમીશન એજન્ટોનાં નાણાં સલવાયા હોવાથી તેઓએ કામકાજનો બહિષ્કાર કર્યો હતો.ચાર દિવસથી હરરાજી સહિતના કામકાજ ખોરવાયા હતા. કમીશન એજન્ટ એસોસીએશને અગાઉ જ એવુ એલાન આપી દીધુ હતુ કે ફરાર થયેલા વેપારી બંધુ હાથમાં ન આવે તથા ફસાયેલા નાણાં વિશેનું ચિત્ર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી હરરાજી સહિતના કામકાજનો બહિષ્કાર કરવામાં આવશે. હવે વેપારી બંધુ હાથમાં આવી ગયા છે.છતાં નાણાંકીય ચુકવણા વિશે ચિત્ર સ્પષ્ટ ન હોવાથી આજે પણ કમીશન એજન્ટોએ કામકાજનો બહિષ્કાર ચાલુ રાખ્યો હતો.

યાર્ડનાં કમીશન એજન્ટ એસોસીએશનનાં પ્રમુખ અતુલ કમાણીએ કહ્યું કે હજુ હડતાળ ચાલૂ છે. બપોર બાદ યાર્ડનાં ચેરમેન સાથે બેઠક કરાશે અને તેના આધારે હડતાળ પાછી ખેંચવી કે કેમ તે વિશે નિર્ણય લેવાશે.

યાર્ડના ચેરમેન જયેશ બોઘરાએ પણ કહ્યું કે બપોર બાદ કમીશન એજન્ટો સાથે મીટીંગ થશે.ઉચાપત કરનારા વેપારી બંધુ પાસે ફસાયેલા નાણાને લાગેવળગે છે ત્યાં સુધી પોલીસ પાસેથી વિગતો મેળવવાનો પ્રયાસ કરાશે. આ બેઠકમાં હડતાળ પાછી ખેચવા કમીશન એજન્ટોને સમજાવાશે. હવે માવઠા પણ પુરા થયા છે. ઘઉં, ચણા,તુવેર, ધાણા-જીરૂ સહિતની ચીજો ખેડુતોનાં ઘરમાં છે. તેઓની મુશ્કેલી દુર કરવા હડતાલનું એલાન પાછુ ખેચવા સમજાવટ કરાશે. આખરી નિર્ણય બેઠકમાં જ લેવાશે.

# ઢોલરીયા બંધુ પાંચ દિવસના રિમાન્ડ પરઃ દોઢેક વર્ષથી જીરૂ ખરીદી રૂપિયા ચાઉં કરી ગયા

## આરોપી બંધુને માર્કેટીંગયાર્ડ પર તપાસ માટે લઈ જવાયાઃ ઉંઝાનાં વેપારીઓ સાથે ધંધો કરતાં હોવાનું સામે આવ્યું



રાજકોટઃ રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં જે.કે.ટ્રેડીંગ કંપનીનાં ઢોલરીયા બંધુ કમીશન એજન્ટોનાં રૂા.૧૭ કરોડથી વધુનાં રૂપિયા ઓળવી જવાના ગુનામાં આર્થિક ગુના નિવારણ શાખાની ટીમે ઢોલરીયા બંધુની ધરપકડ કરી પાંચ દિવસનાં રીમાન્ડ પર લીધા હતા. દોઢેક વર્ષથી આરોપી જીરૂ ખરીદી રૂપિયા ચાઉં કરી ગયાનું સામે આવ્યું છે.પ્રાપ્ત વિગત મુજબ થોડા દિવસ પહેલા માર્કેટીંગ યાર્ડનાં કમીશન એજન્ટો સાથે મળી પોલીસ કમિશ્નરને રજુઆત કરી હતી કે માર્કેટીંગ યાર્ડમાં પેઢી ધરાવતાં બીપીન ઢોલરીયા અને નિતેશ ઢોલરીયા કેટલાંય કમીશન એજન્ટના રૂા.૧૭ કરોડથી વધુ ઓળવી ગયાની અરજી આપી હતી. જે મામલે આર્થિક ગુના નિવારણની ટીમે તપાસ આદરી ઢોલરીયા બંધુને રાજસ્થાનથી ધરપકડ કરી હતી.જે બાદ બન્ને બંધુ વિરૂદ્ધ ગુનો નોંધી કોર્ટમાં રજુ કરાતા પાંચ દિવસના રીમાન્ડ મંજુર થયા હતા. વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતુંકે ઢોલરીયા બંધુ દોઢેક વર્ષથી જીરાના વેપાર સાથે સંકળાયેલ અને વેપાર ઉંઝાનાં વેપારી સાથે કરતા હોવાનું પ્રાથમીક સામે આવ્યુ છે. પોલીસે આરોપીને માર્કેટીંગ યાર્ડ ખાતે પણ જવામાં આવ્યા હતા અને તપાસ યથાવત રાખી છે.



# જાણીતા હાસ્ય કલાકાર, પદ્મશ્રી જગદીશ ત્રિવેદીના જીવનચરિત્ર પર આધારિત અંગ્રેજી પુસ્તકનું લોકાર્પણ

રાજકોટ તા.૧૨

જાણીતા હાસ્ય કલાકાર, લેખક અને ઉમદા સમાજસેવક પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદીના સંઘર્ષમય જીવનચરિત્ર પર નિશ્ચલ સંઘવી દ્વારા લખાયેલા અંગ્રેજી પુસ્તક 'એકસ્ટ્રા ઓર્ડીનરી સ્ટોરી ઓફ એન ઓર્ડીનરી મેન'નું ગઈકાલે રાજકોટ ખાતે ભવ્ય લોકાર્પણ થયું.

સાંઈલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં તા.૧૧ના રવિવારે સવારે હેમુ ગઢવી હોલ રાજકોટ ખાતે ડો. શરદ ઠાકર, જય વસાવડા, સાંઈરામ દવે, સુભાષ ભટ્ટ અને આરજે દેવકી ખાસ વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જવલંત છાયા, જગદીશ મહેતા, જયંત પીઠડીયા, તુષાર ભટ્ટ, દેવેન્દ્ર જાની, તેમજ ડો. ભદ્રાયુ વછરાજાની, રાજુ યાજ્ઞિક, ભરત ત્રિવેદી, મિલન ત્રિવેદી, ગુણવંત ચુડાસમા, ચંદ્રેશ ગઢવી, તરૂણ કાટબામણા, સંજય વાળા, સુનિલ જાદવ સહીત અનેક સાહિત્યકારો, કલાકારો તેમજ સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા. તદુપરાંત રાજકોટ રેન્જના ડીઆઈજી અશોકકુમાર યાદવ, યુબીક સોલ્યુશન પ્રા.લિ.ના એમ.ડી. ઈલેશ ખખ્ખર, ફાલ્કન પંપ પ્રા.લિ.ના કમલનયન સોજીત્રા, રાજ બેંક પરિવારના કમલભાઈ ધામી તેમજ અવની વ્યાસે કર્યુ હતું. સાંઈલક્ષ્મી ફાઉન્ડેશનના ચેરમેન અમિત દવેએ સૌનું સ્વાગત કરેલ હતું.



### રતલામ (મ.પ્ર.)માં બંધુબેલડી આ.શ્રી હેમચંદ્રસાગરસૂરીજી મ. આદિની નિશ્રામાં

# નૂતન દીક્ષિત મુનિ શ્રી ભવ્યચંદ્રસાગરજી મ.એ ત્રણ વર્ષના મૌનની ભાવના વ્યક્ત કરીઃ ગુરુદેવની સ્વીકૃતિ



રાજકોટ તા.૧૨

મધ્યપ્રદેશના અલામ ખાતે જૈન શાસનના ૨૫૮૧માં સ્થાપના દિને મુમુક્ષુ ધર્મેશ જૈન પિછોલીયાએ અયોધ્યાપુરમ તીર્થના પ્રેરક આચાર્ય બંધુબેલડી આ.શ્રી હેમચંદ્રસાગરસૂરીજી મહારાજના વરદહસ્તે પ્રવજયા ગ્રહણ કરી છે. બંધુ બેલડી પરિવારમાં આ ૧૩૬મી દીક્ષા છે. રતલામ જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં આ પાંચમી દીક્ષા થઈ છે. વીશા પોરવાલ જૈન શ્વે.તીર્થટ્રસ્ટ સામોદિયા ટ્રસ્ટ દ્વારા પૂજય ગુરુ ભગવંતોની નિશ્રામાં સગોદ તીર્થની અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો.

મુમુક્ષુ ધર્મેશકુમાર જૈન (ઉ.૭૯)ના ઉજવાયેલા દીક્ષા મહોત્સવમાં મધ્યપ્રદેશ સિવાય ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રથી પણ મોટી સંખ્યામાં લોકો આવેલા હતા.

મુમુક્ષુ ધર્મેશકુમારે પ્રવજયા ગ્રહણ કર્યા પછી તેઓ નૂતન દીક્ષિત શ્રી ભવ્ય ચંદ્રસાગરજી મહારાજ બન્યા. દીક્ષા ગ્રહણ કર્યાની સાથે નૂતનદીક્ષિત મુનિરાજે ત્રણ વર્ષનું મૌન ધારણ કરીને તપ આરાધના કરવાની ભાવના વ્યક્ત કરતાં આ.શ્રી હેમચંદ્રસાગરસૂરીજી મહારાજે સ્વીકૃતિ આપી. સંયમ જીવનપથ પર પગલાં માંડતા નૂતન મુનિરાજે સર્વપ્રથમ આદિનાથ દાદાના દર્શન-વંદન કર્યા તેમ અયોધ્યાપુરમ તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી જયંતભાઈ મહેતાએ જણાવેલ છે.

# નેશનલ રોલર સ્કેટિંગ સ્પર્ધામાં ખ્વાબ અંતાણીએ ગોલ્ડ મેડલ હાંસલ કર્યો




રાજકોટ,તા.૧૨

તાજેતરમાં દિલ્હી ખાતે સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા જ્યારાઈ, યુથ મિનિસ્ટ્રીના નેજા હેઠળ રમાયેલી ૬૮મી નેશનલ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશીપમાં ખ્વાબ અંતાણીએ રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહેલા ખ્વાબે અન્ડર-૧૭ વયજૂથમાં ૩૦૦૦મી. રોડ રેસ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. ખ્વાબે રેસ માત્ર ૫:૩૯:૮૫૧ના સમયમાં પૂર્ણ કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તદ્ઉપરાંત એપ્રિલ ૨૦૨૫માં રમાયેલી રાજયકક્ષાની ખેલ મહાકુંભ ચેમ્પિયનશીપમાં બે ગોલ્ડ તેમજ એક સિલ્વર મેડલ સાથે છેલ્લા ત્રણ વર્ષથી સતત સ્ટેટ ચેમ્પિયન બનવાનું ગૌરવ હાંસલ કરેલ છે. અમદાવાદમાં કોચ ઈન્દ્રજીત રાજપૂત પાસે તાલીમ લઈ રહેલા ખ્વાબે ગત ડિસેમ્બરમાં મૈસૂર ખાતે રમાયેલી ૬૨મી રાષ્ટ્રીય રોલર સ્કેટિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાત વતી ભાગ લઈ બે સિલ્વર મેડલ મેળવેલા હતા.

ખ્વાબ ૪૬મી ગુજરાત સ્ટેટ રોલર સ્કેટિંગ ચેમપિયનશીપમાં ત્રણ ગોલ્ડ મેડલ તેમજ સ્કુલ ગેમ્સ સ્ટેટ ચેમ્પિયનશીપમાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવી સ્ટેટ ચેમ્પિયન બનેલ. ઉપરાંત સીબીએસઈ બોર્ડ દ્વારા રમાતી સ્પોર્ટ્સ ગેમ્સમાં વેસ્ટ ઝોન લેવલ પર ગોલ્ડ મેડલ મેળવેલ.

# આજે બુદ્ધપૂર્ણિમા-કુર્મજયંતી



રાજકોટ,તા.૧૨

વૈશાખ શુદ પૂનમ ને સોમવાર તા.૧૨ના આજે બુદ્ધ પૂર્ણિમા છે આ દિવસે ભગવાન બુદ્ધ નો જન્મ પણ થયો હતો અને ભગવાન બુદ્ધ અને જ્ઞાન પણ પ્રાપ્ત થયું હતું આથી આ દિવસ મહત્વનો ગણવામાં આવે છે આ દિવસે કૂર્મ જયંતી પણ છે ભાગવત ગ્રંથ પ્રમાણે વિષ્ણુ ભગવાનના નવમા અવતાર એટલે ભગવાન બુદ્ધ માનવામાં આવે છે.ભગવાન બુદ્ધે કહ્યુ છે કે હજાર અર્થે વિહિન શબ્દો કરતા વધુ એક અર્થપૂર્ણ શબ્દ વધુ સારો હોય છે, એક શબ્દ છે જે શાંતિ લાવે છે. સત્ય એક છે, બીજું નથી. જ્ઞાનીઓ સત્ય માટે દલીલ કરતા નથી. શત્રુ અને વેરીથી જે નુકસાન થાય છે, તેના કરતાં ખોટા માર્ગે ચાલનારુ મન વધુ નુકસાન પહોંચાડે છે. દુષ્ટતાનો અંત દુષ્ટતાથી કયારેય થતો નથી દુષ્ટતાનો ક્યારેય દુષ્ટતા સાથે અંત થતો નથી. પ્રેમથી જ નફરતનો અંત આવી શકે છે, આ એક અખૂટ સત્ય છે.ક્રોધને પકડી રાખવો એ કોઈ બીજા પર ફેંકવાના ઈરાદાથી ગરમ કોલસાને પકડી રાખવા જેવું છે, તે તમને બાળી નાખશે.ક્યારેય કોઈના દુઃખનું કારણ ન બનો.તેમ ભગવાન બુદ્ધે લોકોને ઉપદેશ આપેલો છે.

**શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

# સાદગી, સૌમ્યતા અને ખુમારીસભર જીવન વ્યકિત કરનારા, જૂના જનસંઘના હેમાબેન આચાર્યઃ પરિચય

## આજીવન ખાદીધારી હેમાબેન આચાર્યનું જીવનસૂત્રઃ સરળ અને સહજ જીવન તથા શ્રેષ્ઠતમ વિચાર



રાજકોટ,તા.૧૨

જનસંઘના કાર્યકર સમાજ સેવી હેમાબહેન સૂર્યકાંતભાઈ આચાર્યનું જૂનાગઢમાં તા.૧૦ના ૯૨ વર્ષની વયે નિધન થયું છે. હેમાબહેનનો જન્મ સુરેન્દ્રનગર જીલ્લાના હળવદ મુકામે તા.૧૯-૮-૧૯૩૩ના થયો હતો. તેમના પિતા જયદેવભાઈ જે દવે શાળા અધિકારી હતી.હેમાં બહેને ૧૯૫૨થી ૧૯૫૭ સુધી જૂનાગઢની એ.જી.સ્કૂલ ગર્વમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરી નોકરી કરતા બી.એ.સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યુ રમૂઝ અને સહજ જીવન અને શ્રેષ્ઠતમ વિચાર હેમાબેનનું જીવન સૂત્ર રહ્યા હતું.

૧૯૫૭માં સૂર્યકાંતભાઈ આચાર્ય સાથે વિવાહ થયા સંઘ-જનસંઘના મુખ્ય આગેવાન સેવા બંન્ને લોકોએ જીંદગીભર ખાદીને આત્મજ્ઞાત કરી આજીવન ખાદીધારી રહ્યું જયારે જનતા મોરચાની સંયુકત સરકાર બની ત્યારે શ્રીમતી હેમાબહેન સુર્યકાંતભાઈ આચાર્યને આરોગ્ય વિભાગ બાળ કલ્યાણ વિભાગનાં મંત્રી તરીકેની જવાબદારીઓ મળી જે તેમણે ખુબ સારી રીતે નિભાવી અને તત્કાલી સમયે સૌરાષ્ટ્રના દરેક જીલ્લા મથકો પર માત્ર એક જ સરકારી હોસ્પિટલ હોઈ તેમાં વધુ ને વધુ સુવિધાઓ ઉભી કરાવી હતી.

કટોકટી સમયે મીસામાં તેમને નજરકેદ રાખ્યા હતા.ઓલ ઈન્ડીયાની વ્યવસ્થા મુજબ હેમાબહેન આચાર્ય વિધાબેન ગજેન્દ્ર ગડકર નાથાભાઈ ઝગડા નરેન્દ્રભાઈ મોદી સહિતનાની જવાબદારીઓ હતી તે મુજબ દરેક કાર્યક્રતાના ઘરે જઈને આર્થિક મદદ કરી તે પરિવારોને ટકાવી રાખ્યા હતા.તેમના પરિવારમાં એક પુત્ર ધ્રુવભાઈ છે.

સાદગી સૌમ્યતા અને ખુમારી સભર જીવન વ્યકિત કરનારાના જૂના જનસંઘ હેમાબેન આચાર્યના નિધનથી ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

# ગીતા વિધાલયના શનિદેવ મંદિરમાં શનૈશ્વર જયંતી ઉજવાશેઃ ૧૦૮ દીપમાળાની આરતી થશે

રાજકોટ, તા.૧૨

જંક્શન પ્લોટ ખાતે ગીતા વિદ્યાલય ટ્રસ્ટના ગીતામંદિર પરિસરમાં પ્રાણપ્રતિષ્ઠા સાથે બિરાજમાન શ્રીશનિદેવ મંદિરમાં તા.૨૬ ને સોમવારે ભાવસભર વાતાવરણમાં ભક્તિભાવપૂર્વક શનૈશ્વર જયંતી ઉજવાશે. આ તકે વિવિધ શોભા શણગાર અને ઈલેક્ટ્રિક લાઈટ ડેકોરેશનથી મંદિરની દર્શનીય શોભા થશે.બપોરે ૧૨-૦૦ કલાકે આરતી બાદ પવિત્ર,સુમધુર પ્રસાદીનું વિતરણ થશે.શનિદેવને કાળા તલ,,પુષ્પો તથા તેલનો અભિષેક થશે.

આ પ્રસંગે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો, સામાજિક અગ્રણીઓ, વ્યાપારી શ્રેષ્ઠીઓ અને સર્વે ભાવિકો દ્વારા શનિદેવની સામૂહિક ભાવવંદના થશે.દર્શનનો સમય સવારે ૬-૦૦ થી બપોરે ૧૨-૩૦ અને સાંજે ૪-૩૦ થી રાત્રિના ૯-૦૦ સુધીનો રહેશે. ધૂપ-દિપ અને પુષ્પોની સુવાસથી મહેંકતા ગીતા મંદિરમાં શનિદેવની જયંતીએ આરતી ,દર્શન, પૂજા, પ્રસાદી રાખેલ છે.

### નકલંક મહાદેવ મંદિરના લાભાર્થે

# બુધવારે લીંબડીયા હનુમાન દાદાનો ૨૪ કલાકનો પંચાવ નવરંગ માંડવો

## નવરંગ માંડવામાં અનેક સાધુ સંતોની હાજરીઃ ૧૦ હજારથી વધુ લોકો લેશે મહાપ્રસાદનો લાભ

રાજકોટ, તા.૧૨

લીંબડીયા હનુમાન દાદા સમસ્ત સેવક દળ દ્વારા આજીડેમ ચોકડીથી આગળ લક્કિરાજ પાર્ટી પ્લોટ પાછળ જૂનો મહિકા મેઈન રોડ હિંગળાજ પાન વાળી રોરી નકલંક પાર્ક, રાજકોટ ખાતે તા.૧૪ મે ને બુધવારના રોજ નકલંક મહાદેવ મંદિરના લાભાર્થી શ્રી લીંબડીયા હનુમાન ખાતે ૨૪ કલાક માંડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં મંગલ ધાર્મિક સોનેરી અવસરોમાં તા.૧૪ ને બુધવારના રોજ સવારે ૭ કલાકે મંડપ થાંભલી રોપવાનું મુહુર્ત, બપોરે ૧૧ કલાકે અને સાંજે ૭ કલાકે મહાપ્રસાદ તેમજ તા.૧૫ ને ગુરૂવારે સવારે ૭ કલાકે થાંભલી વધાવવામાં આવશે. આ મહાપ્રસાદનો ૧૦ હજારથી વધુ લોકો લાભ લેશે. નવરંગ માંડવામાં રાવળદેવ તરીકે ગુરૂ ચેલાની જોડી જયદિપભાઈ ગોહિલ અને જીતુભાઈ બેડલા રંગ જમાવશે. આ નવરંગા માંડવામાં પ.પુ. મહંત શ્રી ગિરનારી બાપુ (જળીયા મહાદેવની જગ્યા), પ.પુ. મહંત શ્રી વાલજીભગત (કામર કાળાતર જગ્યા-કોળી સમાજ), સનાતન ધર્મ પરિષદ રાષ્ટ્રીય સચિવ શ્રી શ્રી ૧૦૦૮ મહંત રઘુવીર દાસ બાપુ, લક્ષ્મીઆઈ (મોગલ ધામ-આજીડેમ) સહિત અનેક સાધુ સંતો હાજરી આપશે.




શ્રી લીંબડીયા હનુમાન દાદા સમસ્ત સેવક તેમજ વિર વચ્છરાજ સેવા ગ્રુપ - વિરપર, નવદુર્ગા સેવા ગ્રુપ - ગુંદા, મોગલ ગ્રુપ -ઢાંઢણી, આધ્યા શક્તિ સેવા મંડળ - ભેહુડા, બજરંગ સેવા મંડળ - જીવાપર, મેલડી માં મિત્ર મંડળ - ગંજીવાડા, લીંબડીયા હનુમાન ગ્રુપ - માંડા ડુંગર, બાલક હનુમાન ગ્રુપ - માંડા ડુંગર, માંધાતા રામામંડળ - માંડા ડુંગર સહિતના શકિત ગરબી મંડળ સેવાઓ આપશે.

'સાંજ સમાચાર'ની મુલાકાતે વિરજીભાઈ રાઠોડ, રમેશભાઈ રાઠોડ, મેહુલભાઈ જોગરાજીયા, વિજયભાઈ રાઠોડ, રાજુભાઈ રોજાસરા અને શૈલેષભાઈ સાકરીયા આવ્યા હતા.

# ડો. અભિષેક રાવલને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે APS યંગ એચીવર એવોર્ડ એનાયત

## એસો. ફિઝિશિયન્સ ઓફ ઈન્ડિયા અને એસો. ફિઝિશિયન્સ ઓફ ગુજરાત દ્વારા રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સમાં ગૌરવપૂર્ણ સમારોહ યોજાયો



રાજકોટ, તા.૧૨

એસો. ફિઝિશિયન્સ ઓફ ઈન્ડિયા (ગુજરાત ચેપ્ટર) અને એસો. ફિઝિશિયન્સ ઓફ ગુજરાત દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સમાં ગૌરવપૂર્ણ સમારોહ યોજાયો હતો.

આ સમારોહમાં ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના રાષ્ટ્રીય પ્રમુખ ડો. નાયકએ ડો. અભિષેક રાવલને તેમની નોંધપાત્ર તબીબી સેવાઓ અને સંશોધન ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રતિષ્ઠિત અડજ યંગ અચીવર એવોર્ડથી સન્માનિત કર્યા. આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના રાષ્ટ્રીય પ્રમુખ ડો. નાયકએ ડો. રાવલને તેમની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને યુવા તબીબોને તેમના કાર્યમાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર તબીબી ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર તબીબોને હંમેશા પ્રોત્સાહિત કરતી રહેશે.

ડો. અભિષેક રાવલે આ એવોર્ડને પોતાના સાથી તબીબો, પરિવારજનો અને દર્દીઓના સહકારનું પરિણામ ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ સન્માન તેમને ભવિષ્યમાં વધુ ઉત્સાહથી કામ કરવા માટે પ્રેરણા આપશે. આ કોન્ફરન્સમાં દેશભરના અગ્રણી તબીબો અને આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ડો. રાવલને તેમની આ મોટી સફળતા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

# મહિલા સેવા સમિતિ - વાણીયાવાડી દ્વારા સર્વજ્ઞાતિના બાળકો તથા બહેનો માટે સમર ટ્રેનિંગ કલાસનું આયોજન

## તા. ૨૧ થી ૩૦ મે સુધી સમર સમર ટ્રેનિંગ કલાસઃ તા. ૧૫ સુધી ફોર્મ ભરી શકાશે

રાજકોટ, તા.૧૨

મહિલા સેવા સમિતિ - વેલકમ વાણીયાવાડી, રાજકોટ દ્વારા બાળકો તથા બહેનો માટે આગામી તા.૨૧ થી તા.૩૦ મે દરમિયાન પટેલવાડી, ૧/૧૦ દયાનંદનગર, વાણીયાવાડી ખાતે બપોરે ૨ થી ૬ દરમિયાન સમર ટ્રેનિંગ કલાસનું આયોજન કરવામાં આવ્યું છે.

સમર ટ્રેનિંગ કલાસ બે વિભાગમાં યોજાશે. બપોરે ૨ થી ૪ વાગ્યા દરમિયાન મહેંદી, ભરતકામ, ડાન્સ, સિવણ કલાસ, બ્યુટી પાર્લર, ફેશન ડિઝાઈનિંગ, ગૂંથણ કામ, માચી વર્કના કલાસ તેમજ બપોરે ૪ થી ૬ વાગ્યાના સમયગાળામાં રીયલ ફલાવર્સ, નેલ આર્ટ, દાંડિયા, કરાટે, ડ્રોઈંગ, પેઈન્ટિંગ, જવેલરી મેકિંગ, ફેબ્રિક જવેલરી જેવી વિવિધ કલાઓ નજીવા દરે શીખવવામાં આવશે. આ કલાસમાં જોડાવા માટે તા.૧૫ સુધીમાં બપોરે ૨ થી ૫ વાગ્યા સુધીમાં ફોર્મ ભરી પટેલવાડી, વાણીયાવાડી ખાતે જમા કરાવવાનું રહેશે. વધુ માહિતી માટે સંસ્થાના દીપ્તિબેન સંઘાણી (મો.નં.૯૮૨૫૬૮૭૮૩૩)નો સંપર્ક કરવાનો રહેશે.

# પુરોહીત નિહાર ૧૦ બોર્ડમાં ૯૯.૮૪ પી.આર. મેળવ્યા



પુરોહીત નિહાર અમીતકુમારે એસ.એસ.સી. માર્ચ-૨૦૨૫ માં લેવાયેલ પરીક્ષામાં ૯૯.૮૪ પી.આર. મેળવેલ અને ગણીત તથા વિજ્ઞાનમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી સમસ્ત બ્રહ્મસમાજનું ગૌરવ વધારેલ છે.

# સમગ્ર બેડીપરા કેન્દ્ર અને ઉપલાકાંઠા વોર્ડ નં. ૪-૫-૬-૧૫ ના ધોરણ ૧૦ અને ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

રાજકોટ, તા.૧૨

શ્રી પુરૂષાર્થ યુવક મંડળ ચેરી. ટ્રસ્ટ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે પ્રોત્સાહિત કરવાના ધ્યેયથી સમગ્ર બેડીપરા કેન્દ્રની શાળાના તથા ઉપલાકાંઠાના વોર્ડ નંબર ૪-૫-૬-૧૫ માં રહેતા ધોરણ ૧૦ અને ૧૨ ના 'ટોપટેન' તેજસ્વી વિદ્યાર્થીઓને તથા બેડીપરા કેન્દ્રના ઉપલાકાંઠાની શાળાના સ્કુલ પ્રથમ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવશે. તેજસ્વી વિદ્યાર્થીઓએ પોતાના પરિણામની ઝેરોક્ષ નકલ પૂરાનામ સરનામાં અને મોબાઈલ નંબર સાથે સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ રાઠોડને, 'પુરૂષાર્થ', ૮-બ્રાહ્મણીયાપરા, ગોવિંદબાગ રોડ, સંતકબીર રોડ, રાજકોટ ખાતે તા. ૨૫-૦૫-૨૦૨૫ સુધીમાં પહોંચાડવાનું રહેશે.

# બીજેપી કાર્યકર્તા નિલદીપભાઈ ભટ્ટીનો જન્મદિવસ



રાજકોટ,તા.૧૨

આજ રોજ બીજેપી વોર્ડ નંબર ૭ ના કાર્યકર્તા નિલદીપભાઈ ભટ્ટીનો જન્મદિવસ છે. શિશુકાળથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક છે. વીવીપી ઇજનેરી કોલેજના વહીવટી અધિકારી તરીકે કાર્યરત છે. ચૌધરી હાઈસ્કુલ તેમજ પીડીએમ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. રાજપૂત સમાજ માં કમિટી મેમ્બર, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, સેવા ભારતી, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને મારુતિ ખોડીયાર ગૌશાળામાં માં એક યા બીજી રીતે કાર્યરત છે. તેમના ૯૪૦૯૦૦૮૫૯૫ પર જન્મદિવસની શુભેચ્છા આપવામાં આવી રહી છે.



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોની ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર

# અઠવાડિક રાશિ ભવિષ્ય

૧૨/૦૫/૨૦૨૫થી૧૮/૦૫/૨૦૨૫

**પરિચય**



★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
★ પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ.
★ વાસ્તુ : પાવર ઓફ ડાઇરેકશન એક્સપર્ટ.
★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
★ માઇન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

**સનતકુમાર વી. પોપટ : (પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ,સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર) (મો.) ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦ / ૯**

ॐ સોમવાર થી રવિવાર ॐ

## મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનનો સ્વામી ચંદ્રસાતમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. ભાગીદારીમાં રહેલી મિલકતને લગતા કાર્યોમાં સંભાળવું. જાહેરજીવનમાં વાણી-વર્તનમાં સંયમ રાખવો. વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર વાહન ચલાવવામાં સાવચેતી રાખવાનું સૂચવે છે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણનવમા સ્થાન પરથીથશે.ધાર્મિક કાર્યમાં સહભાગી બની શકો.સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ દશમા સ્થાન પરથી મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહીનેથશે.અહીંથી તે મન: સ્થાન પર બળવાન દ્રષ્ટિ કરશે. માનસિક પ્રફુલ્લિતતા રહે. રૂટિનથી ચેન્જ પ્રાપ્ત કરવા કોઈ આયોજન ગોઠવાય શકે.આ સપ્તાહ દરમિયાન પાંચમા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને બીજા સ્થાનમાં પ્રવેશે છે.આર્થિક રોકાણો વળતરની દ્રષ્ટિએ ફળદાયી નિવડી શકે.વિદ્યાર્થી વર્ગને મૂંઝવણમાંથી બહાર આવવા યોગ્ય માર્ગદર્શન મળી રહે. વર્તન તેમજ વાણીમાં આત્મવિશ્વાસ વધતો જણાય.

## વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર છઠ્ઠા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. બિનજરૂરી વધુ પડતું સાહસ કરવા જતા આર્થિક નુકસાની ભોગવવી ન પડે તે માટે જાગૃત રહેવું. પડોશીઓ સાથે વિવાદ નિવારવોઇચ્છનીય ગણાય. સાતમા સ્થાનમાં વૃશ્ચિક રાશિ પરથી ચંદ્ર પસાર થશે.દાંપત્ય જીવનમાં સહકાર રહે. સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આઠમાસ્થાનમાં થશે. બુદ્ધિગમ્ય રીતે ડિલિંગ-વાર્તાલાપ કરીને વિલ-વારસાના પ્રશ્નો ઉકેલી શકાય. સપ્તાહના અંત ભાગમાં નવમા સ્થાનપરથી ચંદ્ર પસાર થશે. અગત્યના કાર્યોમાં આળસ ત્યાગવી અનિવાર્ય બનશે.આ સપ્તાહ દરમિયાન ચોથા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને આપનીરાશિમાં પ્રવેશે છે.વ્યક્તિત્વનો વિકાસ થાય. વાહનના રિપેરીંગ/સમારકામ, ઇન્સ્યોરન્સ વગેરે બાબતોમાં નિયમિત રહેવું ઇચ્છનીય ગણાય.વિલ-વારસા તથા મળવાપાત્ર લાભો, ઈન્સેન્ટિવ, કમિશન વગેરે પ્રાપ્ત કરવા માટે ધૈર્યપૂર્વક વર્તવું.

## મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ધનસ્થાનનો સ્વામી ચંદ્ર પાંચમાં સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. શેર બજાર કે અન્ય કોઈ સ્ત્રોત દ્વારા ઝડપીધનની પ્રાપ્તિ માટે વધુ પડતા જોખમી વ્યવહારો કરવા નહીં. સંતાનોની પ્રગતિ શકાય બને.વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર હરિફાઈમાં વધુ પડતા આત્મવિશ્વાસમાં ન રહેવાનું સૂચવે છે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું ભ્રમણસાતમા સ્થાન પરથી થશે. જીવનસાથી દ્વારા યોગ્ય સહકાર પ્રાપ્ત થઇશકે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનુંભ્રમણ આઠમા સ્થાનમાં પરથી થશે. અહી આકસ્મિક બનાવોથી સાવચેતી રાખવી જરૂરીબનશે.આ સપ્તાહ દરમિયાન ત્રીજા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને બારમાસ્થાનમાં પ્રવેશે છે.ડોક્યુમેંટ્સ, એગ્રીમેંટ્સમાં સહી કરતાં પૂર્વે કાયદાકીય જોગવાઇઓથી વાકેફ બનવું હિતાવહ રહે. જાહેર ક્ષેત્રે વર્તનમાં વધુ પડતાં આત્મવિશ્વાસમાં રહીને વર્તવું નહીં. સરકારી-કાયદાકીય કાર્યો સમજપૂર્વક કરવા.

## કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્ર ચોથા સ્થાન પરથી પસાર થઇરહ્યો છે.જેમાનસિક તણાવ આપી શકે. પાંચમા સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર સંતાનોની સમસ્યાઓ સમજીને તેનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવાનું સૂચવે છે. પ્રિયપાત્ર સાથે વિવાદ નિવારવો. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું ભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે. મોસાળ પક્ષ સાથે મિલન-મુલાકાત ફળદાયી નિવડી શકે. સપ્તાહના અંત ભાગમાં સાતમા સ્થાન પરથીચંદ્ર મંગળની દ્રષ્ટિમાં રહીને પસાર થશે. ભાગીદારો સાથે જૂની ગેરસમજોનો અંત લાવી શકો. અવિવાહિત જાતકોને યોગ્ય પસંદગીની તક ઉપલબ્ધ બનતી જણાય.ધન સ્થાનનો અધિપતિ સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને આગિયારમા સ્થાનમાં પ્રવેશશે. ધનેશનુંઅહીંલાભસ્થાનમાં પરિભ્રમણ આર્થિક બાબતો અંગે સારા નિર્ણયો લેવડાવી શકે છે.ઉછીના વ્યવહારોથી બચવું. વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરી શકો. આકસ્મિક આર્થિક વ્યવહાર ધાર્યા બહારનો લાભ આપી શકે.

## સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાનનો અધિપતિ ચંદ્ર ત્રીજા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. કોઈપણ પ્રકારના કરારો - એગ્રીમેન્ટમાં સહી કરીને બંધાતા પૂર્વે બધી વાતો સમજ પૂર્વક આગળ વધારવી. ચોથા સ્થાનમાં વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર માનસિકતાણહળવો બનાવે.મિલકતને લગતા કાર્યો વિલંબમાં પડી શકે.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે. ભૂતકાળમાં કરેલા રોકાણોમાં યોગ્ય વળતર પ્રાપ્ત થતું જણાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાનપરથી થશે. કોમ્પિટિશનમાં આગળ રહેવા માટે પુરુષાર્થની માત્રામાં વધારો કરવો અનિવાર્ય બનશે. મોસાળ પક્ષ સાથે સુમેળ રહે.આપનો રાશિપતિ સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને દશમા સ્થાનમાં પ્રવેશેછે. સહ કર્મચારીઓ કે અધિકારીઓ થકી ઉત્તમ સહકાર પ્રાપ્ત કરી શકો.વ્યવસાય ક્ષેત્રે નવીન પ્રયોગો દ્વારા પ્રતિષ્ઠામાં વધારો પામી શકો.

## કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં અગિયારમાં સ્થાનનો સ્વામી ચંદ્ર બીજા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. મિત્રો સાથે નાણાંકીય વ્યવહારો સમજપૂર્વક કરવા. ભૂતકાળમાં કોઈને કરેલી મદદ જરૂરતના સમયે સારો સપોર્ટ પૂરો પાડી શકે. વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરતો ચંદ્ર સપ્તાહના મધ્યભાગમાં બિનજરૂરી સાહસનિવારવાનું સૂચન કરે છે. પાડોશીઓ સાથેના સંબંધો મીઠા રાખવાનો પ્રયત્ન કરવો.ધનરાશિપરથીપસારથતોચંદ્ર શુભ અસર ઉત્પન્ન કરશે. મિલકતને લગતા અટકેલા કાર્યો આગળ વધારી શકાય..સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાનપરથી થશે. શેર-સટ્ટા તથા જોખમયુક્ત આર્થિક રોકાણ કરવાથી થોડો સમય દૂર રહેવું. આ સપ્તાહ દરમિયાન બારમા સ્થાનનો સ્વામી સૂર્ય તારીખ ૧૬ મે થીરાશિ પરિવર્તન પામીને ભાગ્ય સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અહીં કર્મક્ષેત્રે પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે મહેનતમાં વધારો કરવો જરૂરી બનશે. આપેલા વચનને સમયસર પરિપૂર્ણ કરવાથી પ્રતિષ્ઠામાં વધારો પ્રાપ્ત કરી શકો.

## તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં દશમા સ્થાનનો સ્વામી ચંદ્ર પ્રથમ સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે.કલ્પના શક્તિ, તર્કશક્તિમાં વધારો થઈ શકે. અગત્યનું કાર્ય પૂરું કરવા માટેનું આયોજન ઘડી શકાય. બીજા સ્થાનમાં વૃશ્ચિક રાશિ પરથી ચંદ્ર પસાર થશે. આર્થિક વ્યવહારોમાં સ્પષ્ટતાપૂર્વક વર્તવું. કડવાશ યુક્તવાણી પર સંયમ રાખવો આવશ્યક બનશે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે. મુસાફરી-યાત્રા ફળદાયી નિવડી શકે.સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાનમાં પરથી થશે. જે માનસિક નિરાશા આપી શકે. આત્મવિશ્વાસનો અભાવ જણાતા,માનસિક ઉત્સાહ જગાડવા માટે સેલ્ફ મેડીટેશન ઉપયોગી નિવડે.અગિયારમાં સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને આઠમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. ભાગ્યની ઉન્નતિ માટે નવીન શુભ તકની પ્રાપ્તિ શક્ય બને. મળતી તકોમાંથી યોગ્ય તકોને ઓળખવી જરૂરી બને.વતનના તથા મિલકતના પ્રશ્નો સરળતાથી ઉકેલી શકો.

## વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં નવમા સ્થાનનો સ્વામી ચંદ્ર બારમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. કોઈપણ પ્રકારની માનતા કે બાધા પૂરી કરવા માટે આળસ રાખવી નહીં.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથી થશે. વાણીમાં સૌમ્યતા દ્વારા કાર્ય સફળતા પ્રાપ્ત કરી શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે. અન્ય લોકો પર વધુ પડતો વિશ્વાસ રાખીને કોઈપણ ડોક્યુમેન્ટ્સમાં સહી કરતા પૂર્વે ચેતીને ચાલવું. વધુ પડતા જોખમ યુક્ત કાર્યોથી દૂર રહેવું ઇચ્છનીય ગણાશે.દશમા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને સાતમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે.ભાગીદારો સાથે થોડું જતું કરવાનું વલણ રાખવું ઇચ્છનીય ગણાય. કર્મક્ષેત્રે જાગૃત રહીને પ્રામાણિકતા પૂર્વક કાર્ય આગળ વધારવા.યોગ્ય કોમ્યુનિકેશન દ્વારા આપના વ્યવસાય-નોકરીમાં અનુકૂળ પરિસ્થિતિનું સર્જન કરી શકો.ઉપરી અધિકારીઓ સમક્ષ પ્રતિભાશાળી છબી ઉત્પન્ન કરી શકાય.

## ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાનનો સ્વામી ચંદ્ર અગિયારમાં તથા બારમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. મિત્રો સાથે મજાક-મસ્તીમાં માન-મર્યાદા રાખવી અનિવાર્ય બનશે. વધુ પડતું ફાસ્ટ ડ્રાઈવિંગ નિવારવું. કાયદાકીય કામો સંભાળપૂર્વક કરવા. વર્તનમાં બિનજરૂરી ઉગ્રતા દાખવવી નહીં. અન્ય કોઈના વિવાદમાં પડવાથી દૂર રહેવું. પ્રથમ સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર માનસિક પ્રફુલ્લિતતા આપી શકે છે. આવકમાં વધારો થઇ શકે.ભાગ્ય સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન રાશિ પરિવર્તન પામીને તારીખ ૧૬ મે થીછઠ્ઠા સ્થાનમાં પ્રવેશશે.ઓવર કોન્ફિડન્સમાં વ્યવસાયના નિર્ણયો લેવા નહીં. વ્યવસાયમાં નવી ભાગીદારીનો વિકાસ કરતાં પહેલા અથવા તો ચાલુ ભાગીદારીમાં પરિવર્તન કરતાં પહેલા જન્મના ગ્રહો પરથી માર્ગદર્શન મેળવી આગળ વધવું.સપ્તાહના અંત ભાગમાં બીજા સ્થાન પરથી ચંદ્ર પસાર થશે. બોલવા ચાલવામાં સંયમ રાખવો. મંગળની ઉચ્ચ દ્રષ્ટિમાં રહેલો ચંદ્ર અહી આકસ્મિક લક્ષ્મી પ્રાપ્તિ યોગ આપી શકે છે.

## મકર રાશિ (ખ, જ)

મકર રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર દશમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે.સર્વિસમાં કરેલા કાર્યોની ઉપરી અધિકારીઓ દ્વારા નોંધ લેવાતા ઇમેજમાં વધારો થઇ શકે છે.ચંદ્રના લાભસ્થાન પરથી ભ્રમણ દરમિયાન મિત્રો પર વધુ પડતો વિશ્વાસ રાખીને ચાલવું નહીં.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પરથી થશે. દાંપત્યજીવનમાં વિવાદનિવારવોઇચ્છનીય ગણાશે. હરિફાઈ તથા પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત કરી શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પ્રથમ સ્થાન પરથી થશે. કાળજીપૂર્વક કાર્ય પર ફોકસ રાખીને પુરુષાર્થમાં રહેવાથી આગામી સમયમાં શુભ પરિણામ પ્રાપ્ત કરી શકાશે.સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને પાંચમા સ્થાનમાં પ્રવેશે છે.કોઇ સભા કે મંચ ઉપર અગ્રેસરનું સ્થાન શોભાવી શકો. માન-સન્માનમાં વધારો શક્ય બને. જો કે અહીં નિરાશાવાદી વલણ ફગાવીને ઉત્સાહજનક રીતે કાર્ય કરવું જરૂરી બનશે.

## કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી ચંદ્ર નવમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. કોઇપણ કાર્યમાં ટાઈમ મેનેજમેન્ટ તથા આયોજન અનિવાર્ય બનશે. અવ્યવસ્થિત કાર્ય કરવા જતા જોબ્સેટિસ્ફેકશન અનુભવી શકો નહીં. સપ્તાહના મધ્યભાગમાં વૃશ્ચિક પરથી ચંદ્ર પસાર થશે. વ્યવસાય-સર્વિસમાં સંઘર્ષ ઉદભવી શકે છે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. મિત્રો દ્વારા યોગ્ય સહકાર પ્રાપ્ત કરી શકો. તેમ છતાં અહી આળસ ત્યાગી કાર્યમાં લાગી જવાનું સૂચવી શકાય. વિવાદોથી દૂર રહેવું ઇચ્છનીય ગણાશે.સાતમા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને ચોથા સ્થાનમાં પ્રવેશે છે.જાહેરજીવનમાં શુભ ફળ પ્રાપ્ત કરી શકો.મિલકતમાં કરેલ રોકાણ દ્વારા આર્થિક વળતર પ્રાપ્ત કરી શકાય.અવિવાહિત જાતકો માટે યોગ્ય પસંદગીનો અવકાશ પ્રાપ્ત કરી શકાય.મકરમાં ચંદ્ર-મંગળપ્રતિયુતિ નવીન વિચારો કે ખ્યાલો આપી શકે.

## મીન રાશિ (દ, ચ)

મીન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં પાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર આઠમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. નાણાંકીય વ્યવહારો કે ઇન્સ્યોરન્સ પ્રકારના કાર્યો કરતાં પૂર્વે બેદરકારી દાખવી નહીં. ગંભીરતાપૂર્વક તમામ હિસાબ, ચોખવટ-નોંધ સાથે કાર્યો આગળ વધારવા.વૃશ્ચિક રાશિમાં ચંદ્ર ભ્રમણ દરમિયાન વ્યવસાય તથા સર્વિસમાં થોડો અવરોધ અનુભવી શકાય. સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્ર કર્મ સ્થાન પરથી પસાર થશે. જે વડીલોના આશીર્વાદ અપાવવામાં નિમિત બની શકે છે. વ્યવસાયમાં નવા ઓર્ડર પ્રાપ્ત કરી શકો. સર્વિસમાં પ્રમોશનની તક ઉજળી બનતી જણાય. સપ્તાહના અંત ભાગમાં અગિયારમા સ્થાન પરથી ચંદ્ર પસાર થશે. અહીં મિત્રોના જામીન, ગેરેન્ટર બનવાથી દૂર રહેવું. છઠ્ઠા સ્થાનનો સ્વામી સૂર્ય આ સપ્તાહ દરમિયાન તારીખ ૧૬ મે થી રાશિ પરિવર્તન પામીને ત્રીજા સ્થાનમાં પ્રવેશે છે. ભાઈભાંડુ-મોસાળ પક્ષ સાથે વિવાદથી બિલકુલ દૂર રહેવું. કોમ્પિટિશનમાં વધુ પડતા આત્મવિશ્વાસમાંરહેવું નહીં.

* * *

# વિરાટ કોહલી સૌથી સફળ ભારતીય ટેસ્ટ કેપ્ટનઃ ઓસ્ટ્રેલિયાને ઘરમાં જ હરાવ્યુ

## એક જ ટેસ્ટની બંને ઈનિંગમાં સદી ફટકારવાનો પણ રેકોર્ડઃ દરેક ટોચની ટીમને વિરાટના નેતૃત્વમાં પરાજય મળ્યો છેઃ સૌથી વધુ બેવડી સદી પણ વિરાટના નામે





નવી દિલ્હી તા.૧૨

ભારતીય ટીમમાં ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં પોતાની ધાક જમાવી હોય તેવા બહુ ઓછા ખેલાડીઓમાં વિરાટ કોહલીનો સમાવેશ થાય છે અને એક બેસ્ટમેન તરીકે તે સુપરહીટ રહ્યો છે. એટલું જ નહી કેપ્ટન તરીકે તેમનું પ્રદર્શન શાનદાર રહ્યું છે અને ૬૮ મેચમાં કેપ્ટનશીપ કરી હતી જેમાં ૪૦માં તેણે જીત મેળવી છે. આમ તેઓ ભારતના સૌથી સફળ કેપ્ટન બન્યા છે.

૨૦૧૪માં તેણે ભારતના ટેસ્ટ કેપ્ટન બન્યા હતા અને ૨૦૨૨માં આ પદ છોડ્યું. ફક્ત ત્રણ મહિનામાં જ તેણે ત્રણેય ફોર્મેટમાં પોતાની કેપ્ટન તરીકેની જવાબદારીમાંથી મુક્તિ મેળવી હતી. તે પ્રથમ એશિયન કેપ્ટન છે કે જયારે તેણે ઓસ્ટ્રેલિયા જઈને આ દેશને મહાત આપી હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમ ઈન્ડીયા સૌથી વધુ વખત નંબર વન પર રહી હતી. તેણે ૧૨૩ ટેસ્ટ મેચ રમ્યા અને ૨૧૦ ઈનિંગ મેદાન પર રમી હતી. કુલ ૯૨૩૦ રન નોંધાવ્યા જેમાં ૩૦ સદી અને ૩૧ અર્ધસદી અને ૨૫૪ રનની ઈનિંગ સૌથી મોટી સાબીત થઈ છે. તેણે ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦૦ રન અને ૫૦થી વધુ કેચ ઝડપ્યા છે. કુલ ૧૨૧ કેચ તેણે પોતાની ઈનિંગ્ઝમાં ઝળપ્યા છે. તેના નામે એક જ ટેસ્ટમાં બંને ઈનિંગ્ઝમાં સદી બનાવવાનો રેકોર્ડ છે જે ૨૦૧૪માં એડીલેડમાં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ મેચ રમતા સમયે પ્રથમ ઈનિંગમાં ૧૧૫ અને બીજી ઈનિંગમાં ૧૪૧ રન બનાવ્યા હતા. તેના નામે અનેક રેકોર્ડ નોંધાયા છે જેમાં એક જ ટેસ્ટમાં એક ઈનિંગમાં સદી અને બીજી ઈનીંગમાં શૂન્યમાં પણ આઉટ થયા છે. કેપ્ટન તરીકે તેણે ૧૧૩ ઈનિંગમાં ૫૮૬૪ રન બનાવ્યા છે જેમાં ૨૦ સદી અને ૧૮ અર્ધ સદી છે. આમ કેપ્ટન તરીકે પણ તેણે સૌથી વધુ રન બનાવ્યા છે.



### કયા દેશ સામે કેટલા રન

| દેશ | મેચ | સદી | અર્ધ સદી | સૌથી મોટી ઈનિંગ | રન | સરેરાશ |
|---|---|---|---|---|---|---|
| ઓસ્ટ્રેલિયા | ૩૦ | ૦૯ | ૦૫ | ૧૮૬ | ૨૨૩૨ | ૪૩.૭૬ |
| બાંગ્લાદેશ | ૦૮ | ૦૨ | ૦ | ૨૦૪ | ૫૩૬ | ૪૮.૭૩ |
| ઈંગ્લેન્ડ | ૨૮ | ૫ | ૯ | ૨૩૫ | ૧૯૯૧ | ૪૨.૩૬ |
| ન્યુઝીલેન્ડ | ૧૪ | ૩ | ૪ | ૨૧૧ | ૯૫૯ | ૩૮.૩૬ |
| દ.આફ્રિકા | ૧૬ | ૩ | ૫ | ૨૫૪ | ૧૪૦૮ | ૫૪.૧૫ |
| શ્રીલંકા | ૧૧ | ૫ | ૨ | ૨૪૩ | ૧૦૮૫ | ૬૭.૮૧ |
| વેસ્ટઈન્ડીઝ | ૧૬ | ૩ | ૬ | ૨૦૦ | ૧૦૧૯ | ૪૮.૩૨ |

### વિરાટ કોહલીની ટેસ્ટ ઈનિંગ

| | |
|---|---|
| મેચ | ૧૨૩ |
| ઈનિંગ | ૨૧૦ |
| કુલ રન | ૯૨૩૦ |
| સૌથી મોટી ઈનિંગ (નોટઆઉટ) | ૨૫૪ |
| સરેરાશ | ૫૫.૫૭ |
| સદી | ૩૦ |
| અર્ધ સદી | ૩૧ |



# વિરાટની નિવૃત્તિથી ચાહકો આઘાતમાં : પ્રશંસાના ફુલો વેર્યા

નવી દિલ્હી, તા. ૧૨ : ટીમ ઇન્ડિયાના ખેલાડી વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી છે તેથી તેમના ચાહકોમાં આંચકો લાગ્યો છે અને સોશ્યલ મીડિયા પર વિરાટની આ જાહેરાતને એક દુસ્વપ્ન તરીકે ગણાવી રહ્યા છે. ભારત વતી ૧૨૩ ટેસ્ટ રમનાર કોહલીના ચાહકોએ સોશ્યલ મીડિયા પર પોતાના રીએકશન આપ્યા છે અને લખ્યું છે કે વિરાટે ટેસ્ટ ક્રિકેટને એક નવું સ્વરૂપ આપ્યું, આદિત્ય નામના એક ચાહકે લખ્યુ કે ભારત જયારે ટેસ્ટ મેચમાં ખરાબ રીતે હારી રહ્યું હતું ત્યારે વિરાટે જીતના માર્ગે લઇ ગઇ હતી. જયારે નાની ડાર્લિંગ નામના હેન્ડલ પરથી લખાયું કે વિરાટે ટેસ્ટ ક્રિકેટમાં ફરી પ્રેક્ષકો આવ્યા તે શકય બનાવ્યું. જયારે દેવ નામના એક હેન્ડલ પરથી આર.અશ્વિન, રોહિત શર્મા, વિરાટ કોહલી અને હવે રવિન્દ્ર જાડેજાની પણ વિદાય થશે તેવો આઘાત વ્યકત કર્યો અને રાહુલ નામના એક ચાહકે લખ્યું કે વિરાટની દરેક કવરડ્રાઇવ મેદાન પર દહાડ મારતી હતી.

# ટેસ્ટ નિવૃતિની જાહેરાતના કલાકોમાં વિરાટ વિદેશ રવાના

## મીની ફેમીલી વેકેશન માણે તેવા સંકેત



નવી દિલ્હીઃ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિની જાહેરાત સાથે જ ટીમ ઈન્ડીયાના ટોચના ખેલાડી વિરાટ કોહલી પરિવાર સાથે રજા મનાવવા રવાના થયો હતો. તે મુંબઈ એરપોર્ટ પર પત્ની અનુષ્કા અને બન્ને બાળકો સાથે રવાના થયો તે પૂર્વે તેણે સ્મિત સાથે તસ્વીરો ખેચાવી હતી. સફેદ ટીશર્ટ અને બેઝ ટ્રાઉઝરમાં સજજ વિરાટ અત્યંત હળવા મુડમાં હતો. અનેક વખત તે એરપોર્ટ પર ગુપચુપ રવાના થાય છે. આ સમયે તેણે તસ્વીરો ખેચાવી હતી અને તેની આપવાના લોકો સાથે હળવા મૂડમાં વાતચીત પણ કરી હતી.

હજું બે કલાક પુર્વે જ તેણે ટેસ્ટ નિવૃતિની જાહેરાત કરી હતી પણ તેનો કોઈ સંકેત ચહેરા પર ન હતો. જો કે માનવામાં આવે છે કે આ તેનું મીની વેકેશન હશે. આઈપીએલ ફરી શરૂ થઈ રહી છે અને રોયલ ચેલેન્જર બેંગ્લોર ટોપ-૨માં છે. તેથી તે ઝડપથી પરત ફરશે પણ બાદ નવી સિઝન સુધી લાંબા વેકેશન માણશે. ટીમ ઈન્ડીયા જૂનમાંજ ઈંગ્લેન્ડના પ્રવાસે જનાર છે. તે સમયે વિરાટ પ્રેક્ષક ગેલેરીમાં જોવા મળી શકે છે.

# રોહિત અને વિરાટ બાદ ટીમ ઈન્ડિયાની ટેસ્ટ ટીમમાં નવોદિતો માટે ભરપુર તક

નવી દિલ્હી, તા.૧૨

ટીમ ઈન્ડિયાના બે દિગ્ગજ ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી છે. હવે ટીમ ઈન્ડિયા તા.૨૦ જુનથી ઈંગ્લેન્ડ સામે શરૂ થનારી પાંચ ટેસ્ટ મેચની શ્રેણીમાં નવા કેપ્ટન સાથે જશે જેમાં શુભમન ગીલ સૌથી યોગ્ય હોવાનું માનવામાં આવે છે. જયારે કે.એલ.રાહુલ અને રવિન્દ્ર જાડેજાના નામ પણ છે પરંતુ સૌથી મહત્વનું છે કે ઓપનીંગ જોડી પણ શુભમન ગીલ સાથે નવો ચહેરો જોવા મળશે અને નવી ટીમમાં યશસ્વી જયસ્વાલ, સાઇ સુદર્શન, કે.એલ.રાહુલ, ઋષભ પંત (વિકેટ કિપર), નીતિશકુમાર રેડ્ડી, ધ્રુવ જુરેલ (વિકેટ કિપર), સરફરાઝ ખાન, કરૂણ નાયર, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, મહમ્મદ સિરાઝ, મહમ્મદ સામી, પ્રસિધ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા અને આકાશદીપમાંથી પસંદગી થશે તે નિશ્ચિત છે.

# છેલ્લી બે શ્રેણીમાં વિરાટ કોહલીનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું હતું

## ન્યુઝીલેન્ડ ભારતને પરાજીત કરી ગયું : ઓસ્ટ્રેલિયામાં પણ ટીમ ઈન્ડિયા હારી

નવી દિલ્હી, તા. ૧૨

આજે ટેસ્ટ ક્રિકેટને અલવિદા કરનાર ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીનું છેલ્લી બે ટેસ્ટ સીરીઝમાં પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું અને બંને શ્રેણીમાં ભારતને હારનો સામનો કરવો પડયો હતો. ન્યુઝીલેન્ડે ગત વર્ષે ભારતમાં જ ત્રણ ટેસ્ટ મેચની શ્રેણીમાં ૩.૦થી પરાજીત કર્યુ અને વિરાટ કોહલીએ ત્રણ મેચોની છ ઈનિંગમાં ફકત ૯૩ રન બનાવ્યા હતા આમ તેને સરેરાશ ૧૫.૫૦ની રહી જયારે ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં કોહલીએ પાંચ મેચોની ૯ ઈનિંગ રમી અને ૧૯૦ રન બનાવ્યા હતા જોકે તેમાં એક સદી સામેલ હતી. કોહલીએ પર્થમાં પ્રથમ ટેસ્ટ મેચમાં જ સદી બનાવી હતી બાદમાં આઠ ઈનિંગમાં ફકત ૯૦ રન બનાવી શકયા જેમાં ૮ વખત તેઓ આઉટ થયા અને ૭ વખત સ્ટમ્પ બહાર જતા દડાને રમવા જતા કેચ આપી બેઠા હતા.

# લંડનના સુપ્રસિદ્ધ વેકસ મ્યુઝિયમમાં રામચરણનું સ્ટેચ્યુ મુકવામાં આવ્યું

નવી દિલ્હી,તા.૧૨

દક્ષિણના સ્ટાર રામ ચરણે તેનાં માતાપિતા ચિરંજીવી અને સુરેખા, પત્ની ઉપાસના અને તેમનાં ક્યૂટ પાલતું કૂતરા રાયમ સાથે લંડનનાં મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમમાં તેનાં મીણના પૂતળાનું અનાવરણ કર્યું હતું.

**લંડનના મેડમ તુસાદમાં રામની મીણની પ્રતિમા સ્થાપિત**

રવિવારે ટોલીવૂડ સ્ટાર રામચરણે લંડનના મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમમાં પોતાના મીણના પૂતળાનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે તેમના માતા-પિતા ચિરંજીવી અને સુરેખા, પત્ની ઉપાસના અને તેમના પેટ ડોગ રાઇમ પણ ઉપસ્થિત રહ્યા હતા. મ્યુઝિયમમાં જતાં પહેલાં લંડનના માર્ગો પર હજારો ચાહકોએ રામચરણનું જોરદાર સ્વાગત કર્યું હતું. થોડા દિવસો બાદ મેડમ તુસાદ સિંગાપોર ખાતે તેમનું મીણનું પૂતળું કાયમી ધોરણે મૂકવામાં આવશે.

**રામની મીણની પ્રતિમામાં શું છે ખાસ ?**

રામ ચરણ વિશ્વનો પહેલો એવો



અભિનેતા છે કે જેણે પોતાનો પાલતું કૂતરો તેની મીણની પ્રતિમામાં રાખ્યો છે. અનાવરણ દરમિયાન રામચરણે ફોટોગ્રાફર્સને તેના પેટ ડોગ સાથે પોઝ આપ્યો હતો. ડોગ રાઈમની ક્યુટનેસે લોકોનું દિલ જીતી લીધું હતું.

**રામચરણનું વર્કફ્રન્ટ**

વર્ક ફ્રંટની વાત કરીએ તો, પાન ઇન્ડિયા સ્ટાર રામ ચરણ લંડનથી પરત ફર્યા બાદ પોતાની ફિલ્મ ''પેદ્દી''નું શૂટિંગ ફરી શરૂ કરશે. આ ફિલ્મમાં શિવા રાજકુમાર, જાન્હવી કપૂર અને દિવ્યેન્દુ શર્મા પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મનું દિગ્દર્શન બુચી બાબુ સનાએ કર્યું છે અને ફિલ્મનું સુરીલું સંગીત એ.આર.રહેમાને આપ્યું છે. આ ફિલ્મ પહેલા રામ ફિલ્મ 'ગેમ ચેન્જર'માં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં તેની સાથે કિયારા અડવાણીની જોડી હતી.

### લોકોને જાગૃત કરવા ગયા પણ..

# શહેરની વચ્ચોવચ્ચ ૨૦ ટન ગાંજો સળગાવાતા ૨૫૦૦૦ લોકોને નશો ચડી ગયો



ઘણી વાર સારૂ કરવા જતાં કંઈક અવળું થઈ જાય છે. ટર્કીના લીજેહ શહેરની પોલીસથી પણ આવું જ કંઈક થયું હતું. સ્થાનિક પોલીસે એન્ટિ-ડ્રગ ઑપરેશન અંતર્ગત ઠેર-ઠેર ઉગાડેલો અને સંઘરાયેલો ગાંજો જપ્ત કર્યો હતો. ૨૦૨૩ અને ૨૦૨૪માં પોલીસે લગભગ વીસ ટન જેટલો ગાંજો પકડ્યો હતો. જોકે આ ડ્રગનો નિકાલ યોગ્ય રીતે નહીં કરવામાં આવે તો મુશ્કેલી થશે એવું પોલીસે વિચાર્યું જ નહોતું. પોલીસને લાગ્યું કે આ ગાંજાને જાહેરમાં એવી રીતે સળગાવવો જેથી ગેરકાનૂની કામ કરનારા સૌની આંખ ખૂલે. ચૂપચાપ શહેરની બહાર એનો નિકાલ કરવાને બદલે પોલીસે શહેરની વચ્ચોવચ આવેલા ગ્રાઉન્ડમાં ગાંજો બાળ્યો હતો અને એને કારણે જે લોકોના નાકમાં ગાંજાનો ધુમાડો ગયો તેમને નશાની અસર થવા માંડી હતી. અધૂરામાં પૂરું, ૨૦,૦૦૦ કિલો ગાંજો હોવાથી એને બળવામાં પણ ખૂબ સમય લાગ્યો હતો. પૂરા પાંચ દિવસ સુધી એ આગ ચાલી અને પાંચ દિવસ સુધી લોકોએ ઘરમાં બારી-બારણાં બંધ કરીને ભરાઈ રહેવું પડ્યું. જેમણે બારીઓ ખોલીને બહારનો શ્વાસ હવામાં લીધો તેમને ગાંજાનો નશો થઈ ગયો હતો. બાળકોથી લઈને મોટેરાઓ સુધીના લગભગ ૨૫,૦૦૦ લોકો ગાંજાના નશાને કારણે અર્ધભાનાવસ્થામાં જતા રહ્યા હતા. લોકોને ઊબકા, ઊલટી, માથું દુખવું અને પેટમાં આંટી ચડવા જેવી આડઅસરો થવા માંડી હતી.

# સૌરાષ્ટ્ર-કચ્છના સરહદી-કાંઠાળ વિસ્તારમાં ટેન્શન દુર છતાં તંત્ર સતર્ક

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હજુ સ્વૈચ્છિક બ્લેકઆઉટ પાળવા અપીલ : કચ્છમાં સ્થિતિ સામાન્ય : કંડલા પોર્ટ બંધ રહેશે : જામનગરની બજારો ધમધમી-કાંઠા પર પેટ્રોલીંગ

રાજકોટ, તા. ૧૨

પાકિસ્તાન સાથે યુધ્ધની સ્થિતિ હવે સીઝફાયરની જાહેરાત વચ્ચે સૌરાષ્ટ્રના સરહદી અને દરિયાકાંઠાના જિલ્લાઓમાં સ્થિતિ સામાન્ય થઇ રહી છે. બજારો રાબેતા મુજબ ખુલી છે. કચ્છમાં બ્લેકઆઉટ હટાવી દેવાયો છે. તો દ્વારકામાં લોકોને હાલ સ્વૈચ્છિક બ્લેકઆઉટ રાખવા અનુરોધ કરાયો છે.

રેન્જ આઇજીએ ગઇકાલે મોરબી જિલ્લાના નવલખી બંદરની મુલાકાત લઇ લોકોને જરૂરી સૂચના આપી હતી. જામનગર જિલ્લામાં પણ સ્થિતિ સામાન્ય બની છે. ગઇકાલે રવિવારે પણ ઘણી બજારો ચાલુ રહી હતી. દરિયાકાંઠે હજુ પેટ્રોલીંગ ચાલુ છે.

તો કચ્છમાં પણ સ્થિતિ સામાન્ય થતા બ્લેકઆઉટ દુર કરાયો છે.

**દ્વારકા જિલ્લો**

ભારત પાકિસ્તાન વચ્ચે હાલ સર્જાયેલી તણાવભરી પરિસ્થિતિને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટર દ્વારા પ્રજાજોગ સંદેશ જારી કરીને જિલ્લામાં સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી બ્લેક આઉટની અમલવારી કરવા અપીલ કરવામાં આવી છે. વર્તમાન ઉભી થયેલી પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને સંભવિત આકસ્મિક આપત્તિને પહોંચી વળવા આગામી સૂચના ન મળે ત્યાં સુધી લોકોએ સૂર્યાસ્ત પછી પોતાની ઘરની લાઈટો બંધ રાખવા તેમજ ઈન્વર્ટર, જનરેટરનો ઉપયોગ પણ ન કરવા વધુમાં જણાવ્યું છે. આ ઉપરાંત લોકોએ કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહી આ અંગેની માર્ગદર્શિકાનું પાલન કરવા પણ અપીલ કરાઈ છે.

આ સાથે ખંભાળિયાના વેપારીઓએ પણ રાત્રે ૮ વાગ્યા પછી પોતાના ધંધા રોજગાર સ્વૈચ્છિક રીતે બંધ રાખી, બ્લેકઆઉટના આદેશમાં વહીવટી તંત્રને સહયોગ આપવા તેમજ ઘર અને બહારની લાઈટો બંધ રાખી, કામ સિવાય બહાર ન નીકળવા વેપારી મંડળ દ્વારા વેપારીઓ તેમજ નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

**કલેક્ટરની અપીલ**

પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને કેન્દ્રીય એજન્સીઓ તરફથી મળતી સૂચના અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટર આર.એમ. તન્નાએ નાગરિકોને સાવચેત રહેવા અનુરોધ કર્યો છે.

જિલ્લામાં તમામ સ્થળોએ સાંજે બ્લેક આઉટ કરવામાં આવશે. જેમાં નાગરિકો સ્વયંભૂ રીતે જોડાઈને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ તેમજ વેપાર પ્રવૃતિઓ બંધ રાખવા અને બિનજરૂરી અવરજવર ન કરવા તથા સતર્ક રહેવા માટે સૂચના આપવામાં આવી છે. સાંજે સૂર્યાસ્ત સમયથી શરૂ થતાં બ્લેક આઉટ દરમ્યાન ઘરની તમામ લાઈટો બંધ કરી, લાઇટ બહાર ન જાય તેની તકેદારી રાખવા તેમજ આસપાસના વિસ્તારમાં પણ બ્લેક આઉટ રહે માટે સચેત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત આસપાસ કોઈ શંકાસ્પદ વ્યક્તિઓ અથવા શંકાસ્પદ પ્રવૃત્તિઓ થતી જણાય તો નાગરિકોએ જિલ્લા પોલીસ તંત્ર તથા વહીવટી તંત્રને જાણ કરવા અપીલ કરાઈ છે. જિલ્લામાં આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો પૂરતા પ્રમાણમાં છે તેમજ કોઈપણ વ્યક્તિ ગેરમાર્ગે દોરાઈને કે અફવાઓમાં આવીને સંગ્રહખોરી ન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સાથે જરૂર જણાય તો જિલ્લા વહીવટી તંત્રના ઈમરજન્સી હેલ્પલાઇન નંબર ૦૨૮૩૩-૨૩૨૧૨૫, ૨૩૨૦૮૪, ટોલ ફ્રી નંબર ૧૦૭૭ અથવા મોબાઈલ નંબર ૭૮૫૯૯ ૨૩૮૪૪ પર સંપર્ક કરવા વધુમાં જણાવાયું છે.

### દ્વારકાના જગત મંદિરમાં રાત્રે ૮થી સવારે ૬ સુધી દર્શન બંધ રહેશે

જામખંભાળિયા, તા. ૧૨

દ્વારકાના જગત મંદિરને સાંજના ૮ થી લઈને સવારે ૬ સુધી બંધ રાખવાનો નિર્ણય વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જગત મંદિરની થતી નિત્યક્રમ પૂજા જગત મંદિર અંદર રાબેતા મુજબ કરવામાં આવશે. ફક્ત દર્શનાર્થીઓ ભગવાન દ્વારકાધીશના દર્શનનો લાભ ઓનલાઇન માધ્યમથી કરી શકશે. તેમ એક યાદીમાં જણાવાયું છે.

**કચ્છ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામ થતાં કચ્છ જિલ્લામાં જનજીવન સામાન્ય થઈ ગયું છે. રવિવાર હોવા છતાં ભુજ, ગાંધીધામ અને અન્ય વિસ્તારોમાં બજારો ખુલ્યા છે અને લોકોની અવરજવર જોવા મળી રહી છે. ટ્રેનો પણ પોતાના નિર્ધારિત સમયે દોડી રહી છે.

કચ્છના જિલ્લા કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું છે કે હાલ પરિસ્થિતિ સામાન્ય છે અને કોઈ ચિંતાનું કારણ નથી. તેથી આજે બ્લેકઆઉટ કરવામાં આવશે નહીં. પણ, જો પરિસ્થિતિમાં અચાનક કોઈ બદલાવ આવશે. તાત્કાલિક બ્લેકઆઉટ લાગુ કરવામાં આવશે. હાલમાં તો જિલ્લામાં જનજીવન રાબેતા મુજબ ચાલુ રહેશે.

જિલ્લા મથક ભુજ અને ગાંધીધામ શહેરમાં આવતી-જતી તમામ ટ્રેનો નિયમિત રીતે ચાલી રહી છે. જો કે, ભુજ અને કંડલા એરપોર્ટ ૧૪ મે સુધી બંધ રહેશે. સરકારી કામકાજસામાન્ય રીતે ચાલુ રહેશે. કચ્છ યુનિવર્સિટીમાં રદ કરાયેલી રજાઓનો નિર્ણય યથાવત રહેશે. સંઘર્ષ વિરામ બાદ રવિવાર હોવા છતાં કચ્છના મોટાભાગના વિસ્તારોમાં જનજીવન સામાન્ય જોવા મળ્યું હતું. કેટલીક દુકાનો ખુલ્લી રહી હતી. રવિવારે કચ્છ, ગાંધીધામ કે આદિપુર વિસ્તારમાં કોઈ અનિચ્છનીય ઘટનાના સમાચાર સામે ન આવતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.નડેશ્વરી માતાજીના મંદિરે ભક્તો દર્શન માટે આવી રહ્યા છે અને મંદિર બહારની દુકાનો પણ રાબેતા મુજબ ચાલુ જોવા મળી હતી. સરહદી ગામોમાં પણ સવારથી જ સામાન્ય જનજીવન જોવા મળ્યું હતું.ભુજમાં સુરક્ષાના કારણોસર હજુ કેટલીક સાવચેતી ચાલુ રહેશે. ભુજ એરપોર્ટ હજુ ૧૪ મે સુધી બંધ રહેશે.

# અમેરિકા લગ્નમાં જવા માટે પેકેજ ટુર એર ટિકિટ બુક કરાવનાર મોરબીના બે વૃદ્ધ સાથે ૭.૭૧ લાખની છેતરપીંડી

## અમદાવાદમાં વૈશાલી ટુરીઝમ કંપની ચલાવતા દંપતિ સામે ફરિયાદઃ વૃદ્ધના નાણા ડૂબી ગયા

**(જીગ્નેશ ભટ્ટ)**

મોરબી, તા.૧૨

મોરબીના રવાપર રોડે આવેલ પટેલ સોસાયટીમાં રહેતા વૃદ્ધ સહિત બે વ્યક્તિને લગ્ન પ્રસંગમાં અમેરિકા જવું હતું જેથી અમદાવાદની વૈશાલી ટુરીઝમ પ્રા. લિ. માં તેઓએ પેકેજ ટુર એર ટિકિટ બુક કરાવી ૭,૭૧,૨૧૩ રૂપિયા આપ્યા હતા જોકે ફરિયાદી કે સાહેદની ટિકિટ બુક ન કરાવીને તે બંને સાથે છેતરપિંડી કરતા ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધીને આરોપી દંપતિને પકડવા માટે તજવીજ શરૂ કરેલ છે.

રવાપર રોડે આવેલ પટેલ સોસાયટીમાં રહેતા રમેશભાઈ બાલુભાઈ ઉઘરેજા (૭૦) નામના વૃદ્ધે મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે મહર્ષિભાઈ પ્રવીણભાઈ દવે અને ભાવિકાબેન મહર્ષિભાઇ દવે રહે. બંને એ-૪૦૨ સુકુન રેસીડિન્સી જેકે પાર્ક બસ સ્ટોપ સામે ચંદ્રોલા ગોતા રોડ અમદાવાદ વાળાની સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવેલ છે જેમાં જણાવ્યું છે કે, ફરિયાદીને તથા સાહેદ વસંતભાઈ અંબાલાલ પટેલને અમેરિકા ખાતે લગ્ન પ્રસંગમાં જવું હતું જેથી આરોપીઓની વૈશાલી ટુરીઝમ પ્રા.લિ. નામની પેઢી મારફતે વૃદ્ધને વિશ્વાસમાં લેવામાં આવેલ હતા અને કપટભરી રીતે એર ટીકીટ ઇલેક્ટ્રોનીક માધ્યમથી બનાવી પેકજ ટુર અને એર ટીકીઝ બુક મળી રૂપીયા ૭,૭૧,૨૧૩ બુકીંગના નામે મેળવી લીધા હતા અને ટીકીટ બુક કરી ઓન હોલ્ડથી ટીકીટ મોકલી ટીકીટ કન્ફર્મ નહી કરી ફરિયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવેલ છે જેથી ભોગ બનેલા વૃદ્ધ દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધીને આરોપી દંપતીને પકડવા માટે તજવીજ શરૂ કરેલ છે.

# જુના અને ઘસારો પડેલ લોકવાળા સ્પ્લેન્ડર બાઈક માસ્ટર ચાવીથી ખોલી ચોરી કરતી બેલડી ઝડપાઈ, ૨૭ વાહન ચોર્યા

**ધંધુકાની બેલડીએ સૌરાષ્ટ્રભરમાં તરખાટ મચાવી અલગ અલગ જગ્યાએથી વાહનો ચોરી સ્પેરપાર્ટસ અલગ કરી વેંચી નાંખતા હતાં, મુખ્ય સૂત્રધાર હરેશ અને ગેરેજ સંચાલક બાસિતની થોરિયાળી ચેક પોસ્ટ પાસેથી ધરપકડ**

## વિંછીયા પોલીસે ૧૭ ચોરાઉ બાઈકના સ્પેરપાર્ટસ સહિત રૂ.૪.૦૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો



રાજકોટ. તા.૧૨

સૌરાષ્ટ્રભરમાંથી જુના અને ઘસારો પડેલ લોક વાળા સ્પ્લેન્ડર બાઇક માસ્ટર ચાવીથી ખોલી ચોરી કરતી બેલડીને વિંછીયા પોલીસે ૧૭ ચોરાઉ બાઈકના સ્પેરપાર્ટસ સહિત રૂ.૪.૦૨ લાખના મુદામાલ સાથે પકડી લીધાં હતાં. પોલીસે મુખ્ય સૂત્રધાર હરેશ અને ગેરેજ સંચાલક બાસિતની થોરિયાળી ચેક પોસ્ટ પાસેથી ધરપકડ કરી તપાસ આદરી હતી.

બનાવ અંગે ગઇ તા.૧૬/૦૪/૨૦૨૫ તથા તા.૨૮/૦૪/૨૦૨૫ ના વિંછીયા પોલીસ મથક વિસ્તારમાંથી મોટર સાયકલ ચોરી થયેલાની અલગ-અલગ ફરીયાદો આવતા અલગ અલગ ગુના દાખલ થયેલ હતાં. જે ગુન્હાઓને ધ્યાને લઇ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકરસિંહ દ્વારા ગુન્હાઓ શોધી કાઢવાની આપેલ ખાસ સુચનાથી એએસપી સીમરન ભારદ્વાજ, ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ વિંછીયા પોલીસ મથકના પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં અલગ-અલગ ટીમો બનાવી ગુન્હાઓ શોધી કાઢવા કાર્યવાહી હાથ ધરેલ હતી.

પોલીસની અલગ અલગ ટીમોએ વિંછીયા ટાઉન તથા આજુ-બાજુ રોડ સાઇડના અલગ-અલગ પંદરેક જેટલી જગ્યાઓના સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરતાં એક શંકાસ્પદ શખ્સ સામે આવતા હ્યુમન ઇન્ટેલીજન્સની મદદથી આરોપીની ઓળખ મેળવી આરોપીને પકડવા વિવિધ પ્રયત્નો હાથ ધરેલ ત્યારે થોરીયાળી ચેક પોસ્ટ પર વાહન ચેકીંગ દરમ્યાન બાઈક ચોરીના ગુનામાં ઓળખ થયેલ શખ્સ અને તેની પાછળ બેસેલ એક અન્ય શખ્સ પ્લાસ્ટીકની કોથળીમા બાઇકનું શંકાસ્પદ એન્જીન લઇ નીકળેલ જેઓ પાસેના બાઇકના નં. GJ-04-BQ-6517 પોકેટ કોપમા સર્ચ કરતા બન્ને શખ્સો ગુન્હાહીત ઇતીહાસ ધરાવતા હોવાનું સામે આવ્યું હતું.

બંને શખ્સોને શંકાસ્પદ બાઇકના એન્જીન સાથે પોલીસ મથકે લાવી ટેક્નીકલ સોર્સથી ઉંડાણપૂર્વક પુછપરછ કરતા એક શખ્સ હરેશ પ્રેમજી મેટાળીયાએ અલગ-અલગ જીલ્લાઓમાંથી બાઈક ચોરીઓ કરેલ અને તેની સાથેના શખ્સ બાસીત એહમદ મારુએ તે તમામ બાઈક હરેશ પાસેથી મેળવી પોતાના ગેરેજે લાવી કટીંગ કરી અલગ-અલગ સ્પેરપાર્ટસમા વિભાજીત કરી જરૂરીયાત મંદોને વેચાણ કરતા હોવાની કબુલાત આપતાં આરોપી હરેશ ઉર્ફે હરી પ્રેમજી મેટાળીયા (ઉ.વ.૪૭, રહે.ધંધુકા મોદી ફળી સાંકડી શેરી) અને બાસીત એહમદ મારૂ (ઉ.વ.૩૯ ધંધો-ગેરેજ, રહે.ધંધુકા મળવતવાળા મદિના મસ્જીદ પાસ) ની ધરપકડ કરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી હરેશ હરેશ મેટાળીયા દિવસના સમયે રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારોની વિવિધ જગ્યાઓ પર જઈ પોતાની સાથે બાઈકની એક માસ્ટર ચાવી રાખી જાહેરમાં પડેલ સ્પ્લેન્ડર બાઈકના લોક જોઈ તેમાં જુના તથા ઘસારો પડેલ લોક વાળા બાઈકના લોક પોતાની પાસે રહેલ ચાવી દ્વારા બાઈક ચાલુ કરી ચોરી કરી નાસી છૂટી તેની સાથેના બાસીત સાથે મળી બાઈકના સ્પેરપાર્ટસ અલગ કરી વેંચી નાંખતા હતાં.

ઉલ્લેખનીય છે કે, આરોપી હરેશ વિરૂદ્ધ સૌરાષ્ટ્રના અલગ અલગ શહેરોના પોલીસ મથકમાં ૮ જેટલા ગુના તેમજ બાસીત વિરુદ્ધ બે ગુના નોંધાયેલ છે.

### આરોપીઓએ આપેલ બાઈક ચોરીની કબુલાત

રાજકોટ. તા.૧૨

તસ્કર હરેશએ પંદરેક દિવસ પહેલા વિંછીયા બોટાદ રોડ ઉપર આવેલ ઉમીયા સ્કુલની બાજુમા લીંબડાના ઝાડ નીચેથી બાઈક, વિસેક દિવસ પહેલા વિંછીયા મામલતદાર કચેરીના પાર્કિંગમાંથી બાઈક,

સાતેક મહિના પહેલા વિંછીયા મામલતદાર કચેરીના પાર્કિંગમાંથી, નવેક મહિના પહેલા બોટાદ એસ.ટી.ડેપો સામે ICICI બેન્કના પાર્કીંગમાંથી, સાતેક મહિના પહેલા બોટાદ બાળ વિકાસ કેન્દ્રની અંદર આવેલ કમ્પાઉન્ડના પાર્કીંગમાંથી, પંદરેક મહિના પહેલા બોટાદમાં આવેલ ચકલા ગેટ મેડીકલની બાજુમાંથી, પાંચેક મહિના પહેલા બોટાદમાં આવેલ ટાવર રોડ પર આવેલ તુલશી મીઠાઈની દુકાન પાછળથી, છએક મહિના પહેલા બોટાદમાં આવેલ હીફલી શેરી નં.૦૩ માંથી બાઈક ચોરી કરી હતી.

તેમજ બે મહિના પહેલા બોટાદમાં આવેલ ફીફલી શેરી નં.૦૩ માથી, પાંચેક મહિના પહેલા સેથળી ગામે મેઇન રોડની બાજુમા ગલીના નાકામાથી, ત્રણેક મહિના પહેલા ખસ(બગડ) ગામે મેઇન રોડ પરથી, દોઢેક મહિના પહેલા બરવાળા ગામેથી, પંદરેક મહિના પહેલા સાળંગપુરથી, નવેક મહિના પહેલા હડદડ ગામે હસમુખ-ફર્નીચર પાછળથી, સાડા ત્રણેક મહિના પહેલા પાળીયાદ ખીજડાવાળા ચોકમાથી, એકાદ મહિના પહેલા કાનીયાડ ગામે ઝાપડા દાદાના મેળામાથી, પાંચેક મહિના પહેલા રાણપુર નવા બસ સ્ટેન્ડ પાછળ સોસાયટીમાથી, એકાદ મહિના પહેલા રાણપુર તાલુકાના અલમપર ગામે નદિના કાંઠે આવેલ શોચાલયની બાજુમાંથી, સાડા ચારેક મહિના પહેલા બાવળા અમૃત બગીચા પાસે આવેલ એમ.ટી.એસ. સ્ટેન્ડની સામેથી, અઢી મહિના પહેલા વલ્લભીપુરના રંગપર ગામના ઢાળ પાસે આવેલ હોટલ પાસેથી, અઢી મહિના પહેલા ગઢડા ભાવનગર હાઇવે પરથી, એકાદ વર્ષ પહેલા લીંબડી સ્વામીનારાયણ મંદિર પાસેથી, ચારેક મહિના પહેલા લીંબડી મોટા મંદિર પાસે ભોજનશાળા પાસેથી, વીસેક મહિના પહેલા ચુડાના મોજીદડ ગામની સીમમાથી, એકાદ વર્ષ પહેલા સાયલા પેટ્રોલ પંપ પાસેથી, દોઢેક મહિના પહેલા ધોલેરા મેઇન બજારના નાકા પાસેથી, પાંચેક મહિના પહેલા બાવળા પાસે રૂપાલ ચોકડી પાસેથી બાઈક ચોરી કરી હતી. કરેલ મોટર સાયકલ ચોરી

# જૂનાગઢની નોબલ યુનિ. દ્વારા ધો.૧૨માં ૯૯ પીઆર મેળવનાર વિદ્યાર્થીઓને સંપૂર્ણ ફી માફી અપાશે

## ૬૦ પીઆર કે તેથી વધુ મેળવનારને આર્થિક સહાય

**(સાગર સોલંકી દ્વારા)**

જુનાગઢ તા.૧૨

જુનાગઢની નોબલ યુનિ. દ્વારા ધો.૧૨ની પરીક્ષામાં ૯૯ પીઆર મેળવનાર વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ ફી માફીની જાહેરાત કરવામાં આવી છે.

બોર્ડનું પરીણામ આવતા દરેક વિદ્યાર્થી અને વાલીઓને કોલેજના એડમીશન માટે અને ભવિષ્યના કારકીર્દી ઘડતર માટે ઘણા પ્રશ્નો મુંઝવતા હોય છે, જેમ કે કઈ કોલેજ પસંદ કરવી? કયા કોર્ષમાં એડમીશન લેવું? સાથે જ મુખ્ય સવાલ-ઉતમ પરીણામ આવ્યું હોય તો સ્કોલરશીપ મળશે કે કેમ? આમ, રીઝલ્ટ આવતા દરેક વિદ્યાર્થીનું હવે પછીનું એક જ મિશન હોય છે અને એ છે-બેસ્ટ એડમીશન.

જુનાગઢની નોબલ યુનિ. દ્વારા વિદ્યાર્થીઓને ધો.૧૨ના પીઆરના આધારે રૂા.૯૦૦૦થી રૂા.૫૦,૦૦૦ સુધીની સ્કોલરશીપ આપવામાં આવે છે જે વિદ્યાર્થીને ૬૦ પીઆર કે તેથી વધુ છે તે તમામને બીકોમ, બીબીએ, આઈએમબીએ, બીસીએ, આઈએમસીએ, બીએસસી, આઈટી, બીએસસી બીટેક જેવા અભ્યાસક્રમમાં સ્કોલરશીપ આપવામાં આવશે. તેમજ ૯૯ પીઆર મેળવનાર વિદ્યાર્થીને સંપૂર્ણ ફી માફી આપવામાં આવશે.

આ ઉપરાંત વિદ્યાર્થીને સરકાર દ્વારા પણ તેમની જાતિ, વાલીની વાર્ષિક આવક અને માર્કસના આધારે વિવિધ યોજનાઓ અંતર્ગત સ્કોલરશીપ પણ મળતી હોય છે. આ અંગેની વધુ માહિતી માટે ૯૮૨૪૨ ૯૯૯૬૧ સ્કોલરશીપ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવેલ છે.

# રવિવારે ૨૬ તાલુકામાં કમોસમી વરસાદ

## સૌરાષ્ટ્રમાં સપ્તાહથી ચોમાસુ માહોલ : કેરીને મોટુ નુકસાન : કડીમાં એકનું મોત



રાજકોટ, તા.૧૨

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદ ચાલુ રહેતા કમોસમી વરસાદે અનેક જગ્યાએ નુકસાન સર્જ્યું છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ બાદ હવે સૌરાષ્ટ્રમાં સર્જાયેલી સિસ્ટમના કારણે કેટલાક જિલ્લાને વરસાદ તરબોળ કરી રહ્યો છે. કમોસમી વરસાદે બાગાયચી પાક અને ડાંગર મકાઇ, જુવારના પાકને નુકસાન સર્જ્યું છે. હજું પણ આગામી ૨ દિવસ ગુજરાતમાં વરસાદની આગાહી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા,અમદાવાદ, મોરબીમાં વરસાદની શકયતા છે. સુરેન્દ્રનગર, જામનગર, સાબરકાંઠા,અરવલ્લી, ગાંધીનગર, રાજકોટમાં વરસાદનું પણ સામાન્ય વરસાદનું અનુમાન છે.

કડીમાં ભારે વરસાદથી રેલવે અંડરપાસ પાણીમાં ગરકાવ થઇ ગયો હતો. પાણી ભરાતા વાહનો ફસાયા હતા. સ્થાનિકો અને પ્રશાસનની મદદથી વાહનોનું રેસ્ક્યૂ કરાયું હતું. જેસીબી મશીનની મદદ લેવી પડી હતી, આ પાણીમાં સ્કોર્પિઓ ગરકાવ થઇ જતાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

ખેરાલુમાં મોડી સાંજે વાતાવરણમાં પલટા બાદ વરસાદ થયું હતું. ખેરાલુ શહેર અને તાલુકાના અલગ-અલગ વિસ્તારમાં વરસાદે જનજીવનને પ્રભાવિત કર્યું છે. સામાજિક પ્રસંગોમાં વરસાદ વિઘ્નરૂપ બન્યો હતો.

સૌરાષ્ટ્રમાં સતત ચોથા દિવસે રવિવારે સવારે છ વાગ્યાથી રાત્રિના દસ વાગ્યા સુધીમાં ૨૬ તાલુકામાં માવઠું થયુ છે. દેવભૂમિ દ્વારકા, જુનાગઢ અને જામનગર જિલ્લામાં દોઢથી અઢી ઈંચ સુધીનો આફતનો વરસાદ ખાબક્યો છે.

કમોસમી વરસાદના કારણે રાજ્યમાં કેરીના પાકમાં ૫૦ અને તલના પાકમાં ૪૦ ટકાનું નુકસાન થયાનો અંદાજ છે. પપૈયામાં ૨૦, કેળામાં ૧૫ અને ડાંગરના પાકને ૧૫ ટકા નુકસાન થયાનો પ્રાથમિક અંદાજ છે.

વરસાદ બંધ થયા બાદ સર્વેની કામગીરી શરૂ કરાશે. ખેરાલુ પંથકમાં માવઠાથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. અરવલ્લી જિલ્લામાં માવઠાથી ખેતરમાં પાણી ભરાઇ ગયાછે. ભિલોડા તાલુકામાં પણ કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. શામળાજીમાં પણ ભારે પવન સાથે વરસાદ વરસ્યો. સાબરકાંઠાના પોશીનામાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. સૌરાષ્ટ્રમાં પણ ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસતાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. જૂનાગઢ, રાજકોટ, ધોરાજી, ઉપલેટામાં ભારે વરસાદે વિસ્તારોને જળમગ્ન કરી દીધા હતા. હજું પણ ૨ દિવસ સૌરાષ્ટ્રમાં વરસાદનું અનુમાન છે.

# સુરેન્દ્રનગર ગૌતમગઢ નજીક ભોગાવો નદીમાં ડૂબી જતાં બે બાળકોના મોત

## મામા-ફૈબાના બે ભાઈઓ ભોગાવો નદીના પાણીમાં ન્હાવા પડતા ઘટના સ્થળે જ મોતઃ કિશોરસિંહ જાડેજા અને અજયરાજસિંહ પરમારના મૃતદેહોને ફાયર બ્રિગેડની ટીમોએ બહાર કાઢ્યાઃ અરેરાટીભર્યા બનાવથી પરિવારમાં ઘેરો શોક

**(ફારૂક ચૌહાણ)** વઢવાણ, તા. ૧૨

ગુજરાતના સુરેન્દ્રનગરમાંથી દુઃખદ ઘટના સામે આવી છે.તો બીજી તરફ વાલીઓ માટે પણ લાલબત્તી સમાન કિસ્સો આવ્યો સુરેન્દ્રનગરના ગૌતમગઢ નજીક ભોગાવો નદીમાં બે બાળકો ડૂબી જવાની ઘટના સામે આવી હતી. મળતા અહેવાલ પ્રમાણે બે ભાઈઓ નદીમાં ન્હાવા પડ્યા હતા. અચાનક તેઓ વધુ અંદર ખેંચાઈ ગયા હતા. બન્ને મામા-ફઈના ભાઈઓ હતો.

બન્ને બાળકોની ઓળખ કિશોરસિંહ જાડેજા અને અજયરાજસિંહ પરમાર તરીકે થઈ

બન્ને બાળકોની ઓળખ કિશોરસિંહ જાડેજા અને અજયરાજસિંહ પરમાર તરીકે થઈ છે. બાળકો અચાનક ડૂબતા તેમણે બૂમો પણ મચાવી હતી, પણ કમનસીબે તેમનો જીવ બચ્યો નહોતો. બન્ને બાળકોના પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. બાળકો ડૂબવાની જાણ સ્થાનિકોએ ફાયરબ્રિગેડને કરી હતી.



ભારે જહેમત બાદ બન્નેના મૃતદેહ મળ્યા

ભારે જહેમત બાદ બન્નેના મૃતદેહ નદીમાંથી મળી આવ્યા હતા. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ બન્નેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. ત્યાર બાદ બન્ને બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના ગૌતમગઢ ગામે ભારે હારે રાતી પરીઓ બનાવ સામે આવ્યો છે ત્યારે ક્ષત્રિય સમાજના બે બાળકો ભોગાવો નદીમાં નાહવા માટે ગયા હતા ત્યારે નદીના પાણીના વેણમાં ગડકાવ થઈ જતા આજુબાજુમાં લોકોને જાણકારી મળતા તાત્કાલે જોડી આવ્યા હતા પરંતુ તેઓના કોઈ પત્તા લાગ્યા ન હતા અને ત્યારબાદ ફાયર ફાઇટરો ને જાણકારી આપવામાં આવતા તાત્કાલિક અસરે ઘટના સ્થળ ઉપર પહોંચ્યા હતા અને કલાકોની જહેમત બાદ બંનેના બુદ્ધ દેવો બહાર કાઢવામાં આવ્યા હતા ત્યારે નાના એવા ગામમાં મુળી તાલુકાના ગૌતમગઢ ગામમાં ભારે હરે રાતે ભર્યો બનાવ સામે આવ્યો હતો અને ક્ષત્રિય સમાજમાં શોખની લાગણી છવાઈ જવા પામી હતી અને ઘટના સ્થળ ઉપર પણ મોટી માત્રામાં લોકોના ટોળેટોળા ઊંડી પડ્યા હતા ત્યારે બંનેના મૃતદેવો કાઢી અને હાલમાં તાત્કાલિક અસરે પીએમ માટે મૂડી સાર્વજનિક હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે અને આ અંગેની જાણકારી મળતાની સાથે જ મૂડી પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી છે અને તપાસ હાથ ધરી રહી છે ત્યારે આ ઘટનામાં મુળી તાલુકાના ગૌતમગઢ ગામના કિશોરસિંહ જાડેજા અને અજયસિંહ પરમારના ડૂબી જવાના કારણે મોત નીપજ આવવાનું સામે આવ્યું છે ત્યારે હાલમાં નાના એવા ક્ષત્રિય ગામમાં ભારે શોખનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

# ચોટીલા અને થાન પંથકમાં ખનીજ માફિયાઓની ઓફિસ સહિતની ૨૦ મિલકતોના ડિમોલીશન

## બેફામ તત્વો સામે પ્રાંત અધિકારીની કાર્યવાહીઃ હોટલ, વે-બ્રીજ, કેબિનોનો સમાવેશ

**(ફારૂક ચૌહાણ)**

વઢવાણ, તા. ૧૨

સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ખનિજ માફિયાઓ સામે તંત્રની તવાઈ ચાલી રહી છે. આ પ્રકરણમાં થાન, ચોટીલા વિસ્તારમાં ખનિજ માફિયાઓ દ્વારા બનાવવામાં આવેલી ૨૦થી વધુ ઓફિસ અને બેઠકો તોડી પાડવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર, સુરેન્દ્રનગર જિલ્લામાં બેફામ બનેલા ખનિજ માફિયાઓ અને તેઓને માહિતી પુરી પાડતા તત્વો સામે



ચોટીલા પ્રાંત અધિકારીએ કાર્યવાહી હાથ ધરી હતી.ચોટીલા અને થાનમાં ખનિજ માફિયાઓને સરકારી તંત્રની ગતિવિધિ અને અન્ય માહિતી પુરી પાડનારા તત્વો સામે પણ પગલાં લેવામાં આવ્યા હતા.

થાન અને ચોટીલા વિસ્તારમાં રસ્તામાં આવતી ચાની હોટલો, કેબિન, વે-બ્રિજ સહિતની વસ્તુઓ જેસીબી દ્વારા તોડી પાડવામાં આવી હતી. પ્રાંત અધિકારી મામલતદાર સહિતની ટીમો દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સરકારી મિલકતો પર ગેરકાયદેસર બાંધકામ પણ કરવામાં આવ્યા હોવાનું આવ્યું સામે આવ્યું હતું. સરકારી તંત્રની આકરી કાર્યવાહીને પગલે ખનિજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો. હવે બાતમીઓ આપતી ઓફિસો પર પણ ફરી બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

# યુદ્ધવિરામ કેવી રીતે થયું ? PM મોદી અને USA VP વેન્સ વચ્ચેની વાતમાં 'ન્યુક્લિયર' વિશે ચર્ચા થઈ ?

## વડાપ્રધાન મોદીએ ઉપરાષ્ટ્રપતિ વેન્સને સ્પષ્ટ કહી દીધું કે જો પાકિસ્તાન ચાલુ કરશે તો ભારત જડબાતોડ જવાબ આપશે અને તે જ રાત્રે પાકિસ્તાને ૨૬ જગ્યાએ હુમલા કર્યા અને ભારતે તેના એરબેઝ તબાહ કર્યા ; યુદ્ધવિરામ માટે ખાતરી બીજું કોઈ નહીં પણ પાકિસ્તાન આપે તો જ મનાશે અને એટલે પાક મીલીટરી DGMO એ ન છૂટકે ભારતને ફોન કરવો પડ્યો

ન્યુ દિલ્હી : ગઈકાલે ૧૧ મેના રોજ સાંજે ૫.૩૩ કલાકે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ પર એક ટ્વીટ કર્યું કે ભારત અને પાકિસ્તાન બંને હવે તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થયા છે. તેની થોડી જ મિનિટોમાં પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક ડારએ પણ ટ્વીટ કર્યું અને ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પત્રકાર પરિષદ કરી માહિતી આપી. પરંતુ તેના ત્રણ કલાકમાં પાકિસ્તાની ડ્રોન અને હુમલાના પ્રયાસ ચાલુ થયા. પાકિસ્તાને જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ગુજરાતના સરહદી વિસ્તારોમાં ફરી ડ્રોન ઉડાડ્યા જે ભારતીય સેનાએ તમામ નિષ્ફળ કરી તોડી પાડ્યા. તમામ શહેરોમાં તાત્કાલિક બ્લેક ઔર ઘોષિત કરાયું. પણ રાતથી શાંતિ સ્થાપિત થઈ ગઈ.

**હવે આ યુદ્ધવિરામ પાછળનો સમગ્ર ઘટનાક્રમ જાણો :**

સૌપ્રથમ વાત એ છે કે ભારત તેને યુધ્ધવિરામ નહીં પરંતુ જળ, જમીન અને આકાશ પર ફાયરિંગ અને લશ્કરી કાર્યવાહી ન કરવાની સમજૂતી તરીકે જણાવે છે.

**પીએમ મોદી અને યુએસ ઉપરાષ્ટ્રપતિ વેન્સ વચ્ચે ટેલિફોનીક વાત :**

ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓને ટાંકીને સીએનએનએ શનિવારે અહેવાલ આપ્યો હતો કે, ''ચિંતાજનક ગુપ્ત માહિતી'' મળ્યા બાદ અમેરિકાએ ભૂમિકા



ભજવી હતી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પાકિસ્તાન સાથે લશ્કરી જોડાણ બંધ કરવા માટે વાટાઘાટો કરવા વિનંતી કરી હતી.

અહેવાલમાં ઉમેરાયું છે કે યુએસ ઉપરાષ્ટ્રપતિ જે.ડી વાન્સે ''શુક્રવારે પૂર્વીય સમય મુજબ બપોરના સમયે'' મોદીને ફોન કરીને તણાવ ઓછો કરવા માટે ઉપલબ્ધ વિકલ્પો પર વિચાર કરવા માટે ભારતને પાકિસ્તાન સાથે સીધી વાત કરવા વિનંતી કરી હતી.

વાન્સે પહેલા રાષ્ટ્રપતિ ટ્રમ્પને ગુપ્ત ગંભીર માહિતી જણાવી અને અને પછી મોદીને ફોન કરીને કહ્યું કે અમેરિકા માને છે કે જો સપ્તાહના અંતે દુશ્મનાવટ ચાલુ રહેશે તો ''કઈક મોટું થવાની સંભાવના'' છે, અહેવાલમાં જણાવાયું છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે વાન્સે મોદીને ''સંભવિત કઈક મોટું થશે'' વિશે પણ માહિતી આપી હતી, જોકે, અહેવાલમાં ''સંભવિત શું મોટું'' તે જણાવવામાં આવ્યું નથી.

જ્યારે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે પીએમ મોદીને ફોન કર્યો ત્યારે પાકિસ્તાનના સંદર્ભમાં પરમાણુ (ન્યુક્લિયર) શબ્દનો કોઈ ઉલ્લેખ નહોતો. તેમનો સંદેશ એ હતો કે પાકિસ્તાન એવી ઓફર ઇચ્છે છે જે તેમને સ્વીકાર્ય હોય. પીએમ મોદીએ અમેરિકાની વાત સાંભળી પણ ખાસ કોઈ જવાબ આપ્યો નહીં.

વડાપ્રધાને ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સને જે સંદેશ આપ્યો તે એ હતો કે જો પાકિસ્તાન કોઈ કાર્યવાહી કરશે તો તેનો આક્રમક જવાબ આપવામાં આવશે, અને પીએમ મોદીએ કોઈ પણ પ્રકારની ઓફર આપવાની જરૂર નથી, તેવું મીડિયા એજન્સી એએનઆઈ સરકારી સૂત્રોને ટાંકીને જણાવે છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુએસ ઉપપ્રમુખ જેડી વાન્સને સ્પષ્ટપણે કહ્યું કે જો પાકિસ્તાન કંઈ પણ કરશે, તો તેનો જવાબ વધુ વિનાશક અને મજબૂત હશે. ફોન પર વાત થઈ તે જ રાત્રે, પાકિસ્તાને ૨૬ સ્થળો પર હુમલો કર્યો અને ભારતે ખૂબ જ જોરદાર જવાબ આપ્યો, જેમાં અનેક એરબેઝ પણ તબાહ કરાયા હતા. પાકિસ્તાની શહેરોમાં અનેક ઠેકાણાઓ પર હુમલા કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો હતો. તેમણે ભારતમાં અનેક શહેરોને નિશાન બનાવ્યા, જે હુમલાના પ્રયાસ નિષ્ફળ ગયા. ભારતે પણ વળતો પ્રહાર કર્યો અને તેમના એરબેઝ પર હુમલો કર્યો.

**પાકિસ્તાન સીધો ફોન કરે, અન્ય કોઈ નહીં : ભારતની સ્પષ્ટ વાત**

આ દરમ્યાન, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ ફરીથી ફોન કર્યો. તેમણે પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ અસીમ મુનીર સાથે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ લશ્કરી કાર્યવાહી રોકવા માટે વાત કરવા તૈયાર છે. ભારત ત્રીજા પક્ષ તરફથી કોઈપણ પ્રકારની ખાતરી સ્વીકારવા તૈયાર હતું અને નથી પણ. અમે કહ્યું હતું કે DGMO એ ઓનલાઈન આવીને આ વાત કહેવી જોઈએ, અમેરિકનોએ નહીં, તેમના NSAએ નહીં, કોઈ બેક ચેનલે નહીં, અમે DGMO પાસેથી સાંભળવા માંગતા હતા, અને તે જ સમયે બન્ને દેશના DGMO એ લશ્કરી કાર્યવાહી બંધ કરવાનો નિર્ણય લીધો હતો.

## મહારાષ્ટ્રનાં રાજકોટ કિલ્લામાં શિવાજીની નવી પ્રતિમા મુકાઈ



**મહારાષ્ટ્રનાં રાજકોટ કિલ્લામાં ૧૦૦ વર્ષ સુધી ટકી રહે તેવી છત્રપતિ શિવાજીની પ્રતિમા લગાવવામાં આવી છે. ૯૧ ફૂટ ઊંચી છે આ નવી પ્રતિમા, ૧૦ ફૂટનો આધાર (પેડેસ્ટલ) પ્રતિમાનો છે. જુની પ્રતિમા ૩૫ ફૂટની હતી જે ગત વર્ષે ઓગસ્ટમાં ધરાશાયી થઈ હતી.**

## મમ્મીના મોબાઈલ પરથી ૮ વર્ષના પુત્રએ ૭૦ હજાર લોલીપોપ પીપરનો ઓર્ડર આપ્યો!!



ન્યુયોર્ક,તા.૯

અમેરિકાના કેન્ટકી રાજયમાં લેક્સિન્ગ્ટન સિટીમાં લિયામ નામના આઠ વર્ષના એક છોકરાએ ઍમેઝોન પરથી બલ્કમાં લોલીપોપ્સ ખરીદીને તેની મમ્મી હોલીને મુસીબતમાં મૂકી દીધી હતી. લિયામ એક કાર્નિવલમાં ભાગ લેવાનો હતો અને એમાં તે લોકોને ઈનામ તરીકે ડમ ડમ લોલીપોપ આપવા માગતો હતો. એ માટે તેણે મમ્મીના મોબાઇલથી ઍમેઝોન પરથી લોલીપોપના ૩૦ ડબ્બા મગાવ્યા હતા. આ ૩૦ ડબ્બા બે-ચાર લોલીપોપના ડબ્બા નહોતા, બલકે એમાં ૭૦,૦૦૦ કેન્ડી હતી. આ લોલીપોપની કિંમત ૪૨૦૦ અમેરિકન ડોલર એટલે કે લગભગ ૩,૫૫,૭૯૫ રૂપિયા જેટલી થઈ હતી. હોલીને જેવી ખબર પડી કે દીકરાએ આ બ્લન્ડર કર્યું છે ત્યારે તેણે તરત જ ઍમેઝોનનો સંપર્ક કર્યો. તેમણે કહ્યું કે જો તે રીફન્ડ મળે એવું ઇચ્છતી હોય તો ડિલિવરી લેવાની જ ના પાડી દે. તેણે એક વાર તો ડિલિવરી સ્વીકારવાની ના પાડી હતી, પણ બીજી વાર ડિલિવરીબોય ૨૪ ડબ્બા ઘરની બહાર મૂકીને જતો રહ્યો.

હવે હોલીબહેન ફેસબુક પર કોઈકને આ લોલીપોપ્સ જોઈતી હોય તો એ વેચીને પૈસા પાછા મેળવવાની મથામણ કરી રહ્યા છે.

### ૧૯૭૧ ના યુદ્ધ બાદ 'બાંગ્લાદેશ સરચાર્જ' ઝીંકયો હતો

# સામાન્ય માણસે યુદ્ધની કેટલી કિંમત ચુકવવી પડે ?!

## યુદ્ધ વખતે રાષ્ટ્રસેવાનું ઝનુન ઉભુ થાય પરંતુ લડાઈ ખત્મ થયા બાદ અર્થવ્યસ્થાથી માંડીને મોંઘવારી મોરચે પડકાર સર્જાય

નવી દિલ્હી,તા.૧૨

૧૯૭૧માં ભારતે પાકિસ્તાનને એક સાથે અનેક મોરચે હરાવ્યું હતું. બાંગ્લાદેશ આઝાદ થયું અને પાકિસ્તાન બે ભાગમાં વહેંચાઈ ગયું. આઝાદી બાદ ભારતના સૈન્ય ઈતિહાસમાં આ સૌથી મોટી ઉપલબ્ધિ છે. પરંતુ શૌર્યની આ દંતકથાને યાદ કરનારાઓને એ પણ યાદ હશે કે આ સાથે જ ભારત સરકારે શરણાર્થી ફી લાદવાની જાહેરાત કરી હતી, જેને 'બાંગ્લાદેશ સરચાર્જ' અથવા 'બાંગ્લાદેશ ટેક્સ' તરીકે ઓળખવામાં આવે છે. દેશમાં બાંગ્લાદેશી શરણાર્થીઓના ધસારાને કારણે તે લાદવામાં આવ્યુ હતું અને લગભગ દરેક વસ્તુ પર લાદવામાં આવ્યું હતું. અંદાજ હતો કે થોડા સમય પછી તે પૂરું થઈ જશે, પરંતુ એવું થયું નહીં.

લગભગ ચાર દાયકા બાદ એટલે કે ૨૦૧૪માં બોમ્બે હાઈકોર્ટમાં એક પીઆઈએલ સામે આવી હતી, જેમાં પૂછવામાં આવ્યું હતું કે બાંગ્લાદેશ યુદ્ધના આટલા વર્ષો પછી પણ, મહારાષ્ટ્રની સરકારી બસોમાં દરેક ટિકિટ પર બાંગ્લાદેશ પર ૧૫ પૈસાનો ચાર્જ કેમ લેવામાં આવી રહ્યો છે ? એવું જાણવા મળ્યું હતું કે રાજ્યની પરિવહન એજન્સીઓએ ત્યાં સુધીમાં આ મથાળામાં ૪૪૦ કરોડ રૂપિયા એકઠાં કર્યા હતા.

તેમને ખબર ન હતી કે આ પૈસાનું શું કરવું અને તેઓ તેનો ઉપયોગ તેમના કર્મચારીઓના પગાર વહેંચવા અથવા અન્ય ખર્ચ માટે કરી રહ્યાં હતાં. અરજીનું શું થયું તે તરત જ જાણી શકાયું નથી. પરંતુ આના પરથી સમજી શકાય છે કે જો દેશના તમામ ભાગોમાં એકઠી થયેલી રકમને ધ્યાનમાં લેવામાં આવે તો તે યુદ્ધમાં ભારતની જનતાના કેટલાક હજાર કરોડ રૂપિયાનું સીધું બલિદાન હતું.



### યુદ્ધ પછી ફુગાવો :-

આ પછી ફરી તસવીર બદલાઈ હતી. ૧૯૭૦માં ભારતનો મોંઘવારી દર ૫.૦૯ ટકા અને પાકિસ્તાનનો ૫.૩૫ ટકા હતો. ૧૯૭૧ના યુદ્ધ વર્ષમાં આ આંકડો ભારતમાં ૩.૦૮ ટકા અને પાકિસ્તાનમાં ૪.૭૩ ટકા સુધી પહોંચ્યો હતો. ૧૯૭૨માં પણ થોડો વધારો થયો હતો, પરંતુ ત્યાર બાદ જાણે તબાહી તૂટી ગઈ હતી.

૧૯૭૩, ૭૪ અને ૭૫માં પાકિસ્તાનનો ફુગાવાનો દર અનુક્રમે ૨૩.૦૭ ટકા, ૨૬.૬૬ ટકા અને ૨૦.૯૦ ટકા હતો. એટલું જ નહીં આ વર્ષોમાં પાકિસ્તાનનો જીડીપી ગ્રોથ પણ ૧૯૭૦માં ૧૧.૩૫ ટકાથી ઘટીને આગામી બે વર્ષમાં એક ટકાથી પણ ઓછો થઈ ગયો. ત્યાર બાદ ત્યાંથી બહાર નીકળવાના તમામ પ્રયાસો છતાં આર્થિક મોરચે તે કંઇ પણ હાંસલ કરવામાં નિષ્ફળ નિવડી છે.

### વિજયનો ઉમંગ સમાપ્ત થતાં યુદ્ધની અસર

અહીં જીતનો ઉમંગ પૂરો થતાં જ યુદ્ધની અસર ભારત પર જોવા મળી હતી. જીડીપી વૃદ્ધિ દર ૧૯૭૦ માં ૫.૧૭ ટકાથી વધીને ૧૯૭૧ માં ૧.૬૪ ટકા અને ૧૯૭૨ માં -૦.૫ ટકા થયો હતો. તે પછી પણ તેને રિકવર થવામાં બે વર્ષ લાગ્યા અને ૧૯૭૫માં તે ૯.૧૫ ટકા સુધી પહોંચી ગયું. બીજી તરફ મોંઘવારીની સ્થિતિ પર નજર કરવામાં આવે તો ૧૯૬૯માં કિંમતો વધવાને બદલે ઘટી રહી હતી અને મોંઘવારી ૧૯૭૦માં ૫.૦૯ ટકા પર પહોંચી ગઈ અને ૧૯૭૧માં મોંઘવારી ૩.૦૮ ટકા પર આવી ગઈ. આ પછી, તેમાં વધારો થયો અને ૧૯૭૪ સુધીમાં તે ૨૮.૬૦ ટકાની ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યો.

### સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા પર અસર :-

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલાં બે મોટા યુદ્ધોની અસર પડી છે. ૧૯૬૫ના યુદ્ધ પહેલાં ૧૯૬૪માં ભારતમાં ફુગાવાનો દર ૧૩.૩૬ ટકા અને પાકિસ્તાનમાં ૪.૧૮ ટકા હતો. યુદ્ધ વર્ષમાં ભારતમાં આ આંકડો ઘટીને ૯.૪૭ ટકા થઈ ગયો અને પાકિસ્તાનમાં વધીને ૫.૫૭ ટકા થઈ ગયો. યુદ્ધ બાદ મોંઘવારી વધવા લાગી. ૧૯૬૬માં ભારતમાં મોંઘવારી દર ૧૦.૮૮ ટકા અને પાકિસ્તાનમાં ૭.૨૩ ટકા હતો. ૧૯૬૭માં ભારતમાં આ આંકડો ૧૩.૦૬ ટકા અને પાકિસ્તાનમાં ૬.૮૧ ટકા સુધી પહોંચી ગયો હતો. એ પછીનાં વર્ષે ફુગાવો ઝડપથી ઘટ્યો હતો, કદાચ ભારતમાં હરિયાળી ક્રાંતિ અને આર્થિક નીતિઓની અસરને કારણે, જ્યારે પાકિસ્તાનમાં મોટી માત્રામાં નાણાં વિદેશથી આવ્યાં હતાં. બીજી તરફ ભારતનો જીડીપી ગ્રોથ ૧૯૬૪માં ૭.૪૫ ટકાથી ઘટીને ૧૯૬૫માં માઇનસ ૨.૬૪ ટકા થયો હતો અને ૧૯૬૬માં થોડો નીચો રહ્યો હતો. ૧૯૬૫માં ૧૦ ટકાથી વધુની વૃદ્ધિ કરી રહેલું પાકિસ્તાન ૧૯૬૬ અને ૧૯૬૭માં ઘટીને ૫.૭૯ ટકા અને ૫.૪ ટકા થયું હતું, જે લગભગ અડધું હતું.

### જેલની રોટલીની કિંમત પણ યુદ્ધના ખાતામાં

આ જ લડાઇમાં વિશ્વનાં ઇતિહાસમાં સૌથી મોટી શરણાગતિ પણ જોવા મળી હતી. ઢાકામાં પાકિસ્તાની જનરલ એએકે નિયાઝી સાથે મળીને લગભગ ૯૩,૦૦૦ સૈનિકોએ લેફ્ટિનેન્ટ જનરલ જગજીત સિંહ અરોરાની સામે હથિયાર મૂકી શરણાગતિ સ્વીકારી હતી. આ સૈનિકો ભારતીય કેદમાં રહ્યાં અને જેલની રોટલી ખાવાનું ચાલુ રાખ્યું, જ્યાં સુધી તેમને ૧૯૭૨ માં શિમલા કરાર પછી પાછા મોકલવામાં ન આવ્યાં. યુદ્ધનાં હિસાબમાં તેમનાં ખર્ચા પણ ઉમેરાય છે.

દારૂગોળો, વિમાન, યુદ્ધ જહાજો, મિસાઇલો, હવે ડ્રોન અને આવી તમામ યુદ્ધ સામગ્રી ઉપરાંત દરેક યુદ્ધમાં સૈનિકો અને સેનાની વ્યવસ્થા પાછળનો ખર્ચ વધી રહ્યો છે. તેની ગણતરી દેશનાં બજેટમાં જોઇ શકાય છે. યુદ્ધમાં નાશ પામેલી ઇમારતો અને સંપત્તિનો હિસાબ પણ કરી શકાય છે અને યુદ્ધ દરમિયાન થતાં ખર્ચનો પણ હિસાબ કરી શકાય છે. બંને પક્ષે જાનમાલ અને તેમનાં પરિવારોની ખોટ કોઈ પણ બજેટમાં પ્રતિબિંબિત થશે નથી, તે માત્ર અનુભવી શકાય છે. પરંતુ યુદ્ધની અસર લાંબા સમય સુધી આર્થિક મોરચે જોવા મળે છે, માત્ર યુદ્ધમાં જ નહીં પરંતુ દૂર-દૂર સુધી પણ. જેમ કે, યુક્રેન-રશિયા યુદ્ધ અને ઇઝરાયલ-હમાસ સંઘર્ષની અસર સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા પર સ્પષ્ટપણે જોવા મળે છે.

### આતંકવાદની પણ એક કિંમત છે :-

પરંતુ એ પણ યાદ રાખવું જોઈએ કે શાંતિકાળમાં આતંકવાદના રૂપમાં કિંમત ચૂકવવી પડે છે. તે આર્થિક વિકાસને પણ અવરોધે છે. કિંમત ચૂકવતાં રહેવું કે પછી એક વખતનું જોખમ લેવું, નિર્ણય સરળ ન હોઈ શકે. પરંતુ વિશ્વનાં ઇતિહાસમાં વિયેતનામ, જાપાન અને ઇઝરાયેલ જેવા ઉદાહરણો પણ છે, જે દર્શાવે છે કે કેવી રીતે રાષ્ટ્રો યુદ્ધની ભયાનકતા પછી પણ તેમના પગ પર ઉભા રહે છે, પરંતુ વિશ્વને તેમની આર્થિક શક્તિનો અહેસાસ પણ કરાવે છે.

### સામાન્ય માણસે યુદ્ધની કિંમત ચૂકવવી પડે છે

અહીં જોવા જેવી બાબત એ છે કે જે વર્ષે યુદ્ધ થાય છે તે વર્ષમાં તેની અસર ન પણ અનુભવાય અને તે પછીના સમયગાળામાં જ્યારે દેશ પુનર્નિર્માણમાં વ્યસ્ત હોય ત્યારે જીડીપી વૃદ્ધિની ગતિ પણ વધવા લાગે છે. પરંતુ સાથે જ મોંઘવારીનો પ્રકોપ પણ ચરમસીમાએ છે અને પછી સામાન્ય માણસને યુદ્ધની કિંમત ચૂકવવી પડે છે.

### ભારતના હાથ પાકના અણુ કંટ્રોલ મથકો સુધી પહોંચી ગયા હતા

# બ્રહ્મોસની કમાલઃ નુરખાન એરબેઝ પર હુમલો ટર્નિંગ પોઈન્ટ સાબિત

## પાકના પાટનગર ઈસ્લામાબાદથી ફક્ત ૧૦ કી.મી.ના અંતરના એરબેઝ પાક હવાઈદળ માટે 'હાર્ટ'નું સ્થાન ધરાવે છે

નવી દિલ્હી: ભારતે સ્વીકારેલા યુદ્ધ વિરામ પાછળ અનેક કારણો કામ કરી ગયા છે પણ ભારતીય સૈન્યએ જે ભુમિકા ભજવી હતી તે સૌથી મહત્વનું ફેકટર બની ગઈ હતી. ભારતીય દળોએ પાક.માં અંદર જઈને તેને જયાં સૌથી વધુ પીડા થાય તેમાં ટાર્ગેટ જ શોધ્યા અને પાર પાડયા હતા.

હવે જયારે ભારતીય હુમલાથી પાકના એરબેઝને નુકશાન થયું છે તેની વાસ્તવિકતા બહાર આવવા લાગી છે. ભારતે આ હુમલામાં તેની અતિ આધુનિક શસ્ત્ર પ્રણાલી બ્રહ્મોસનો ઉપયોગ કર્યો છે અને હેમર-સ્માર્ટ બોમ્બ તથા સ્કેલ મિસાઈલ સિસ્ટમની પણ કુશળતા દર્શાવી છે અને ભારતીય દળોની ક્ષમતા એ પાકિસ્તાન માટે ચિંતા પણ બની તો ગઈ જ છે. એક સમાચાર એજન્સીના જણાવ્યા મુજબ પાકિસ્તાન પર જે ૧૦ હુમલા થયા તેમાં તેણે ખાસ કરીને રાવલપીંડી



નજીકના નુરખાન એરબેઝ પરના હુમલામાં પ્રલય જેવી સ્થિતિ અનુભવી હતી અને એ

**ભારતે આ હુમલામાં અતિ આધુનિક બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ કર્યો**

પણ નિશ્ચિત કરી દીધુ કે ભારતની પહોચ પાકિસ્તાનના અણુમથકો સુધી છે. શનિવારે સવારે પાકના ચકલાલા નજીકના નુરખાન એરબેઝ પર ભારતનો હુમલો એ ટર્નીંગ પોઈન્ટ સાબીત થયો હતો.

આ એરબેઝ પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદથી ફક્ત ૧૦ કી.મી. દુર અને તેને પાકના લશ્કરી હબ તરીકે પણ ઓળખવામાં આવે છે. અહી નજીક જ પાકનું સૌથી મોટુ બેનઝીર ભુટ્ટો આંતરરાષ્ટ્રીય હવાઈ મથક છે. અહીંની મીલીટ્રી અને વીઆઈપી ટ્રાન્સપોર્ટ-ઓપરેશનો થાય છે. અહીની એર રીફીલીંગની વ્યવસ્થા સ્થાન અને મલ્ટીપલ લશ્કરી ટ્રાન્સપોર્ટ વિમાનો પણ હેગર ધરાવે છે અને પાક હવાઈદળ માટે તેનું સૌથી વધુ મહત્વ છે. અહીથી થોડે દૂર જ પાક સેનાનું સ્ટેટેજીક પ્લાનીંગ સેન્ટર (વોર રૂમ) આવેલુ છે અને ત્યાં દેશના અણુ મથકો અણુ શસ્ત્રોનું કેન્દ્રીય સેન્ટર પણ છે. આમ પાકે પાટનગર નજીક જ જેના માટે જીવતા બોમ્બ જેવી સ્થિતિ બનાવી લીધી હતી અને આ તમામ સુવિધા એક બીજા સાથે જોડાયેલા એકરોના મેદાનમાં આવેલી છે. પાક પાસે ૧૭૦ જેટલા અણુશસ્ત્રો છે તે વિવિધ લોકેશન પર તૈનાત છે પણ તેનું કંટ્રોલ અહીથી જ થાય છે. ન્યુયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ ભારતના હવામાંજ જમીન પર પ્રહાર કરતા મિસાઈલ પાકના આ નુરખાન એરબેઝને ભારે નુકશાન કયુ હતું. આમ ભારતના હાથ પાકના મહત્વના અણુમથક સુધી પહોંચી જ ગયા હતા.

અમેરિકાના એક નિષ્ણાંત જેઓ પાકના અણુ કાર્યક્રમ પર સતત નજર રાખે છે. તેઓએ ન્યુયોર્ક ટાઈમ્સને જણાવ્યું કે પાકને એ સતત ભય છે કે તેના અણુ મથકો પર બહારી કબ્જો આવી શકે છે અને તેમાં ભારતની ભૂમિકા સૌથી મોટી હશે. નુરખાન મથકને વ્યાપક નુકશાનના વિડીયો ફુટેજ દુનિયાભરમાં ફેલાઈ ગયા. તાલીબાનની એક પણ એર ડિફેન્સ સીસ્ટમ ભારતના આ હવાઈ હુમલાને રોકી શકી નહી તેના રડાર અને વેપન સ્ટોરેજ ક્ષમતાને પણ મોટી અસર થઈ છે અને પાકને ભય નિશ્ચિત થતા જ યુદ્ધ વિરામ માટે તેણે આગળ આવવાની ફરજ પડી હતી.

## ભારતની શૌર્યગાથાઃ સૈન્યએ દરેક નાપાક હુમલાનો જબડાતોડ જવાબ આપ્યો

પહેલગામ હુમલા બાદ ભારતીય સૈન્ય પાકિસ્તાની આતંકી ઠેકાણા પર કાળ બનીને ત્રાટકી હતી.પાકિસ્તાને નાપાક હરકતો કરતા તેને પણ જડબાતોડ જવાબ આપીને ઘૂંટણીએ લાવી દીધુ હતું. યુદ્ધ વિરામ નકકી થવા છતાં 'ઓપરેશન સિંદુર' હજુ ચાલૂ જ હોવાનું અને કોઈપણ નાપાક કૃત્યને મારી હટાવવાનું જાહેર કરાયું છે. ઓપરેશન સિંદુર અને ત્યારપછીના ઘટનાક્રમોમાં ભારતીય સેનાએ પાકિસ્તાનનાં આતંકી અડ્ડાનો સફાયો કર્યો હતો અને પાકનાં હુમલા નાકામ કર્યા હતા. ઉપરાંત આક્રમક જવાબ આપીને પાકના એરબેઝ, રડાર, નેટવર્ક, સહિતના ઈન્ફ્રાસ્ટ્રકચરો નષ્ટ કર્યા હતા.



ભારતીય સેનાએ નાપાક કૃત્યો નાકામ કર્યા હતા



નૌકાદળના યુધ્ધ જહાજ પ્રહાર માટે તૈયાર હતા.



ભૂમિ સેનાએ તોપોથી પાક હુમલાનો જવાબ આપ્યો હતો.



ભારતીય સેનાએ નાપાક કૃત્યો નાકામ કર્યા હતા



બારામુલ્લા, બાંદીપોરા, કુપવાડા, જેવા સરહદી ક્ષેત્રોના ગામોમાં પાક હુમલા બાદ ડ્રોન-તોપગોળાનાં અવશેષો મળી રહ્યા છે.

## ૧૫મું બાળક જીવતું રહ્યું!!

### ૧૪ બાળક જન્મા પછી મૃત્યુ પામતા પણ છેલ્લે ૧૫માં બાળકનાં સફળ થઈ !!



પટના,તા.૧૨

એક બાળક મૃત્યુ પામે ત્યારે માનું કાળજું કેટલું ફાટી પડે છે એ તો જેણે ભોગવ્યું હોય એ જ જાણે. જોકે બિહારના રોહતાસની સૈફુલ ખાતૂન નામની મહિલા માતૃત્વ મેળવવા માટે એક પછી એક ૧૪ વાર કારમા ઘા સહન કરી ચૂકી હતી અને છતાં તેણે માતૃત્વ માટે હાર ન માની. દરેક વખતે તેની ડિલિવરી સમય કરતાં વહેલી થઈ જતી અને પ્રીમેચ્યોર નવજાત શિશુ સર્વાઇવ નહોતું થઈ શકતું. જોકે તાજેતરમાં સૈફુલે પંદરમા બાળકને જન્મ આપ્યો હતો. આ બાળકની પણ ડિલિવરી સાડછ મહિને થઈ ગઈ હતી અને જન્મ સમયે તેનું વજન માત્ર ૫૦૦ ગ્રામ જ હતું. સાસારામ ગામની એક પ્રાઇવેટ હોસ્પિટલમાં બાળકનો જન્મ થયો હતો. નવજાત પ્રીમેચ્યોર હોવાથી તેને ઇન્ટેન્સિવ કેર યુનિટમાં રાખવામાં આવ્યું હતું. આ બાળક પણ ખૂબ નબળું હતું, પરંતુ લગભગ ૧૦ દિવસની મહેનત પછી બાળકનું વજન વધવા લાગ્યું હતું. હવે તે ૭૦૦ ગ્રામનું થઈ ગયું છે અને સર્વાઇવ થઈ શકે એવા ઊજળા ચાન્સ છે. એક મહિલાના મા બનવાના પ્રયત્નને પંદરમી વારમાં સફળતા મળી.

## અમેરિકાએ ઈન્દિરા સાથે કઇ રીતે હેન્ડલ કર્યુ તેની આખી જુદી કહાની બની શકે છે અને તે ભારતના શાસકો માટે પછી તે આજના હોય કે ભવિષ્યના ડિપ્લોમેટીક 'ગીતા' બની રહેવી જોઇએ




# મિશન એકમ્પલિશ્ડ!!!

**ભારત અને પાકિસ્તાન જે રીતે આક્રમક લશ્કરી ટકકર શરૂ થઇ તેમાં અચાનક જ યુધ્ધ વિરામ આવી ગયું તેમાં ટર્નિંગ પોઇન્ટ શું તેમાં પ્રશ્ન પૂછાય તો સ્પષ્ટ જવાબ છે કે ભારતીય દળોએ જે રીતે પાકિસ્તાનને ઘુંટણીયે પાડી દીધુ હતુ તથા લાહોરથી લઇને રાવલપીંડી, સરગોધા (જે પાકિસ્તાનના એફ-૧૬ વિમાની કાફલા માટે હબ છે) સહિતના હવાઇ મથકોને પંગુ બનાવી દીધા પાકિસ્તાનના એક પણ પ્રહારને ટાર્ગેટ સુધી પહોંચવા દેવાયો નહીં લશ્કરી સર્વોપરીતા કલાકોમાં મેળવી લીધી હતી તે જ પાકિસ્તાન માટે પરાજય દિવસોનો સવાલ હતો અને દર સમયે બને છે તેમ અમેરિકા એ વધુ એક વખત પાકિસ્તાનને એરલીફટ કર્યુ છે પણ હાલની સ્થિતિથી ભારતીય દળોની ક્ષમતા અને સર્વોપરીતાને દુનિયાએ જોઇ લીધી છે**





**ઓપરેશન સિંદુરમાં લશ્કરી આક્રમણ એક ભાગ જ છે, વાસ્તવમાં સરકારે જે રીતે ડીપ્લોમેટીક મોરચે કુશળતા બતાવી, સિંધુ સમજુતી રદ્દ કરી અને જે રીતે દુનિયાના દેશોને સંદેશ આપ્યો કે પાકિસ્તાનને અમે શિક્ષા કરવા જઇ રહ્યા છે ત્યાં સુધી બધુ ઓકે હતુ બાદમાં અચાનક જ અમેરિકી એન્ટ્રીએ દેશના લોકોને સવાલ પૂછતા કરી દીધા છે અને તેનો જવાબ પણ મળવો જોઇએ, સરકારના વ્યુહ નિશ્ચિત થવા જોઇએ, સંસદને પણ વિશ્વાસમાં લેવી જોઇએ પણ આપણે પરિસ્થિતિ એવી પેદા કરવાની નથી કે પાકિસ્તાનને તાળીઓ પાડવાનો મોકો મળે**



ઘડિયાળના કાટાને પાછા ફેરવી શકાતા નથી પરંતુ ઇતિહાસમાંથી શીખી જરૂર શકાય છે અને ભારત માટે તે હવે એક એવો બોધપાઠ બની જવો જોઇએ કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સરહદી તનાવ અને જે લશ્કરી અથડામણ થઇ તે પછી અચાનક જ યુધ્ધવિરામ જાહેર કરવાના નિર્ણય સામે દેશભરમાંથી પ્રશ્ન ઉઠી રહ્યો છે અને તે સ્વાભાવિક છે કારણ કે એક એવું વાતાવરણ જ બની ગયું હતું કે, આજે નહીં તો કદી નહીં તેવી સ્થિતિ બની હતી અને અચાનક તેમાં અમેરિકાની એન્ટ્રી થઇ અને બંને દેશોએ તાત્કાલીક યુધ્ધવિરામ કરતા વધુ યોગ્ય શબ્દોમાં કહી તો શસ્ત્ર વિરામ કર્યુ છે સરકારે જ જાહેર કર્યુ છે કે 'ઓપરેશન સિંદુર' હજુ ચાલુ જ છે અને ભારતે તેના લશ્કરી સહિતના તમામ વિકલ્પો ખુલ્લા રાખ્યા જ છે અને ઓપરેશન સિંદુરમાં સૈન્ય કાર્યવાહી એ એક ભાગ હતો આ ઉપરાંત ડિપ્લોમેટીક અને જિયોપોલીટીકલ મોરચે અને સૌથી મહત્વનું જે રીતે સિંધુ જળ સમજુતી ભારતે સસ્પેન્ડ કરી તે પણ ઓપરેશન સિંદુરની એક કડી છે અને તેથી જ ગઇકાલે જાહેર કરાયું કે આ ઓપરેશન હજુ યથાવત છે પરંતુ દેશમાં જે રીતે પ્રશ્ન પૂછાઇ રહ્યો છે તેમાં પણ તેનો ઇન્કાર કરી શકો નહીં ખાસ કરીને એ તબકકે કે જયારે ભારત એ લશ્કરી મોરચે વધુ એક વખત પાકિસ્તાન પર મોટી સરસાઇ બનાવી લીધી હતી અને ખાસ કરીને હવાઇ મોરચે પાકિસ્તાન માટે લગભગ બે માસ સુધી લડી ન શકાય તેવી સ્થિતિ બની ગઇ હતી. તે સમયે જ અચાનક શસ્ત્ર વિરામ એ દેશના લોકો માટે એક પ્રશ્ન બની ગયો છે અને એવી પણ એક વ્યાપક માન્યતા બની છે કે અમેરિકા ફરી એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચેના મેદાનમાં ઘુસીને ગોલ કરી ગયું છે.




જોકે શસ્ત્ર વિરામ અને તેને જે શબ્દોમાં કહો તેમાં પણ તેનાથી ભારતીય સેનાએ જે ટુંકા સમયમાં જ મિશન ઇનકમ્પલીટ કહી શકાય તેવી કામગીરી કરી છે તેનો ઇન્કાર પાકિસ્તાન પણ કરી શકે તેમ નથી. ગઇકાલે જ ત્રણે પાંખના ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશન એ છેલ્લા ૮૬ કલાકની પૂરી બ્લેક એન્ડ વ્હાઇટ પ્રિન્ટ દેશ સમક્ષ રજુ કરી દીધી છે અને તે નિશ્ચિત કરે છે કે જે રીતે પાકિસ્તાનના મહત્વના નૂરખાન એરબેઝ અને ૧૯૬૫થી ૧૯૭૧ બંને યુધ્ધમાં મહત્વની ભૂમિકા ભજવનાર સરગોધા હવાઇ મથકને તવાહ કર્યુ તેની પાકિસ્તાન માટે લગભગ પંગુ જેવી સ્થિતિ બની ગઇ હતી. સરગોધા હવાઇ મથક તો પાકિસ્તાનના એફ-૧૬ કાફલાનું મથક ગણાય છે અને ત્યાંથી લઇને રાવલપિંડીનું હવાઇ મથક એ ભારતના પહોંચમાં આવી ગયું તે એ નિશ્ચિત કરવા કાફી છે કે પાકિસ્તાન માટે આ યુધ્ધમાં હવે પરાજય ધાર્યા કરતા પણ વહેલો આવી રહ્યો હતો અને તેથી પાકના મંત્રીઓએ ફરી એક વખત અણુ શસ્ત્રોનો બફાટ શરૂ કરી દીધો હતો અને ફકત આક્રમણ નહીં સુરક્ષાની દ્રષ્ટિએ પણ ભારતીય સેનાઓ અને આંતરીક સુરક્ષા દળોએ પુરેપુરી રીતે પાકિસ્તાની સેનાઓને એક પણ મોરચે કામયાબ થવા દીધી નહીં. યુધ્ધ હોય તો ખુવારી થાય, નુકસાની પણ થાય અને તેથી યુધ્ધની જે વાસ્તવિકતા છે તે બદલાતી નથી અને વાસ્તવિકતા એ છે કે ઓપરેશન સિંદુરમાં મિલીટ્રી પાર્ટે જે ભૂમિકા ભજવનારી હતી તે પૂરેપૂરી ભજવી છે, રહી બાત ડિપ્લોમસીની તો તેમાં જે રીતે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એ તેમના સ્વભાવ મુજબ અને કહો કે અમેરિકી રણનીતિ મુજબ ભારત-પાકિસ્તાન વચ્ચે યુધ્ધ વિરામ મે કરાવ્યું આપ્યું છે તે જાહેરાત કરીને પોતાનો હાથ ઉપર રાખવાની કોશીશ કરી છે ભારતે નિશ્ચિત કર્યુ છે કે તે ફકત આર્થિક નહીં મિલીટ્રી પાવરમાં પણ હવે સમકક્ષ છે અને ગઇકાલે જ ડીજીએમઓ એરમાર્શલ ભારતી એ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે અમારૂ કામ ટાર્ગેટને હિટ કરવાનું છે બોડીબેગ ગણવાનું નથી અને આથી તે મુદ્દે જવાનો કોઇ પ્રશ્ન નથી. એટલું જ નહીં નૌકાદળે પણ ૧૯૭૧ બાદ પ્રથમ વખત અરબી સમુદ્રમાં તેની ક્ષમતાનો પરીચય આપી દીધો છે અને એમ કહી શકાય કે ભારતીય દળોએ દેશને જરા પણ નિરાશ થવા દીધા નથી.

તો દેશમાં શા માટે આ શસ્ત્ર વિરામ સામે પ્રશ્ન છે. એ વાસ્તવિકતા છે કે અમેરિકાએ ભૂમિકા ભજવી છે. સરકાર સામે પ્રશ્ન પૂછાશે અને જવાબ પણ મંગાશે. પરંતુ તે એવી સ્થિતિ બનાવવી ન જોઇએ કે જેથી પાકિસ્તાનને તાળીઓ પાડવાની કોઇ તક મળી જાય જે રીતે પૂરી ગંભીરતાથી ઓપરેશન સિંદુરમાં સમગ્ર દેશ એક થઇ ગયો તે સ્થિતિ હવે કાયમી બનવી જોઇએ ચોકકસપણે વિપક્ષનો અધિકાર છે કે સરકાર સમક્ષ જવાબ માંગે અને સરકારની ફરજ છે કે તેણે દેશની સંસદ સમક્ષ આવી જવું જોઇએ અને આશા છે કે આવશે આજે શા માટે લોકો ઇન્દિરા ગાંધીને યાદ કરે છે તે કહેવાની જરૂર નથી તેઓએ એક પણ સમયે ૧૯૭૧ના યુધ્ધમાં સંસદને સતત માહિતગાર રાખી હતી અને દરેક પ્રશ્નોના જવાબ આપ્યા હતા અમેરિકાએ ઇન્દિરા સાથે કઇ રીતે હેન્ડલ કર્યુ તેની આખી જુદી કહાની બની શકે છે અને તે ભારતના શાસકો માટે પછી તે આજના હોય કે ભવિષ્યના ડિપ્લોમેટીક 'ગીતા' બની રહેવી જોઇએ. ચોકકસપણે ઓપરેશન સિંદુરના રાજકીય લાભ ઉઠાવવાની કોશીશ થઇ હતી અને હજુ થશે. જેનાથી આપણા લશ્કરી દળોની જે ક્ષમતા કે કામગીરી છે તેની સામે પ્રશ્ન ઉભા થવા ન જોઇએ.

જો ઇવેન્ટ જોઇએ તો ૨૨ એપ્રિલથી અમેરિકા એકશનમાં આવી ગયું હતું પરંતુ તે સમયે દુરથી ભારત અને પાકિસ્તાન બંનેના એકશન રીએકશન જોઇ રહ્યું હતું એક તબકકે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી.વેન્સે

**એ પણ વાસ્તવિકતા છે કે કયાંક ચૂક થઇ છે જ્યાં અમેરિકાની પગ મૂકવાની તક અપાઇ ગઇ એ પણ વાસ્તવિકતા છે કે અમેરિકા માટે પાકિસ્તાનની ન્યુસન્સ વેલ્યુ છે પણ અમેરિકા સાથે કામ કેમ લેવું તે ઈન્દિરા પાસે શીખવાની જરૂર છે ગમે કે ન ગમે દેશના લોકો આજે ઈન્દિરાને યાદ કરે છે, સોશ્યલ મીડિયામાં ઈન્દિરા સર્ચ સૌથી વધુ થઇ ગયું છે, લોકો તેના દેશના સ્વાભિમાન તરીકે જુએ છે અને અમેરિકા જે રીતે પહેલા ટેરીફ અને બાદમાં ટેરર મુદ્દે ડબલ વલણ દાખવી રહ્યું છે તેના માટે હવેથી અલગથી નીતિ જરૂરી છે**

એમ પણ કહી દીધુ કે 'નન ઓફ અવર બિઝનેસ' એટલે કે આ બાબતમાં માથુ મારવાનું કામ અમારૂ નથી. પરંતુ સાચો ખેલ ૯ મેના લગભગ રાત્રે ૯.૩૦એ શરૂ થયો જયારે ફરી જયારે ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના રીપોર્ટ મુજબ વેન્સે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંપર્ક કર્યો અને અમેરિકી 'ચિંતા' જણાવી તેનું અનુમાન એ પણ થાય છે કે અસ્તિત્વ બચાવવા પાકિસ્તાન કોઇ પણ હદે જઇ શકે છે. ભારતીય દળોનો તાપ પણ તેવો જ હતો. બીજે દિવસે તા. ૧૦ના સવારે અમેરિકાના વિદેશ મંત્રી રૂબિયોએ ભારતીય વિદેશ મંત્રી જયશંકર સાથે ફોન પર વાતચીત કરી અને સૌથી મહત્વનુ એ છે કે પ્રથમ વખત અમેરિકાએ પાકિસ્તાનના વડાપ્રધાનને બાયપાસ કરીને સીધા લશ્કરી વડા જનરલ અસીમ મુનીર સાથે વાત કરી અને થોડા કલાકો જ પાક.ના ડીજીએમઓનો ફોન ભારતમાં ડીજીએમઓ પર આવ્યો પણ તે એટર્ન ન કરાયો આ સમયે ભારતનો જે આક્રમક એરબેઝ હુમલો હતો તે પાકિસ્તાન માટે ધ્રુજાવનારો હતો. એવા પણ સંકેત છે કે ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે બપોરે એક વાગ્યે વાતચીત ચાલુ હતી તે સમયે પાકિસ્તાનમાં તિવ્ર વિસ્ફોટ પણ ચાલુ હતા અને પાકિસ્તાનના ડીજીએમઓનો અવાજ પણ ધ્રુજતો હતો. ભારતને યુધ્ધ વિરામની ઓફર મળી બપોરે ૩.૩૫ એ ફરી એક વખત બંને ડીજીએમઓ વચ્ચે વાતચીત થઇ અને બંને શસ્ત્રો વિરામ નિશ્ચિત કર્યુ પરંતુ તે સમયે કદાચ એ સંકેત પણ ન હતો કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ તેના સોશ્યલ મીડિયા પર યુધ્ધ વિરામ કરાવવાનો દાવો કરી દેશે.

જોકે આ પ્રથમ વખત નથી બન્યુ કે અમેરિકાએ બંને દેશો વચ્ચે આ પ્રકારે દરમ્યાનગીરી કરી હોય, ૧૯૪૮, ૧૯૬૫, ૧૯૭૧, ૧૯૯૯ તમામ સમયે પાકિસ્તાન જયારે ભીંસમાં હતું ત્યારે અમેરિકાએ તેને બચાવી લીધુ હતું એટલું જ નહીં ભુતકાળમાં ચીન સાથેના તનાવમાં અમેરિકાએ દખલગીરી કરવાનો પ્રયત્ન કર્યો હતો. દેશના જાણીતા સંરક્ષણ નિષ્ણાંત બ્રહ્મ ચેલાની કહે છે કે ભારત એ જીતના જડબામાંથી હાર ખેંચી છે. પૂર્વ સેના અધ્યક્ષ પણ નિરાશ છે. દેશમાં પણ પ્રશ્ન પૂછાઇ રહ્યા છે પરંતુ તે 'આપણી વાત' બની રહેવી જોઇએ. મોદી સરકાર માટે પણ આ એક બોધપાઠ છે સરકારને સલાહ દેવાનો પ્રશ્ન છે પણ ચોકકસપણે નિશ્ચિત થયું છે આપણી ડિપ્લોમસી વધુ ધારદાર બનાવવાની જરૂર છે. ફકત દુશ્મન જ નહીં મિત્રો સાથે કેમ કામ કરવું તે પણ ઇન્દિરા પાસે શીખવાની જરૂર છે.

# ગુરૂ અથવા શુક્રવારથી IPL ફરી શરૂ: ફાઈનલ ૧ જૂનના કોલકતાના બદલે અમદાવાદમાં રમાય તેવી શક્યતા

## લખનઉ, હૈદરાબાદ, બેંગ્લુરુ, ચેન્નઈમાં બાકીના તમામ મેચ રમાશે, અનેક સ્થળ માટે સરકાર તરફથી ગ્રીન સિગ્નલની જોવાથી રાહ : કોલકતામાં મહિનાના અંતમાં વરસાદની આગાહીને પગલે અમદાવાદમાં મેચ ખસેડવા વિચારણા : રવિવારે ગવર્નિંગ કાઉન્સિલમાં ચર્ચા થઈ : સત્તાવાર જાહેરાત હવે કરાશે

મુંબઈ : ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષના કારણે ઇન્ડિયન પ્રીમિયર લીગ અધવચ્ચે થી એક અઠવાડિયા માટે મુલત્વી કરવાનો નિર્ણય કર્યો હતો. ૮મી મે ના ઉત્તર તથા પશ્ચિમ ભારતના સરહદી શહેરોમાં પાકિસ્તાન તરફથી ડ્રોન હુમલા સહિત સંઘર્ષને કારણે ધર્મશાળા ખાતે પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલનો મેચ અધવચ્ચે બંધ કરી દેવામાં આવ્યો હતો. બન્ને ટીમને વનડે ભારત રેલ દ્વારા દિલ્હી લાવવામાં આવ્યા હતા. આ સાથે ભયનો વાતાવરણ લાગતા અનેક વિદેશી ખેલાડીઓ પરત પોતાના દેશે જતા રહ્યા હતા.

હવે શનિવારે યુદ્ધવિરામની જાહેરાત થતા બન્ને દેશ વચ્ચે બધું થાળે પડ્યું હોય તેવી સ્થિતિ લાગે છે. રવિવારે આઇપીએલ ગવર્નિંગ કાઉન્સિલની મિટિંગ મળી હતી જેમાં નિર્ણય લેવાયો છે કે હવે આ અઠવાડિયામાં ફરી આઇપીએલ શરૂ થશે. ઇન્ડિયન પ્રીમિયા લીગના બાકી રહેલા મેચ હવે ગુરુવાર થી અથવા શુક્રવાર થી શરૂ થશે. હાલની સ્થિતિ જોતા તે લખનઉ, હૈદરાબાદ, બેંગલુરુ અને ચેન્નાઈ ખાતે મેચ યોજાઈ તેવી શક્યતા છે. સરહદ પર જેટલા રાજ્યો છે અને સંવેદનશીલ ગણાય છે ત્યાં હાલ મેચ નહીં યોજવા નિર્ણય લેવામાં આવ્યો છે તેવું સૂત્રો પાસે થી જાણવા મળે છે. નિર્ધારિત શિડ્યુલમાં ફાઇનલ મેચ ૨૫ મેના રોજ કોલકતામાં રમાવાનો હતો જ્યારે હવે એક સપ્તાહ બંધ રહેતા ફાઈનલ મેચ ૧ જૂનના રોજ અમદાવાદમાં રમાઈ શકે છે. તમામ ટીમોને તેમના વિદેશી પ્લેયરોને પાછા બોલાવવા માટે કહી દીધું છે. હવે બાકી રહેલા મેચ પૂરા કરી અને આઇપીએલ રમાશે.



### ટાઇટન્સે ફરી પ્રેક્ટિસ શરૂ કરી

ગુજરાત ટાઇટન્સે રવિવારે સાંજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પોતાનું પહેલું તાલીમ સત્ર યોજ્યું. તેમના ફક્ત બે વિદેશી ખેલાડીઓ, જોસ બટલર અને ગેરાલ્ડ કોટ્ઝી, દેશ છોડીને ગયા છે.

### પોન્ટિંગ ફ્લાઇટમાં ઑસ્ટ્રેલિયા જતો હતો ત્યાં યુદ્ધવિરામની જાહેરાત થઈ

પંજાબ કિંગ્સના મુખ્ય કોચ રિકી પોન્ટિંગ અને સહાયક કોચ બ્રેડ હેડિન પણ ભારતમાં છે. ''યુદ્ધવિરામની જાહેરાત અમલમાં આવી ત્યારે પોન્ટિંગની ફ્લાઇટ ઘરે જવા માટે ઉડાન ભરવાની હતી. તેમણે ઉતરવાનું પસંદ કર્યું,'' પીબીકેએસ ટીમના એક અધિકારીએ જણાવ્યું.

મુખ્ય કોચે ફ્રેન્ચાઇઝના અન્ય ફ્લાઇટમાં રહેલા ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને શાંત પાડ્યા, જેઓ પરિસ્થિતિ અંગે સ્પષ્ટપણે ચિંતિત હતા. માર્કસ સ્ટોઇનિસ, એરોન હાર્ડી અને ઝેવિયર બાર્ટલેટ ઘરે પાછા ફર્યા છે. દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર માર્કો જેન્સન દુબઈમાં કેમ્પિંગ કરી રહ્યા છે અને પાછા ફરવામાં વધુ સમય લાગશે નહીં.

### વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપવાળા પ્લેયર સંભવિત નહીં રમે

એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાના કેટલાક ખેલાડીઓ, જેમને ૧૧ જૂનથી લોર્ડ્સમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલમાં રમવાની અપેક્ષા છે, તેઓ પાછા ફરી શકશે નહીં અથવા તેમની ટીમના સમગ્ર ફિક્સ્ચર માટે રમી શકશે નહીં.

આરસીબીના જોશ હેઝલવુડ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તેમને મોટી ફાઇનલ માટે સાચવવા માંગે છે.

દક્ષિણ આફ્રિકા ૩ જૂને ઝિમ્બાબ્વે સામે ટેસ્ટ રમવાનું છે જે WTC ફાઇનલ માટે પ્રેક્ટિસ-અપ તરીકે કામ કરશે.

# કોહલી પોતાના ૧૦,૦૦૦ રનના માઇલસ્ટોનથી ફક્ત ૭૭૦ રન દૂર : સપનું અધૂરૂ રહી જશે?

## BCCIએ જૂન મહિનામાં ઈંગ્લેન્ડની મહત્ત્વપૂર્ણ ટેસ્ટ-ટૂર હોવાથી તેને પુનઃ વિચારવા કહ્યું

દિલ્હી, તા.૧૨

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ૨૦૨૫-૨૭ની સીઝન પહેલાં ભારતીય ક્રિકેટ ટીમ માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. સ્ટાર ખેલાડી રોહિત શર્મા બાદ વિરાટ કોહલીએ પણ ટેસ્ટ-ક્રિકેટ છોડવાનું મન બનાવી લીધું છે. મળતી માહિતી અનુસાર ૩૬ વર્ષના કોહલીએ ભારતીય ક્રિકેટ બોર્ડને જાણ કરી દીપી છે કે તે ટેસ્ટ-ક્રિકેટ છોડી રહ્યો છે. BCCIએ જૂન મહિનામાં ઈંગ્લેન્ડની મહત્ત્વપૂર્ણ ટેસ્ટ-ટૂર હોવાથી તેને પુનર્વિચાર કરવા વિનંતી કરી છે.



BCCIએ હજી સુધી તેની રજૂઆત નો આપ્યો નથી. ભારતીય ક્રિકેટનાં કેટલાંક દિગ્ગજો કોહલીને આ વિશે સમજાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

ભારતના ભૂતપૂર્વ કેપ્ટન કોહલીએ ૨૦૧૩માં નિવેદન આપ્યું હતું કે 'મારો એક ધ્યેય છે કે હું ટેસ્ટ-ક્રિકેટમાં ૧૦,૦૦૦ રન ફટકારું, જે હું પ્રાપ્ત કરવા માગું છું. કોહલી ૧૨૩ ટેસ્ટમાં ૩૦ સેન્ચુરી અને ૩૧ ફિફ્ટીની મદદથી ૯૨ ૩૦ રન ફટકારી ચૂક્યો છે અને પોતાના ૧૦,૦૦૦ રનના માઇલસ્ટોનથી ફક્ત ૭૭૦ રન દૂર છે.

### અંબાતી રાયુડુએ ટેસ્ટ-ક્રિકેટ ન છોડવા કોહલીને અપીલ કરી

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને હાલના IPL કોમેન્ટેટર અંબાતી રાયુડુએ સોડયલ મીડિયા પર વિરાટ કોહલીના રિટાયરમેન્ટના સમાચાર બાદ એક ટ્વીટ કરી હતી. ૩૯ વર્ષના રાયુડુએ લખ્યું હતુ કે વિરાટ કોહલી, કૃપા કરીને નિવૃત્તિ ન લો. ભારતીય ટીમને તમારી અગાઉ કરતાં હાલ વધુ જરૂર છે. તમારામાં હજી પણ ઘણું (ક્રિકેટ) બાકી છે. તમારા વિના ટીમ ઇન્ડિયા માટે ટેસ્ટ-ક્રિકેટ પહેલાં જેવું નહીં રહે. કૃપા કરીને પુનર્નાર્વિચાર કરો.'

# ટેસ્ટ-ક્રિકેટને વિરાટની જરૂર છેઃ લારા



વેસ્ટ ઈન્ડીઝના ભૂતપૂર્વ પ્રતિભાશાળી ક્રિકેટર બ્રાયન લારાએ ગઈ કાલે વિરાટ કોહલી માટે સ્પેશ્યલ પોસ્ટ કરી હતી. કોહલી સાથેનો IPL દરમ્યાનનો જૂનો ફોટો શેર કરીને તેણે લખ્યું કે ટેસ્ટ-ક્રિકેટને વિરાટની જરૂર છે. તેને મનાવવામાં આવશે. તે ટેસ્ટ-ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નથી. તેની બાકીની ટેસ્ટ-કરીઅર દરમ્યાન ૬૦થી વધુ બેટિંગ-એવરેજ રાખશે.' ૪૬.૮૫ની એવરેજ અને ૫૫.૫૮ના સ્ટ્રાઈક-રેટથી ટેસ્ટ-ક્રિકેટમાં રન કરનાર વિરાટ આ ફોર્મેટ હમણાં નહીં છોડશે એવી આશા ૫૬ વર્ષના લાયન લારાએ વ્યક્ત કરી હતી.

### રોહિત અને વિરાટની જોડી એક રનથી મહારેકોર્ડ ચૂકી ગઈ

રોહિત શર્માએ ટેસ્ટ-ક્રિકેટમાંથી નિવૃત્તિ લેતાં તે વિરાટ કોહલી સાથે એક મોટો રેકોર્ડ બનાવતા ચૂકી ગયો છે. તેઓ એક રનથી ત્રણેય ફોર્મેટમાં ૧૦૦૦ કે એથી વધુ રનની પાર્ટનરશિપ કરનાર પહેલી જોડી બનતા રહી ગયા છે. બન્નેએ વન-ડેમાં ૯૯ ઈનિંગ્સમાં ૫૩૧૫ રન ઝ૨૦માં ૪૨ ઈનિંગ્સમાં ૧૩૫૦ રન અને ટેસ્ટમાં ૨૬ ઇનિંગ્સમાં ૯૯૯ રનની ભાગીદારી કરી હતી. જો વિરાટ ટેસ્ટમાંથી નિવૃત્તિનો નિર્ણય ટાળશે તો તે કે. એલ. રાહુલ સાથે આ રેકોર્ડ બનાવી શકે છે. તેમની વચ્ચે વન-ડેમાં ૩૦ ઇનિંગ્સમાં ૧૪૯૧ રન. ઝ૨૦માં ૨૭ ઇનિંગ્સમાં ૧૦૧૫ રન અને ટેસ્ટમાં ૨૦ ઈનિંગ્સમા ૮૮૧ રનની પાર્ટનરશિપ થઈ છે.

### ફરી કેપ્ટન્સી ન મળતાં રિટાયરમેન્ટનો નિર્ણય લીધો

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ટેસ્ટ-ક્રિકેટમાં ફરી કેપ્ટન્સી કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પણ ભારતીય ક્રિકેટ બોર્ડે આ વિનંતી ન સ્વીકારતાં તેવો ટેસ્ટ-ક્રિકેટ છોડવાનો નિર્ણય કર્યો હોય એવું માનવામાં આવી રહ્યું છે.

અહેવાલ અનુસાર રોહિત શર્માના આ ફોર્મેટમાંથી બહાર થયા બાદ ખાલી પડેલા પદ પર નવો કેપ્ટન તૈયાર થાય એ પહેલાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિયની નવી સીઝનની શરૂઆતમાં વિરાટ અસ્થાયી કેપ્ટન બનવા માગતો હતો.

અહેવાલ અનુસાર હેડ કોચ ગૌતમ ગંભીર અને ભારતીય ક્રિકેટ બોર્ડ કોઈ અસ્થાયી સમાધાનની ઇચ્છા રાખતા નથી. ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઈન્જરીને કારણે આ ફોર્મેટમાં ફુલ ટાઈમ નેતૃત્વ સંભાળી શકે એમ ન હોવાથી શુભમન ગિલ (કેપ્ટન) અને રિષાભ પંત (વાઈસ-કેપ્ટન)ને ભારતીય ટેસ્ટ-ટીમનું નેતૃત્વ મળશે એવી પ્રબળ સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પદ્મનાભ મંદિરમાં ગાયબ થયેલી સોનાની છડ રહસ્યમય રીતે પાછી મળી આવી



તિરૂવનંતપુરમ (કેરળ) તા.૧૨

અત્રે આવેલા પ્રસિધ્ધ પદ્મનાભ મંદિરમાં એક સોનાની છડ ગાયબ થઈ ગઈ હતી.બાદમાં આ સોનાની છડ મંદિર પરિસરમાં જ મળી આવી હતી. પોલીસે જણાવ્યુ હતું કે છડ બાદમાં રેતીમાં દટાયેલી મળી આવી હતી તેને શોધવા માટે સ્નીફર ડોગની મદદ લેવાઈ હતી. ૧૨ સેન્ટીમીટર લાંબી સોનાની છડ (વેલ્ડીંગ રોડ) તેને સોનિએ ગર્ભગૃહના દરવાજામાંથી કાઢવામાં આવેલ સોનામાંથી બનાવવામાં આવી હતી.સીસીટીવીમાંથી ન કોઈ અંદર આવતુ કે ન કોઈ બહાર જતુ દેખાયુ હતું તો સોનાની છડ મંદિર પરિસરમાં કેવી રીતે પહોંચી?

મંદિરમાંથી સોનાની છડ ગાયબ થવી અને ફરી અચાનક મળી જવી આ બાબત લોકોને આશ્ચર્ય પમાડે છે. કેટલાંક લોકો તેને ભગવાનનો ચમત્કાર માને છે. છડ પર રેતી પણ ચોંટેલી છે.ભકતો કહે છે ખુદ ભગવાન પોતાની છડ બહાર લઈ આવ્યા છે. છડને લઈને તમામ પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે.

ખરેખર તો ૨૭ એપ્રિલે મંદિરના ગર્ભગૃહનાં દરવાજાનું રિપેરીંગ ચાલી રહ્યું હતું. દરવાજામાંથી સોનાની ધાતુ કાઢવામાં આવી હતી. તેમાંથી એક ધાતુને પીગળાવીને વેલ્ડીંગ રોડ બનાવવામાં આવ્યો હતો.તેનો ઉપયોગ સેનાના દરવાજા પર સોનાની પ્લેટોને વેલ્ડ કરવા માટે થવાનો હતો. આ કામ બુધવારે સાંજ સુધી ચાલ્યુ હતું. મંદિરના અધિકારીઓએ સોનાની બધી વસ્તુઓ એક કપડાની થેલીમાં મુકીને સ્ટ્રોંગ રૂમમાં રાખી હતી ગુરૂવાર અને શુક્રવારે કોઈ કામ નહોતું થયું. શનિવારે જયારે કપડાની બેગ કાઢવામાં આવી તો છડ ગાયબ હતી. નવાઈની વાત હતી કે સીસીટીવીમાં કોઈ કડી નહોતી મળી. પોલીસે જણાવ્યું હતું કે જે વ્યકિતએ બુધવારે સાંજે સ્ટ્રોંગ રૂમ બંધ કર્યો હતો.તેણે શનિવારે તેને ખોલ્યો ત્યારે સોનાની છડ મળી આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે હાલ તપાસ ચાલુ છે.સોનું રાખવાની જવાબદારી જે લોકોએ રાખી હતી તેમની સામે બીએનએસની ધારાઓ અંતર્ગત આરોપ લગાવાશે.અમે એ પણ જોઈશુ કે કયાંક કોઈએ કાનુની વિવાદથી બનવા છડ પાછી નથી મુકી દીધીને.

**સીસીટીવીમાં કોઈ ભેદ ન ખુલ્યાઃ મંદિરમાં દરવાજાના રિપેરીંગ માટે સોનાની એક ધાતુ ઓગળીને તેની છડ બનાવાયેલી, આ છડ સ્ટ્રોંગ રૂમમાંથી ગાયબ થયા બાદ મંદિર પરિસરમાં મળી આવેલી**

પોલીસને શંકા છે કે આ ચોરીમાં મંદિરનો જ કોઈ વ્યકિત સામેલ હોઈ શકે છે.કારણ કે સ્ટ્રોંગ રૂમ ખોલવામાં નહોતો આવ્યો. પોલીસે જણાવ્યું હતું કે સ્ટ્રોંગ રૂમમાં સીસીટીવી નથી. પણ જયાં કામ ચાલી રહ્યું છે ત્યાં સીસીટીવી છે.

પોલીસે એ પણ પતો લગાવવાની કોશીશ કરી હતી કે શું ખરેખર ચોરીની કોશીશ થઈ હતી કે પછી સોનું રાખનારાઓની કોઈ ભૂલ હતી.

# તા.૨૦ના રોજ 'ટીપી જનરલ બોર્ડ': ઘંટેશ્વર-મોટામવામાં નવી સ્કીમ

## બોર્ડના એજન્ડા પર ૧૧ પૈકી ૭ દરખાસ્તો તો ટાઉન પ્લાનિંગ વિભાગની : ટીપી નં.૧૮, ૩૧, ૨૨ અને ૨૩માં અંતિમ ખંડ, રોડની દરખાસ્તને પરામર્શ આપવા પ્રસ્તાવ

રાજકોટ, તા.૧૨

મ્યુનિ. કોર્પોરેશનની દ્વિમાસિક સામાન્ય સભા આગામી તા.૨૦ના મંગળવારે બોલાવવા મેયર નયનાબેન પેઢડીયાની સૂચનાથી સેક્રેટરીએ એજન્ડા બહાર પાડયો છે. બોર્ડના એજન્ડા પર કુલ ૧૧ દરખાસ્તો રહેલી છે. જેમાં સાત દરખાસ્તો તો ટીપી સ્કીમને લગતી છે. આ રીતે આગામી બોર્ડ ટીપી સ્કીમને લગતું બોર્ડ બની રહેશે તેવી પૂરી ધારણા છે.

ઘંટેશ્વર અને મોટા મવાની બે નવી ટીપી સ્કીમ બનાવવા તથા અન્ય સ્કીમમાં દરખાસ્તોને પરામર્શ આપવાની કાર્યવાહી આ બોર્ડમાં થશે. ચૂંટણી વર્ષમાં આવેલી અર્ધો ડઝનથી વધુ ટીપી સ્કીમની દરખાસ્તો અંગે વિપક્ષના સભ્યો શું માહિતી લે છે તે પણ મહત્વનું બની રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૪ બનાવવા માટેનો ઈરાદો જાહેર કરવા આ બોર્ડમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. સાડા ચાર વર્ષ પહેલા રાજકોટમાં ભળેલા અને ખુબ વિકસીત થઇ રહેલા મોટા મવા વિસ્તારમાં નગર રચના યોજના બને એટલે રસ્તા, પાણી, ગટર સહિતની પ્રાથમિક સુવિધા માટે વિકાસના નવા દ્વાર ખુલશે. આ સિવાય મોટા મવા સાથે જ કોર્પો.માં ભળેલા ઘંટેશ્વર વિસ્તારની ટીપી નં.૪૬ બનાવવાનો ઈરાદો પણ જાહેર કરવાનો પ્રસ્તાવ એજન્ડામાં આવ્યો છે. રહેણાક અને ઔદ્યોગિક ઝોન સાથેના આ વિકાસશીલ વિસ્તારમાં ટીપી સ્કીમ બનાવવી આવશ્યક દર્શાવવામાં આવી છે. તેનું ક્ષેત્રફળ ૧૯.૨૫ લાખ ચો.મી. (૧૯૨.૫૬ હેકટર) થાય છે. જે રૂડાની પરાપીપળીયા, ઘંટેશ્વર, માધાપરની હદને ટચ થાય છે.

આ ૪૬ નંબરની દરખાસ્ત બનાવવા માટે મુખ્ય નગર નિયોજક દ્વારા પણ પરામર્શ મળી ગયો છે. આથી સરકારમાં મંજૂરી માટે બંને નવી ટીપી સ્કીમ મોકલવામાં આવનાર છે.

રાજકોટની કામચલાઉ પ્રારંભિક ટીપી નં.૧૮માં સામેલ સત્તામંડળને ફાળવવામાં આવેલા જાહેર હેતુના અંતિમ ખંડો તથા ટીપી રસ્તાની દરખાસ્તને પરામર્શ આપવા દરખાસ્ત મૂકવામાં આવી છે. ટીપી ૩૧ના જાહેર હેતુના અંતિમ ખંડ તથા રસ્તા અન્વયે ફેર કામચલાઉ પુનઃ રચનાની દરખાસ્ત રજૂ કરાઇ છે. નિયામકનો પરામર્શ, અગાઉના બોર્ડનો પરામર્શ સાથેનો અભિપ્રાય રજૂ કરવામાં આવ્યો છે. ટીપી-૧ના બસ ટર્મીનસના પ્લોટને રહેણાંક હેતુમાં ફેરવવા વેરીડ કરવામાં આવશે.

મોટા મવા-૨૩માં સામેલ સત્તામંડળને ફાળવવામાં આવેલા ખંડ અને ટીપી રસ્તાને પણ પરામર્શ આપવામાં આવશે. તેની કામચલાઉ પુનઃરચનાની દરખાસ્તને પરામર્શ આપવા નિર્ણય કરવામાં આવશે. મોટા મવા-૨૨માં પણ આ જ રીતે પરામર્શ આપવાનો ઠરાવ ટીપી કમીટીએ કર્યો હતો. જેને દરખાસ્તના રૂપમાં કમિશ્નરે મોકલ્યો છે.

આ રીતે તા.૨૦ના જનરલ બોર્ડમાં રજૂ થનારી ૧૧ પૈકી ૭ દરખાસ્ત ટાઉન પ્લાનીંગ સ્કીમને લગતી હોય આ બોર્ડમાં ચર્ચા કરતા ટીપીની દરખાસ્તો મહત્વપૂર્ણ બનશે. લાંબા સમય બાદ મનપાને ઇન્ચાર્જ છતાં સરકારે હાલ પૂરતા કાયમી ટીપીઓ ફાળવ્યા છે. તે સાથે ટીપી સ્કીમને લગતી કામગીરીમાં તો ગતિ આવી છે તે નક્કી છે.

### વોર્ડ નં.૪-૫માં ત્રણ માર્ગને નામકરણ કરવાની દરખાસ્ત

રાજકોટ, તા.૧૨

શહેરના વોર્ડ નં.૪માં જુના મોરબી રોડ પર ૫૦ ફુટ રોડ, ડી માર્ટથી આર.કે.ડ્રીમલેન્ડ સુધીના માર્ગને વાઘજીભાઇ તળશીભાઇ લુણારીયા નામકરણ કરવા બોર્ડમાં દરખાસ્ત મૂકવામાં આવી છે. કુવાડવા રોડથી જુના મોરબી રોડ વચ્ચેના ૫૦ ફુટ રોડને પ્રભા ચોક નામ આપવા પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. વોર્ડ નં.૫માં વોર્ડ ઓફિસવાળા ચોક, બ્રહ્માણીયા પરા મેઇન રોડ પાસેના માર્ગને શ્રી રંગીલા હનુમાનજી ચોક નામકરણ આપવા પણ દરખાસ્ત રજૂ થઇ છે. હાલ ચાલી રહેલી વેરા વળતર સાથે વન ટાઇમ ઇન્સ્ટોલમેન્ટ યોજનાની દરખાસ્તને પણ મંજૂરી આપવા નિર્ણય કરાશે.

### શૈક્ષણિક સંઘ સંકલન સમિતીએ સાંસદના કાર્યાલયના દ્વાર ખટખટાવ્યાઃ આવેદન અપાયું

# શિક્ષણના હબ રાજકોટમાં DEO કચેરીનો વહીવટ ખાડેઃ શૈક્ષણિક વહીવટ કામો ઠપ્પ

**ઉચ્ચતર પગાર ધોરણના ૪૫૦થી વધુ કેસો પડકાર; શાળાઓની ગ્રાંટ ગણતરી, એલટીસી રજા, રોકડ બિલો સહિતના અનેક પ્રશ્નો અધ્ધરતાલઃ કાયમી શિક્ષણાધિકારીના અભાવે ઈન્ચાર્જથી ગબડાવાતું ગાડુઃ શિક્ષણ નિરીક્ષકો મનમાની કરતા હોવાની ફરિયાદ**



રાજકોટ તા.૧૨

શિક્ષણના હબ ગણાતા સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં જીલ્લા માધ્યમિક શિક્ષણ અધિકારીની કચેરીમાં છેલ્લા લાંબા સમયથી કાયમી શિક્ષણ અધિકારીની નીમણુક ન કરાતા ઈન્ચાર્જથી ગાડુ ગબડાવાઈ રહ્યું છે. જેના પરિણામે આ કચેરીનો વહીવટ ખાડે ગયાની ફરીયાદ સાથે રાજકોટ શહેર જીલ્લા શૈક્ષણીક સંઘ સંકલન સમિતિ દ્વારા આજે શિક્ષણ બોર્ડના પૂર્વ મેમ્બર ડો.પ્રિયવદન કોરાટની આગેવાની હેઠળ સાંસદ પુરૂષોતમ રૂપાલાના દ્વાર ખટખટાવી આવેદન પત્ર સુપ્રત કરી રજૂઆત કરવામાં આવી હતી.

શિક્ષણ બોર્ડના પૂર્વ મેમ્બર અને રાજકોટ શહેર જીલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના અધ્યક્ષ ડો.પ્રિયવદન કોરાટે આ મામલે જણાવ્યું હતું કે જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરીનો વહીવટ છેલ્લા લાંબા સમયથી ખાડે જતા શૈક્ષણિક અને વહીવટી કામો ઠપ્પ બની ગયા છે. આ મામલે સાંસદ પુરૂષોતમ રૂપાલા તેમજ જીલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરવામાં આવી છે.

ડો.પ્રિયવદન કોરાટે જણાવ્યું હતું કે આ શિક્ષણાધિકારી કચેરીમાં શાળાઓના શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણના ૪૫૦થી વધુ કેસો પડતર પડેલા છે. આચાર્યની પગાર પાયરી નિયત કરવામાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

# નીવા ઈન્ફ્રાસ્ટ્રકચરને સ્ટેમ્પ ડયુટીના મામલે ફટકારાતી નોટીસ

**સીટી સર્વે નં.૧૮૬૮ની જમીનના દસ્તાવેજમાં રૂા.૩૫.૮૮ લાખની સ્ટેમ્પ ડયુટી ઓછી ભરાતા કાર્યવાહીઃ તા.૨૧ના આસામીને સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન કચેરીમાં હાજર થવા ફરમાન**

રાજકોટ તા.૧૨

રાજકોટના સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્ર દ્વારા નીવા ઈન્ફ્રાસ્ટ્રકચરને ઘટતી સ્ટેમ્પ ડયુટીના મામલે નોટીસ ફટકારી તા.૨૧ના રોજ બપોરના ૧૨ કલાકે બહુમાળી ભવન સ્થિત સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન કચેરીમાં હાજર થવા માટે આ આસામીને ફરમાન કરાયું છે.

આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે સબ રજીસ્ટ્રાર કચેરી રાજકોટ ઝોન-૧માં દ.અ.નં.૩૫૨૦ તા.૧૫-૪-૨૩ના રોજ નોંધણી થયેલ જેમાં મત્તુ તારીખ ૧૪-૪-૨૩ છે તેમજ મિલ્કત રાજકોટના વોર્ડ નં.૯માં આવેલ સીટી સર્વે નં.૧૮૬૮ની જમીન ચો.મી. ૩૫૦૪૮.૪૮ પૈકી જમીન ચો.મી. ૧૨૪૫૯નો વેચાણ દસ્તાવેજ થયેલ છે.

સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્રના ના.કલેકટર દ્વારા અપાયેલી નોટીસમાં જણાવાયું છે કે આ રેકોર્ડ અંગેની વિગતો ચકાસતા નીવા ઈન્ફ્રાસ્ટ્રકચર અને બેકબોન એન્ટરપ્રાઈઝ વચ્ચે તા.૨-૧-૨૦૦૮ના રોજ થયેલ ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટ રૂા.૧૦૦ના સ્ટેમ્પ પર થયેલ છે. જેમાં રાજકોટ શહેરના વોર્ડ નં.૯માં આવેલ સીટી સર્વે નં.૧૮૩૮ નંબરની જમીન ચો.મી. ૩૫૦૪૮.૧૬નો વિકાસ કરવાનો ઉલ્લેખ થયેલ જેમાં તત્કાલીન સમયે સરકાર દ્વારા નકકી કરેલ પ્રતિ ચો.મી.ના ભાવ રૂા.૧૦૨૩૭.૫ ધ્યાને લેતા કામચલાઉ બજાર કિંમત રૂા.૩૫૮૮૦૫૫૩૮ થાય છે. જેમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની જોગવાઈ મુજબ સ્ટેમ્પ ડયુટી રૂા.૩૫૮૮૦૫૬ વાપરવા પાત્ર થાય છે. જયારે વાપરવામાં આવેલ રૂા.૧૦૦ની સ્ટેમ્પ ડયુટી બાદ કરતા કમી સ્ટેમ્પ ડયુટી રૂા.૩૫૮૭૯૫૬ જણાય છે. જેથી યોગ્ય ડયુટીની રકમ અથવા યોગ્ય ડયુટીમાં બાકીની રકમના દસ પટ દંડ વસુલ શા માટે ન કરવો? તે મામલે નોટીસ ફટકારવામાં આવી છે. સ્ટેમ્પ ડયુટીના ખુટતા ભાગથી છ ગણા સુધી કમી સ્ટેમ્પ ડયુટી શા માટે વસુલ ન કરવી? તેમ જણાવી આ નોટીસની સાથે તા.૨૧ના આ કચેરીમાં આધાર પુરાવા સાથે ઉપસ્થિત રહેવા સ્ટેમ્પ ડયુટીના ડે.કલેકટર દ્વારા તાકીદ કરવામાં આવી છે.

### ભારત-પાક વચ્ચે સીઝફાયર અમલી બની જતા

# રાજકોટ સહિત ૩૨ એરપોર્ટ ફરી ખોલી નખાયા

**એરલાઈન્સ કંપનીઓએ ફલાઈટ ઓપરેશનની તૈયારી શરૂ કરી દીધી**



નવી દિલ્હી તા.૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચેનાં ગંભીર તનાવ બાદ સીઝફાયર ઘોષિત થવા સાથે સ્થિતિ નોર્મલ થવા લાગી છે ત્યારે સાવચેતી તથા વ્યુહાત્મક દ્રષ્ટિકોણથી બંધ કરાયેલા રાજકોટ સહિતના ૩૨ એરપોર્ટ ફરી ખોલી નાખવામાં આવ્યા છે. સીવીલીયન ફલાઈટોના ઉડાનની છૂટ પણ આપી દેવામાં આવી છે.

એરપોર્ટ ઓથોરીટી દ્વારા તમામ ૩૨ એરપોર્ટ તાત્કાલીક અસરથી ખુલ્લા કરી દેવા આજે સવારે આદેશ જારી કરવામાં આવ્યો હતો.અગાઉ આ તમામ એરપોર્ટ ૧૫ મે સુધી બંધ રાખવાના આદેશ જારી કરવામાં આવ્યા હતા. હવે બન્ને દેશો વચ્ચે સીઝફાયરથી નાગરિક ફલાઈટોની ઉડાનની છૂટ આપવા સાથે વિમાની મથકો ખોલી દેવાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના સાત એરપોર્ટ બંધ કરાયા હતા. તેમાં રાજકોટ, જામનગર, પોરબંદર, ભુજ, કેશોદ, મુન્દ્રા, નલીયાનો સમાવેશ થતો હતો. આ સિવાય દેશના અન્ય એરપોર્ટમાં આદમપુર, અંબાલા, અમૃતસર, અવંતિપુર, ભટીંડા, બીકાનેર, ચંદીગઢ, કાંગડા, કિશનગઢ, કુલ્લુ, મનાલી, લેહ, પઠાણકોટ, પટીયાલા, સરસાના, સિમલા, થોઈસ, ઉતરલાઈ તથા લુધીયાણાનો સમાવેશ થાય છે. આ એરપોર્ટ ફરી ખુલવા સાથે ફલાઈટની ઉડાન પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે એરલાઈન્સ કંપનીઓએ શિડ્યુલ તૈયાર કરીને ફલાઈટ ઓપરેશન શરૂ કરવાના પ્રયત્ન શરૂ કર્યા છે.

## ઈન્ટરનેશનલ એરપોર્ટ ખુલી ગયુ છતાં આજે એક પણ ફલાઈટનું આગમન નહી

**એરલાઈન્સ કંપનીઓએ બુકિંગ વિન્ડો ઓપન કરીઃ કાલથી રાબેતા મુજબ ઉડ્ડાન શરૂ થયાની સંભાવના**

રાજકોટ,તા.૧૨

ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિને ધ્યાને રાજકોટ સહિત દેશભરના ૧૬ જેટલા એરપોર્ટ તાત્કાલીક અસરથી તા.૧૪મી સુધી બંધ કરાયા બાદ આજે રાજકોટ સહિતના ૮ એરપોર્ટને ફરી સિવિલ ફલાઈટ માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે. જો કે આજે રાજકોટનાં ઈન્ટરનેશનલ એરપોર્ટમાં એક પણ ફલાઈટનું આવાગમન થયુ ન હતું.

ભારત પાક યુદ્ધની પરિસ્થિતિને ધ્યાને લઈ ગત તા.૭ થી ૯ સુધી રાજકોટ એરપોર્ટમાં સિવિલ ફલાઈટ માટે બંધ કરી માત્ર મિલ્ટ્રી સેવા માટે ખુલ્લુ મુકવામાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ફરી બધું સામાન્યઃ CUET-UG, JEE એડવાન્સ્ડ, ICAI પરીક્ષાઓના શિડયુલ જાહેર

### CUET-UG 13મી મેથી શરૂ થશે

**CUET-UG ના પ્રથમ ચાર દિવસ માટે ૬ લાખ ઉમેદવારોના એડમિટ કાર્ડ જારી કરવામાં આવ્યા**

નવી દિલ્હીઃ તા.૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે સૈન્ય કાર્યવાહી રોકવા પર થયેલી સમજૂતીને ધ્યાનમાં રાખીને દેશમાં મોટી એન્ટ્રન્સ ટેસ્ટ અને પરીક્ષાઓની તૈયારીઓ પણ તેજ કરી દેવામાં આવી છે. યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET-UG), JEE એડવાન્સ્ડ મે મહિનામાં લેવામાં આવશે. ઈન્સ્ટીટ્યુટ ઓફ એકાઉન્ટન્ટ્સ ચાર્ટર્ડ ઓફ ઈન્ડિયા (ICAI) એ મુલતવી રાખવામાં આવેલી પરીક્ષાઓની નવી તારીખો જાહેર કરી છે. પરીક્ષા એજન્સીઓનું કહેવું છે કે વિદ્યાર્થીઓને પરીક્ષાની માહિતી આપવામાં આવી છે અને એડમિટ કાર્ડ પણ જારી કરવામાં આવી રહ્યા છે.



**CUET UG: પરીક્ષાના પ્રથમ ૪ દિવસ માટે ૬ લાખ એડમિટ કાર્ડ**

કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET- UG) પરીક્ષા ૧૩ મેથી શરૂ થશે અને ૩ જૂન સુધી ચાલશે. આ વખતે CUE માટે ૧૩,૫૪,૬૯૯ યુનિક રજિસ્ટ્રેશન છે અને એક વિદ્યાર્થી વધુમાં વધુ ૫ વિષયો માટે બેસી શકે છે. આ રીતે, વિવિધ વિષયોના સંયોજનોના આધારે પરીક્ષાનું સમયપત્રક નક્કી કરવામાં આવ્યું છે. NTA એ ૧૩-૧૬ મે દરમિયાન યોજાનારી પરીક્ષામાં હાજર રહેલા ઉમેદવારો માટે એડમિટ કાર્ડ બહાર પાડ્યા છે.

### JEE એડવાન્સ એડમિટ કાર્ડ ૧૨ મેથી ડાઉનલોડ કરી શકાશે

### ICAIની ૧૬ પરીક્ષાઓ ૨૪ મેથી ૨૪મે દરમિયાન લેવામાં આવશે

NTAના એક વરિષ્ઠ અધિકારીનું કહેવું છે કે પરીક્ષાના પ્રથમ ચાર દિવસ માટે લગભગ ૬ લાખ ઉમેદવારોના એડમિટ કાર્ડ છે, જેઓ અનેક શિફ્ટમાં પરીક્ષા આપશે. એ જ રીતે NTA બાકીના વિદ્યાર્થીઓના એડમિટ કાર્ડ પણ આપતા રહેશે. જો કોઈ વિદ્યાર્થીએ ૫ વિષયો માટે અરજી કરી હોય તો તેના કેટલાક પેપર ૧૩-૧૬ મેની વચ્ચે યોજાઈ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ઈન્સ્ટાગ્રામ દ્વારા સંપર્કમાં આવેલ શખ્સ ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરી નાસી છૂટ્યો

**રૈયાધાર વિસ્તારમાંથી અપહરણ કરી મિત્રની ઓફિસે લઈ ગયો, બાદમાં પોતાના ઘરે સગીરાને મૂકી નાસી છૂટ્યો, આરોપીના બહેન-બનેવીએ જાણ કરતાં પોલીસે સગીરાને મુક્ત કરાવી, આરોપીને પણ દબોચી લીધો**

રાજકોટ. તા.૧૨

રૈયાધાર વિસ્તારમાંથી ઈન્સ્ટાગ્રામ સંપર્કમાં આવેલ શખ્સ ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરી શખ્સ નાસી છૂટતાં યુની. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. સગીરાનું અપહરણ કરી મિત્રની ઓફિસે લઈ ગયો, બાદમાં પોતાના ઘરે સગીરાને મૂકી નાસી છૂટ્યો હતો, આરોપીના બહેન-બનેવીએ જાણ કરતાં પોલીસે સગીરાને મુક્ત કરાવી અને મોડી રાતે આરોપીને પણ દબોચી લીધો હતો.

બનાવ અંગે રૈયાધાર વિસ્તારમાં રહેતાં ૪૨ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તૌકિર રહેમાન ભાડુલા (રહે. રાજકોટ) નું નામ આપતાં યુની. પોલીસે અપહરણ અને એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓના સંતાનમાં ૧૪ વર્ષની સગીર દિકરી છે. જે ગઈકાલે સવારે ઘરે હતી જે બાદ તેણી ૧૦ વાગ્યાથી ઘરેથી ક્યાંક ચાલી ગઈ હતી.જે બપોરના ત્રણ વાગ્યા સુધી ઘરે ન પહોંચતા પરીવારે તેની શોધખોળ આદરી હતી અને તુરંત યુની. પોલીસ મથકે પહોંચી બનાવ અંગે જાણ કરી હતી. જે બાદ પીઆઈ એચ.એન.પટેલ અને ટીમે તપાસ આદરી સીસીટીવી ફૂટેજ તપાસવાનું ચાલું કરી સગીરાની શોધખોળ આદરી હતી.

દરમિયાન રાતના ૧૦ વાગ્યાની આસપાસ આરોપી તૌકિરના બહેન-બનેવીની સગીરાના પરીવાર પર ફોન આવ્યો હતો કે, તમારી પુત્રી અમારા ઘરે છે, તેણીને તમે લઈ જાવ, જે બાદ પોલીસ આરોપીના ઘરે પહોંચી હતી અને સગીરાનો કબ્જો લીધો હતો. જ્યારે આરોપી ફરાર થઇ ગયો હતો. જે બાદ સગીરાને પોલીસ મથકે લઈ જઈ પૂછતાછ આદરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, સગીરા અને આરોપી ચાર મહિના પહેલાં ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવ્યાં હતાં. જે બાદ બંને વાતચીત કરતાં હતાં. દરમિયાન ગઈકાલે આરોપી સગીરાને ભગાડી જઈ તેમના મિત્રની ઓફિસે લઈ ગયો હતો અને અડપલાં કર્યાનું પ્રાથમિક સામે આવ્યું છે. જે બાદ પોલીસે મોડી રાતે જ આરોપી તૌકિરની ધરપકડ કરી હતી. હાલ એસસીએસટી સેલ એસીપી ચિંતન પટેલ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. સગીરનું મેડિકલ તપાસ કર્યા બાદ તેણી સાથે દુષ્કર્મ થયું કે નહીં તે અંગેની વિગત સામે આવશે.


પ્લાસ્ટિકની ટાંકીઓ વેચવાની છે



૧૧૦૦ લિટરની સિંગલ યુઝડ

નવી કન્ડિશનમાં રેગ્યુલર વેચવાની છે.

સંપર્ક : આનંદભાઈ જાદવાણી
મો. ૮૮૬૬૬ ૫૬૬૫૦

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

જોઈએ છે
માળી (ગાર્ડનર)
ઓફીસ માટે પાર્ટ ટાઈમ
લોકેશન : ગોંડલ રોડ, રાજકોટ.
સંપર્ક કરો :78180 01234
MANISH ADS

NATIONAL INSTITUTE OF MASS COMMUNICATION & JOURNALISM
(Affiliated to Gujarat University)
GUJARAT'S TOP MEDIA INSTITUTE
ADMISSIONS OPEN
BAJMC (HONS.)
(Bachelor of Arts Journalism and Mass Communication)
MAJMC
(Master of Arts Journalism and Mass Communication)
AHMEDABAD :
Contact : 7600068443, 9023434379
Email : os@nimcj.org | Website : www.nimcj.org
APPLY NOW